દેશી રાજ્યોના પ્રશ્નો.

('હિન્દુસ્થાન' પત્રમાં લખાએલા કાઠિયાવાડના પત્રોનો સંગ્રહ.)

લખનાર,

મનસુખલાલ રવજીભાઈ મેહતા.

૧૯૨૦.

મૂલ્ય બે રૂપિયા.

પત્રો "સંગ્રહ" ના આકારે પ્રકટ કરવા. તેઓના આવા આગ્રહને યોગ્ય ગણી આ પત્રો પુસ્તકાકારે પ્રકટ કરૂં છું. પ્રથમ એ પત્રો પ્રત્યેક છૂટા છૂટા પ્રકટ કરવાનો મારો વિચાર હતો એટલે તે આકારે છપાયા છે; પરંતુ પુસ્તકાકારે રાખવાનો આગ્રહ થયો એથી છૂટા છૂટા છપાયેલા પત્રોને સાંકળવામાં આવ્યા છે.

આ પત્રો લખવામાં દેશપ્રત્યેની યથાસમજ સેવા કરવા સિવાય અન્ય કંઇ ઇચ્છા નથી; એટલે એક અક્ષર પણ મારાથી સેવા સિવાય કોઇ અન્ય-ભાવનાથી ન લખાયેલો જો રાજા પ્રજા ઉભયને લાગશે, તો મને કૃતકૃત્ય થયેલો માનીશ. મારી નૈતિક તાકાદના પ્રમાણમાં મેં સ્પષ્ટ કહેવા યત્ન કર્યો છે. મારા વિચારોમાં ભૂલ હોય તેથી અથવા યથાર્થ હકીકતના અભાવે રાજ્યકર્તાઓના, પ્રજાજનોના કે અધિકારી વર્ગના આત્માને ઇજા થઇ હોય તો તે માટે ક્ષમા માંગી લઉં છું: મારી નબળાઇઓ તરફ ન જોતાં, મારી સેવાબુદ્ધિ તરફ જોવા, જેઓને ઉદ્દેશીને મેં લખ્યું છે તેઓએ અનુગ્રહ કરવો એટલુંજ ઇચ્છું છું.

સિવિલ સ્ટેશન,
રાજકોટ, તા. ૩૦-૬-૧૯૨૦.

મનસુખલાલ.

અનુક્રમ.

વિષયાંક. વિષય. પૃષ્ઠ.

પત્ર ૧ લો.

૧	સો વર્ષનું કાઠિયાવાડ	૧
૨	કાઠિ રાજ્યોની રાજપ્રકરણી ભૂલો	૨
૩	ઉપજ વધારવાનું શિક્ષણ	૨
૪	ઉપજ વધવા છતાં ઉદ્યોગ વધ્યા છે?	૩
૫	દેશીરાજ્યોમાં પ્રજાકીય હકો	૩
૬	કાઠિ પ્રજાઓની પરિષદ્	૪
૭	સર પટણીપર આક્ષેપો	૪
૮	એડમિનિસ્ટ્રેટરોનું કર્તવ્ય	૪
૯	બ્રિટિશ ઇંડિયા અને દેશીરાજ્યોના કર	૫
૧૦	મૃગજળવત્ લાભ	૫

પત્ર ૨ જો.

૧૧	કાઠિયાવાડના સંસ્થાનો અને મહિસુર	૭
૧૨	નરેન્દ્રમંડળ અને કાઠિ રાજ્યો	૮
૧૩	શહેનશાહી દરબારમાં દેશીરાજ્યોના હકો...	૯
૧૪	લી. વૉર્નરના પુસ્તકનો પ્રત્યુત્તર કોણ આપશે ?	૯
૧૫	દેશીરાજ્યોથી અધિક રાજ્ય સ્વરૂપ	૧૦
૧૬	રાજકુમારોનું શિક્ષણ	૧૦
૧૭	સંસ્થાનોમાં કેળવણી...	૧૧
૧૮	દેશી યુનિવર્સિટિઓ	૧૨
૧૯	એક રાજ્યધારી સંન્યાસીના વચનો	૧૩

પત્ર ૩ જો.

૨૦	ત્યાગ એ રાજધર્મ છે.	૧૫
૨૧	ક્ષત્રિયધર્મને નુકશાનનું ઐતિહાસિક પરિણામ	૧૬
૨૨	[illegible]	૧૭

૨૩ આ સહાયક સંધિનું શું? ૧૯
૨૪ સંસ્થાનોમાં પ્રજાતંત્ર ૨૦
૨૫ જુનાગઢને પાલિતાણાની વ્યવહાર અકુશળતા ૨૧

પત્ર ૪ થો.

૨૬ દેશીરાજ્યવિષયક ચર્ચા ૨૩
૨૭ રાજ્યકર્ત્તાઓનું સંમેલન ૨૪
૨૮ રાજાઓ અને પ્રજાઓનો એક આવશ્યક હક્ક ૨૬
૨૯ હિંદી અને પ્રાંતિક સરકાર ૨૮
૩૦ દેશીરાજ્યોમાં સુધારણા-કમિશન ૨૯
૩૧ મૉન્ટેગ્યુ ઑકલેન્ડ શેલી અને દેશી રાજ્યકર્ત્તાઓ ૩૦
૩૨ જામસાહેબે આમરણ ખાલસા કર્યું છે?... ... ... ૩૧
૩૩ દેશીરાજ્યો, પ્રાચીન ગૌરવના અવશેષો ૩૨

પત્ર ૫ મો.

૩૪ જુનાગઢ એડ્‌મિનિસ્ટ્રેશન ૩૩
૩૫ દેશીરાજ્યો પ્રત્યે તેઓની પ્રજાનો પ્રેમ ૩૪
૩૬ મહારાજા અશોકના જેવું એક પગલું ૩૫
૩૭ કાઠિયાવાડની દિવાન મંડળી ૩૭
૩૮ મોંઘવારી કેમ અટકાવી શકાય? ૩૯
૩૯ સ્થાનિક ઉદ્યોગો અને તરૂણ કાઠિયાવાડ ૪૦

પત્ર ૬ ઠો.

૪૦ દેશીરાજ્યના પ્રશ્નનો પ્રારંભ ૪૪
૪૧ કાઠિયાવાડને અંગે બીજો પ્રયત્ન ૪૫
૪૨ ઑ. મી. પારેખના વિચારો... ... ... ૪૮
૪૩ મી. શુક્લનો અભિપ્રાય ૪૮
૪૪ સર્વ રાજાઓ પ્રજાપ્રેમ ધરાવતા નથી?... ... ... ૪૯
૪૫ સર ફીરોજશાહ તો એકજ મુત્સદ્દી હતા... ... ... ૫૦
૪૬ ગાંધીજીનું રાજપ્રકરણી કૌશલ્ય ૫૧
૪૭ ૧૮૯૦ માં હિંદી રાજ્યો પ્રત્યે દેશલાગણી ૫૨
૪૮ નિર્બળ સ્થિતિનાં મૂળ કારણો ૫૩

પત્ર ૭ મો.

૪૯ વર્તમાન પરિસ્થિતિમાં મુખ્ય કારણો ૫૫
૫૦ અસલી સરકાર કે સાંપ્રત ઠગવણી! ૫૬
૫૧ બ્રિટિશ હિંદ અને દેશીરાજ્યોઃ કૃત્રિમભેદ ૫૭
૫૨ લાલા લજપતરાય અને દેશીરાજ્યો ૬૦
૫૩ દેશીરાજ્યોમાં ખાજુનો ઉદ્યોગ ૬૨
૫૪ ભાવનગરના પ્રારંભની જાહેર ૬૩

પત્ર ૮ મો.

૫૫ રાજ્યકર્તાની મહત્ત્વાકાંક્ષા ૬૩
૫૬ પ્રજાકીય મિલકતનો ઉપયોગ ૬૪
૫૭ દેશીરાજ્યોને બ્રિટિશ હિંદ કરતાં બમણો માર. ૬૫
૫૮ દેશીરાજ્યોનો "જાગૃતિ ઘંટ" ૬૬
૫૯ હક્કો આપે નહિ; હક્કો લેવાય ૬૬
૬૦ મી. મેકોનકીની સલાહનું શું થયું? ૬૭
૬૧ ન્યાયના વ્યામોહથી પરાક્રમનો નાશ ૬૮
૬૨ ગીરાસીઆ કોમની ઉન્નતિ ૬૯
૬૩ સંસ્થાનોની ઉપજ અને પ્રજાકીય ખર્ચ... ... ... ૭૦
૬૪ કાઠિયાવાડના યુવરાજ કુમારો... ... ... ૭૧

પત્ર ૯ મો.

૬૫ કાઠિયાવાડનો દરબાર ૭૩
૬૬ રાજ્યો વચ્ચેની પ્રજાની માનસવૃત્તિમાં ફેરફાર ૮૦
૬૭ રાજાપ્રજાનાં હિતોનું સમીકરણ ૮૦
૬૮ રાજ્ય એ 'ગીરાસ' નથી, પણ 'સ્ટેટ' છે ૮૧
૬૯ રાજાઓની સ્થિતિ ઈર્ષા ઉત્પન્ન કરનારી છે! ૮૨

પત્ર ૧૦ મો.

૭૦ સ્ટેટની શક્તિઓ રેલ્વે કે દેશ ખીલવણીમાં? ૮૫
૭૧ ઉપજવૃદ્ધિનું શિક્ષણ ૮૭
૭૨ પરાવલંબની અને ધર્મ ચૂકેલી પ્રજા ૮૮
૭૩ દેશીરાજ્યો કઈ રીતે ટક્યાં?... ... ... ૯૧
૭૪ દેશીરાજ્યોની પ્રજા કઈ રીતે દબાઈ ગઈ? ૯૨

૭૫ સ્વાવલંબન સત્યાગ્રહથી ઉત્પન્ન થઇ શકે ૯૫
૭૬ મારી નીતિ ૯૬

પત્ર ૧૧ મો.

૭૭ કઇ પ્રજા વધારે સુખી? ૯૭
૭૮ પંજાબના બનાવોની દેશીરાજ્યો ઉપર અસર ૯૮
૭૯ પૂર્વે કેવો સંબંધ હતો? ૯૯
૮૦ હમણાંનો સંબંધ કેવો છે? ૧૦૦
૮૧ સ્થિતિમાં ફેરફાર થવાનાં કારણો ૧૦૨
૮૨ પ્રજાના નૈતિકબળની કિમ્મત કાં આંકતા નથી? ૧૦૩
૮૩ જરૂરીઆત કરતાં વધારે ઉપજ કરવાનો હક્ક છે?... ... ૧૦૪
૮૪ દબાએલું નૈતિકબળ ભારેલા અગ્નિ જેવું છે ૧૦૫
૮૫ પ્રજાએ નિરાશ થવાનું મુદ્દલ કારણ નથી ૧૦૬
૮૬ ગાય ૧૦૭
૮૭ પ્રજાનું શુભકામ ૧૦૭

પત્ર ૧૨ મો.

૮૮ રાજાઓએ મહાપુરૂષ તરીકે તૈયાર થવું જોઇશે ૧૦૯
૮૯ 'રાજા'ની સંસ્થાને યુદ્ધનાં છાંટા, શ્રદ્ધામાં વિપ્લવ... ... ૧૧૦
૯૦ આપણે-હિંદીઓ-રાજદ્રીય બાળકો નથી? ૧૧૩
૯૧ દેશીરાજ્ય એ સ્વાભાવિક સ્વરાજ્ય ૧૧૪
૯૨ દેશી પ્રજાએ ભંભેરાઇ ન જવું... ... ... ૧૧૫
૯૩ ખોટું ચણતર પાડી નાંખી સાચું કરવું જોઇએ ૧૧૬
૯૪ દેશી રાજની પ્રજામાં જાહેર જીવન ૧૧૭
૯૫ રાજનું ધન પ્રજાના ઉપયોગમાં વપરાવું જોઇએ ૧૨૦
૯૬ સંસ્થાનોની રેસ્વેરાજનીતિ ૧૨૦
૯૭ વ્યાપાર બંધ થાય છે? ૧૨૧

પત્ર ૧૩ મો.

૯૮ અમારા શિક્ષકો પ્રત્યે ૧૨૩
૯૯ ટોલ્સ્ટોયની રાજાઓને સલાહ ૧૨૩
૧૦૦ કેળવાયેલા અધિકારીઓ અને પ્રજાજનો ૧૨૫
૧૦૧ [illegible] પ્રજાનો એક ધર્મ ... ૧૨૭

૧૦૨ સ્વદેશાભિમાન મૂલક ફેરબદલી ૧૨૮
૧૦૩ કોંગ્રેસ કમિટિનો પંજાબવિષયક રિપોર્ટ ૧૨૯
૧૦૪ અખિલ હિંદના પ્રશ્નો ૧૩૨
૧૦૫ નવા રાજાઓ પ્રત્યે જૂના રાજાઓની જવાબદારી... ... ૧૩૩
૧૦૬ લૉર્ડ સિંહ અને દેશીરાજ્યો ૧૩૪
૧૦૭ કોંગ્રેસ અને દેશીરાજ્યોમાં પ્રગતિ ૧૩૪
૧૦૮ પ્રાંતિક પરિષદોમાં દેશીરાજ્યો... ... ... ૧૩૪
૧૦૯ દેશી રાજ્યકર્તાઓ અને દેશના અગ્રેસરો ૧૩૪
૧૧૦ આગેવાનોની મહેનતપર પાણી ફેરવશે કે! ૧૩૫
૧૧૧ એજન્સિ અધિકારીઓનો ધારો ૧૩૫
૧૧૨ વરેણ્ય રાજાઓ અને સેવાધર્મ ૧૩૬
૧૧૩ યાત્રા ૧:૭
૧૧૪ ત્રીજા અને ચોથા વર્ગના રાજ્યો ૧૩૭
૧૧૫ અભિનંદન ૧૩૮
... ... ૧૩૮

પત્ર ૧૪ મો.

૧૧૬ સંપૂર્ણ રાજ ... ...
૧૧૭ દેશી રાજ્યકર્તાઓના સત્કારનો પ્રશ્ન ૧૪૦
૧૧૮ કાઠિયાવાડના રાજ્યકર્તાઓને ખરી ચિંતા છે! ૧૪૪
૧૧૯ કાઠિયાવાડની હથિયાર બંધીનો ઇતિહાસ ૧૪૫
૧૨૦ લડાયક જાતોને ઉત્તેજન ૧૪૬
૧૨૧ કાઠિયાવાડની પ્રજાપરવશતા ૧૪૮
૧૨૨ સ્વાવલંબન અને સત્યાગ્રહ ૧૫૦
૧૨૩ રાજા વ્યાપાર છોડી દેશે? ૧૫૧
૧૨૪ પ્રજાને કાં ન સંભારી? ૧૫૨
૧૨૫ નવા સુધારામાં દેશીપ્રશ્ન ૧૫૨
૧૨૬ ગાંધિજી અને કાઠિયાવાડીઓ ૧૫૩
... ... ૧૫૩

પત્ર ૧૫ મો.

૧૨૭ કાઠિયાવાડના સંસ્થાનોની નાણાંવિષયક સ્થિતિ ૧૫૫

પત્ર ૧૬ મો.

૧૨૮ દેશી રાજ્યકર્તાઓની મારા પ્રત્યે દૃષ્ટિ ૧૫૭
૧૨૯ દેશી દૃષ્ટિએ અસહકાર ૧૫૮

૧૩૦ વફાદારી અને દેશીરાજ્યો ૧૬૯
૧૩૧ સર્વોપરી સત્તાની જવાબદારીઓ ૧૭૦
૧૩૨ દેશના આગેવાનો અને દેશીરાજ્યો ૧૭૧
૧૩૩ એક રાજ્યકારી બીના આવડત... ... ... ૧૭૨
૧૩૪ સુધારણાથી પહેલો પ્રજાને લાભ છે કે રાજ્યકર્ત્તાઓને? ...૧૭૪–ક
૧૩૫ એક રાજકીય મૂર્ખતા ૧૭૪–ખ
૧૩૬ દેશી રાજ્યનાં વર્તમાનપત્રો!... ... ...૧૭૪–ખ
૧૩૭ મારો ધર્મ સંકટ ૧૭૪–ગ

પત્ર ૧૭ મો.

૧૩૮ સંસ્થાનોમાં વર્તમાનપત્રખાતું ૧૭૫
૧૩૯ [illegible] રાજાઓને સમયનો સંદેશ ૧૭૬
૧૪૦ દેશીરાજ્યો કઇ શરતોએ નભી શકશે? ૧૭૭
૧૪૧ પ્રથમ જોડાણ કે પ્રથમ આત્મબળ? ૧૭૮
૧૪૨ નાનાં સંસ્થાનોનું જોડાણ શક્ય છે? ૧૮૦
૧૪૩ [illegible] ના નાનાં સંસ્થાનો... ... ... ૧૮૨
૧૪૪ [illegible] સંસ્થાનો ૧૮૩
૧૪૫ [illegible] ૧૮૪

પત્ર ૧૮ મો.

૧૪૬ બટલર કમિટિના રિપોર્ટની દેશીરાજ્યોપર અસર ૧૮૭
૧૪૭ [illegible] ૧૮૯
૧૪૮ બ્રિટિશ હિંદ [illegible] સંસ્થાનો... ... ૧૯૦
૧૪૯ [illegible] ૧૯૨
૧૫૦ [illegible] ૧૯૩
૧૫૧ [illegible] ૧૯૫

પત્ર ૧૯ મો.

[illegible]

પત્ર ૨૦ મો.

૧૫૭ કાઠિયાવાડના મીઠાંનો ઉદ્યોગ ૨૧૫
૧૫૮ પ્રજાએ પોતાનો અવાજ સંભળાતો કેમ કરવો?... ... ૨૨૦
૧૫૯ રાજ્યોએ મહાજનને આમંત્રવા જોઈએ... ... ... ૨૨૧
૧૬૦ પ્રજા અધઃપતિત અને કેમ કેમ થાય?... ... ... ૨૨૩
૧૬૧ કેટલાક રાજ્યકર્તાઓ હિંદની પ્રજાની આંખે શા માટે? ... ૨૨૩
૧૬૨ જામનગરની પ્રજા શાંતિ કઇ રીતે શોધી શકે?... ... ૨૨૫

પત્ર ૨૧ મો.

૧૬૩ હિંદના વાતાવરણની અસર થયા વિના રહેશે! ૨૨૯
૧૬૪ એક મનુષ્યનું સર્વોપરીપણું શા માટે ગોઠવાયું? ૨૩૦
૧૬૫ બ્રિટિશ હિંદ અને દેશીરાજ્યોની પ્રતિરોધશક્તિ ૨૩૨
૧૬૬ હકુમતનો પ્રશ્ન ૨૩૫
૧૬૭ રાજ્યવંશી લગ્નો કરો—એક આર્થિક અત્યાચાર ૨૩૮

પત્ર ૨૨ મો.

૧૬૮ કાઠિયાવાડ રાજ્કીય પરિષદ્ ૨૪૧
૧૬૯ મારો માર્ગ લાંબો છે, પણ પવિત્ર અને નિશ્ચિત છે ... ૨૪૩
૧૭૦ દેશીરાજ્યોની ખાણોપરના અંકુશો દૂર કેમ કરાવાય? ... ૨૪૫
૧૭૧ સુલસદીવિવેક વિના પોતાને નમજાં પાડવાં સંસ્થાનો ... ૨૪૯
૧૭૨ કાઠિયાવાડના ખેડૂતો ઉપરની વેઠોનો પ્રશ્ન ૨૫૧
૧૭૩ દિવાનો સ્થાનિક પ્રજામાંથી કે બહારથી લેવા? ૨૫૨

રીતે વધી છે? એક અર્ધાપત્રી વરસથી તેનું એક ઐતિહાસિક કારણ એવું બતાવવામાં આવ્યું હતું કે, દેશી રાજ્યકર્તાઓને અંગ્રેજ સરકારના અધિકારીઓ જો કે સદ્‌બુદ્ધિથી પરંતુ સરવાળે અત્યંત નુકસાનકારક નીવડે છે એવી એક શિખામણ આપે છે તેને આભારી છે. નવા રાજ્યકર્તાઓ જ્યારે ગાદીએ બેસે છે ત્યારે રાજ્યારોહણ વખતે અંગ્રેજ અધિકારીઓ ઉપજ ઉપર ખાસ લક્ષ ખેંચે છે. ને વાત કુમળા મગજના નવા રાજ્યકર્તાઓ ઉપર ઠસાઇ જાય છે, અને અંતે એ દિશામાં તેઓ ન ઇચ્છવાયોગ્ય રીતે વેગપૂર્વક વર્તે છે. આ અર્ધાપત્રીની માન્યતાને દૃઢ કરનારો દાખલો હમણાંજ બન્યો છે. પોરબંદરના રાણાસાહેબને ગાદીએ બેસવાની ક્રિયા વેળાએ કાઠિયાવાડખાતેના ગવર્નરના આડસી મી. મેકોનકીએ જે વિગતપૂર્ણ ભાષણ કર્યું હતું તેમાં એડમિનિસ્ટ્રેશનના વખતમાં રૂા. ૬ લાખની ઉપજને ૧૨ લાખ સુધી વધારી આપવાની હકીકત જણાવવામાં આવી છે. આવી હકીકત શિખામણરૂપે કહેતાં છતાં પરિણામે પ્રજાચૂસવાનું કારણ થઇ પડે છે. ભાવનગર, જામનગર, રાજકોટ, મોરબી આદિ રાજ્યોની ઉપજમાં કેટલો ભારે વધારો થયો છે તે જોતાં દેખતાઇ જણાય તેવું છે.

ઉપજ વધવા છતાં ઉદ્યોગ વધ્યા છે?

દેશી રાજ્યોએ આ રીતે પોતાની ઉપજ પાંચથી દશ દશ ગણી વધારી દીધી છે, છતાં જોવા લાયક તો એ છે કે, એ રાજ્યોના ઉદ્યોગોમાં સુધારો થયો નથી પણ ઘટાડો થયો છે. ક્યાં છે જામનગરની કારીગરી? ક્યાં છે હાથવણાટનાં ઉદ્યોગો? નવા ઉદ્યોગોમાં તો એકાદ રાજ્યે એક નાની મીલ કરી હોય એ બને.

દેશી રાજ્યોમાં પ્રજાકિય હક્કો:

બ્રિટિશ હિંદમાં પ્રજાને રાજકારોબારમાં સ્વરાજ્યને માર્ગે ચડાવવાના પગથીઆરૂપ અમુક હક્કો આપવામાં આવ્યા છે. દેશી રાજ્યોની પ્રજા આવા હક્કોની ઇચ્છા કરે તે સ્વાભાવિક છે. ઓન૦ મી૦ મોન્ટેગ્યુ જ્યારે હિંદમાં આવ્યા ત્યારે દેશી રાજ્યની સુધારણાનો પ્રશ્ન કેટલાક પ્રજાહિતેચ્છુઓએ હાથ ધર્યો હતો. તેઓએ આ પ્રયત્ન પણ આજ પેઠે વખતમાં પ્રશંસાથી એવી આશાએ જ્યારે કોન્ફરન્સ ને વખતે આવ્યો હતો. તેઓ જાણીને આનંદ પામશે કે, તેઓનો પ્રયત્ન નિષ્ફળ નથી ગયો થયો છે. મારી ખાનગી જાણ મુજબ ઉપરના ગવર્નર જનરલ તરફથી હાજર રહેલા રાજ્યકર્તાઓને પ્રજાને

રાજકારોબારમાં ભાગ આપવાની પહેલ કરવાનું કામ એડ્મિનિસ્ટ્રેટરોએ શરૂ કરવાની ઢીલ કરવી ન જોઈએ. જુનાગઢ અને ભાવનગર જેવા પહેલા નંબરના રાજ્યોના એડ્મિનિસ્ટ્રેટરો પોતાના રાજ્યના પ્રમાણમાં ધારાસભાઓ, શહેર સુધરાઈ ખાતાઓ વગેરે ખાતાંઓ સ્થાપવાની શરૂઆત કરી શા માટે શુભ દાખલો ન બેસાડે ?

બ્રિટિશ ઇંડિયા અને દેશીરાજ્યોના કરઃ

કેટલાક લોકોને વિષે એવી ચર્ચા ચાલે છે કે, બ્રિટિશ હિંદના કરનું પ્રમાણ વધારે છે કે દેશીરાજ્યોના કરનું પ્રમાણ વધારે છે ? મારી માહીતિ અને અભ્યાસ તો મને એમ કહેવરાવે છે કે, અપવાદરૂપ દેશીરાજ્યો સિવાય સમગ્ર રીતે જોતાં દેશી રાજ્યો કરતાં બ્રિટિશ હિંદમાં કરનું પ્રમાણ ઘણું વધારે છે. દેશી રાજ્યોની કેટલીક રાજકીય કફોડી સ્થિતિ છે તે કારણથી તેમજ કેટલીક તેઓની અત્યારના સમયને વિષે ન ચાલી શકે એવી રીતિનીતિ છે તેથી તેઓની સારી બાજુ જગતની નજરમાં આવતી નથી. સમયને ઓળખી સમયાનુકૂળ નીતિ રીતિને તેઓ ધારણ કરે, તો દેશી રાજ્યોની પ્રજા બ્રિટિશ હિંદ કરતાં વધારે સંતુષ્ટ રહે તેવી તેની કેટલીક સારી બાજુઓ પણ છે.

મૃગજળવત્ લાભઃ

વઢવાણના ઠાકોર સાહેબને ગાદીએ બેસવાની ક્રિયા વખતે મી. મેકોનકીએ કાઠિ રાજાઓને એક અત્યંત હિતચિંતક વાત કહી હતી. મૃગજળવત્ વ્યાપારના મોહમાં કેટલાક રાજ્યો દોરાયા છે તે મોહમાં ન દોરાવાની તેઓએ આપેલી શિખામણ દરેક રાજ્યે સોનેરી અક્ષરોએ નોંધી રાખવા યોગ્ય છે. મી. મેકોનકીના શબ્દો ઘણા માર્મિક હતા. જે કાઠિ રાજાઓ વ્યાપાર તરફ દોરાયા છે તેથી સરકાર અજાણી નથી એ તેઓને સ્પષ્ટ સમજાયું હોવું જોઈએ.

અત્યારે પ્રજાની હરિફાઈમાં જે રાજ્યો વ્યાપાર કરવા થયાં છે તેઓની પ્રજાઓનો પ્રેમ રાજ્ય તરફ કેમ રહી શકે ? અને જો ન રહી શકે તો તે રાજ્યકર્તાની ભૂલ લાંબા કાળે કેવી નડે ? રાજલોભ એ સર્વથી વધારેમાં વધારે આકર્ષક છે, તેમ ભયંકર પણ છે. ટકિનો પ્રદેશ લેવાની જ્યાં જોખમ લાલચ થઈ આવે ત્યાં વ્યાપાર કરી પ્રજાની અપ્રીતિ વહોરી પોતાને હાથે કરી નબળાં પડતાં રાજ્યો કેવો તીમો ભરે છે તે તેઓ ક્યારે જોઈ શકશે ?

રાજકીય હક્કો આપવાને સારી પેઠે કર્યું હતું. હમણાંજ પોરબંદરના રાણાના રાજ્યારોહણ વેળાએ મી૦ મેકૉનકીએ દેશી રાજ્યકર્તાઓને પોતાની પ્રજાને પણ રાજકારોબારમાં હિસ્સો, ફેરવાયેલા દુનિયાના સંજોગો જોતાં, આપવા માટે આગ્રહપૂર્વક જણાવ્યું હતું. મી૦ મેકૉનકીનો આ અભિપ્રાય દેશી રાજ્યો અને તેની પ્રજાઓને ઉત્સાહિત કર્યા વિના નહીં રહે. મી૦ મેકૉનકીનું પ્રજાએ ઉપકાર ગણવા સમાન આ કૃત્ય છે.

કાઠિ પ્રજાઓની પરિષદ્:

મી૦ મેકૉનકીનાં આ ઉત્સાજનક વર્તન અને વિચાર જોતાં એ યોગ્યજ થઇ પડશે કે, કાઠિયાવાડના સમગ્ર નાના મોટા રાજ્યોની પ્રજાઓની એક પરિષદ્ ભરવી. પ્રજાએ વદન રચનાત્મક પદ્ધતિએ દેશી રાજ્યોની પ્રજાઓની જરૂરીઆતો, રાજકીયસુધારણાઓ, ઉદ્યોગ વૃદ્ધિ આદિ પ્રશ્નો આવી પરિષદ્માં હાથ ધરવા. શરૂઆતમાં, ડરથી દબાઇ ગયેલી પ્રજાઓ કદાચ્ જોઇતી હિમ્મતપૂર્વક ભાગ લેતાં અટકશે, પરંતુ એ વાતથી હિમ્મત ન ખોતાં કેળવાયેલા અને વિચારશીલ માણસોએ આવા સંમેલનની વ્યવસ્થા કરવી જોઇએ. રાજકોટમાં હમણાંજ સ્થપાયેલ "કાઠિયાવાડ હિતવર્ધક સભા"–એ શરૂઆતમાં આ કામ ઉપાડવાથી તેની સ્થિતિ અને મોભો બંધાઇ જશે. રાજકોટ કે ભાવનગર આવી પરિષદ્ને લાયક સ્થળ થઇ પડશે.

સર પટણીપર આશાઓ:

સર પટણીના વિચારોનો અને જે અનુભવ છે તે જોતાં મને ઘણી આશા છે કે, ભાવનગર રાજ્યમાં તેઓ જરૂર કરી પ્રજાકિય હક્કો ધરાવનારી સંસ્થાઓ દાખલ કર્યાવિના નહિ રહે. જેણે બ્રિટિશ હિંદના રાજકીય સુધારાના કાયદા ઘડવામાં ભાગ લીધો છે તે ગૃહસ્થના હાથે જો દેશી રાજ્યમાં સુધારાના હક્કો ન મળે, તો બીજા પાસેથી તેવી આશા રાખવી યોગ્ય ક્યાંથી? હું કહું છું કે, ભાવનગરની પ્રજા આ તકનો લાભ લીધા વિના નહિ રહે.

એડ્મિન્સ્ટ્રેટરોનું કર્તવ્ય:

"નરેંદ્ર પરિષદ્" સમક્ષ નામદાર વાઇસરૉયે કહેલા ઉદ્ગારો પછી અને મી૦ મેકૉનકીએ પોરબંદરમાં કરેલા ઉપદેશ પછી જે રાજ્યો ઉપર એડ્મિન્સ્ટ્રેશન બેઠેલ છે તે રાજ્યોમાં પ્રજાકિય સંસ્થાઓ સ્થાપી પ્રજાને

રાજકારોભારમાં ભાગ આપવાની પહેલ કરવાનું કામ એડ્મિનિસ્ટ્રેટરોએ શરૂ કરવાની ઢીલ કરવી ન જોઈએ. જુનાગઢ અને ભાવનગર જેવા પહેલા નંબરના રાજ્યોના એડ્મિનિસ્ટ્રેટરો પોતાના રાજ્યના પ્રમાણમાં ધારાસભાઓ, શહેર સુધરાઈ ખાતાઓ વગેરે ખાતાંઓ સ્થાપવાની શરૂઆત કરી આ માટે શુભ દાખલો ન બેસાડે ?

બ્રિટિશ ઇંડિયા અને દેશીરાજ્યોના કરઃ

કેટલાક લોકોને વિષે એવી ચર્ચા ચાલે છે કે, બ્રિટિશ હિંદના કરનું પ્રમાણ વધારે છે કે દેશીરાજ્યોના કરનું પ્રમાણ વધારે છે ? મારી માહીતિ અને અભ્યાસ તો મને એમ કહેવરાવે છે કે, અપવાદરૂપ દેશીરાજ્યો સિવાય સમગ્ર રીતે જોતાં દેશી રાજ્યો કરતાં બ્રિટિશ હિંદમાં કરનું પ્રમાણ ઘણું વધારે છે. દેશી રાજ્યોની કેટલીક રાજકીય કફોડી સ્થિતિ છે તે કારણથી તેમજ કેટલીક તેઓની અત્યારના સમયને વિષે ન ચાલી શકે એવી રીતિનીતિ છે તેથી તેઓની રૂડી બાજુ જગતની નજરમાં આવતી નથી. સમયને ઓળખી સમયાનુકૂળ નીતિ રીતિને તેઓ ધારણ કરે, તો દેશી રાજ્યોની પ્રજા બ્રિટિશ હિંદ કરતાં વધારે સંતુષ્ટ રહે તેવી તેની કેટલીક સારી બાજુઓ પણ છે.

મૃગજળવત્ લાભઃ

વઢવાણના ઠાકોર સાહેબને ગાદીએ બેસવાની ક્રિયા પ્રસંગે મી. મેકોનકીએ કાઠિ રાજ્યોને એક અત્યંત હિતચિંતક વાત કહી હતી. મૃગજળવત્ વ્યાપારના મોહમાં કેટલાક રાજ્યો દોરાયા છે તે મોહમાં ન દોરાવાની તેઓએ આપેલી શિખામણ દરેક રાજ્યે સોનેરી અક્ષરોએ નોંધી રાખવી યોગ્ય છે. મી. મેકોનકીના શબ્દો ઘણા માર્મિક હતા. જે કાઠિ રાજાઓ વ્યાપાર તરફ દોરાયા છે તેથી સરકાર અજાણી નથી એ તેઓને સ્પષ્ટ સમજાયું હોવું જોઈએ.

અત્યારે ધનની હરિફાઈમાં જે રાજ્યો વ્યાપાર કરતાં થયાં છે તેઓની પ્રજાઓનો પ્રેમ રાજ્ય તરફ કેમ રહી શકે ? અને જો ન રહી શકે તો તે રાજ્યકર્તાની જડ ઢીલી કાળે કરી નહિ ? રાજ્યલોભ એ સર્વથી વધારેમાં વધારે આકર્ષક છે, તેમ ભયંકર પણ છે. ટકિનો પ્રદેશ લેવાની જ્યાં જોખમી લાલચ થઈ આવે ત્યાં વ્યાપાર કરી પ્રજાની અપ્રીતિ વહોરી પોતાને હાથે કરી નબળાં પડતા રાજ્યો જેવા ચીમો બેટ છે તે તેઓ ક્યારે જોઈ શકશે ?

શ્રી [illegible] જૈન પ્રિન્ટિંગ વર્ક્સ, રાજકોટ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:- મનસુખલાલ રવજીભાઈ મહેતા.

પત્ર ૨ જો.

(હિંદુસ્થાન, તા. ૧૪-૨-૧૯૨૦).

કાઠિયાવાડના સંસ્થાનો અને મહિસૂર:

"બૉમ્બે ક્રૉનીકલ" ના એક પ્રતિનિધિએ મહિસૂરના હાલના દિવાનની લીધેલી મુલાકાતનો જે અહેવાલ તે પત્રના તા. ૭ મીના અંકમાં પ્રકટ થયો છે તે કાઠિયાવાડના સંસ્થાનોએ ખસૂસ કરી ધ્યાનમાં લેવાલાયક છે. બ્રિટિશ હિંદના રાજકીય બંધારણમાં મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડવાળી યોજના હાથ ધરવામાં આવી તે પહેલાં ઘણી મુદતથી પ્રજાકીય સુધારા મહિસૂર રાજ્યે દાખલ કર્યા હતા એવો મહિસૂરના દિવાને જે હિમ્મતભર્યો ખુલાસો કર્યો હતો તે વાત સમસ્ત દેશી રાજ્યોએ અને ખાસ કરી કાઠિયાવાડના દેશી સંસ્થાનોએ મનન કરવા જેવી છે, અને તે પ્રમાણે વ્યવહારમાં મૂકવા તૈયાર થવું જોઈએ. પ્રજાકીય તત્ત્વ સંસ્થાનોનાં બંધારણમાં દાખલ કરવાથી રાજ્યકર્તાઓની સત્તા કમી થતી નથી, પરંતુ એથી ઉલટું પ્રજાપ્રેમ વધવાથી સત્તા વિશેષ બળવાન થાય છે, એવો પ્રબળ દાખલો મહિસૂર રાજ્યનો છે. કેટલેક [illegible] કે નરેન્દ્ર [illegible] કેટલા [illegible] છે તેનું [illegible] આપવું [illegible] 'નરેન્દ્ર મંડળ'ની સ્થાપના કરવા પૂર્વે [illegible] યોજના [illegible] હતી [illegible] નરેન્દ્રોના સ્થાપના [illegible] 'ઉમરાવોની સભા' અથવા "હાઉસ આફ લોર્ડ્સ" જેવું રૂપ કદાચ પકડશે અને તેવું રૂપ

[illegible]

પોતાની સત્તા સ્થિર કરી શકશે.

‘નરેન્દ્ર મંડળ’ અને કાઠિ રાજ્યો:

“નરેન્દ્ર મંડળ”ના પાયા મજબૂત થવા માટે આમંત્રાયેલા રાજ્ય-કર્તાઓની સાથે દિલ્હીમાં મહિસૂરના મહારાજાએ હાજરી આપ્યાનું વર્તમાન-પત્રોમાં પ્રગટ થયું છે. પરંતુ મહિસૂર રાજ્યનું વલણ કેવું છે તે [illegible] મુલા-કાતમાં મહિસૂરના દિવાનજીએ જણાવેલા વિચારોથી સ્પષ્ટ થાય છે. “નરેન્દ્ર મંડળ”ની સ્થાપના પહેલાં લાર્ડ ચેમ્સફર્ડે દેશી રાજ્યકર્તાઓમાંથી કેટલા-કને આમંત્રણ આપી બોલાવવાનું રાખેલું તે વખતે રાજદ્વારીઓ આ હીલ-ચાલને એક મુત્સદ્દીગીરીની કળા માનતા હતા. કારણ કે દેશી રાજ્યો તેવી સ્થિતિમાં પોતાને મૂકવા માંગશે કે કેમ એ એક પ્રશ્ન હતો. કેટલાક રાજ્યકર્તાઓ જ્યારે આ પ્રમાણે આ હીલચાલના [illegible] તેના વિચારમાં પડતા હતા ત્યારે કાઠિયાવાડના બીજા વર્ગના કેટલાક [illegible] પહેલા વર્ગના રાજ્યકર્તાઓ કે જેઓને બોલાવવાનું [illegible] આવ્યું હતું તેઓનાથી પોતે પાછળ રહી જાય છે અને તે [illegible] તેઓને માનપ્રદ

નથી એમ માની પોતાને પણ કેટલાએક લોકોએ એવી માગણી કરતા બંધ પડ્યા હતા. મહિસૂરના દિવાન સાહેબે કરેલા ખુલાસા પછી આ પોતાને પાછળ રહી જનાર રાજ્યકર્તાઓ શું વિચાર ઉપર આવશે તે જાણવું ઘણું રસવાળું થઇ પડશે.

શહેનશાહી ઢંઢેરામાં દેશી રાજ્યોના હક્કો.

બ્રિટિશ હિંદના રાજકિય સુધારાને અંગે નામદાર શહેનશાહ તરફથી જે ઢંઢેરો જાહેર પાડવામાં આવ્યો છે તેમાં દેશી રાજ્યોના હક્કોનું પાલન કરવાનું વચન આપવામાં આવ્યું છેઃ એ વાત ખરેખર પ્રશંસનીય છેઃ તથાપિ એક વાત સ્પષ્ટ થવાની જરૂર છે. આ તો ઐતિહાસીક બીના છે કે, દેશી રાજ્યોની સાથે અંગ્રેજ સરકારે અમુક તહનામાઓ કર્યા છે. આ તહનામાની સરતો કરતાં વધારે સત્તાઓ "રૂઢી" અને "પરંપરા" થી દાખલ થઇ ગઇ છે. મોન્ટ-ફર્ડ રિપોર્ટમા એવા આશયમાં જણાવવામાં આવ્યું છે કે "અમારા સંબંધો રૂઢી (Customs) અને પરંપરા (usage) થી અને અમલ (precedence) થી વધારે ખીલ્યા છે." આ મુત્સદી જાણ છે. ખરી વાત એ છે કે, દેશી રાજ્યોના તહનામા કરતાં "કાંઇક વધારે" દેશી રાજ્યોએ ગુમાવ્યું છે. તે નામદાર શહેનશાહના ઢંઢેરાથી પાછું મળશે કે કેમ? આ પ્રશ્નનો ઉત્તર એકજ વાત આપે છે. દેશી રાજ્યો પોતાના બંધારણમાં પ્રજાઅવાજ દાખલ કરી પ્રજાપ્રિયતા મેળવે તો હિતચિંતકો વર્ગ પોતાના રાજ્યોના હક્કોને માટે અંતરથી પરિશ્રમ કરે; અને રાજ્યકર્તાઓ પ્રજામતના ટેકાથી પોતાના હક્કોનું પરિપાલન કરી શકે. કાંઇ રાજાઓ હક્કોને માટે ઘણા આતુર છે, પણ તેઓ હક્કો મેળવવાની ખરી ચાવી-પ્રજાઅવાજ જ્યાં સુધી નહિ મેળવે ત્યાંસુધી ક્યાંથી વિજયી થઇ શકશે?

લી વૉર્નરના પુસ્તકનો પ્રત્યુત્તર કોઇ આપશે?:

મુંબઇ સરકારના પૂર્વના એક સેક્રેટરી મી. લી. વૉર્નરે દેશી રાજ્યોના સંબંધમાં લખેલું "Protected Princes of India" (હિંદના સુરક્ષીત રાજાઓ) પુસ્તક આજે એક "સ્ટાન્ડર્ડ વર્ક" તરીકે ગણી લેવામાં આવે છે. જે વખતે તે પુસ્તક પ્રથમ પ્રકટ થયું ત્યારે દેશી રજવાડાઓ તેની કૃતિથી ઘણા કચવાયા હતા. તેઓના હક્કો અને દરજ્જાનો મી. લી વૉર્નરે, તહનામાને મરડી મચડીને અર્થ કર્યો છે એવી તે વખતમાં સખ્ત લાગણી હતી; પરંતુ તે વખતમાં આજના જેટલી જાહેર હિમ્મત ના

હોવાને લીધે બિચારા રજવાડા સમસમીને બેસી રહ્યા હતા. એ વાતને લાંબો કાળ થઇ ગયો અને ઘણાખરા રાજ્યોના રાજ્યકર્ત્તાઓ નવા થતા ગયા; પરિણામ એ આવ્યું કે, એ પુસ્તક વગર રદીએ આપોઆપે રદી ગયું. અને આજે એને આધારભૂત ગણી કામ લેવામાં આવે છે. જેમ બીજા મોટા રજવાડાઓમાં કેટલેક ઠેકાણે ઠોકાયેલા અધિકારીઓ છે તેમ કાઠિયાવાડમાં પણ ઠોકાયેલા દિવાનો વગેરે અધિકારીઓ છે. તેઓમાંના કોઇ [illegible] [illegible] રાજ્યકરણી લખાણો અવલોકી મી. લી વૉર્નરના પુસ્તકનો [illegible]—આપવાની કાં કલ્પના પણ કરતા નથી? જામસાહેબ દેશી [illegible] માટે બહુ હિતકર કહેવાય છે, તેઓનું લક્ષ આ દિશામાં [illegible]?

દેશી રાજ્યોથી અંગ્રેજ રાજ્ય સ્વસ્થ:

ઈ. સ. [illegible] સુધી જ્યારે મણિપુરનો બનાવ બન્યો ત્યાંસુધી દેશી રાજવાડાઓ [illegible] અંગ્રેજ સરકારની સાથે ગરબડી ઉઠતા. ત્યાર બાદ [illegible] સુધી, એટલે બંગાળના ભાગલાના વખત સુધી અંગ્રેજ અધિકારીઓ દેશી રાજ્યો તરફ શંકાની નજરથી જોતા હતા. બ્રિટિશ હિંદના [illegible] કરનારાઓને દેશી રાજ્યકર્ત્તાઓમાંથી કોઇ કોઇ મદદ કરે છે એમ વહેમથી જોવામાં આવતું, તે પછી સ્થિતિમાં પરિવર્તન થવા લાગ્યું. તે [illegible] સુધી તે વાત આપણે દેશી રજવાડાઓએ યુદ્ધમાં આપેલી મદદથી જેમ જાણી શકીએ છીએ તેમ "નરેંદ્ર મંડળ" માં ગોઠવાયેલા કેટલાક દેશી રાજાઓની ઉત્કટ આકાંક્ષાથી પણ જોઇ શકીએ છીએ, અર્થાત્ અંગ્રેજ રાજ્ય હવે દેશી રાજ્યોથી કેવળ સ્વસ્થ થયું છે. કાઠિયાવાડમાં [illegible] શંકાની નજરે જોવામાં આવતું [illegible] "એડમિનિસ્ટ્રેશન" હતું. આ [illegible]

રાજકુમારોનું શિક્ષણ:

[illegible]

વાનું કારણ કૉલેજની અંદર અપાતું શિક્ષણ છે. એ કૉલેજમાં કારોબાર administration ને લગતું જરૂર સામાન્ય જ્ઞાન આપવા ઉપરાંત એક કુશળ રાજ્યકર્તા થવાને યોગ્ય શિક્ષણ અપાતું નથી. નામદાર ગાયકવાડ સરકારને શિક્ષણ આપવાનું મર્હૂમ સર ટી. માધવરાવે પોતાને શીરે લીધું હતું. તેઓએ સર સયાજીરાવને જે વ્યાખ્યાનો આપ્યા હતા અને જે હજુ અપ્રકટ છે, પણ જે ઘણા બાહોશી ભરેલા છે. તેના એક પણ વ્યાખ્યાનનું રાજકુમાર કૉલેજમાં દર્શન થાય છે? જ્યાંસુધી રાજકુમારોને સ્વદેશાભિમાનના સંસ્કારોવાળું શિક્ષણ નહિ મળે ત્યાંસુધી નામ કાઢી શકે એવા રાજ્યકર્તા ઉત્પન્ન કરવા અશક્ય છે. માત્ર સામાન્ય ભણતર થવા પૂર્ણ જ્ઞાન આપવા સિવાય રાજકુમાર કૉલેજનો "કોર્સ" કાંઈ વધારે જ્ઞાન આપતું હોય એમ હું માનતો નથી. આ દિશામાં દેશી રાજ્યકર્તાઓએ જેમ ધ્યાન આપવાની જરૂર છે, તેમ ખુદ પ્રજાઓએ પણ ધ્યાન આપવાની જરૂર છે, કારણ કે તેઓના સુખ દુઃખનો આધાર તેના ઉપર છે.

સંસ્થાનોમાં કેળવણી:

કાઠિયાવાડનું કેળવણી ખાતું પ્રથમ અંગ્રેજ સરકારના હાથમાં હતું. બાર બાદ દેશી રજવાડાઓના આગ્રહથી કે, તે વખતના અંગ્રેજ અધિકારીઓની કેળવણી પ્રત્યેની ઓછી લાગણીથી કેળવણી ખાતું દરેક જુદા જુદા રાજને સોંપવામાં આવ્યું છે. દેશી રાજ્યોના હાથમાં એ ખાતું સુપ્રત થયા બાદ શરૂઆતમાં તેઓએ કાંઈક સારો દેખાવ કર્યો હતો, પરંતુ ત્યાર બાદ ધીમે ધીમે એ સ્થિતિ એટલી નિરાશાજનક હદ સુધી પહોંચી છે કે જે ઘણી ટીકાને પાત્ર થઈ શકે. રાજની અંદર વ્યાપારીરીતિ દાખલ થવાથી કેળવણી અને ઔષધાલયાદિ ખાતાંઓ "મફતના ખર્ચા" માની લેવાની ગંભીર ભૂલ દેશી રાજવાડાઓમાં થવા માંડી અને આજે કેળવણી ખાતું દરેક રાજ્યમાં દયાપાત્ર છે. ભાવનગર તથા જુનાગઢના રાજ્યોએ શરૂઆતમાં કૉલેજની સ્થાપના કરવા સુધીનો ઉત્સાહ બતાવ્યો હતો. તેઓએ જ્યારે [illegible]તાથી આ કૉલેજોપર ધ્યાન આપ્યું હોત તો એ બન્ને રાજ્યો, આજે [illegible] આપનારી યુનિવર્સિટિઓ પેદા પોતાની સ્વતંત્ર સ્થાપી શકત. [illegible] સર પ્રભાશંકરના વખતમાં પણ તે દિશામાં કાંઈ ન થયું. [illegible] પ્રથમ કેળવણી [illegible] ઉત્તેજન આપતું હતું. [illegible] [illegible] નામ [illegible] કરી હતી. પરંતુ ત્યારબાદ [illegible]

થયું છે. જામનગર રાજ્યમાં હાલના જામસાહેબના ગાદીપર આવવા પછી કેળવણીને માટે કોઈપણ ચોક્કસ ધ્યાન ખેંચી શકે તેવું કામ થયું નથી. મોરબી રાજ્ય તો કેળવણીની કેમ જાણે વિરૂદ્ધ હોય તેવી રીતના પગલાં લે છે. નામદાર ઠાકોર સાહેબે પ્રોફેસર દવેના વખતમાં આખા રાજ્યમાં મફત અને ફરજીઆત શિક્ષણ દાખલ કર્યું હતું, તેની સાથે "વખતુબા ચેરીટેબલ હાઈસ્કૂલ" તદન મફત (ફ્રી) કરી હતી. અતિશય ખેદની વાત એ છે કે, એક ધર્માદા જેવી સ્કૂલમાં હમણા ફી લેવાનું ઠરાવવામાં આવ્યું છે અને રાજ્યના અંદર અપાતી ગુજરાતી મફત અને ફરજીઆત કેળવણી બંધ કરવામાં આવી છે. એ સ્ટેટતરફથી હાઈસ્કૂલના શિક્ષકો પણ અતિ સામાન્ય રાખવામાં આવ્યા છે. મોટી આવકવાળા આ સ્ટેટના તાલુકાના એક ગામમાં એક પણ અંગ્રેજી નિશાળ નથી. રાજકોટ સ્ટેટના પ્રમાણમાં કેળવણી વધારે લેવાય છે, પરંતુ ત્યાં પણ શિક્ષણ ઘણું નબળું થઈ ગયું છે, કારણ કે પામર પગારેથી શિક્ષકોને રાખવામાં આવે છે, જોકે તો પણ મોરબીમાં રાજકોટ કરતાં ઓછા પગાર આપવામાં આવે છે.

દેશી યુનિવર્સિટિઓ:

કેળવણી પ્રત્યે દેશી રાજ્યોમાં સર્વત્ર ઉપેક્ષા નથી; વડોદરા કેળવણીની બાબતમાં બ્રિટિશ હિંદ કરતાં પણ સરસાઈ કરે છે. વડોદરા હજુ સુધી પોતાની યુનિવર્સિટિ કેમ સ્થાપતું નથી એ એક પ્રશ્ન છે. મહિસૂર અને ત્રાવણકોર સ્ટેટમાં યુનિવર્સિટિની યોજના ઘડવાનો પ્રબંધ છે જ્યારે આ સ્ટેટો આગળ વધ્યા છે ત્યારે કાઠિયાવાડના સ્ટેટો પાછળ હઠ્યા છે. પહેલા વર્ગમાં ગણાતા સ્ટેટો–જુનાગઢ, ભાવનગર, જામનગર, ગોંડલ, મોરબી અને ધ્રાંગધ્રા વાર્ષિક આવકના સંબંધમાંએવી સંગીન સ્થિતિ ધરાવે છે કે, તેઓ ધારે, તો પ્રત્યેક પોતપોતાની સ્વતંત્ર યુનિવર્સિટિઓ સ્થાપી શકે; પરંતુ જ્યાં અંગ્રેજી નિશાળો, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપવા માટે તાલુકાઓમાં સ્થપાતી નથી, ત્યાં યુનિવર્સિટિની કામના કયાં કરાય? કેટલાક રાજ્યકર્ત્તાઓ એવો ખ્યાલ ધરાવે છે કે, અંગ્રેજી કેળવણી લેતો વર્ગ સ્વતંત્ર થઈ જાય છે અને તેથી પ્રજાના હક્કો માગે છે, એટલે કે રાજભક્ત નથી રહેતા. કેળવણી ઉપર આ બુરામાં બુરો આક્ષેપ છે. કેળવણી સ્વતંત્ર બનાવે છે તેનો અર્થ ઉચ્છૃંખલ નથી થતો. પ્રજાહક માગે છે તેથી રાજભક્ત મટી જતો નથી. ખરી વાત એ છે કે કેળવણી લીધેલા માણસો વધારે

રાજ્યભક્ત હોય છે, કારણ કે તેઓને વસ્તુસ્થિતિનું ખરૂં દર્શન થાય છે. તેઓ રાજ્યકીય સ્થિતિ ભવિષ્યમાં કેવું સ્વરૂપ લેશે તેનો વિચાર કરીને જ, પોતાના રાજ્યોને સારા બંધારણ અને સારા વહિવટથી સર્જ થયેલા જોવા ઇચ્છે છે; અને એજ તેઓની રાજ્યભક્તિ છે. અત્યારે તેઓ જે વસ્તુસ્થિતિ નહિ જોઇ શકે તો ભવિષ્યના રાજ્યકર્તાઓને તેથી શોસવું પડશે અને પરિણામ એ આવશે કે, દેશી રાજ્યો જે પૂર્વની જાહોજલાલીના સ્મરણો છે તે વિનાશને માર્ગે ચડી જશે. આમ ન થવા દેવા માટે અત્યારથી પોતાના રાજ્યકર્તાઓને જાગૃત કરવા તેઓ મથે છે. જો દેશી રાજ્યકર્તાઓ પોતાની પ્રજાને ખરી રાજ્યભક્ત રહેલી જોવા ઇચ્છતા હોય તો કેળવણી એજ ખરૂં સાધન છે. હા એટલું ખરૂં છે કે કેળવણી રાષ્ટ્રિય પદ્ધતિ-રાષ્ટ્રિય પદ્ધતિને બદલે હું "દેશી પદ્ધતિ" શબ્દ વાપરીશ. કારણ કે રાષ્ટ્રિય શબ્દ બ્રિટિશ હિંદમાં વપરાતો શબ્દપ્રયોગ હોઇ દેશી રજવાડાઓ તેથી કાંઇક ડર પામે છે.-ની હોય તો વિશેષ સ્વદેશાભિમાની થઇ શકે. આવું દેશી શિક્ષણ કે જેનાથી સ્વદેશાભિમાન અને સ્વરાજ્યાભિમાન ઉત્પન્ન થાય આવા પ્રકારની પદ્ધતિપૂર્વક-આપવાથી રાજ્યકર્તાઓ પોતાનું ખરૂં સૈન્ય ઉપજાવી શકશે, કે જે રાજ્યના સ્થંભો નીવડશે. આવું શિક્ષણ આપનારી દેશી યુનિવર્સિટિની સ્થાપના આ સંસ્થાનો કરશે તો તેઓ તેનો અપૂર્વ લાભ મેળવશે. દેશીભાષા મારફતે શિક્ષણ આપની આવી યુનિવર્સિટિની શરૂઆત કોઇ સ્ટેટ કરશે?

એક રાજ્યકારી સંન્યાસીના વચનો:

મર્હુમ મી. બહેરામજી મલબારીના વખતમાં તેઓ તરફથી નીકળતા "ઇન્ડિયન સ્પેક્ટેટર" નામના અઠવાડિક પત્રમાં એક 'રાજ્યકારી સંન્યાસી' ની સહીથી "હિંદી રાજાને પત્રો" એ નામની એક શ્રેણી લખાઇ હતી; જે પાછળથી ૧૮૯૦ માં એક પુસ્તકાકારે પ્રકટ થઇ હતી; તેમાંથી નીચેનો ભાગ હું અહીં ઉતારી લઉં છું:—

It is an old Indian saying that the possession of earthly rule is followed by the relegation of the Soul of the possessor to the dark regions after death, and to say the truth all human government geneally and absolute rule especially whether carried on by individual or corporate authority, partly by the fallibility of man's Judgement but more from his Self-seeking and other moral faults of ou. kind

or another leads so much to failure or denial of juistice, to abuse of power, to oppressions of other human beings and violation of their rights and of God's law, that its natural consequences to those on whose heads that load of the sins of ommission and commission rests may well be accepted as embodied in the popular maxim. And it is to avoid this fate after death that ideal Kings of old are represented, towards the declining days of their lives, as making over the care and burden of the rule to their youthful heirs and themselves retiring into private life, so as to be able to devote their old age to penance and devotion.

એક જૂનું હિંદી કહેવત છે કે "રાજપાટ ભોગવ્યા પછી, ભોગવનારના આત્માને મૃત્યુ પછી હલકાં ભૂવનોમાં જવું પડે છે;" અને સત્યની ખાતર કહેવું જોઇએ કે, સામાન્ય રીતે મનુષ્યોથી ચાલતાં સઘળાં રાજ્યો અને એકહથુ સત્તાથી ચાલતાં રાજ્યો ખાસ કરીને પછી ભલે તે એક વ્યક્તિથી કે સંયુક્ત મંડલોથી ચાલતાં હોય–કેટલેક દરજ્જે મનુષ્યજાતિની પરિક્ષણશક્તિની ભૂલોથી, પણ વિશેષે કરીને પોતાના સ્વાર્થશોધક અને બીજા એક યા બીજા પ્રકારના દોષોથી એવાં માર્ગે ચડી જાય છે કે, કાં તો નિષ્ફળતા મળે છે, કાં તો ન્યાયની ના પાડવામાં આવે છે, સત્તાનો ગેર ઉપયોગ થાય છે, બીજાં મનુષ્ય પ્રાણીઓના પર જુલ્મ થાય છે, તેઓના હક્કોનું અને ઇશ્વરના કાયદાનું ઉલંઘન થાય છે; અને જેઓના શિરે ભૂલ ચૂક કરવાના પાપોના સ્વાભાવિક પરિણામો રહેવા જોઇએ એ વાત લોક કહેવતમાં યથાર્થ રીતે કહેવામાં આવી છે. અને મૃત્યુ પછી આવું પ્રારબ્ધ ભોગવવું પડે તે અટકાવવાની ખાતર પૂર્વના આદર્શરૂપ રાજાઓ પોતાના જીવનના પાછલા ભાગમાં રાજ્યના ચિંતા અને ભાર પોતાના યુવરાજોને સોંપી એકાંત જીવન ગાળતા તેમ જ કેટલાક વૃદ્ધાવસ્થામાં પશ્ચાતાપ અને ભક્તિમાં ગાળતા જણાવવામાં આવ્યા છે.

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ વર્કસ—રાજકોટ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:- મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૩ જો.

(હિંદુસ્થાન, તા. ૨૧-૨-૧૯૨૨).

વ્યાપાર એ રાજ્યધર્મ છે?

જે કાઠિ રાજાઓ વ્યાપાર તરફ પ્રેમ ધરાવે છે તે રાજાઓ રાજ્યપ્રકરણી મોટી ભૂલ કરે છે એમ મેં મારા એક પત્રમાં જણાવ્યું હતું. આ વાત સામાન્ય નથી એટલે તે સામાન્ય રીતે પસાર કરી શકાય તેમ નથી. જો એકલા પ્રજાના હિતનોજ એ પ્રશ્ન હોત તો કદાચ તેને હું પ્રજાની બીજી ફરીયાદોમાંની એક ગણી ચલાવી લેત; પરંતુ આ પ્રશ્ન મને જે રાજ્યોપ્રત્યે સ્વાભાવિક પ્રેમ છે અને જેઓનું અસ્તિત્વ કાયમ રખાવવામાં પોતાથી બનતો ફાળો આપવો એ મોટું સ્વદેશાભિમાન હું માનું છું તેઓના હિતખાતર કોઇપણ જોખમે અને કોઇપણ ભોગે એ રાજ્યપ્રકરણી ભૂલ થતી અટકાવવી એ મારૂં પવિત્ર કર્તવ્ય સમજું છું. અત્યાર સુધીના ભરતખંડના ઇતિહાસમાં કોઇપણ ઠેકાણે એવો ઉલ્લેખ નથી કે, ભરતખંડના રાજાઓએ કોઇપણ વખતે વ્યાપાર કર્યો હોય. વ્યાપાર સીધી કે આડકતરી રીતે, રાજ્યે ખેડવો એ પશ્ચિમનો પવન છે. અંગ્રેજ રાજ્યની બન્ને બાજુ છે. તેના સીધો કે આડકતરો વ્યાપાર કરવાનો પ્રયોગ એ તેની ઉજ્વલ બાજુ નથી. અંગ્રેજ રાજ્યની ઉજ્વલ બાજુનું અનુકરણ દેશી રાજ્યોએ કર્યું હોત તો તો તેઓ આજે જે દરજ્જો ધરાવે છે તેના કરતાં જરૂર વધારે ઉંચો દરજ્જો ધરાવતા હોત, પરંતુ અંગ્રેજી રાજ્યની જે બાજુ અનુસરવાજેવી નથી એટલે કે વ્યાપારનો

વ્યામોહ રાજ્યે રાખવાલાયક નથી તે બીજી બાજુનું અનુસરણ કાંઈ દેશી રાજ્યો કરે છે તે મારૂં ચોકસ માનવું છે કે તેના ભવિષ્યના હિતને માટે જોખમી છે. કદાચ્ નામદાર શહેનશાહના છેલ્લા ઢંઢેરા પછી રાજ્યોના જે હક્કો છે તે અબાધિત રહે, પરંતુ એટલું તો ચોકસ છે કે, રાજાનું કાર્ય વ્યાપાર નથી, એ કાર્ય વૈશ્યોનું છે, અને જે કાર્ય રાજાઓનું નથી તે તેઓનો ધર્મ નથી. જ્યારે પોતાના ધર્મ વિરૂદ્ધ કાર્ય રાજ્યકર્ત્તા કરે છે ત્યારે પ્રજા નારાજ રહે છે અને તેનો પ્રેમ બેદીલીનું રૂપ પકડે છે, અને તેવું રૂપ પકડ્યા પછી રાજ્યની સ્થિતિ હચમચી જાય છે. આખા જગતમાં જ્યારે પ્રજામત અને બહુમતવાદ Democracy નો વેગ ચાલે છે, જ્યારે બોલ્શેવિઝમ દરવાજા આગળ ટોકયાં કરે છે અને જ્યારે એકહથુ સત્તા Autocracy અને સંપૂર્ણ સત્તા (absolute power)ની સામેનું શિક્ષણ જનતા લેવા મંડી છે ત્યારે આ પૂર્વજોના સ્મરણ ચિન્હોરૂપ દેશી રાજ્યોમાંથી કેટલાક રાજ્યો પોતાની પ્રજાઓમાં બેદીલી ઉત્પન્ન થાય એવા રાજ્યધર્મથી વિરૂદ્ધ કાર્યો કરવા શા માટે પ્રેરાય છે? શું એ હિંદનું દુર્દૈવ છે? હિંદમાં "દેશીપાણું" રહેવુંજ જોઇએ અને "દેશીપાણું" રહેવા માટે "દેશી રાજ્યો" કાયમ રહેવાજ જોઇએ એમ વૈજ્ઞાનીકમાનસશાસ્ત્રીઓનું કહેવું છે. જો દેશી રાજ્યો આ જમાનામાં આ માર્ગે ચઢી પ્રજામાં અકારા થશે તો તેના અસ્તિત્વને અવશ્ય [illegible] પહોંચ્યાવિના કેમ રહેશે? હું જે કાંઈ રાજ્યકર્ત્તાઓ વ્યાપારે ચઢ્યા છે તેઓને તથા જે દિવાનો કે અધિકારીઓ પોતાના રાજ્યકર્ત્તાઓને આ રસ્તે ચડાવે છે તેઓને વિનંતિ કરૂં છું કે, દેશીપાણું રાખવામાં જે મુખ્ય કારણભુત છે એવા દેશી રાજ્યોને આ ખોટા માર્ગે ચડાવતા અટકો. કદાચ અત્યારે તેનું પ્રત્યક્ષ પરિણામ નહિ દેખાય તો, અત્યારના રાજ્યકર્તાઓના વારસોને તે માર્ગે નડશે

ક્ષત્રિયધર્મ ચૂકવાનું ઐતહાસિક પરિણામ:

વ્યાપાર એ રાજ્યધર્મ નથી, અને પોતાના ધર્મ-ક્ષત્રિ [illegible]

આપી એમ જણાવવા માગું છું કે, જેમ અત્યારે આપણે પૂર્વજોના ધર્મ-ન્યૂનપણાથી સહન કરીએ છીએ તેમજ ભવિષ્યમાં અત્યારના આપણાં રાજ-ધર્મ વિરૂદ્ધના કાર્યોથી ભવિષ્યના વારસોને સહન કરવું પડશે.

સહાયક સંધિ:

શ્રી. ભાસ્કરરાવ જાધવ પોતાના "Wake up Princes" નામના પુસ્તકમાં લખે છે કે "દેશી રાજ્યો પહેલાં મિત્રો અર્થાત્ સરખા ભાગીદારો હતા. સ્વમાનતાનો વિચાર વસ્તુતઃમાં જ્યારે ભાગીદારમાં આવ્યો, અને વિચારોના ફેરફારવાળી સ્થિતિનું ન્યાયશાસ્ત્રીય પરિણામ શું આવ્યું? બન્ને ભાગીદારોની વચ્ચેના સંબંધોનો ખરો ખ્યાલ આપવામાટે વાક્ય રચનામાં ફેરફારો થયા. નામદાર સરકારની વર્તમાન રાજનીતિ–સહાયક સંધિ (Subsidiary alliance) નું પરિણામ દેશી રાજ્યકર્તાઓ અને તેઓની સરકારોની સત્તા અને નૈતિક અસરની ખોટમાં આવ્યું". ઇસ્ટ ઇંડિયા કંપનીના વહિવટની તપાસ કરનારી 'સિલેક્ટ કમિટિ' આગળ જુબાની આપતાં મી૦ જેમ્સ મીલે તેને પુછવામાં આવેલ પ્રશ્ન સહાયક સંધિ–Subsidiary alliance ની અસર જે દેશોની સાથે કરવામાં આવેલી છે તેઓના વતનીઓના હિત ઉપર કેવી થાય છે" તેના ઉત્તરમાં કહ્યું હતું કે:—

"With respect to its effect on the people of the country my opinion is very unfavourable. The substance of the engagement we make with these princes is this: We take their military protection upon ourselves and the military power of the states into our own hands. Having taken from them the military powers of Government, that is all the power, we then say to them "we give up to you the whole of the powers of Civil Government." Complaint has been frequently made of the effect of the subsidiary alliances, in subduing the spirit and relaxing the powers of the Government of these Native Princes. It appears to me that the subsidiary alliance does not take away the spirit of the sovereign power by degrees from these Princes; this is taken from them altogether with sovereignty at the first step. It does not remain to be done by degrees. We begin by taking the military [illegible]

વ્યામોહ રાજ્યે રાખવાલાયક નથી તે બીજી બાજુનું અનુસરણ કોઈ દેશી રાજ્યો કરે છે તે મારું ચોકસ માનવું છે કે તેના ભવિષ્યના હિતને માટે જોખમી છે. કદાચ્ નામદાર શહેનશાહના છેલ્લા ઢંઢેરા પછી રાજ્યોના જે હક્કો છે તે અબાધિત રહે, પરંતુ એટલું તો ચોકસ છે કે, રાજાનું કાર્ય વ્યાપાર નથી, એ કાર્ય વૈશ્યોનું છે, અને જે કાર્ય રાજાઓનું નથી તે તેઓનો ધર્મ નથી. જ્યારે પોતાના ધર્મ વિરૂદ્ધ કાર્ય રાજ્યકર્ત્તા કરે છે ત્યારે પ્રજા નારાજ રહે છે અને તેનો પ્રેમ બેદીલીનું રૂપ પકડે છે, અને તેવું રૂપ પકડ્યા પછી રાજ્યની સ્થિતિ હચમચી જાય છે. આખા જગત્‌માં જ્યારે પ્રજામત અને બહુમતવાદ Democracy નો વેગ ચાલે છે, જ્યારે બોલ્શેવિઝમ દરવાજા આગળ ટોકયાં કરે છે અને જ્યારે એકહથુ સત્તા Autocracy અને સંપૂર્ણ સત્તા (absolute power)ની સામેનું શિક્ષણ જનતા લેવા મંડી છે ત્યારે આ પૂર્વજોના સ્મરણ ચિન્હોરૂપ દેશી રાજ્યોમાંથી કેટલાક રાજ્યો પોતાની પ્રજાઓમાં બેદીલી ઉત્પન્ન થાય એવા રાજ્યધર્મથી વિરૂદ્ધ કાર્યો કરવા શા માટે પ્રેરાય છે? શું એ હિંદનું દુર્દૈવ છે? હિંદમાં "દેશીપણું" રહેવુંજ જોઇએ અને "દેશીપણું" રહેવા માટે "દેશી રાજ્યો" કાયમ રહેવાજ જોઇએ એમ વૈજ્ઞાનીકમાનસશાસ્ત્રીઓનું કહેવું છે. જો દેશી રાજ્યો આ જમાનામાં આ માર્ગે ચઢી પ્રજામાં અકારા થશે તો તેના અસ્તિત્વને ભયંકર પહોંચ્યાવિના કેમ રહેશે? હું જે કોઈ રાજ્યકર્તાઓ વ્યાપારે ચઢ્યા છે તેઓને તથા જે દિવાનો કે અધિકારીઓ પોતાના રાજ્યકર્તાઓને આ રવાડે ચડાવે છે તેઓને વિનંતિ કરૂં છું કે, દેશીપણું રાખવામાં જે મુખ્ય કારણભૂત છે એવા દેશી રાજ્યોને આ ખોટા માર્ગે ચઢાવતા અટકો. કદાચ આત્યારે તેનું પ્રત્યક્ષ પરિણામ નહિ દેખાય તો, અત્યારના રાજ્યકર્તાઓના વારસોને તે માર્ગે નડશે

ક્ષત્રિયધર્મ ચૂકવાનું ઐતહાસિક પરિણામ:

જ્યારે એ [illegible] નહીં અને પોતાના ધર્મ–ક્ષત્રિ કે રાજ ચૂકે, [illegible] અત્યારના દેશી રાજ્યકર્તાઓના [illegible] અને તેના પરિણામે [illegible] બાદશાહી સલ્તનત મહા[illegible] ધર્મવિરૂદ્ધ પગલું ભર્યું તેના પરિણામે [illegible] સ્થિતિમાં આવ્યાં છે એ [illegible] આપું છું. આ ઉદાહરણ

આપી એમ જણાવવા માગું છું કે, જેમ અત્યારે આપણે પૂર્વજોના ધર્મ-સ્યુતપણાથી સહન કરીએ છીએ તેમજ ભવિષ્યમાં અત્યારના આપણાં રાષ્ટ્રધર્મ વિરુદ્ધના કાર્યોથી ભવિષ્યના વારસોને સહન કરવું પડશે.

સહાયક સંધિ:

મી. આસેરાવ જાધવ પોતાના "Wake up Princes" નામના પુસ્તકમાં લખે છે કે "દેશી રાજ્યો પહેલાં મિત્રો અર્થાત્ સરખા ભાગીદારો હતા. અસમાનતાનો વિચાર વરવખતમાં જબ્બર ભાગીદારમાં આવ્યો. અને વિચારોની ફેરવાયલી સ્થિતિનું ન્યાયશાસ્ત્રીય પરિણામ શું આવ્યું? બંને ભાગીદારોની વચ્ચેના સંબંધોનો ખરો ખ્યાલ આપવામાટે વાક્ય રચનામાં ફેરફારો થયા. નામદાર સરકારની વર્તમાન રાજનીતિ–સહાયક સંધિ (Subsidiary alliance) નું પરિણામ દેશી રાજ્યકર્તાઓ અને તેઓની સરકારોની સત્તા અને નૈતિક અસરની ખોટમાં આવ્યું" ઇસ્ટ ઇંડિયા કંપનીના વહિવટની તપાસ કરનારી 'સિલેક્ટ કમિટિ' આગળ જુબાની આપતાં મી॰ જેમ્સ મીલે તેને પુછવામાં આવેલ પ્રશ્ન સહાયક સંધિ–Subsidiary alliance ની અસર જે દેશોની સાથે કરવામાં આવેલી છે તેઓના વતનીઓના હિત ઉપર કેવી થાય છે" તેના ઉત્તરમાં કહ્યું હતું કે:—

"With respect to its effect on the people of the country my opinion is very unfavourable. The substance of the engagement we make with these princes is this: We take their military protection upon ourselves and the military power of the states into our own hands. Having taken from them the military powers of Government, that is all the power, we then say to them "we give up to you the whole of the powers of Civil Government" Complaint has been frequently made of the effect of the subsidiary alliances, in subduing the spirit and relaxing the powers of the Government of these Native Princes. It appears to me that the subsidiary alliance does not take away the spirit of the sovereignty by degrees from these Princes; this is taken from them along with sovereignty at the first step. It does not remain to be done by degrees. We begin by taking the military power,

and when we have taken that, we have taken all. The Princes exercise all the power that is left them to exercise, as mere trustees of ours and unfortunately they are bad trusties."

"જે દેશો સાથે સહાયક સંધિ" કરવામાં આવેલ છે તેના દેશવાસીઓ ઉપર તેની અસર મારા મતાનુસાર પ્રતિકૂલ થાય છે. રાજકર્ત્તાઓ સાથે આપણે જે વહનામું કરીએ છીએ તેનો સાર નીચે મુજબ છે:—

આપણે તેમનું લશ્કરી રક્ષણ આપણા શિરઉપર લઇએ છીએ, અને તેમની લશ્કરી સત્તા આપણા તાબામાં રાખીએ છીએ. સમગ્ર સત્તાઓનો જેમાં સમાવેશ થાય છે એવી લશ્કરી સત્તા આપણા કબજામાં લીધા પછી આપણે રાજકર્ત્તાઓને કહીએ છીએ કે "અમે દિવાનીખાતાની તમામ સત્તા તમારે સ્વાધીન કરીએ છીએ." "સહાયક સંધિ" દેશી રાજ્યોનું રાજકીય ચેતન હરી લે છે તથા રાષ્ટ્રીય વહિવટ સત્તાને હાનિ પહોંચાડે છે, એવી મતલબની ફરિયાદો ઘણી વખત કરવામાં આવેલ છે. મને લાગે છે કે, "સહાયક સંધિ" દેશી રાજાઓનું રાજ્યાધિકારનું ચેતન તેઓની પાસેથી ધીરે ધીરે હરતી નથી; એ તો રાજ્યાધિપત્યની સાથે પહેલેથીજ હસ્તગત કરવામાં આવે છે. એમાં ક્રમશઃ કરવાનું કાંઇ રહેતું નથી. શરૂઆતમાંજ આપણે તેમની લશ્કરી સત્તા આપણા કબજામાં રાખીએ છીએ. લશ્કરી સત્તા સાથે તમામ સત્તા આવી ગઇ. રાજ્યકર્ત્તાઓ અવશેષ સત્તાનો આપણા વહિવટદારોતરીકે ઉપભોગ કરે છે; પણ કમનસીબે તેઓ ખરાબ વહિવટદાર છે.

હૈદ્રાબાદ ખાતેના એક પોલિટિકલ અધિકારીએ તે વખતે જણાવ્યું હતું કે:—

"This system of confederation which we hav hitherto pursued with protected states of India is inevitably progressive in its nature. Every new alliance that we contract brings us into territorial or political contract with other states which in their turn submit to the same system and fall under the same consequences. A state that has once resorted to an alliance with us can no longer remain stationary. By degrees our relations become more intimate. the habit of relying upon the foreign support gradually

paralizes its own faculties, and in the end it loses the form as well as the substance of independence. If it is galling by its trammels and make an effort to shake them off, as the Peishwa did, it only precipitates its own destruction: if it submits it declines by degrees, from one stage of weakness to another, until like the Nizam or the Raja of Mysore, it expires from exhaustion. The choice is between a violent and lingering death."

"તાબાના રાજ્યકર્તાઓ સાથે અત્યાર સુધી કાયમ રખાયેલી આ સહકારી ગોઠવણ અમુક રીતે ફાયદાવિનાની નથી. કરવામાં આવતાં દરેક નવાં જોડાણ આપણને અન્ય રાજ્યોની સાથે મુલકી તથા રાજકીય સંબંધમાં લાવે છે; અને તેઓ પણ વખત આવતાં ચોક્કસ વ્યવસ્થાને આધીન થાય છે અને એ જ સ્થિતિ અનુભવે છે. આપણી સાથે સંધીથી જોડાયેલ રાજ્ય કદિ ગર્વવિનાનું રહી શકે નહિ. રહીને રહીને આપણો તેની સાથેનો સંબંધ વધારે ગાઢ થતો જાય છે, અને અંતમાં વિદેશી આધારપર અવલંબવાની ટેવ ધીરે ધીરે તેના સામર્થ્યને શિથિલ બનાવી દે છે અને છેવટે તે સ્વતંત્રતાનું સત્ય સ્વરૂપ અને સત્વ ગુમાવે છે. કદાપિ જો તે પોતાના બંધનથી અત્યંત કંટાળીને પેશ્વાની માફક તેમાંથી વિમુક્ત થવાને પ્રયત્ન આદરે છે, તો તે પોતાની નાબુદી પોતાની મેળેજ ત્વરિત કરે છે. યદિ બંધન કબુલ રાખે છે તો ધીમે ધીમે અધઃપતન પામતું જાય છે; અને નિઝામની અગર માઇસોરના મહારાજાની માફક લય પામે છે. એક ઝપાટામાં અથવા રીબાતાં રીબાતાં અંત, આ બે વચ્ચે પસંદગી કરવાની રહે છે."

આ "સહાયક સંધિ" નું શું?

વ્યાપાર કરવાથી રાજધર્મ ચૂકાય છે, રાજધર્મ પ્રજાસેવા છે એ ધર્મ ચૂકવાથી, જેમ પૂર્વજો, ક્ષત્રિય ધર્મ ચૂકવાથી અત્યારની પરિસ્થિતિ છે એવું ઉદાહરણ આપવાના હેતુથીજ મેં આ સહાયક સંધિની હકીકત ટાંકી છે; પણ જ્યારે તે ટાંકી છે ત્યારે સાથે સાથે તે ગર્ભમાં પેસતા શબ્દો કહું એ અનુચિત નહિ થઇ પડે. રાજકીય સુધારાઓની યોજના અર્થે જ્યારે મી૦ મોન્ટેગ્યુ અહીં આવ્યા ત્યારે જામસાહેબ અને બીજા રાજ્યકર્તાઓએ પોતાના ગયેલા હક્કોનું રક્ષણ કરવા પ્રયત્ન કર્યો હતો. બીકાનેરના મહારા-

જેમ કેલકરોના ભંગ કરવા વિષે પણ ફરિયાદ ઉઠાવી હતી. મી. બ્રાસેરાએ [illegible] પુસ્તક આજ હેતુથી લખ્યું હતું. આ ઉદાહરણ જે સંધિ વિષે મી. [illegible] પુસ્તક પરથી મેં લીધું છે તે સંધિના સંબંધમાં કાંઈ અમલ કરવામાં આવી હતી કે નહીં તે હું જાણતો નથી, પરંતુ મારી ખાત્રી છે કે [illegible] કોઈપણ દેશી રાજ્યકર્તાઓ પોતાના [illegible] માંથી દૂર કરાવી શકે નહિ. પ્રજાનો નૈતિક ટેકો જોઇએ, અને પ્રજાનો નૈતિક ટેકો ક્યાંથી મળે? જે રાજા પ્રજાના સુખે પોતે સુખી છે અને પ્રજાના દુઃખે પોતે દુઃખી છે એવું અંતઃકરણથી માનતા હોય અને તે પ્રમાણે વર્તન કરતા હોય તેજ રાજા પ્રજાનો નૈતિક ટેકો મેળવી શકે. જ્યાં પ્રજાની આગેવાની [illegible] હોય ત્યાં પ્રજાના ટેકાની આશા પણ ક્યાંથી હોય? જો ૭૦૦ દેશી રાજ્યોએ પોતાની પ્રજાઓને આટલા વર્ષોમાં આગળ વધારી હોત અને [illegible] સંજોગોવાળા સમય હોત તો દેશી રાજ્યોની પાછળ [illegible] નૈતિક બળ પાકું હોત અને તેથી તેઓ આ Subsidiary alliance ના સંબંધમાં કાંઈપણ ન્યાય મેળવી શકવા સમર્થ થયા હોત.

સંસ્થાનોમાં પ્રજાતંત્ર:

આ [illegible] વર્તમાનપત્રો પરથી જણાય છે કે, નામદાર નિઝામ સાહેબે હૈદ્રાબાદ રાજ્યમાં પ્રજાતંત્ર દાખલ કરવાની [illegible] [illegible]

ખાનગી કરી એ કોઇ આલ્હાદ નથી, કે નથી કોઇ દર રાખવા લાયક કામ. દેશી રાજ્યોની પ્રજાઓમાંથી કેઇ કોઇ બહેર ગળગળ કરી શકે તેવા હતા તેઓએ ત્યારથી અત્યાર સુધી મુંગે મોઢે જોયા કર્યું છે તેનાજ પરિણામે અત્યારે નિર્બળ અને જુસ્સાવિનાનું કાઠિયાવાડ થઇ ગયેલું છે. કોઇએ પણ બોલવુંજ જોઇએ અને બોલતાં કદાચ નુકશાન પહોંચાડવામાં આવે તો તે સહન કરવુંજ જોઇએ. જો કોઇપણ સહન કરવા પ્રજામાંથી તૈયાર ન હોય તો તે પ્રજાની અધોગતિ વિધાતાએ લખી છે એમ માનીજ લેવું.

જુનાગઢ ને પાલીતાણાની વ્યવહાર અકુશળતા:

જેમ એક ખાનગી માણસને પોતાના હિતને અર્થે વ્યવહારકુશળતાની જરૂર છે તેમ એક સમાજ કે રાજ્યને પણ તેની જરૂર છે. વ્યવહારકુશળતાની ખામીને લીધે જેમ ઘણી વ્યક્તિઓ તેમ ઘણા રાજ્યો પણ નુકશાનીએ પહોંચ્યા છે. ઇગ્લંડ પોતાની વ્યવહારકુશળતાથીજ અમેરિકાને મહા યુદ્ધમાં ખેંચી શક્યું અને પરિણામે વિજેતું થયું. થોડાજ વખત ઉપર મેં વર્તમાનપત્રોમાં એવા પ્રકારનું વાંચેલું મને યાદ છે કે, જુનાગઢ રાજ્ય ગિરનારના પહાડના સંબંધમાં જૈનોની સાથે લડે છે અને પાલીતાણાની જૈનો સાથેની શરતોની મુદત થોડા વખતમાં પૂર્ણ થવાની છે. જુના વખતના રૂઢ સંસ્કારોવાળા રાજ્યકર્તાઓ અથવા તો દુરાગ્રહી મુત્સદીઓ આવી બાબતમાં શામાટે દુરાગ્રહે ચઢી જતાં હશે તે હું સમજી સકતો નથી. જુનાગઢમાં ગિરનાર અને પાલીતાણામાં શેત્રુંજય એ જૈનોના તીર્થસ્થાનો છે. જૈનો ધર્મભક્તિ સિવાય બીજા કોઇ હેતુથી એ પહાડો સંભાળવા માંગતાં નથી. તેઓનો તેમાં કોઇ રાજકીય હેતુ કે સ્વાર્થ નથી. ત્યારે જૈનોની સાથે ખટપટ શા માટે જોઇએ ? જો ડહાપણપૂર્વક જોવામાં આવે તો એવા તીર્થસ્થાનો જે રાજ્યોમાં હોય તેઓએ તે માટે મગરૂર થવું જોઇએ અને તીર્થના શ્રદ્ધાળુઓને દરેક પ્રકારનું પ્રોત્સાહન મળે તેવું વર્તન રાખવું જોઇએ. એથી જો લેવાં આવડે તો રાજ્યને મોટો લાભ મળી શકે. જૈનો શ્રીમંત તેમજ વેપારી કોમ છે. જો તેઓની સાથે આ સંસ્થાનોએ પ્રેમપૂર્વક વર્તન રાખ્યું હોત અથવા હજુ પણ રાખે તો એ સાહસિક અને વ્યાપારી કોમને પોતાના રાજ્યોમાં વ્યાપાર ઉદ્યોગ કરવાને આકર્ષી શકે એટલુંજ નહીં પણ અનેક પ્રજોપયોગી પરમાર્થના કામો પોતાના પવિત્રમાં પવિત્ર માનેલા તીર્થોમાં કરવામાં પોતનો ધર્મ સમજે. બહારની પ્રજાઓની સાથે મીઠાસ રાખવાના લાભો અનેક છે. નામદાર ગાયકવાડની

ભીલાશ છે તો તેના રાજ્યમાં અનેક નવા સાહસો કરવાને અત્યારે કેટલીક કંપનીઓ રજીસ્ટર્ડ થઇ છે. જુનાગઢ એ કાંઇ નાનું રાજ્ય નથી તેમ પાલીતાણા પણ બહાર ઓછું જાણીતું નથી. જે બન્ને સ્થળોને લાખો માણસો જાણે છે તે બન્ને સ્થળોમાં કોઇ કોઇ સાહસ કરવાની ઇચ્છા વટીક પણ કાં કરતું નથી? અત્યાર સુધીના તે તે રાજ્યોના રાજ્યકર્ત્તાઓની અને અધિકારીઓની વ્યવહારકુશળતાની ખામીને લીધેજ આમ બન્યું છે. આ બાબતમાં મને લાગે છે કે, સૌથીવધારે વ્યવહારકુશળતા અને આવડત રાજકોટ રાજ્યની–તેના રાજાની અને દિવાન બન્નેની છે. ખુદ રાજકોટ સ્ટેટની હદમાં એટલે કે, એજન્સીની હદમાં નહિ–અનેક બહારના મુંબઇના અને બીજા સ્થળોના માણસો આવી વસે છે. ઉદ્યોગો કરવા પ્રેરાય છે અને અનેક પરમાર્થના ઉપયોગને માટે મકાનો હજારો રૂપીઆ ખર્ચી કરે છે. લગભગ એક ડઝન તો સારી વિદ્યાર્થીઓનોને માટેની બોર્ડિંગો બહારના લોકોએ બંધાવી છે. આર્ટસ્ કોલેજ સ્થાપવા એક ગ્રહસ્થ અમુક લાખ રૂપીઆ આપી ગયા છે અને જાતે દહાડે બીજા ઉદ્યોગોના કારખાનાઓ થવાના દરેક સંભવ છે–હા, એક શરત છે અને તે એ કે જો રાજકોટ રાજ્ય વ્યાપારવૃત્તિથી મુક્ત નહિ થાય તો તેનો સંભવ પડી ભાંગશે. પૂર્વના અમલમસ્ત અધિકારીઓ જુનાગઢ રાજ્યને આ વ્યવહારકુશળતાને માર્ગે ન લઇ ગયા પણ એડ્મિન્સ્ટ્રેટર મી. રેનૉલ્ડ્સ શા માટે એવા પ્રયત્નો નથી કરતા કે, જેથી જૈનોનું આકર્ષણ આવા સાહસો એ રાજ્યમાં કરવાને માટે થાય? મી. રેનૉલ્ડ્સમાં જો ખરેખરૂં અંગ્રેજી મુત્સદીપણું હોય તો તેઓએ પોતે ફારેગ થતી વખતે હંમેશને માટે સ્ટેટમાં લેખીત સૂચના મૂકી જવી જોઇએ કે, જૈનોઓને ઉત્તેજન આપી ઉત્સાહિત રાખજો, પણ નારાજ કરી પજવશો નહિ. પાલીતાણામાં નવા રાજા ગાદીએ આવ્યા છે. હું ઇચ્છું છું કે પાલીતાણાના દિવાન મી૦ ચીમનલાલ પોતાના જૂના સંસ્કારો છોડી દઇ રાજકોટના દિવાન મી. કોટકની વ્યવહારકુશળતાને અનુસરી રાજ્યનું શ્રેય કરવાનો એક રસ્તો ખુલશે.

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ વર્કસ્—રાજકોટ

દેશી રાજ્યોના પ્રશ્નો.

—o—

લખનાર- મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૪ થો.

(હિંદુસ્થાન, તા. ૨૮-૨-૧૯૨૦).

દેશીરાજ્યવિષયક ચર્ચાઃ

દેશી રાજ્યોના સંબંધમાં જાહેર હીલચાલો અને ચર્ચાઓ, સમયનો ફેરફાર જોતાં થયા વિના રહેશે નહિ, પરંતુ એવી ચળવળો કરનારાઓએ ચળવળ કરતાં કેટલાક નિયમો સૂત્રરૂપે સ્વીકારી લઇ આગળ વધવું એ જેના હિતને અર્થે તે ચળવળ કરવામાં આવે છે તે દેશી રાજ્યોની પ્રજાને લાભકારક થઇ પડશે. આ નિયમમાં મુખ્યમાં મુખ્ય નિયમ તો એ રાખવાનો છે કે કોઇપણ ચર્ચા રચનાત્મક (Constructive) હોવી જોઇએ. વિરાધક (Destructive) ન હોવી જોઇએ. (૨) દેશી રાજ્યોના અસ્તિત્વને ધકો પહોંચાડનાર ન હોવી જોઇએ, કારણ કે દેશી રાજ્યનું અસ્તિત્વ મોટા મોટા રાજ્યદ્વારીઓએ કાયમી રહેવાનું કલ્પ્યું છે, કારણ કે દેશી રાજ્યોના અસ્તિત્વથી આખા હિંદનું "દેશીપણું" જીવંત રહે. પુનામાં જ્યારે "સાર્વજનિક સભા" ની સ્થાપના થઈ ત્યારે તેના બીજા ઉદ્દેશોમાં આ એક ઉદ્દેશ હતો. મર્હૂમ દાદાભાઇ અને સર ફીરોજશાહનો પણ છેવટ સુધી આજ અભિપ્રાય હતો. (૩) દેશી રાજ્યકર્તાઓને વિષે સ્વદેશાભિમાનના અંકુર હોય તેને જાગૃત કરી ઉત્સાહિત કરી પ્રજાહિતતરફ લઇ જવા અર્થે તેઓની સારી બાજુ ભૂલી ન જવી. (૪) અંગ્રેજ સરકાર અને દેશી રાજ્યોના કોલ-

કરારો પ્રમાણે રાજ્યોમાં સુધારા કરાવવા કે ત્યાંથી દૂર કરાવવા અંગ્રેજ સરકાર પાસે જવાનું રહેતું નથી એટલે તે બાબતમાં અંગ્રેજ સરકારની પાસે કોઈ જવું એ ઉપયોગ વિનાનું છે અને તેથી સ્વાભાવિક રીતે રાજ્યકર્તાઓ અને રાજ્યકારો વચ્ચે કડવાશ ઉત્પન્ન થતાં પ્રજાહિત સાધી શકાય નહિ. કેટલાક અતિ ઉત્સાહીઓ એવું ધારે છે કે, પ્રજાતંત્ર નામદાર સરકાર દેશી રાજ્યકર્તાઓ પર [illegible] શકે, કારણ કે દેશમાં તે સર્વોપરીસત્તા —Paramount power—છે. આવા અતિ ઉત્સાહીઓએ સર [illegible]ના નીચેના શબ્દો મનન કરવા જેવા છે:—

"Some political constitutions are some times proposed for India by extreme reformers that ignore the existence of Indian states and would be quite incompatible with their continued existence."

[illegible] સ્થાનિક પ્રજામાં નૈતિક બળ વધારી તેઓના [illegible] તે સમજવાનું છે.

રાજ્યકર્તાઓનું સંમેલન:

[illegible] જામ સાહેબના આમંત્રણથી પહેલા અને બીજા [illegible] રાજ્યકર્તાઓનું એક સંમેલન જામનગરમાં એકત્ર થયું હતું. [illegible] દેશી રાજ્યોની [illegible] સંમેલન હતું. દેશી રાજ્યકર્તાઓ આવી [illegible] [illegible]

ઉપરજ આહીં વિચાર કરવો ઠીક પડશે. મૉન્ટ-ફર્ડ રિપોર્ટને અંગે જે સૂચનાઓ રજુ થઈ છે તે સૂચનાઓથી અંગ્રેજ સરકાર અને દેશી રાજ્યોનો સંબંધ કેવા પ્રકારનો થાય છે તે જાણવું આવશ્યક છે. એ સંબંધ નામાંકિત અંગ્રેજ અધિકારીઓનાં લખાણો જોતાં અનિશ્ચિત છે. સર ડી. ડબલ્યુ હોર્ડરનેસ કહે છે કેઃ—

The nature of the tie between the native states and the British Government may now be considered. Is the tie regulated by international or by constitutional law? Do the chiefs exercise the rights of sovereign powers or do they merely occupy a privileged position conceded to them by the King in Parliament? Are their territoris part of the dominions of Great Britain or external to them? These are theoretical questions about which eminent authorities have agreed to differ. They are difficult because the relations of the native states to the Crown have arisen in different ways, because the powers and liberties of the states differ very widely, because the British government has never clearly defined the position and because no exact guide is furnished by history or by any other country.

"દેશી રાજ્યો અને બ્રિટિશ સરકાર વચ્ચેના સંબંધનો હવે વિચાર કરીએઃ આ સંબંધ આંતરરાષ્ટ્રીય કાયદાથી (ઇન્ટરનેશનલ લૉ) થી કે બંધારણના કાયદાથી (કૉન્સ્ટીટ્યુશનલ લૉ) થી નિયમિત ચલાવાય છે? રાજ્યકર્તાઓ રાજા તરીકેની સર્વ હકૂમત ધારણ કરે છે કે ફક્ત શહેનશાહ અને પાર્લમેંટ તરફથી બક્ષવામાં આવેલ અધિકારવાળી પ્રદ્ધિ ધારણ કરે છે? તેઓના તાબાના પ્રદેશો બ્રિટિશ સામ્રાજ્યનો એક ભાગ છે કે, તેનું બહારનું અંગ છે? આ કાલ્પનિક પ્રશ્નો ઉપર ભિન્ન ભિન્ન વ્યક્તિના ભિન્ન ભિન્ન અભિપ્રાયો છે. દેશી રાજ્યો અને શહેનશાહતનો સંબંધ જૂદે જૂદે પ્રકારે ઉદ્ભવ્યો છે. એક બીજા રાજ્યોની સત્તા તથા સ્વતંત્રતામાં ઘણો તફાવત છે. બ્રિટિશ સરકારે આ દેશી રાજ્યોની સ્થિતિનું સ્પષ્ટ નિરાકરણ કદિ કર્યું નથીઃ અને એ બાબતમાં ઇતિહાસ તરફથી અથવા અન્ય દેશ તરફથી સુગમતાપૂર્વક માર્ગ પ્રદર્શિત કરવામાં આવ્યો નથી. એ કારણો લઈને ઉપર્યુક્ત સવાલોનો ફેંસલો લાવવો એ મુશ્કેલ બન્યું છે.

[illegible]

[illegible]

ી પડી ગઇ છે કે કોઇ રાજ્યકર્ત્તા કદાચ પાટેથી ઉતરી જવાના સંજોગો પન્ન થાય તો તેને અત્યારે સર્વોપરી (Paramount power) યોગ્ય ગે લઇ જવાના હકનો દાવો રાખે છે. આ અસ્વાભાવિક ધોરણના રાપે જેમ દેશી રાજ્યકર્ત્તાઓની કફોડી સ્થિતિ રહે છે તેમ દેશી ત્યની પ્રજાના હાથમાં કોઇ સાધન રાજ્યકર્ત્તાને પાટે લાવવાનું રહેતું નથી. ા રાજ્યોના આ ગુમાયેલા કે ખોયેલા હકનું પરિણામ એક રાજકિય તેમ જાતીય દ્રષ્ટિએ જોવા લાયક છે. મી. ખાસરાવે પોતાના પુસ્તકદ્વારાએ ા વિષય પરત્વે રાજ્યકર્ત્તાઓનું ધ્યાન મી. મૉન્ટેગ્યુ અહીં આવ્યા ત્યારે ચ્યું હતું. સર્વોપરી સત્તા અને દેશી રાજ્યકર્ત્તાઓની વચ્ચેનો સંબંધ ો શિથિલ કરવાનું ઇચ્છેજ નહિ, પરંતુ સૌ કોઇ ઇચ્છે કે સંબંધો સ્વાભાવિક ધરાવા જોઇએ, અસ્વાભાવિક ન જોઇએ. પ્રશ્ન માત્ર એટલે. છે કે, દેશી ત્યકર્ત્તા એવો હક ધરાવતા હોવા જોઇએ કે જો કોઇ વેળા પાટેથી ઉતરી ાનો પ્રસંગ પ્રભુ ન કરે અને આવી જાય તો તે વખતે પાટે બેસાડવાનું ા પ્રજાના હસ્તક રહેવું જોઇએ, આ કાર્યક્ષેત્ર પ્રજાનું હોવું જોઇએ, એવું વું એ રાજ્યકર્ત્તાઓનો હક છે એમ મી૦ ખાસેરાવ નીચેના શબ્દોમાં છે. ખરેખર દેશી રાજ્યકર્ત્તાઓ આવા હકની માંગણી કરે અને સર્વોપરી સત્તા તે માગણીનો સ્વીકાર કરવાની ઉદારતા દાખવે તો દેશી રાજ્યકર્ત્તાઓ અને તેઓની પ્રજા વચ્ચે પરસ્પર નૈતિક ઐક્ય રહેતાં ક્ષેમકુશળ ાણુ થાય. મી૦ ખાસેરાવના શબ્દો અહીં ટાંકું છું:—

After the perusal of the above extracts who will not distressed?......The present situation is but a logical uence of the position created by depriving the rulors heir power and the Sardars and people of the power ight the position Not only is the Ruler made to go to iches but he is deprived of the only safety, the cor- ion by his own people in keeping him in a healthy lition as a ruler

" ઉપરના ઉતારા વાંચતાં કયા સહૃદયનું દિલ નહિ દુભાય? હાલની ને રાજાઓને તેમની સત્તાથી વિમુખ કરવાથી તથા સરદારો અને પ્રજાને ... સત્તાનો હક ... ઉત્પન્ન થયેલી છે. ને પરિણામે ... છે ... નહિ પણ

દેશી રાજ્યોમાં સુધારણા–કમિશન:

થોડાક મહિનાઓ પહેલાં મુંબઇના વર્તમાનપત્રોમાં એક લખનાર વ-કીલથી એવી માંગણી કરવામાં આવી હતી કે દેશી રાજ્યોમાં રાજકીય સુ-ધારણાને અંગે એક જાહેર 'કમિશન' નીમાવું જોઇએ. દેશી રાજ્યોને વિશે પ્રજાતંત્ર આપતી રાજકીય સુધારણાનો અવકાશ અનિવાર્ય છે એ વાતમાં બે મત હોઇ શકે નહીં, પરંતુ જે પ્રકારના કમિશનની માંગણી કરવામાં આવી હતી તેવું કમિશન નીમે કોણ? વળી દરેક દેશી સંસ્થાન પોતાના આંતરિક વહિવટમાં સ્વતંત્ર છે, અને દરેકની જરૂરીઆતો અને તેના પ્રમા-ણમાં સુધારણાઓ દરેકના ભિન્ન ભિન્ન છે એટલે આ જે પ્રકારનું કમિશન માગવામાં આવે છે તેવા કમિશનની ઉત્પત્તિ કેવી રીતે સંભવે? લેખકે એવી માગણી કરી હોત કે, દરેક સંસ્થાને પોતાનું આવું કમિશન નીમવું જોઇએ તો બરાબર હતું. લખનારના મનમાં જો એવું હોય કે હિંદી સરકાર તેવું કમિશન નીમે તો તે ભૂલભરેલી વાત છે; કારણ કે દેશી રાજ્યોના આંતરિક પ્રશ્નોનો નીકાલ કરવાનું કામ હિંદી સરકારનું નથી, પરંતુ પ્રત્યેક સંસ્થાનનું પોતાનું છે. મને લાગે છે કે જેમ સર. ડી. ડબલ્યુ હોલડરનેસે પોતાના "Peoples and Problems of India" નામના પુસ્તકમાં કહ્યું છે તે પ્રમાણે આ લેખકે પણ ભૂલ કરી હતી. સર હોલડરનેસ કહે છે કે:—

"The law courts of British India have no jurisdiction on their territories. Their (Native States') subjects are not British subjects. Thus India contains, a vast area which in many respects, though not wholly, resembles *Foreign* territory. This circumstance in often forgotten when Indian questions are discussed. Often the discussion proceeds on the assumption that the whole of India is under direct British Rule, and that the Governor-General in Council, with the sanction of the home government, can enforce throughout it a common policy."—

"બ્રિટિશ હિન્દુસ્થાનના ન્યાયની અદાલતોને પોતાના પ્રદેશમાં અધિકાર નથી. દેશી રાજ્યોની પ્રજાઓ એ બ્રિટિશ રૈયત ગણાતી નથી. આ રીતે હિંદુસ્થાનમાં, દેશનો મોટો ભાગ લગભગ વિદેશી રાજ્ય હોય એ પ્રમાણે ભાસે છે. હિંદી પ્રશ્નોની ચર્ચાને સમયે આ બીના ઘણી વેળા વિસારી

દેવામાં આવે છે. હિંદુસ્થાન એ બ્રિટિશ રાજ્યની સીધી દેખરેખ નીચે છે, અને ગવર્નર જનરલ ઇન કાઉન્સીલ હોમ ગવર્મેંટની સંમતિથી, અખિલ હિંદમાં સામાન્ય રાજ્યનીતિ બજાવી શકે છે એ ખોટી માન્યતાઉપર અનેક વખત ચર્ચા ચલાવવામાં આવે છે.

થોડાજ અઠવાડિયા પહેલાં મારે કેટલાક કાઠિયાવાડી ગૃહસ્થોની સાથે આ બાબતમાં વાતચિત થઇ હતી. એ ગૃહસ્થો પણ ઉપર્યુક્ત લેખકના જેવી ભ્રમણા ધરાવતા હતા. સર હોલ્ડરનેસ જેવા એક અંગ્રેજ અધિકારીના ઉપર ટાંકેલા શબ્દો જોઇ, હવે હું ધારૂં છું કે, આ જાતની ભ્રમણા નીકળી જવી જોઇએ. બીજા દેશી રાજ્યોએ પોતે પોતાના રાજ્યોમાં સુધારણાના પ્રશ્નો હાથ ધરવા જોઇએ; અને પ્રજાઓએ તે વાત પાછળ મચ્યાં રહેવું જોઇએ.

મૉન જોસૅફ શેલી અને દેશી રાજ્યકર્ત્તાઓ:

'Administrative Problems of British India (બ્રિટીશ હિંદનાં વહિવટી પ્રશ્નો) નામના પુસ્તકના લેખક મૉનસ્યર જોસૅર શેલી કે જેઓ એક ફ્રેંચ વિદ્વાન છે તેઓએ દેશી રાજ્યકર્ત્તાઓનું વર્ગિકરણ ત્રણ પ્રકારમાં કર્યું છે.

(1) The intensely conservative, narrow-minded prince who entrenches himself in the customs and privileges of his ancestors and refuses to reform.

(૧) તદ્દન જૂની રૂઢીને વળગી રહેનાર, તથા સંકુચિત વિચારના રાજ્યકર્ત્તાઓ કે જે પ્રાચીન રીતરિવાજોને અવલંબી રહેલા છે અને કોઇપણ સુધારાને ધિક્કારે છે.

(2) The enthusiastic young India chiefs, who discard their own vernacular for English, abandon their natural dress, forsake their religion and its consecrated practices and cross the sea in spite of caste-rules.

(૨) ઉત્સાહી દેશી રાજાઓ, જેઓ અંગ્રેજી ભાષા ખાતર પોતાની માતૃભાષાનો ત્યાગ કરે છે, પોતાના સ્વાભાવિક પોષાકને તિલાંજલિ આપે છે, પોતાના ધર્મને તથા પવિત્ર ક્રિયાઓને વિસારી મૂકે છે અને જ્ઞાતિબંધારણ વિરૂદ્ધ સમુદ્ર ઓળંગે છે.

(3) And the "moderate young India" chiefs who advance more cautiously, reverence and defend religion and caste and admit of no change which would be in conflict with its institutions.

(૩) મધ્ય વિચારના યુવાન રાજાઓ, જેઓ ધીમે ધીમે સાવચેતીથી આગળ વધે છે, ધર્મ તથા જાતિનું રક્ષણ કરે છે તથા તેને પૂજ્યબુદ્ધિથી નિહાળે છે, અને તેઓના બંધારણને ખસેલ પહોંચે એવા એકે સુધારા કરવા નાખુશ છે.

સર હોલ્કરનેસ મૉન. શેલીના નિર્ણય સંબંધમાં બોલતાં કહે છે કે:—

His conclusion is that the pace towards progress will be that of the "Moderate young India" party, advancing slowly and steadily, without violent movement to the front or to the rear."

અંતમાં તે કહે છે કે ગોખરે અથવા પાછળ પ્રચંડ ચળવળ અને ધમાલ સિવાય ધીરે ધીરે પણ સતત આગળ ધપવા મધ્યમ વિચારનાજ પ્રથમ પ્રગતિને પ્રાપ્ત કરશે.

મૉન. શેલીના વર્ગીકરણ પ્રમાણે કાઠિયાવાડના રાજ્યકર્તાનું વર્ગીકરણ કોઇ અનુભવી કરશે તો કયું રાજ્ય પ્રગતિના માર્ગે પ્રથમ પહોંચશે તેનો ખ્યાલ આપણને મળી શકશે.

જામસાહેબે આમરણ ખાલસા કર્યું છે?:

આમરણ નામનું એક નાનું રાજ્ય જામસાહેબની અમુક રીતની હકુમત નીચે છે. એના રાજ્યકર્તા એક ખવાસ જાતિના છે. ઇતિહાસ એવો છે કે, એ રાજ્યના મૂળ રાજ્યકર્તા એક ખવાસ છતાં બહુ પરાક્રમી અને રાજની સેવા કરનાર ગૃહસ્થ હતા. તેઓએ કરેલ કોઇ પરાક્રમી સેવાની બદલ આમરણ નામનો એક તાલુકો તેને આપવામાં આવ્યો હતો અને તેને એક નાના રાજ્યના આકારમાં મૂકવામાં આવ્યો હતો. હરીફ વર્ગની વાત ઉપર કોઇ સામાજિક વ્યવહાર ઉખાળવાના દરબારે કરેલો એનું નિમિત્ત કરી જામસાહેબે તે રાજ્ય લગભગ ખાલસા જેવું કરી દીધું છે અને ત્યાંના દરબારને આમરણ રાજ્ય છોડી દઇ ચાલ્યા જવું પડ્યું છે. અત્યારે જામસાહેબ તે સંભાળે છે ને તે દરબાર નામદાર સરકાર સુધી પહોંચ્યા છતાં હજુ તેને ન્યાય મળ્યો નથી.

આ જમાનામાં પણ એક રાજ્યને સામાજિક કારણે ખાલસા કરવાનું ચાલે છે એ જોઈ જેમ દિલગિરી તેમ આશ્ચર્ય થાય છે. જામસાહેબ દેશી રાજ્યોના હક્કોને માટે તો બહુ ઈંતેજારી રાખતા સંભળાય છે, પણ પોતે બીજાના હક્કો ઉપર લક્ષ કેમ આપી શકતા નથી?

દેશી રાજ્યો–પ્રાચીન ગૌરવના અવશેષો:

સર હોરસ્ટનેસ પોતાના પુસ્તકમાં દેશી રાજ્યોને 'Relics of submerged society' કહીને સંબોધે છે. વળી તેઓ દેશી રાજ્યોને 'Indiginous political institution' ગણે છે. મને લાગે છે કે, તેઓએ આ નામો યથાર્થ રીતે ઉત્પન્ન કર્યા છે. આ "અવશેષો" અને આ "સ્વભાવજન્ય રાજકિય સંસ્થાનઓને" કાયમજ નહિ, પરંતુ વધારે સુંદર અને સુદ્રઢ બનાવવાનું પવિત્ર કાર્ય સામાન્ય રીતે આખા હિંદનું છે, પરંતુ વિશેષે કરી દેશી રાજ્યકર્ત્તાઓ અને તેઓની પ્રજાઓનું આ પવિત્ર કર્મ છે, એટલુંજ નહિ પણ તેઓના ઉપર તે એક ઇશ્વરી ધર્મ મૂકાયેલો તેઓએ સમજવા યોગ્ય છે. ખેદની વાત એ છે કે, સમગ્ર હિંદના દુર્દૈવે આ વાત અફસોસપણે કોઈ ધ્યાનમાં લેતું નથી. આ "સંસ્થાનઓના" ખરેખરા રક્ષક તરીકે પ્રભુએ દેશી રાજ્યકર્ત્તાઓને નિયત કર્યા છે એ સિદ્ધાંત જેવી વાત મોરબી, ગોંડલ, રાજકોટ વગેરે સંસ્થાનો ભૂલી ગયા છે. અને વ્યાપાર કરને ચડયા છે એ જાણી કયા સ્વદેશાભિમાનીને દુઃખ ન થાય? એ સંસ્થાનોના બુદ્ધિશાળી રાજ્યકર્ત્તાઓ આ માર્ગે ચાલી પોતાના સંસ્થાનોને નબળા પાડે છે એટલુંજ નહીં પણ દેશી રાજ્યોના નામને જગતની નજરમાં વગોવાવે છે, અને પ્રાચીન ગૌરવના "અવશેષોને" વધારે નિર્બળ કરે છે. આ સંસ્થાનોએ સત્વર લીલ આ માર્ગ છોડવો જોઈએ એમ જો તેઓ જોઈ શકશે તો વધારે સારું છે. દેશી રાજ્યનું નામ ઉન્નત કરવાને બદલે આ વ્યાપારી રાજ્યો અવનત કરે છે એવું તેઓને સ્પષ્ટ કહેતાં ક્યારે આપણે–પ્રજા વર્ગ–શીખીશું? લોકોને [illegible] સ્વદેશાભિમાન. [illegible] તેઓએ તો આ સ્વદેશાભિમાનને [illegible] "અવશેષો" ને નબળા પડતાં અટકાવવાની ખાતર સ્પષ્ટ કહેવામાં [illegible] ન જોઈએ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મહેતા.

પત્ર ૫ મો.

(હિંદુસ્થાન, તા. ૬-૩-૧૯૨૦).

જુનાગઢએડ્મિનિસ્ટ્રેશન:

જુનાગઢના નવાબની સગિર વયના કારણે તે સંસ્થાનમાં અંગ્રેજ સરકારની દેખરેખ તળે એડ્મિનિસ્ટ્રેશન છે. તેના એડ્મિનિસ્ટ્રેટર તરીકે મી. રેન્ટોલ નામના અંગ્રેજ ગૃહસ્થ છે. તેઓ કાઠિયાવાડના પ્રથમ જ્યુડિશ્યલ ઑફિસર હતા એટલે સામાન્ય પ્રજામત એવો હતો કે, તેઓનો વહિવટ યશસ્વી નીકળશે. પરંતુ વર્ષો સુધી દેશી રાજ્યોનાં પરિચયમાં આવવાથી મી. રેન્ટોલને એક દેશી નવાબ કે રાજ્યકર્તાના જેવા મોભાથી રહેવાની કાંઇક તૃષ્ણા થઇ તેના પરિણામે તેઓની કારકિર્દિ પ્રજાપ્રિય થઇ પડી નથી એવું સામાન્ય લોકવલણ છે, અને તે આપણે મુંબઇના 'ક્રૉનીકલ' આદિ પત્રોમાં પ્રકટ થતા ચર્ચાપત્રોથી જોઇ શકીએ છીએ. અગાઉના નવાબોના નાગર દિવાન મી. પુરૂષોત્તમરાય ઝાલાની કારકિર્દિનો જ્યારથી અંત લાવવામાં આવ્યો હતો ત્યારથી નાગરપક્ષ જોકે ઘણો સત્તાવિહીન થઇ ગયો છે, તથાપિ તેઓએ ગુમાવેલી સત્તા તેઓને જંપીને બેસવા ન દે તે સ્વાભાવિક છે એટલે મી. રેન્ટોલની કારકિર્દિની અપ્રિયતાનો અંદાજ કાઢતી વખતે જુદા જુદા મુત્સદી પક્ષોથી મી. રેન્ટોલની કારકિર્દિ કેટલે દરજ્જે ગવાઇ છે અથવા નીંદાય છે તે ધ્યાન લક્ષમાં લઇને તે સંબંધમાં મત ઉચ્ચારવો યોગ્ય છે. પક્ષાપક્ષીથી મી.

[illegible] તેટલા વખતમાં [illegible] કરીને [illegible] અને તેમ કરતાં જ્યાં મી. રેન્ડોલની કારકિર્દિ [illegible] માનું સારદું વર્ણન કરતાં પ્રથમ [illegible] મી. રેન્ડોલે એક મોટો હોય હતો આપણા [illegible] "[illegible]" કહીને સંબોધવામાં આવે છે [illegible] માટે તેઓ પોતાના ખભામાં આવેલા [illegible] એ ઉપરથી [illegible] મી. રેન્ડોલનાં [illegible] [illegible] પરી [illegible] પણ [illegible] નહીં, [illegible] Absolute power [illegible] [illegible]; [illegible] [illegible] [illegible] મી. રેન્ડોલ એક [illegible] [illegible]

[illegible]

[illegible]

બોલતાં પ્રજાને મારે કહેવાની જે જરૂર છે તે એ કે, પ્રજા જેટલી પોતાના રાજ્યકર્તાને ગાદીએ બેઠેલા જોવા આતુર છે તેટલાજ પ્રમાણમાં તેણે રાજ્યકર્તાનો અમલ નિર્જીવ નીવડે તેટલા માટે નવાબની આસપાસ પ્રજાતંત્ર ગોઠવવાને માટે આતુર બનવું જોઇએ. અને આતુર બની, તેને માટે અત્યારથીજ પ્રયત્નો કરવાં જોઇએ. હું આશા રાખું છું કે, મેં ઉપર કહ્યું તે ભાવના અનુયાયીઓ દેશી રાજ્યો સંબંધી ધાવક વિચારો બતાવવાં કે ચર્ચા કરવાં, જુનાગઢની પ્રજાની નવાબને ગાદીએ લાવવાની ઇચ્છા સાંભળ્યા પછી, જરૂર અટકશે. નવાબને ગાદીએ બેસાડવાની સમ્મતિ આપવી તે સર્વોપરી સત્તાના હાથમાં છે એટલે કે. ગાદીએ બેસાડવાનો અધિકાર સર્વોપરી સત્તાના હાથમાં છે એવું અત્યારે મનાય છે. આ હક કોનો હોવો જોઇએ? પૃથ્વીના દરેક દેશમાં, દરેક કાળમાં આ હક પ્રજાનો હતો અને છે, કારણ કે જેમ તે સ્વભાવિક છે તેમ તે પવિત્ર પણ છે. આ પવિત્ર હક આપણે આપણી કઇ મૂર્ખતાથી ગુમાવ્યો? દેશી રાજ્યોની પ્રજાઓને માટે Self-determination આત્મનિર્ણયનો હક છે કે એ શબ્દ માત્ર અરવીંદ ઘોષ કહે છે તેમ "માયા" માંથી ઉત્પન્ન થયો હતો?

મહારાજા અશોકના જેવું એક પગલું:

જગતના આદિ કાળથી દરેક દેશે સ્વદેશી રાજ્યોજ ઇચ્છયાં છે તેનું જો ગુપ્યમાં મુખ્ય કારણ કોઇ હોય તો તે એ છે કે, સ્વદેશી રાજ્યો પ્રજાના આચારવિચારજ નહિ, પણ તેના અંતઃકરણો જાણી વર્તી શકે છે. ભારતની પ્રજા સૌથી વિશેષ ધર્મને ચાહે છે અને ધર્મ એ 'અહિંસા' છે, કારણ કે એમ કહ્યું છે કે "અહિંસા પરમો ધર્મઃ" આ અહિંસાનું સર્વથા રક્ષણ મહારાજા અશોક અને ત્યાર પછી ગુજરાતના રાજા કુમારપાળે કર્યું હતું. તેઓએ સર્વ પ્રાણીઓને અભયદાન આપ્યું હતું; એટલે કે, એ બન્ને મહાપ્રતાપી રાજાઓના રાજ્યમાં કોઇએ શિકાર અથવા બીજી કોઇ રીતે હિંસા કરવાનો પ્રતિબંધ હતો. અશોકના કાર્યની ગીરનારજીની તળેટીમાં ખોદાયેલા પથ્થરપરના લેખો, તથા કુમારપાળના કાર્યની સાક્ષી ઇતિહાસ આપે છે. આવું કાર્ય મોરબીના રાજ્યમાં આજ વર્ષો થયાં તે રાજ્યના રાજ્યકર્તા નામદાર ઠાકોર સાહેબે કર્યું છે. એ રાજ્યકર્તાના વખતમાં કોઇ પણ ગુન્હેગારને ફાંસી દેવામાં આવતા નથી, પરંતુ પશ્ચાતાપ કરી સુધરવાની તક આપવામાં આવે છે. રાજ્યમાં આજ વર્ષો થયાં શિકારબંધીનો કાયદો છે કે, જેની રૂએ 'કોઇ' રાજા કે રંક,

યુરોપ્યન કે દેશી કોઇ, કોઇ પ્રાણીનો શિકાર કરતું નથી. રાજ્યની અંદર દરિયાકાંઠો હોવા છતાં મચ્છીમારનો ધંધો કરવાની સર્વથા મનાઇ છે. શિકારના કાયદાથી સેંકડો નહીં પણ હજારો હરણોનાં ટોળાંઓને ટોળાંઓ નિર્ભય થઇને ખેતરોમાં મનુષ્યોના સંસર્ગમાં આવતાં છતાં આનંદથી જીવન ગાળતાં દેખાય છે. આખા રાજ્યમાં એકાદ નાનું કસાઈખાનું હશે કે, જે પણ વર્ષમાં ધર્મના વહેવારોમાં એટલે લગભગ ચાર માસ સુધી બંધ રહેતાં, રાજ્યમાં તમામ પ્રાણીઓને અભયદાન મળે છે. ગાયોનું રક્ષણ તો ત્યાં સર્વથા અને સર્વદા પૂજનીય રીતે છે. ખરેખર, તેઓનું આ કાર્ય તો અશોકનુંજ સ્મરણ કરાવે છે. હું ઇચ્છું છું કે, નામદાર ઠાકોર સાહેબ આ વિષયમાં પોતાની જે જે આજ્ઞાઓ હોય તેને પથ્થર પર કોતરાવી, અશોકે જેમ પોતાની આજ્ઞાઓ ગીરનારજીમાં સ્થિર કરી છે તેમ, પોતાના રાજ્યમાં સ્થિર કરે કે જેથી તેઓનું આ પ્રશંસનીય કાર્ય જગતની યાદદાસ્તમાં સદૈવ ચિરંજીવ રહે, નામદાર ઠાકોર સાહેબનું આ કાર્ય જગતની નજરમાં ક્યારનુંય આવી ગયું હોત, પરંતુ તેમ નજરમાં ન આવવામાં જો કોઇ પણ કારણ જવાબદાર હોય તો તે કારણ તેઓને વિષે એક રાજ્યકર્ત્તાનું જે કાર્યક્ષેત્ર નથી તે કાર્યક્ષેત્રમાં પડવાનું છે તે છે. વ્યાપાર રાજ્ય કે રાજ્યકર્ત્તાનું કાર્યક્ષેત્ર નથી, તે રાજવંશી દરજ્જાને પ્રામ નથી, છતાં એ કાર્યક્ષેત્રમાં પ્રવૃત્તિ કરવાનો તેઓને એક પ્રબળ શોખ થઇ ગયો છે અને વ્યાપારપ્રવૃત્તિ અને રાજ્યપ્રવૃત્તિ બન્નેની પ્રકૃત્તિઓ તદનજ વિરૂદ્ધ છે. વ્યાપારપ્રવૃત્તિ મનુષ્યને વિષે અસંતોષવૃત્તિ ઉત્પન્ન કરે છે, અને તેથી કેટલેક દરજ્જે અનુદાર થઇ જવાય છે. રાજ્યપ્રવૃત્તિ એ એક પવિત્ર ઇશ્વરી ધર્મ છે અને તે મનુષ્યને ઉદાર બનાવે છે. આ રાજ્યધર્મપ્રવૃત્તિથી એક રાજ્યકર્ત્તાને પોતાનું સર્વસ્વ રાજના નાણાં ભંડારે, ઉપરાંત અને પોતાનો આત્મા પ્રજાને સમર્પણ કરવાનું ઉદાર ચિત્ત થાય છે, એથી ઉલટું વ્યાપારપ્રવૃત્તિ પ્રજાના હિતના પ્રશ્નોમાં પણ સંકુચિત કરકસર કરવાનું શીખવે છે. મોરબીના સંબંધમાં આમજ બન્યું છે. અને તેથીજ તેઓમાં સ્વદેશાભિમાન, પોતાની પ્રજાને મારી ગણી લેવાની સ્વાભાવિક હોંસ, અને જુના વખતના રાજાઓના જેવા ઘણાએ સદ્‌ગુણો, અને સ્વભાવો છતાં પ્રજાને અસંતોષ રહે છે; તેમ તેઓના કાર્યાદિના સારા અંશો જગતની દૃષ્ટિએ આવતા નથી. તેઓ ઘણા બુદ્ધિમાન અને જગતના અભ્યાસી અને અનુભવી છે, છતાં તેઓ આ વાત કેમ જોઇ શકતા નહીં હોય? મને લાગે છે કે, તેઓ સહેજ દિશા બદલાવે તો મેં ઉપર કહ્યું તે અશોકના જેવું મહાન્ કાર્ય જગતની નજરમાં આવી સદૈવ જગતની સ્મૃતિમાં ચિરંજીવ રહે.

કાઠિયાવાડની દિવાન મંડળી :

ગૌરીશંકર ઓઝા, ગોકળજી ઝાલા, કબા ગાંધી, વગેરે કાઠિયાવાડના દેશી રાજ્યોના દિવાનો જે મશહુરતા મેળવી ગયેલા તેવી મશહુરતા મેળવવી એ અત્યારના દેશકાળના સંયોગો જોતાં બહુ મુશ્કેલ છે. જે દિવાનપદું આ દિવાનોએ જે સ્થળોએ કરેલું તેજ સ્થળોના અત્યારના દિવાનોને તેટલી તો નહિ, પરંતુ તેથી અર્ધ મશહુરતા મેળવવી અત્યારે શક્ય નથી. તેના ઘણાં કારણો છે. એ કારણોમાં અત્યારે ઉતરવાનું નહિ રાખતાં કોઇ બીજો અવસર લઇશ, દરમ્યાનમાં અત્યારે પહેલા અને બીજા વર્ગના દિવાનોનો કંઇક પરિચય આપવા ચાહું છું. કાઠિયાવાડના પહેલા વર્ગમાં જુનાગઢ, ભાવનગર, જામનગર, ધ્રાંગધ્રા, ગોંડલ, મોરબી, પોરબંદર છે. બીજા વર્ગમાં પાલીતાણા, રાજકોટ, લીંબડી, વઢવાણ, વાંકાનેર, ધ્રોળ વગેરે છે. જુનાગઢમાં નવાબ સગિર વયના હોઇ એડમિનિસ્ટ્રેશન છે એટલે દિવાનપદ લગભગ ખાલી જેવું છે. ભાવનગરમાં મહારાજાના દેવલોક થયા પછી પણ મી. મોરારજી રહ્યા હતા. હાલમાં એડમિનિસ્ટ્રેશન હોઇ કાઉંસિલની યોજના થાય છે. મી. ટન્ના એક કેળવાએલા ગૃહસ્થ છે. તેઓના વખતમાં પ્રજાકીય તંત્રની ઝાંખીની શરૂઆત કરવામાં આવી હતી. તેઓનો કારભાર પ્રજાપ્રિય થયો નહોતો, ખાસ કરી રેલ્વેના નોકરોની હડતાળ પછી તેઓનો કારભાર અપ્રિય થયો હતો. તેઓનું લક્ષ વહિવટી કામ પાછળ હોઇ પ્રજાની પ્રગતિ સંબંધી કાંઇ ખાસ થયું નહોતું. જામનગરમાં મી. ગોકુળભાઇ બૅરીસ્ટર દિવાનને સ્થાને છે. તેઓનો કારભાર શરૂઆતમાં પ્રજામાં અપ્રિય થયો હતો, પરંતુ હમણાં પ્રિય અને અપ્રિયની વચલી સ્થિતિમાં છે. તેઓ એક બૅરીસ્ટર છતાં તેઓને વિદ્યાવિષયક કે જાહેર હિતની પ્રવૃત્તિઓ તરફ કાંઇ ભાવના ન હોય એવું તેમના કારભાર દરમ્યાન જણાય છે. રાજ્યની ઉપજની વૃદ્ધિ તરફ તેઓનું વિશેષ લક્ષ હોઇ પ્રજામાં કચવાટ રહે છે. ધ્રાંગધ્રામાં મી. માનસિંહજી કરીને ગીરાસીઆ ગૃહસ્થ છે. કાઠિયાવાડમાં અત્યારે કોઇ દિવાનનો કારભાર આંગળીચીંધ હોય તો તે ધ્રાંગધ્રાનો છે. આ કારભાર દરમ્યાન પ્રજા અને રાજ વચ્ચે અંતર પડ્યો હતો, જેને પરિણામે પ્રજા સામે પગ થઇ હતી અને કેટલાક આગેવાનોને ઘરબાર છોડીને જવું પડ્યું છે. મી. માનસિંહજીના કારભારની મોટામાં મોટી ખુબી એ રાજ્યને તેઓએ મોટું વ્યાપારી બનાવ્યું છે તે છે. રાજનું મુખ્ય કામ વ્યાપાર છે એ વૃત્તિ અને એ પ્રવૃત્તિ રાજ્યને માટે ગંભીર રાજપ્રકરણી ભુલ છે. રાજસાહેબનો સ્વભાગ દિવાન બજાવે છે. ગોંડલમાં મી. રણછોડલાલ

પટવારી દિવાન છે. તેઓ એક વિદ્વાન વકીલ છે. તેઓમાં પ્રજાહિતની જાહેર પ્રવૃત્તિઓ કરવાની હોંસ છે; પરંતુ ગોંડલના ઠાકોર સાહેબની રાજનીતિ કંઇક એવા પ્રકારની છે કે દિવાનની સ્થિતિ એવી નથી કે, તે પ્રજાનું કંઇ સીધું હિત કરી શકે, કારણ કે લગામ માત્ર રાજ્યકર્ત્તાના હાથમાં છે. રાજ્યકર્ત્તા દેખતા હોય એ બહુ પ્રશંસનીય છે, પરંતુ રાજાને વધારે દેખતું રાખવું એટલે અમલદારો તદ્દન પરતંત્ર ન રહેવા જોઇએ. મોરબીમાં મી. ભાણજી કાનજી નામના એક ખવાસ ગૃહસ્થ છે. તેઓનું અંગ્રેજી શિક્ષણ થોડુંજ છે. તે વિનયી અને શાંત છે; તથાપિ તેઓ પ્રજાનું કંઇ સક્રિય હિત કરવાની સ્થિતિમાં નથી, કારણ કે ગોંડલના કરતાં મોરબીના ઠાકોર સાહેબ તો સર્વથા રાજલગામ પોતાનેજ આધિન રાખે છે. પોરબંદરમાં મી. આનંદરાય છે. તેઓ એક વકીલ છે. તેઓનો કારભાર પ્રજાપ્રિય કેમ નથી થયો ? પાલીતાણામાં મી. ચમનલાલ કરીને ગૃહસ્થ છે. પાલીતાણાના ઠાકોર હમણાંજ ગાદીએ આવ્યા છે એટલે તેના અમલ દરમ્યાન પ્રજાહિત કરવાનું મી. ચમનલાલને ઘણું મળી શકશે. જો તેઓમાં તેવું કરવાની હોંસ હશે તો, સારૂં કરી શકશે. રાજકોટમાં મી. હરજીવન કોટક છે- તેઓ એક કેળવાએલા અને મુત્સદ્દી દિવાન છે. તેઓના કારભારમાં રાજકોટની વિદ્યાવિષયક પ્રવૃત્તિઓ ઘણી સારી વર્ધમાન થઇ છે. મી. કોટકના કારભારમાં બે ખામીઓ એવી છે કે જે તેઓના બીજા સારાં કામોનું મહત્વ ઓછું કરી નાંખે છે. તેઓએ રાજકોટ રાજ્યને વ્યાપારમાં ચઢાવી દીધું છે અને સારી આશા આપનારા રાજાને વ્યાપારના શોખે ચઢાવી દઇ, રાજા સાહેબને તેવી વૃત્તિએ ચઢાવવા જેવું કર્યું છે. બીજી ખામી નાના નાના કરો વગેરે નાંખવામાં મોરબીનું અનુકરણ કર્યું છે અને કેટલીક બાબતમાં મોરબી કરતાં ચઢી જાય તેમ છે. લીંબડીમાં મી. અમૃતલાલ મહેતા છે; જે એક વકીલ છે; વિદ્વાન, સાદા અને નિરાભિમાની અને સીધા છે. તેઓ પ્રજાનું હિત કરવામાં તત્પરતા રાખે તેવી વૃત્તિના છે, પણ મોટે ભાગે લીંબડી દરબાર ગોંડલ અને મોરબીની નીતિવાળા છે, એટલે કે લગામ વિશેષ–મોરબી કરતાં જો કે ઘણી ઓછી–દરબાર સાહેબ પોતાને આધીન રાખતા હોઇ કોઇ દિવાન ખાસ હિત કરી શકવાની સ્થિતિમાં નથી હોતા, તેમ મી. મહેતા વિષે છે. વઢવાણમાં મી. અનુપચંદ મોદી છે. તેઓ પણ એક વકીલ છે. તેઓ સારા વહિવટી એડમિનિસ્ટ્રેટર છે, તેમ મુત્સદ્દી પણ છે. વિદ્યાવિષયક જાહેર પ્રવૃત્તિનો તેમને કંઇ શોખ નથી જણાતો. ત્યાંના રાજા પણ નવા હોઇ તેઓની પાસે પ્રજાતંત્ર શરૂ કરવાની તક સંભવે છે. વાંકાનેરમાં મી. દેવશંકર નામના ગૃહસ્થ

વખીલ છે. હીમડી કરતાં સહેજ આછો એવો લગામ-રાખવાનો શોખ રાજ-સાહેબને છે, એટલે અહિંના કારભારીની પણ તે પ્રકારની લગભગ સ્થિતિ છે. શ્રી. દેવશંકરને વહિવટી કામ સિવાય બીજી જાહેર પ્રવૃત્તિઓનો પ્રેમ ન'રી જણાતો. ધ્રોળમાં શ્રી. મૂળશંકર કરીને જૂના સંસ્કારના કારભારી છે. તેના વખતમાં રાજ્ય ઘણું પછાત સ્થિતિમાં આવ્યું છે. રાજની નાણાવિષયક પ્રવિષ્ટ સંઓના કારભાર દરમ્યાન સંભાળવાની તેઓ નિપુણતા બતાવી શક્યા નથી.

મોંઘવારી કેમ અટકાવી શકાય?:

ભલે-યુરોપના રાજ્યોને મોંઘવારી અટકાવવાને માટે બહિરથ ઉપાયો યોજવા જોઇએ, પરંતુ દેશી રાજ્યોને અને તેમાં પણ કાઠિયાવાડના રાજ્યને મોંઘવારી અટકાવવી હોય તો તે સહેલામાં સહેલી બાબત છે, માત્ર તેની દૃષ્ટિ અને લાગણી જોઇએ. થોડાંક વર્ષો પૂર્વે કાઠિયાવાડમાં ઓછામાં ઓછી એક વર્ષની ખાધાખોરાકી રાખવાની પદ્ધતિ હતી. દરેક વર્ગના લોકો પોતાને ત્યાં અનાજ અને ચારો સંઘરી રાખવાને ટેવાયેલા હતા. ઘઉં, ચણા, બાજરો, મગ, અડદ વગેરે ચીજોના કોઠાર કે કોઠીઓ રાખતા હતા. જુવારને ખાણીમાં ભરતા હતા, કડબની કાલરો અને ઘાસની ગંજીઓ કરતા હતા. ખેડુત વર્ગમાં ઘણે ભાગે આ પદ્ધતિ હજી ચાલે છે, પણ પ્રજાના બાકીના વર્ગોમાંથી તે નીકળી ગઇ છે. રાજ્ય પ્રજાના હિતને અર્થે પ્રજાની સમ્મતિથી કોઇપણ ઉપાય યોજી શકે છે. જે દેશમાં આઠથી દશ આને જુવાર મણ મળતી, બાજરી બાર આને ચૌદ આને મળતી, ઘઉં રૂપીએ સવા રૂપીએ મળતા, કપાશીઆ બાર થી ચૌદ આને મળતા, તે દેશમાં અત્યારે જુવાર અઢી રૂપીએ, બાજરો સાડાત્રણ ચાર રૂપીએ, ઘઉં ૪ થી ૫ રૂપીએ અને કપાશીઆ ત્રણ રૂપીએ મણ મળે છે. બારથી ચૌદ આને ડબ્બો પૂરા મળતી હતી તેને બદલે ૪૫ રૂપિએ મળે છે. સામાન્ય રીતે એટલે લગભગ ૯૦ ટકા માણસની સંખ્યા રૂ. ૭ થી માંડીને રૂ. ૨૫ સુધી માંડ માસિક કમાણી મેળવી શકે છે. એવા દેવના માણસને આટલા ભાવો આપી કુટુંબનિર્વાહ ક્યાંથી કરવો? જ્યાં તેલ રૂ. ૫ થી ૬ રૂ. મણ મળતું ત્યાં ૨૦ થી ૨૫ બેસે છે. ઘી રૂ. ૧૮ થી ૧૯ સુધી મળતું તેને બદલે રૂ. ૬૦ થી ૬૫ લેવે છે. આવી મોંઘવારી સહન કરવા જેટલી પ્રજાના મોટા ભાગની શક્તિ નથી. આવી મોંઘવારી થતી અટકાવવાને માટે રાજ્ય યોજના કરવાને જેમ નૈતિક ધર્મથી બંધાયેલું છે તેમ રાજ્યનું ફરજ છે. તે પ્રજાના કલ્યાણનું કામ તેઓ પ્રીતિપૂર્વક કરી શકે છે.

હું ઇચ્છું છું કે, કાઠિ રાજ્યો પાછી પોતાના દેશને અનુકૂળ એવી જૂની પદ્ધતિને ગ્રહણ કરે. ઉભડ–એટલે જેને પોતાની માલીકીના ઘર નથી તેવા લોકો સિવાયના પ્રજાના બાકીના ભાગને પોતપોતાના કુટુંબની જરૂરીઆત પૂરતી ખાધાખોરાકીની ચીજોનો સંગ્રહ કોઠી, કોઠારો વગેરે સાધનો મારફતે કમતીમાં કમતી એક વર્ષનો કરવાની રાજ્યોએ પ્રજાને મરજીઆત અને જરૂર લાગે તો ફરજીઆત રીતે ટેવ પાડવી જોઇએ. જેઓની સ્થિતિ એટલો સંગ્રહ રાખવા પૂરતી ન હોય તેને રાજ્યની તીજોરી તરફથી અમુક નિયમોથી ધીરધાર કરવી; એવી ધીરધાર કરવાથી રાજ્યને નુકશાન થવાનો ભય નથી, કારણ કે, જેઓ રાજ્યની હદમાં માલ મીલકત ધરાવે છે તેઓના પૈસા જવાનો ભય રાખવાનું કંઇપણ કારણ નથી. ઉભડ લોકોને માટે પણ આવી કોઇ યોજના વિચારપૂર્વક કામ લેવાથી થઇ શકે. મોંઘવારી અટકાવવાનો બીજો ઉપાય એ છે કે, રૂ અને અનાજના વાવેતરનું પ્રમાણ એવું રાખવું કે, રાજ્યની પ્રજાની જરૂરીઆત પૂરતુંજ વાવેતર પ્રથમ અનાજનું થવું જોઇએ; અને ત્યાર પછી રૂના વાવેતરનું કામ કરી શકે. કમતીમાં કમતી ચાલુ વર્ષ અને એક વર્ષ ભવિષ્યના ખોરાકની જોગવાઇ થયા બાદજ નીકાશ થવા દેવો જોઇએ. ઘી, દુધ એ કાઠિયાવાડનું મુખ્ય પોષણ છે એટલે પ્રથમની પેઠે ગાય અથવા ભેંસના દુઝાણાંની સગવડ દરેક ઘરમાં કરવાને માટે સ્ટેટોએ સહાયતા આપવી જોઇએ. આ પ્રકારની યોજનાઓ પ્રત્યેક સ્ટેટ કરવાથી પ્રજા નભી શકે. નહીં તો તો તેઓ છવતું દુઃખ ભોગવતી રહેશે.

સ્થાનિક ઉદ્યોગો અને તરુણ કાઠિયાવાડ:

દેશના બીજા ભાગના પ્રમાણમાં કાઠિયાવાડમાં કેળવણીનો વિશેષ પ્રચાર છે. કેળવણી લીધા બાદ ખુદ કાઠિયાવાડમાં કોઇપણ રાજ્યમાં સ્થાનિક ઉદ્યોગો શીખવાના કે ઉદ્યોગો કરવાના સાધનો નહિ હોવાથી છેલ્લા છપનીઆ દુકાળ પછી કાઠિ તરુણોને મુંબઇ, કલકત્તા, રંગુન, મદ્રાસ, આફ્રિકાના જુદા જુદા ભાગોમાં ફરજીઆત આજીવિકા અર્થે ભ્રમણ કરવું પડે છે. લગભગ સાત વર્ષની ઉમરથી વીશ વર્ષ સુધી અભ્યાસ કર્યા બાદ પોતાના દેશમાં ધંધા રોજગાર કે ઉદ્યોગોના અભાવથી તરુણ કાઠિયાવાડીઓનો મોટો ભાગ બહાર દેશાવર ભ્રમણ કરે છે અને ત્યાં જે કાંઇ કમાઇ કરે તેમાંથી બચત કરી પોતાના કુટુંબોના પોષણ અર્થ દેશમાં મોકલે છે. જો સ્ટેટો પ્રજાને ઉત્સાહિત કરી ઉદ્યોગોની દિશામાં પોતાના તરુણ પુત્રોને દેશમાં સ્થાન કરી આપે

દા. એ વડ્ડુ પુત્રો ખરા સ્વદેશાભિમાની, નીકળી રાજ અને પ્રજાને હિતકારક થઇ પડે, આવું, પ્રાર્થ ભાગે લેવું એ રાજધર્મ છે. A Political recluse. ની સહીથી લખાએલા "Letters to an Indian Raja" એ નામના પુસ્તકમાં ઉદ્યોગ હુન્નરના સંબંધમાં દેશી રાજ્યકર્તાઓને આ પ્રમાણે શીખામણ આપી છે :—

"Therefore, if arts and industries are to be developed,—and that they must be developed is one of the urgent needs of the times—natural talents must be utilised and improved by the best training which can be given on the spot or obtained in foreign countries where it is at the highest. The knowledge and skill thus required must be applied to the development of the resources of the *State*, whether agricultural, mineral, manufacturing or artistic, and they must be directed towards the production of articles of such quality and at such cost that they shall be enabled to hold their own against outside competition. But your Court and your Administration must set the example of extending their patronage to them. Under such impulse, the old arts and industries ought not only to preserve their special characteristics, but also to be able by comparison with foreign models even to strike out new styles of work and ornament and thus add to their excellence and reputation. In the case of entirely new lines of business, however State, in the present want of knowledge and enterprise among its people, must also, cautiously and under well considered conditions, take some share of the initial work. In these and in similar other ways must technical education and industrial enterprise be made fruitful of good and a source of prosperity to the people and to the State. Of course all these measures will require money and money must be found for them, even as a prudential investment in behalf of the commonwealth."

"હુન્નર અને કળાની ખીલાવટ એ હાલના જમાનાની એક અગત્યની જરૂરિયાત છે. દેશ વિદેશને માટે સ્પર્ધા : ઉદાહરણ રૂચિ... ...

લેવો જોઇએ; અને તેના ઉચ્ચતમ દેશી કેલવણીથી તથા હાલમાં પૂર્ણ પ્રગતિ પામેલી વિદેશીય કેલવણીથી વધારે યોગ્ય અને લાભદાયક બનાવવાને મથવું જોઇએ. એવી રીતે મેળવેલ જ્ઞાનનો તથા હુશીઆરીનો દેશની કૃષી સંબંધીની, ખનિજ સંબંધીની, હુન્નર ઉદ્યોગ સંબંધીની, તથા કસબી ચીજો સંબંધીની સંપત્તિઓનો ઉદ્ધાર કરવામાં વ્યય થવો જોઇએ. પરદેશી માલ સાથે કારીગરીની ઉત્તમતામાં તથા કિંમતમાં સારી રીતે ટક્કર ઝીલી શકે એવી ચીજો બનાવવી જોઇએ. તમારે પોતે તથા કારભારી મંડલે યોગ્ય આશ્રય આપી દાખલો બેસાડવો જોઇએ. આ ઉત્તેજનથી, જૂની કલાઓએ તથા ઉદ્યોગોએ પોતાનું અસલી વિશેષ લક્ષણ સાચવી રાખવું એટલુંજ નહિ પણ વિદેશીય માલની સાથે સરખામણીમાં નૂતન ઘાટ યોજવા અને પ્રાચીન ઉત્તમતા અને ગૌરવમાં વધારો કરવો. ધંધાની તદ્દન નવીજ દિશામાં પ્રજાવર્ગના જ્ઞાનની તથા સાહસની ભાવનાની ખામીને લઇને રાજ્યતરફથી સાવચેતીથી તથા યોગ્ય સરતે પ્રાથમિક પગલાં લેવાવાં જોઇએ. આ અને એવી અન્ય રીતિઓથી ઔદ્યોગિક જ્ઞાન અને સાહસિકતાને રાજા તથા પ્રજા ઉભયને માટે ફાયદાકારક બનાવવાં જોઇએ. આ ઔદ્યોગિક પગલાંઓ ભરવાને માટે અવશ્ય નાણું જોઇએ; અને તે નાણું સાર્વજનિક શુભાર્થે ડહાપણભરી રીતે રોકીને પણ, ખચિત મેળવવું જોઇએ."

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ વર્કસ્—રાજકોટ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

---o---

લખનારઃ- મનસુખલાલ રવજીભાઈ મહેતા.

પત્ર ૬ ઠ્ઠો.

(હિંદુસ્થાન, તા. ૧૩-૨-૧૯૨૦).

દેશી રાજ્યના પ્રશ્નનો પ્રારંભ:

કાઠિયાવાડ વિષયક પ્રશ્નો વિષે ત્રણ વર્ષ ઉપર મુંબઈમાં પ્રથમ ચળવળ કરવામાં આવી હતી. એ સમયમાં હિંદમાં સર્વત્ર 'સ્વરાજ્ય'ની ભાવના પ્રસરી રહી હતી, સ્વર્ગસ્થ દાદાભાઈ નવરોજજીના શબ્દમાં "દેશી રાજ્યો" એ હિંદના સ્વરાજ્યો જ છે, કારણ કે તેનો આંતરિક વહિવટ સર્વથા દેશી રાજ્યકર્તાઓના હાથમાં છે; એટલે કે હિંદના મૂળ વતનીઓ-દેશીઓના હાથમાં છે. સંપૂર્ણ સ્વરાજ્ય ભોગવતાં આ દેશી રાજ્યોને કેટલીક શહેનશાહી રાજનીતિના પરિણામે પરતંત્રતા ભોગવવી પડે છે અને તેથી રાજા અને પ્રજા ઉભયને સંપૂર્ણ સ્વાતંત્ર્યનો લાભ મળતો નથી; આ કારણથી દેશી રાજ્યકર્તાઓને ભોગવવી પડતી પરતંત્રતા દૂર કરવાના હેતુથી તેમજ દેશી રાજ્યોની પ્રજાને, પાછા ખુદ પોતાના રાજ્યકર્તાઓથી પરવશ રહેવું પડે છે તેને પ્રજાકીય બંધારણ મેળવી દેવાના હેતુથી એક સંસ્થા કેટલાક દેશી રાજ્યોની અભિવૃદ્ધિ-ઇચ્છકોએ સ્થાપવાનો વિચાર કરેલો. પ્રારંભમાં માત્ર કાઠિયાવાડના દેશી સંસ્થાનોને અંગેજ ચળવળ કરવાનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો, તથાપિ કચ્છ પણ કાઠિયાવાડનો સહોદર હોઈ તેનું જોડાણ કરવાની માંગણી કેટલાક કચ્છી સજ્જનો તરફથી થઈ અને તેના પરિણામે મુંબઈમાં "કચ્છ-કાઠિયાવાડ પ્રજાકીય સભા"ની પ્રાથમિક શરૂઆત કરવામાં આવી. દેશી

રાજ્યોની પ્રજાઓએ, આ બનાવ બન્યો તે પહેલાં કદિ આવી જાહેર નૈતિક હિમ્મત દર્શાવવા યત્ન કર્યો નહતો, અને તેથી કાઠિયાવાડ અને કચ્છના વતનીઓ આવું કાર્ય કરવા નીકળે એ વાત જેમ રાજ્યકર્ત્તાઓને તેમ પ્રજાને અવનવી લાગી. રાજ્યકર્ત્તાઓમાં તો એક પ્રકારનો ખળભળાટ થઇ રહ્યો અને રાજ્યોના ખળભળાટના પરિણામે ડરમાં ઉછરેલી પ્રજા ડરી ગઇ. રાજ્યકર્ત્તાઓએ એટલું જાણવા જોવાને ધીરજ પણ ન બતાવી કે, આ સંસ્થા કેવા ઉદ્દેશોપૂર્વક સ્થાપવામાં આવે છે; તે રાજા અને પ્રજા ઉભયના હિત અર્થે છે કે માત્ર પ્રજાના હિત અર્થે છે? જે રાજ્યકર્ત્તાઓને પ્રજાના હક્ક અને સ્વાતંત્ર્યનો ખ્યાલજ નથી તેઓએ આ ચળવળના સંચાલકો પ્રત્યે પોતાનું બળ દાખવવા નિષ્ફળ પ્રયત્ન કરવા માંડયો; હજુ આ સંસ્થાના ધારા ધોરણો ઘડાતા હતા દરમ્યાનમાં એવું બન્યું કે, મી. મૉન્ટેગ્યુ હિંદની રાજકીય સુધારણાના પ્રશ્નો વિષે વિચાર કરવા માટે હિંદમાં આવ્યા. ' કચ્છ કાઠિયાવાડ પ્રજાકીય સભા" ના સંચાલકો પોતાની સભાને વ્યવસ્થામ મૂકવાને અર્થે, રાજાઓના ખળભળાટ ઓછો કરવા અર્થે અને પ્રજાનો ડર શમાવી બળવાન કરવા અર્થે પ્રયત્નો કરે અને તે પછી પોતાના ઉદ્દેશો પાર પાડવાની તજવીજ કરે એટલો વખત ન હતો, કારણ કે મી. મૉન્ટેગ્યુની પાસે દેશી સંસ્થાનોએ–એટલે કે રાજા અને પ્રજા બન્નેએ-ગુમાવેલા હક્કો વિષે પોતાનું કથન મૂકવાનો વખત જતો કરાય તેમ ન હોતું. આ કારણથી એ સંચાલકોમાંનો આ લખનાર કે, જે એક સંચાલક હતો તેને એમ લાગ્યું કે "કચ્છ–કાઠિયાવાડ પ્રજાકીય સભા" ની વ્યવસ્થા યોજવામાં હમણા સમય અને વીર્ય વાપરવું તેના કરતાં એક વ્યક્તિ તરીકે પોતાના અંગત વિચારો દેશી સંસ્થાનોને સંબંધે મી. મૉન્ટેગ્યુ પાસે મૂકવાથી અત્યારે વધારે લાભ છે. એ વેળાએ મહિસૂરમાં મી. સુન્દાપાએ અને દક્ષિણ સાંગલીમાં મી. અભ્યંકર વકીલે પણ આવોજ વિચાર રાખેલો. "કચ્છ–કાઠિયાવાડ સભા" ના સંચાલક અને આ બીજા બે ગૃહસ્થોએ મી. મૉન્ટેગ્યુ પાસે પોતપોતાના મેમોરૅન્ડમો મોકલ્યા. ત્રણેનો સમુચ્ચયે ઉદ્દેશ એ હતો કે, દેશી રાજાઓ અને તેની પ્રજાઓ એકજ છે–એક કુટુંબરૂપે છે; એટલે એ ઉભય મળી બનેલા દેશી સંસ્થાનોને "આત્મનિર્ણય" નું સૂત્ર બરાબર લાગુ કરવું જોઇએ, એટલે કે દેશી રાજ્યોને પણ એવી સ્વતંત્રતા મળવી જોઇએ કે, દેશી રાજાઓ અને પ્રજાઓ પોતપોતાનું સંભાળી લે અને સર્વોપરી સત્તાએ એમના કારભારમાં વચમાં ન આવવું. અત્યારે કોલકરારોના જે સ્વરૂપ દેખાડવામાં આવ્યા છે તે અનુસાર રાજા પ્રજાને અમર્યાદિત

મુદ્દે પ્રજાને સ્વારેજ બ્રિટિશ સરકાર પ્રજાની મદદે જાય છે, અને જો પ્રજા રાજાના અયોગ્ય વર્તનની તેની સામે થાય તો પ્રજા વિરૂદ્ધ રાજાની મદદે જાય છે. આ બન્ને અવ્યવસ્થિત પ્રથા કાઢી નાંખવી; એટલે પછી પ્રજાઓ જેમ રાજાને માગશે, તેમ પ્રજા ને રાજા જવાબદાર થતાં શીખશે અને પરસ્પર પ્રેમભાવની ઉત્પત્તિ થશે. આવા હેતુઓપૂર્વક "આત્મનિર્ણય" નું સૂત્ર લાગુ પાડવા આ ગૃહસ્થોએ વનતોડ મહેનત કરી હતી; આ ગૃહસ્થોના શુદ્ધ ઉદ્દેશોને ધ્યાનમાં લીધા વિના કેટલાક રાજાઓએ ઉતાવળા થઇ પોતાના વિરોધીઓ ગણી લેવાની ઉતાવળ અને ભૂલ કરી, અને એ ગૃહસ્થોના પ્રયત્નોથી પોતાને લાભ મળી શકત તેની ઉપેક્ષા કરી, પરંતુ મી. મૉન્ટેગ્યુએ એ ગૃહસ્થોની કદર કરવાની ભૂલ ન કરી. મૉન્ટ-ફૉર્ડ રિપોર્ટમાં તેઓએ એ ગૃહસ્થોના પ્રયત્નોની નોંધ લેતાં જણાવ્યું કે "બ્રિટિશહિંદની પેઠે દેશી રાજ્યોમાં પણ નવા વિચારના પ્રવર્તકો છે." મી. મૉન્ટેગ્યુ ગયા પછી આ લખનારનું આરોગ્ય અવ્યવસ્થિત થયું; અને હિંદમાં જેમ ઘણી ખરી હીલચાલોના સંબંધે છે તેમ એટલે કે એક બે વ્યક્તિઓના ઉપરજ જાહેર હિલચાલનું જીવન અવલંબે છે તેમ આ સંસ્થાના સંબંધમાં પણ બન્યું; અને તેના પરિણામે "કચ્છ-કાઠિયાવાડ સભા"ની સંપૂર્ણ વ્યવસ્થા થવા ન પામી. આમ છતાં એ ત્રણ ગૃહસ્થોએ કરી મૂકેલી અગત્ય આખા દેશની નજર સન્મુખ તો રજુ કરી. અવારનવાર વર્તમાન-પત્રો એ દિશામાં પોતપોતાથી બનતું કર્યા કરે છે, અને જાહેર પુરૂષોને પણ આ એક પ્રશ્ન ઉકેલવાનો છે એમ રજુ કર્યું છે. એ હીલચાલના પરિણામે અત્યારે નીઝામ, ઇંદોર અને બીજા રાજ્યો પોતપોતાને ત્યાં પ્રજાકીય બંધારણ કરવા પ્રયત્નમંદ થયા છે અને બીજા દેશી રાજ્યોને પણ ઓછે વત્તે અંશે એમ થયું છે કે, આપણે પણ હવે પ્રજાકારોબારને માર્ગે જવું જોઇએ. આ સ્થિતિ ચાલ્યા કરતી હતી દરમ્યાનમાં ખુદ કાઠિયાવાડમાંજ આ દિશામાં પ્રયત્ન કરવાની સદબુદ્ધિ ઉત્પન્ન થઇ.

કાઠિયાવાડને અંગે બીજો પ્રયત્નઃ

રાજકોટના જાણીતા બૅરિસ્ટર મી. શુક્લને એવો ઉત્સાહ થયો કે, તેઓએ કાઠિયાવાડના હિત અર્થે કાંઇક પણ પ્રયત્ન કરવો જોઇએ. તે ઉત્સાહના પરિણામે તેઓએ રાજકોટમા કેટલાક પ્રતિષ્ઠિત વકીલોના સહકાર વડે "કાઠિયાવાડ હિતવર્ધક સભા" ને નામે એક સંસ્થા થોડાક માસ થયાં સ્થાપી છે. એજન્સીના કારોબારમાં કે દેશી સંસ્થાનોના કારોબારમાં પ્રજાકીય તત્ત્વ

મુદ્દલ નથી, તેમ જાહેર જીવનની ઉત્પત્તિને બન્ને કારણોબાર અનુકૂળ નથી એવા કેટલાક અંશે સત્ય વિચારથી અને કેટલેક અંશે ડરથી આ નવી સંસ્થાએ પોતાના ઉદ્દેશો સંયોજ્યા હોય એવું તે સભાના ઉદ્દેશો વાંચતાં જણાય છે; બ્રિટિશ રાજ્ય તરફ વફાદારી રાખવી એ એક વાત છે અને દેશી રાજ્યને પ્રશ્ન ઉકેલવામાં પોતાની સત્તાએ બ્રિટિશ રાજ્યની વફાદારી રાખવાનો ઉદ્દેશ રાખવો એ બીજી વાત છે. આ એક બહુ મહત્વની નહિ એવી નબળાઇ છતાં, મી. શુકલે આ સંસ્થા સ્થાપી તેમાં પોતાના શક્તિબળનો ભોગ આપવાની જે વૃત્તિ દાખવી છે તે અભિનંદનીય છે. મી. શુકલ અને તેના સહકારીઓને એમ લાગ્યું કે, હજુ કાઠિયાવાડની સ્થાનિક સહાયતા મેળવવાના અનુકૂળ સંજોગો નથી એટલે તેઓએ મુંબઇ જઇ આ દિશામાં ચળવળ કરી ત્યાંથી આર્થિક અને જાહેર સહાયતા લાવવાની બુદ્ધિ કરી અને ગયા અઠવાડીઆમાં સાત આઠ ગૃહસ્થો સાથે મુંબઇ જઇ ઉત્સાહિત પ્રયત્નો કર્યા હતા. તેઓએ પોતાના અભિપ્રાયો જાહેર વર્તમાનપત્રો અને જાહેર સભાઓ પાસે બહુ ઉત્સાહ અને ભોગબુદ્ધિપૂર્વક જાહેર કર્યા હતા. "કાઠિયાવાડ હિતવર્ધક સભા" નો પરિચય પણ જાહેરને ઘણી સારી રીતે કરાવ્યો હતો. મુંબઇમાં કરેલા પ્રયત્નો અને દર્શાવેલા અભિપ્રાયો સંબંધી મારા વિચારો જણાવું તે પહેલાં મારે એ કહેવું આવશ્યક છે, કે મારે એ સભાની પ્રગતિ અને સફલતાને માટે મને જે ઠીક લાગે તે કહી નાખવું જોઇએ, એમ ધારીને કે કદાચ્ મારા વિચારોમાં તેઓને કંઇ ગ્રહણ કરવા જેવું લાગે. કાઠિયાવાડની વસતી મુંબઇમાં અને બીજે સ્થાનકે રહે છે તેથી તેની સહાયતા લેવી એ કેવળ યોગ્ય છે; તથાપિ બહાર મદદ લેવા જતાં પહેલાં સ્થાનિક સહાયતા લેવાના પ્રયત્નો કરવા વધારે લાભકારક હતા. કાઠિયાવાડ કે જેની વસતી ૨૫ લાખ માણસની જણાવવામાં આવે છે અને જેને વિષે સંખ્યાબંધ સંસ્થાનો છે તેઓની પ્રજામાંથી સ્થાનિક સહાયતા પહેલી લાવવીજ જોઇએ; જ્યાં સુધી સ્થાનિક પ્રજાને પોતાના તરફ ન વાળી શકાય ત્યાં સુધી આ સભા કે બીજું કોઇપણ તે પ્રજાનું હિત ક્યાંથી કરી શકે? હું કબુલ કરૂં છું કે, ડરમાં ઉછરેલી પ્રજાને એકદમ પોતાની તરફ વાળવાનું કામ કાંઇ સહેલું નથી, પરંતુ સહેલું હોય કે મુસ્કેલ હોય. તથાપિ તેજ કામ પહેલું આદરવાની જરૂર હતી અને છે; જ્યાં સુધી પ્રજામાં આપબળ ન આવે ત્યાં સુધી તેનું સારૂં ક્યાંથી થઇ શકે? અને પ્રજાને ધારો કે, હક્કો આપવામાં આવ્યા તો તે સાચવી પણ ક્યાંથી શકે? સભાએ પહેલું પ્રવૃત્તિ પ્રચારક કામ Propagandist work-ખુદ

કાઠિયાવાડમાંજ કરવું યોગ્ય હતું; જો કે તે ઘણું મુશ્કેલ છે, છતાં ધીરજ, ખંત અને આત્મભોગથી અશક્ય નથી; એટલી વાત ખરી છે કે આ પરિણામ લાવવા માટે માત્ર ઉત્સાહ એ એકજ સાધન પૂરતું નથી. તેને માટે જેમ ઉત્સાહ તેમ પૂર્ણ નૈતિક હિમ્મત, દીર્ઘદૃષ્ટિવાળું મુત્સદીપણું, અને આત્મભોગની ખાસ જરૂર છે. આપણે સૌ કોઇએ દક્ષિણ આફ્રિકામાં મહાત્મા ગાંધીજીએ જ્યારે પોતાના કામની શરૂઆત કરી હતી તેનું સ્મરણ કરવું જોઇએ. જો કાર્ય સત્ય હોય, નિષ્ઠા સત્ય હોય, અને ખંત હોય તો તે અવશ્ય ફળદાયી બન્ને દેશી રાજ્યોની પ્રજાની અભિવૃદ્ધિનું કાર્ય સત્ય છે, કાર્યવાહકોની નિષ્ઠા સત્ય છે, અને ખંત છે તો પછી કેમ ફતેહ ન મળે? માત્ર ધીરજાદિ ગુણોજ જોઇએ.

આ ઉપરથી મારે એમ કહેવું નથી કે, મુંબઇ આદિ બહારના સ્થળોએ કરેલી ચળવળનું કંઇ પરિણામ નથી. એનું પણ પરિણામ છે; પરંતુ એ પરિણામમાં લાભાલાભ બન્ને સમાયેલા છે. લાભ નીહાળવા જઇએ તો કાઠિયાવાડમાં જે સંસ્થાનો પ્રજાને ઓળખવામાં વિલંબ કરે છે તેને ઓછેવત્તે અંશે જાગૃત અને સાવધ થયાવિના છુટકોજ નથી; કારણ કે જાહેર ચર્ચાજ એવી છે કે, નૈતિક અસર થયાવિના રહેતીજ નથી; પરંતુ આ અસર બહુ દીર્ઘ આયુષ્યવાળી બની શકે તેના કરતાં તાત્કાલિક આરામરૂપ થવા વિશેષ સંભવ રહે છે, અને કદીને ભાગ્યે તાત્કાલિક આરામ (temporary relief) ના જેવો લાભ મળ્યાવિના નહિ રહે. ગેરલાભની દૃષ્ટિએ જોઇએ, તો કોઇ સંસ્થાનોના રાજ્યકર્તાઓ આ સભા પ્રત્યે આદરભાવથી જોતાં પાછું ફરી અટકશે, કારણ કે તેઓ એમ માની લેવાનો સંભવ છે કે, બહાર અમારો પ્રજાજનો ફરી અમારા ઉપર અંકુશરૂપ થવાનો સભાએ પ્રયત્ન કર્યો છે; આથી કરી શ્રી. શુકલ અને બીજા પ્રતિષ્ઠિત વકીલોના કથનની જે બીજી રીતે સારી અસર થવા પામત તે થવાનો સંભવ ઓછો થઇ જાય છે. સ્વાભાવિક રીતે સ્થાનિક પ્રજા, રાજ્યવિરુદ્ધ આ ચીકણાશ છે એવી [illegible] પણ જોવામાં અટકશે. શ્રી. શુકલ અને બીજાના [illegible] જેવા [illegible] રાખી જો પોતાની સારી પ્રતિષ્ઠા [illegible]. અને પ્રજાવર્ગનો આદર [illegible] કર્યો હોત તો [illegible] — અને તે પણ [illegible] : એક કાઠિયાવાડની [illegible] ઘણું કામ કરી શકત.

ઑન. મી. પારેખના વિચારો:

મુંબઈમાં મળેલી સભામાં દર્શાવાયેલા વિચારોનું પૃથક્કરણ કરીએ: એકંદર જોતાં, એ વિચારો દર્શાવતાં ઑન. મી. ગોકુળદાસ કહાનદાસ પારેખે ઘણું મધ્યમપણું ગ્રહણ કર્યું હતું, તેમના વિચારોમાં નૂતનતા તો ક્વચિતજ હોય છે, તથાપિ તેમાં ડહાપણ હોય છે. ઑન. મી. પારેખે પોતાના વિચારો ઘણી બાબતમાં પ્રજ્ઞાપૂર્વક કહ્યા હતા. એકજ બાબતમાં તેઓના વિચારોમાં રૂઢપણું દેખાતું હતું. પોતે હજુ જૂના સંસ્કારોસહિત હોઈ તેઓ દેશી રાજ્યોને માટે દૂરના કરતાં નજીકનો અંકુશ રાખવા માગે છે. જસ્ટીસ રાનાડે, સર ફીરોજશાહ, પવિત્રાત્મા દાદાભાઈ નવરોજજી, નામદાર ગોખલે કે મી. મલબારી હોત, તો મારી ખાત્રી છે કે, એ જેમ પ્રજાની તેમ રાજ્યકર્ત્તાઓની સ્વતંત્રતા કેમ વધે તેનો વિચાર કરી વાત કરત. એક તરફથી બ્રિટિશ હિંદને નોકરશાહીમાંથી મુક્ત કરવાનો લક્ષ્ય રાખવો, તથા દેશી રાજ્યોની પ્રજાને અવાજ આપવાની વાત કરવી તથા બીજી તરફથી રાજ્યકર્ત્તાઓજે બંધનથી કંઇ અંશે પણ મુક્ત ન થવા દેવાનો આગ્રહ કરવો એ પરસ્પર વિરૂદ્ધ સિદ્ધાંત છે. તેઓના મુખમાંથી એવું બોલાવું યોગ્ય હતું કે, રાજાઓ અને તેઓની પ્રજાઓને સર્વ વ્યવહારોમાં પરસ્પરનું સંભાળી લેવા દેવું એ સર્વોપરી સત્તાનો ધર્મ છે.

મી. શુકલનો અભિપ્રાય:

મી. શુકલના ભાષણમાં ઉત્સાહ અને લાગણી બહુ સારાં પ્રમાણમાં જણાઇ આવે છે. જે ઉત્સાહ અને લાગણીથી તેઓએ કાઠિયાવાડની સ્થિતિ સંબંધી વિવેચન કર્યું હતું, તેની હું ઇચ્છું છું કે રાજ્યકર્ત્તાઓ પ્રત્યે સારી અસર થાય. મને લાગે છે કે, મી. શુકલે બે વધુ વસ્તુઓ પર વધારે ધ્યાન રાખ્યું હોત તો તેઓનું વિવેચન બહુ વધારે સારી અસર કરી શકત. એક તો તેઓએ જે હિમ્મત બતાવી છે તેમાં કાંઇક બીકનું મિશ્રણ છે; તે જો નહોત તો બહુ કામ કરી શકત. તેઓએ કાઠિયાવાડના સંસ્થાનોના મોટસે દોષો વર્ણવ્યા, પરંતુ તેમ કરતાં તેઓ તે સંસ્થાનોના નામ આપતાં અચકાયા છે. જો તેઓએ નામ આપ્યાં હોત તો તે સંસ્થાનોને એવી ખાત્રી થાત કે તેઓની ભૂલ જગતની નજર બહાર નથી. બીજી વાત મી. શુકલ પાસે કાઠિયાવાડ આશા રાખે તેવી મુત્સદ્દીગીરી અને રાજ્યકારી ઇતિહાસનો અભ્યાસ તેઓના ભાષણમાં નથી જણાયા. તેની ગેરહા

જરી જણાઇ આવે છે. તેઓએ સર્વોપરી સત્તાએ વચમાં આવવાની નીતિ -Intervention policy-સંબંધી જે વિચારો બતાવ્યા હતા તે આ સૈકાને અનુકુળ નહોતા, કેમકે તેઓએ એક તરફથી દરમ્યાનગીરી ન કરવાની રાજનીતિ Non-intervention policy-ના હિમાયતી પોતે છે એમ કહ્યું છે અને બીજી તરફથી એમ કહ્યું છે કે, જ્યારથી વચમાં આવવાની રાજનીતિ બંધ કરી ત્યારથી કાઠિયાવાડના સંસ્થાનો ખોટા પાટા ઉપર ચડી ગયા છે. આ બે પરસ્પર વિરોધી વાત છે. વળી દેશી રાજ્યોને પોતા તરફ આકર્ષણ કેમ કરાવવું તે તેમાં જોવામાં આવતું નથી. આ વિચાર દીર્ઘદૃષ્ટિએ કરી શકાય તેવું છે. જો તાત્કાલિક દૃષ્ટિએ જોઇએ તો મી. શુક્લનું ભાષણ જે રાજ્યકર્ત્તાઓ બદલાયેલા સંજોગો અને સમયને ઓળખ્યા વિના પોતાના સ્વમતે અને સ્વછંદે કારભાર કરતા હશે તેઓને સાવધ બનાવશે. હું ઇચ્છું છું કે રાજ્યકર્ત્તાઓ મી. શુક્લના ભાષણને ધ્યાનમાં લઇ બદલાયેલા સમયને વગર વિલંબે ઓળખતા શીખે. મી. શુક્લે, હું માનું છું કે, કાં તો ગેરકારોભારના ઉદાહરણ ન આપતાં માત્ર પ્રજા અવાજ દાખલ કરવાની સંગીન માંગણી કરી હોત, કે જેથી તેઓની શૈલી રચનાત્મક થાત અને કાં તો તેઓએ બીક મિશ્રિત હિમ્મતને બદલે સંપૂર્ણ હિમ્મત બતાવી હોત. તેઓએ સમુચ્ચયે ઘણાખરા સંસ્થાનોને માટે કહ્યું છે તેમ કરવાને બદલે જે સંસ્થાનોના દોષોનાં ઉદાહરણો તેઓ પાસે હોય તેને સંબોધીને કહેવું એ રાજદ્વારીદૃષ્ટિએ ઘણું લાભકારક થઇ પડત, કારણ કે મોટમે વાત કરતાં દેશી રાજ્યની સંસ્થા -institution-વગોવવાનો સંભવ છે; જે વાત દીર્ઘ રાજ્યપ્રકરણીદૃષ્ટિએ નુકસાનકારક છે.

સર્વે રાજાઓ પ્રજાપ્રેમ ધરાવતા નથી?

દેશી રાજ્યની સંસ્થાને નિર્દોષ-બુદ્ધિએ લોકનજરમાં હલકી પાડવાનું થઇ જાય એ પરતંત્ર હિંદને પોસાય તેવું નથી, તેમજ ઘણાં રાજ્યો ઠીક નથી ઘણા રાજ્યકર્ત્તાઓનોજ દોષ છે એમ કહેતાં ઘણો વિચાર કરવાજેવું છે. આ સ્થળે એક રાજદ્વારી સન્યાસીના શબ્દો મને યાદ આવે છે:—

"The Native Princes being absolute rulers, the appear at first sight to be the [illegible] source of all obstacle to any change, but a nearer acquaintance will show tha view to be not quite correct; as a body they are un

doubtedly intelligent, but they are not all equally devoid of a love for their subjects; or the desire to govern them well."

"દેશી રાજ્યકર્ત્તાઓ સર્વસત્તાધારી રાજાઓ હોઇ, તેઓ પ્રથમ દૃષ્ટિએ કોઇપણ નવા ફેરફારમાં આડા આવતા જણાય છે; પણ બારીક અવલોકન કરતાં ઉપરનો વિચાર તદ્દન સત્યતા ભરેલો નથી એમ જણાશે. એક સમૂહતરીકે તેઓ ખરેખર બુદ્ધિમાન છે; પણ તેઓ બધા એકસરખા, પ્રજાને માટે પ્રેમ રહિત અથવા તો રૈયતને સુખરૂપ રાજ્યવહિવટ ચલાવવાની અભિલાષા વિનાના હોતા નથી."

તદુપરાંત મી. શુકલે બીકમિશ્રિત હિમ્મત રાખતાં સમુચ્ચયે ઘણાખરા સંસ્થાનો ભૂલમાં છે એવા ભાવમાં કહ્યું છે, તેને બદલે જે સંસ્થાનોની ભૂલો તેઓની જાણમાં હતી તેનાં સ્પષ્ટ નામ આપ્યાં હોતતો એક ગેરલાભ થતો અટકત; જ્યાંસુધી લખનારા કે બોલનારા નામો સ્પષ્ટ આપતાં અચકાય છે ત્યાંસુધી એ સંસ્થાનો એમ ધારી લે છે કે, હજુ પણ આપણાથી બોલનાર, લખનાર ડરે છે ખરા. તેઓ એવું ધારી લે તેથી પછી કહેનારના વચનનું બહુ મહત્વ કરતા નથી, અને પરિણામે એ ભૂલો સુધર્યા વિના રહી જાય છે. આટલું મી. શુકલના વિચારો માટે કહેવું મને યોગ્ય લાગ્યું તેથી મેં કહ્યું છે, છતાં મારે એ પણ સાથે સાથે કહેવું જોઇએ કે, મી. શુકલે જે વાતાવરણ ઉત્પન્ન કરવાનો બહુ સારો પરિશ્રમ ઉઠાવ્યો છે તેથી પ્રજા અને રાજ્યકર્ત્તાઓમાં જરૂર અમુક જાગૃતિ આવશે. મી. શુકલ અને તેઓના સહકારીઓને જે ઉત્તેજન મુંબઇએ આપ્યું છે તેથી મારી એવી આશા છે કે, તેઓ આ કામમાં ખંત રાખી હમેશાં વધારેને વધારે કાઠિયાવાડનું ભલું કરવા પ્રેરાયા રહેશે. મી. શુકલ જે ઉત્સાહથી કાઠિયાવાડ પાછા ફરે છે તેને માટે તેને મુબારકબાદી આપું છું.

સર ફીરોજશાહ તો એકજ મુત્સદ્દા હતા:

મુંબઇમાં મળેલી સભાએ અને વર્તમાનપત્રોએ દર્શાવેલા વિચારો વાંચતાં મને સર ફીરોજશાહનું સ્મરણ થઇ આવે છે. સભામાં અત્યારના જાણીતા કેટલાક રાજ્યદ્વારીઓ હતા. મી. જીનાએ અને બીજાઓએ જે વિચારો બતાવ્યા છે તેમાં જોકે ખાસ વાંધા લેવા જેવું કાંઇ નથી; તથાપિ તેમાં દીર્ઘદૃષ્ટિ કે મુત્સદીપણું તો મને નથી જણાયું. મારી ખાત્રી છે કે સર ફીરોજશાહ હોત તો તે દેશી સંસ્થાનોના સંબંધમાં કોઇ બીજી રીતેજ કામ લેવરાવત. તેઓના

જેવા ભાગ્યેજ રાજ્યપ્રકરણી વિચારો ધરાવનાર રાજ્યદ્વારી અને મુત્સદ્દી (statesman) ક્યાંય નજરે ચઢતા નથી તે મારો તો ખેદ છે. તેઓ દેશી રાજ્યોના સંબંધમાં એવી રીતે કામ લેત કે રાજ્યકર્તાઓ જગતની નજરમાં હલકા ન પડે અને પ્રજાનું હિત થાય; અર્થાત્ રાજા અને પ્રજા બન્નેનું હિત કેમ જળવાય તે જોઇનેજ એઓ સભાનો કાર્યક્રમ કે ઠરાવો કરાવત. તેઓ દેશી રાજ્યોના અસ્તિત્વની બહુ કીમત ગણતા હતા. કારણકે અણીના વખતે તેઓજ કામના છે એમ તેઓ માનતા. ૧૮૯૫ માં કૉંગ્રેસ પ્રત્યે મુંબઇ ઇલાકાના દેશી રાજ્યકર્તાઓની કેવી લાગણી છે તે સંબંધમાં બોલતાં તેઓએ કહ્યું હતું કે:—

"Speaking from my own knowledge, I can vouch that the majority of the chiefs of this Presidency have close sympathy with the aims and objects of the educated natives and especially with those of the Congress."

"મારી જાણ પ્રમાણે હું ખાત્રીથી કહી શકું કે, આ ઇલાકાના દેશી રાજ્યકર્તાઓનો મોટો ભાગ, કેળવાયેલી રાષ્ટ્રીય જનતાના અને મુખ્યત્વે કરીને કૉંગ્રેસના ધ્યેય અને હેતુઓ તરફ મીઠી નજરથી નિહાળે છે."

સર ફીરોજશાહના આ શબ્દો એટલા માટે હું બતાવું છું કે, દેશી રાજ્યકર્તાઓ અને બ્રિટિશ હિંદની પ્રજા વચ્ચેનો સંબંધ તેઓના વખતમાં કેવો સારો હોવો જોઇએ; અત્યારે એથી લગભગ ઉલટું છે. બ્રિટિશ હિંદમાં તો દેશી રાજ્યો પ્રત્યે તે "જુલ્મી રાજ્યો" કેમ નહોય એવી ભ્રાંતિ થઇ ગઇ છે. સર ફીરોજશાહ હોત તો તેઓ રાજાઓને ઘણા મુત્સદ્દીપણાપૂર્વક અને સ્નેહભાવથીજ કહેત અને તે પ્રમાણે વર્તત. મને લાગે છે કે, સર ફીરોજશાહ તો એકજ મુત્સદ્દી (statesman) હતા.

ગાંધીજીનું રાજપ્રકરણી કૌશલ્ય:

ભુંગળમાં મળેલી આ સભામાં ગાંધીજીએ પણ આવવામાં પોતાના પ્રદેશ પ્રત્યેનું કર્તવ્ય માન્યું હતું. ગાંધીજી ત્યાં જે બોલ્યા છે તે એવા સ્વરૂપમાં બોલ્યા છે કે તે તેઓશ્રીને માટે કેવળ યોગ્ય હતું. મહાત્મા ગાંધીજી પ્રત્યે દેશી રાજ્યકર્તાઓનો અંગત પ્રેમ કેટલો છે તે હું કેટલાક રાજાઓના અંગત પરિચયથી સારી રીતે જાણું છું, મહાત્માજી જ્યારે આફ્રિકાથી આ દેશમાં પધાર્યા ત્યારે તેઓશ્રી પ્રત્યે રાજકોટ, ગોંડલ તથા ભાવનગરના રાજ્ય

[illegible] તેઓની
[illegible] કહ્યું કે કાઠિયાવાડની પ્રજાનું હિત
[illegible] રાજ્યકર્તાઓના પ્રયોગના [illegible] થાય છે.
[illegible] તેઓના
[illegible] રાજ્યકર્તાઓને કર્તવ્યબુદ્ધિએ [illegible] કરવા માટે [illegible]
[illegible] ગાંધીજી [illegible] રચનાત્મક (constructive) છે અને
[illegible] તેઓ [illegible] છે એટલે પ્રેમ અને રચનાત્મકશૈલીપૂર્વક
[illegible] એવી બાબતની [illegible] ગાંધીજી [illegible]
સરકારની [illegible] એ બાબત [illegible] રાજ્યકર્તાને [illegible]
[illegible] નથી, ત્યાં બાબત કહાવવામાં તો ગાંધીજી
સૌથી આગળ છે. હું કહું છું કે, આપણે નીતિ કે આડકતરી એવી કોઈ
હીલચાલ ન કરવી કે જેથી દેશી સંસ્થાનો એક સંસ્થાને જગતની નજરમાં
હલકા પડી જાય, અને તેટલા માટે આપણે પ્રોત્સાહન અને સ્વદેશાભિમાનના
હથિયાર વડે રાજ્યકર્તાઓના મન જીતવા. અને ભય હતો કે, કદાચ ગાંધીજી
રજ્જેને કાઠિયાવાડના સંબંધમાં નિડર રીતે કહી નાંખે; અને તેમ કરી નાંખે
તો તેઓથી કોઈ વખતે પણ કાઠિયાવાડનું હિત થવા સંભવ રહેલો શકાય
તે અટકી જશે. પરંતુ મારો તો ભય ખોટો પડ્યો, કારણ કે ગાંધીજી તો
જે કાંઈ બોલ્યા હતા તેનો અર્થ એવો થાય કે તેઓ કેવળ શાંતજ રહ્યા
હતા. તેઓની એજ મોટાઈ છે. ગાંધીજી મન ઉપર લે તો ૭૦૦ દેશી રાજ્યો
સ્વદેશીના મોટા સ્થંભો થઈ પડ્યા વિના ન રહે એવી મારી ખાત્રી છે.

૧૮૯૦ માં હિંદી રાજ્યોપ્રત્યે દેશ લાગણી:

હું મારા પ્રથમના પત્રોમાં અગાઉના રાજ્યદ્વારીઓ દેશી રાજ્યો પ્રત્યે કેવી લાગણી ધરાવતા હતા તે સંબંધમાં કાંઈક કાંઈ કહી ગયો છું. પુનામાં "સાર્વજનિક સભા" સ્થપાઈ ત્યારે દેશી રાજ્યો અને તેના હક્કો સંરક્ષિત રાખવાનો તે સભાની બીજા ઉદ્દેશોમાં એક ઉદ્દેશ હતો. મુંબઈમાં 'સર્વન્ટસ ઑફ ઇંડિયા' સો. [illegible] જ્યારે નામદાર ગોખલેએ સ્થાપી ત્યારે તેના બંધારણમાં એક એવી કલમ મૂકવામાં આવી છે કે તેના સેવકો–સભ્યોએ દેશી રાજ્યોની વિરુદ્ધ હીલચાલ ન કરવી. આ બાબતમાં સભ્યોએ પ્રતિજ્ઞા કરવી પડે છે. આ સિવાય બીજા દાખલાઓ ઘણા છે, પણ એક ખાસ નોંધી રાખવા લાયક દાખલો અહીં આપું છું. "ઇસ્ટ ઇંડિયા એસોસિએશન" જે દેશના

આગેવાનોએ સ્થાપ્યું હતું તેઓએ પોતાની એક સભામાં ૧૮૮૯ ના. ડિસે-મ્બરની પાંચમી તારીખે નીચે પ્રમાણે ઠરાવ પસાર કર્યો હતો:—

"That this meeting considers that the maintenance of the rights, status and privilege of the native princes of India is essential to the prestige of the British Government, and to the public interests; and welfare of the inhabitants of India generally.—"

"બ્રિટિશ સરકારની પ્રતિષ્ઠાને માટે, અને સર્વ સામાન્ય રીતે હિંદના જાહેર હિત અને ભલાને માટે હિંદના દેશી રાજ્યકર્તાઓના હક્ક, મોભો, અને આમ હક્કોનું સંરક્ષણ કરવું એ ખાસ આવશ્યક છે."

આટલેથીજ આગેવાનો અટક્યા નહિ. જે "રાજ્યધારી સંન્યાસી"ના વિચારો હું વારંવાર મારા પત્રોમાં ટાંકું છું તેઓએ તો અંગ્રેજ સરકારને જે દેશી રાજ્યો હૈયાત છે તેને કાયમ રાખવા ઉપરાંત નવા ઉભા કરવા માટે આગ્રહ કર્યો હતો. તેઓએ કહ્યું છે કે,

"From this point of view, it would behove the British Government to *create* and *maintain* Native States if there were none: it, therefore goes without saying that those which already exist should be cherished at their best. Their existence might be useful to the growth of a healthy type of civilization under foreign influences which are directly at work in British India and indirectly in Native territory."

"બ્રિટિશ સરકારને એ લાઝમ છે કે જ્યાં દેશી રાજ્યો ન હોય ત્યાં નવા ઉત્પન્ન કરવાં. આ કારણથી કહ્યા વિના એ ફલિત થાય છે કે, પોતાથી બને તેટલી સર્વ રીતે જે દેશી રાજ્યો વિદ્યમાન છે તેને સારી પેઠે સંભાળવાં. વિદેશીય સંસર્ગોની અસર સીધીરીતે બ્રિટિશ હિંદમાં અને આડતરી રીતે દેશી સંસ્થાનોમાં થવા લાગી છે તેથી વધારે તંદુરસ્ત સભ્યતાની અભિવૃદ્ધિ માટે દેશી રાજ્યોનું અસ્તિત્વ ઉપયોગી થશે."

નિર્બળ સ્થિતિનાં મૂળ કારણો:

અત્યારે જેમ દરદીને દરદના ચીન્હો (Symptoms) નેજ સત્કાર કરવામાં આવે છે, પણ દરદના મૂળ કારણો (causes) ને જોઈને સત્કાર

કરવામાં આવતી નથી: તેમ દેશી રાજ્યોની પ્રજાની નબળી સ્થિતિના ચિન્હો જોઇ ઉપાય કરવામાં આવે છે. તેથી ખરેખરૂં દરદ જવા ઘણો સંભવ ઓછો. મારાથી બનશે ત્યાં સુધી આવતા પત્રમાં હું તેનાં મૂળ કારણો ઇતિહાસની મદદ વડે આપવા પ્રયત્ન કરીશ.

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ વર્કસ—રાજકોટ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

———o———

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૭ મો.

(હિંદુસ્થાન, તા. ૨૦-૩-૧૯૨૦).

ર્તમાન પારસ્થિતિનાં મૂળ કારણો:

ગયા પત્રમાં મેં દેશી રાજ્યોની વર્તમાન પરિસ્થિતિનાં મૂળ કારણો
બતા માટે વચન આપ્યું હતું. મૂળ કારણોનો ઇતિહાસની સહાયવડે શોધ
તાં મને અનેક કારણો જણાયાં છે. કાઠિયાવાડનીજ વાત કરીએ તો અં-
જ અમલનો પરિચય થયાં બરોબર સો વર્ષ થયાં, સો વર્ષ પહેલાં કાઠિ-
ાડમાં પેશ્વાઇ અને ત્યાર પછી ગાયકવાડી અમલ નહિ, પણ તેનું સર્વો-
પણું હતું. જ્યારે ૧૮૨૦ માં અંગ્રેજ સરકારની સાથે ગાયકવાડની સરકારે
કરારો કર્યાં ત્યારે રાજાઓ અને પ્રજાઓ જુસ્સામાં ક્ષત્રિય હતાં; તથાપિ
કેવળ શારિરીક જુસ્સો ખીલવવામાં રાજાઓ અને પ્રજાઓએ પોતાનું
ı વાપરેલું અને જ્ઞાન તરફ ઉપેક્ષાથી રહેલા, એટલે રાજાઓ રાજાઓ વચ્ચે,
ઓ અને ભાયાતો વચ્ચે, રાજાઓ અને પ્રજાઓ વચ્ચે સહેજ જેટો
ારભેદ કે સ્વાર્થની ખેંચતાણ થતાં ઉશ્કેરાય જઇ નાના નાના વિગ્રહો અને
ા કરી પાડતાં. આ એક ચારિત્રની મોટામાં મોટી નૈતિક ખોટ થયેલી
દેશના બીજા રાજ્યોએ અંગ્રેજ સરકારની સાથે કોલકરારો કરી રાજ્ય
ની લડાઇઓ અને જોખમો ખેડવાનું અંગ્રેજ સરકારને સોંપેલું તેમ
ાવાડના રાજ્યોએ પણ કરેલું. આના પરિણામમાં "સહાયક સંધિ"

અથવા Sudsidiary alliance ઉત્પન્ન થઇ. આ સંધિના પરિણામે પ્રજાના નૈતિક ચારિત્ર ઉપર કેવાં માઠાં આવ્યાં હતાં તે મી. જેમ્સ મીલના પાર્લામેંટ આગળ ઉચ્ચારાયેલા શબ્દોથી હું મારા એક પત્રમાં જણાવી ગયો છું. મને જે કાંઇ દેશી રાજસ્થાનના ઇતિહાસનું અલ્પ જ્ઞાન છે તે ઉપરથી હું એવા સાર ઉપર આવ્યો છું કે, દેશી રાજ્યો—રાજા અને પ્રજાની વર્ત્તમાન પરિસ્થિતિને માટે જો કોઇ પણ વધારેમાં વધારે જવાબદાર હોય તો આ કારણ છે. આ સંધિ કરાવનારનો દોષ હું અંતઃકરણથી માનતો નથી; કારણકે તે દોષ આપણોજ છે. આપણે આપણી અજ્ઞાનતા કે નાદાનીથી અમુક સ્થિતિ વ્હોરી લઇએ તેને માટે બીજાનો દોષ શું કરવા કાઢવો ? બીજું કારણ અત્યારે સર્વોપરી સત્તા અને દેશી રાજ્યો સાથે પ્રજાના સંબંધમાં સહાય કરવાની રાજ-નીતિ છે તેને આભારી છે. સ્વાભાવિક રીતે દરેક કાળમાં અને દરેક દેશમાં એવી નીતિ ચાલે છે કે, રાજાને ગાદીએ બેસાડવાનું કામ દરેક પ્રજાનું હોય છે; પોતાની પ્રજા રાજ્યકર્ત્તાને રાજતિલક કરી ગાદીએ બેસાડે એ જેમ રાજ્યકર્ત્તાને માટે માનપ્રદ છે. તેમ તે રાજ્યકર્ત્તાનો પવિત્ર હક્ક છે. પ્રજાએ રાજ્યકર્ત્તાને ગાદીએ બેસાડવાનું કામ કરવું એ પ્રજાનો પણ પવિત્ર હક્ક છે, અત્યારે સ્થિતિ એવી છે કે, જેને સુખ દુઃખ જેનાથી ભોગવવાનું છે તે પ્રજાને આ બાબતમાં કાંઇ કરવાપણુંજ રહેતું નથી. એ વ્યવસ્થા લગભગ અંગ્રેજ સરકારજ કરી લે છે. જ્યારે આ સત્તા સર્વોપરી સત્તાના હાથમાં હોય અને પ્રજા તે સંબંધમાં બીલકુલ અવાજ વિનાની હોય તો રાજ્યકર્ત્તાને પ્રજાને જવાબદાર કે જોખમદાર થવાનું શિક્ષણ પ્રથમથીજ ક્યાં રહે છે? ગાદીને માટે બે ત્રણ વારસ હોય—જેવી રીતે જામનગર અને લીંમડીમાં બન્યું હતું તેમ—ત્યારે કોને હક્કદાર કે લાયક ગણવો એ પણ સર્વોપરી સત્તાના હાથમાં છે. પ્રજાને તો કાંઇ પૂછવાનુંજ નથી. આ સ્થિતિમાં પ્રજાનો પ્રેમ સંપાદન કરવાનું કે સર્વોપરી સત્તાનો પ્રેમ સંપાદન કરવાનું સ્વાભાવિક રીતે ઉમેદ-વારને સૂઝે? વળી, એક રાજ્યકર્ત્તાનું વર્ત્તન યથાયોગ્ય ન હોય તો પ્રજા કાંઇજ કરી શકે નહિ. એથી ઉલટું, જો પ્રજા પોતાના દુઃખની મારી રાજ્ય-કર્ત્તાની સામે થાય તો રાજ્યકર્ત્તાને સહાય આપવાને નામદાર સરકારને માથે કેમ ન હોય એવી સ્થિતિ ચાલે છે. હું અંતઃકરણથી એમ માનું કે જો રાજ્યકર્ત્તાઓ અને પ્રજાઓની વચ્ચે પ્રેમ અને પરસ્પરની જવાબદારી ઉત્પન્ન કરવાં હોય તો, સૌથી પહેલી અગત્ય આ પ્રથા દૂર કરવાની છે. જેમ બીજા દેશોમાં બને છે તેમ અને અગાઉ હિંદમાં બનતું હતું તેમ થવા માટે આ પ્રથા દૂર

કરી નાંખવીજ જોઇએ. અંગ્રેજ સરકાર 'આત્મનિર્ણયનો હક્ક બધી પ્રજાને માટે કહે છે તો દેશી રાજ્યોની પ્રજાને શામાટે નહિ? આ ચાલતી આવેલી પ્રથા દૂર કરવામાં આવે તો પ્રજાને "આત્મનિર્ણય" નો હક્ક મળેલો પ્રજા માની લેશે. જેઓ દેશી રાજ્યોની પ્રજાના હકને માટે ઇંતેજાર છે તેઓએ સૌથી પહેલું કામ હાથ ધરવા લાયક હોય તો તે આજ છે; તેજ દેશી રાજ્યો જવાબદાર શાસનવાળા સંસ્થાનો બની શકશે અને તેજ જો આપણે સ્વદેશાભિમાનની ખાતર કાયમ જોવા ઇચ્છીએ છીએ તે સંસ્થા કાયમ રહેશે. આ કારણ ઉપરાંત એક કારણ નામદાર સરકારની દેશી રાજસ્થાનના સંબંધમાં જુદા જુદા પ્રકારની રાજનીતિઓ છે. સારા ભાગ્યે ખાલસાની રાજનીતિ તો ઘણો વખત પહેલાં છોડી દેવામાં આવી છે; પણ દેશી રાજ્યના કારોબારમાં વચમાં આવવાની (intervention policy) રાજનીતિ અથવા નહિ વચમાં આવવાની રાજનીતિ (non-intervention policy) પ્રસંગોપાત કરવામાં આવી છે. આ રાજનીતિઓએ રાજ્યકર્તાઓ અને પ્રજાઓના નૈતિક ચારિત્ર ઉપર ઘણી માઠી અસર કરેલી હું માનું છું. દાખલા તરીકે જ્યારે વચમાં આવવાની રાજનીતિ ચાલતી હતી ત્યારે પ્રજા પોતાની મુક્તિનો સઘળો આધાર સર્વોપરી સત્તા પ્રત્યે રાખતી અને આમ થતાં રાજા પ્રત્યે પ્રજાએ રાખવો જોઇતો સદ્દભાવ ક્યાંથી રહે? કાઠિયાવાડમાં ભાયાતો પાયમાલ થઇ ગયા છે, તે ભાયાતો પોતાના રાજ સામેની ફર્યાદ રાજકર્તાઓ પાસે નહિ લઇ જતાં સર્વોપરી સત્તા પાસેજ લઇ જવાનું શીખેલા અને તેનું પરિણામ બન્નેની વચ્ચે વૈમનસ્ય થવામાં આવતું. જેના પરિણામે અત્યારે તેઓની પાયમાલી થઇ છે. આજ રીતે જ્યારે વચમાં નહિ આવવાની રાજનીતિ ચાલે છે ત્યારે રાજ્યકર્તા ગમે તેવા પ્રકારે ચાલે તો પ્રજા કાંઇ કરી શકવાની સ્થિતિમાં નથી. પરિણામ એ આવ્યું છે કે, દેશી રાજ્યોની સંસ્થાપ્રત્યે બુદ્ધિમાન્ વર્ગ (intelligent class) નો સદ્દભાવ જેવો પૂર્વે હતો તેવો હવે નથી રહ્યો; જો કે (સમુદાયોનો masses) નો પ્રેમ હજુ અવિચ્છિન્ન છે. આવા પ્રકારની રાજનીતિઓને બદલે હવે રાજ્યકર્તાઓને ગાદીએ બેસાડવાનો, અને પાછા ઉઠાડવાનો હક્ક પ્રજાને સુપ્રત કરવામાં આવે તો બન્ને પરસ્પર જવાબદાર થતાં શીખે. આ ઉપરાંત એક રાજ્યની ભૂલને માટે જે નિયમ સર્વોપરી સત્તાને કરવાની જરૂર પડી હોય તે સર્વને લાગુ પાડવાની રાજનીતિ છે. ૧૮૯૦ માં મણિપુરના સંબંધમાં જે હુકમ બહાર પાડવામાં આવ્યા છે તે બધાં રાજ્યોને શામાટે લાગુ પાડવા

બ્રિટિશ હિંદના પ્રશ્નો પ્રત્યે રોકાયેલો રહેતાં ધીમેધીમે દેશી રાજ્યો વીસરાયાં નહિ તો ઉપેક્ષાયાં. કાળ જતાં બ્રિટિશ હિંદની અંદર રહેતી પ્રજા બ્રિટિશ અમલમાં ઓતપ્રોત થઇ ગઇ, અને તેના પરિણામમાં એમ બ્રિટિશ હિંદની પ્રજા અને અન્ય તે દેશી રાજ્યોની પ્રજા એવો ભેદભાવ ઉત્પન્ન થયો. કોંગ્રેસની શરૂઆતથી તે ઘણા વર્ષો પર્યંત, જેમ બધી પ્રજાઓ માનતી તેમ દેશી રાજ્યકર્તાઓ પણ કોંગ્રેસને પોતાના સ્વદેશાભિમાનની સંસ્થા માનતા, અને તેને સહાયક રહેતા. જ્યાંસુધી હિંદના રાજકીય પ્રશ્નોની લગામ સર ફીરોજશાહના હાથમાં હતી. ત્યાંસુધી આ સ્થિતિ કેટલીક હદ સુધી ટકી રહેલી, નવા જમાનાના આગેવાનો થયા, અને બ્રિટિશ અમલમાં ઓતપ્રોત થએલ પ્રજા દેશી રાજ્યોની પ્રજાને પોતાનાથી જુદી માનતી થઇ, આ વસ્તુ સ્થિતિ ખાસુન્દર રાજ્યદ્વારી અને મુત્સદી (politician and statesman) કોઇ નહિ થાય?

લાલા લજપતરાય અને દેશી રાજ્યો:

કોંગ્રેસની સ્થાપના પછીના ૩૫ વર્ષના ગાળામાં દેશના આગેવાનોનો એકાંત લક્ષ્ય બ્રિટિશ હિંદના પ્રશ્નો પ્રત્યેજ રહેવાથી અને સર ફીરોજશાહની કોટિના કોઇ મુત્સદી આગેવાન નહિ હોવાથી બ્રિટિશ હિંદની સામાન્ય પ્રજાનાજ નહિ પણ તેના આગેવાનોના દેશી રાજ્યો સંબંધી વિચારોમાં કેવા ફેરફાર થવા માંડ્યો છે તેનો એક આબેહુબ દાખલો લાલા લજપતરાયનો છે. લાલા લજપતરાયે "હિંદનું રાજ્યદ્વારી ભવિષ્ય" એ નામનું એક પુસ્તક લખ્યું છે તેમાં દેશી રાજ્યોના સંબંધમાં લખ્યું છે કે, "હાલના કોઇ દેશી મહારાજાનો વહિવટ કોઇપણ બ્રિટિશ ગવર્નર કે લેફટેનન્ટ ગવર્નરના જેટલો સારો કે ખરાબ હોય તોપણ બ્રિટિશ રાજ્યકર્તાના જેટલી સ્વતંત્રતા તરફ દેશી મહારાજાની વૃત્તિ ન રહે, કેમકે બ્રિટિશ પ્રજા જગતના અભિપ્રાયને આધીન રહે છે. જ્યારે દેશી મહારાજાઓ રહેતા નથી. કોઇ એકાદ માણસની વધારે[illegible]. [illegible] માણસોના જીવન મરણ ઉપર તેને સત્તા [illegible] દેશી એ [illegible] છે. [illegible] બ્રિટિશ સરકાર પણ હિંદી પ્રજાના [illegible] એક વ્યક્તિ [illegible] વધારી [illegible] [illegible] છે. એક હેતુ તો એવો છે [illegible] ફેરફાર થયો છે.

તે બતાવવું. બીજો હેતુ એ છે કે, આ ફેરફાર જોઇને રાજ્યકર્તાઓ હજુ સાવધ અને જાગૃત થયા નથી તે ચર્ચા શકે. એક વખત એવો હતો કે-દેશી રાજ્યોની સંસ્થાને એક "સ્વદેશાભિમાનની સંસ્થા" (patriotic institution) તરીકે ગણી તેને ચાહવામાં આવતી હતી. તેને બદલે આવો વિચાર ઉત્પન્ન થયો છે. લાલાજી અમેરિકાની સ્વતંત્ર ભૂમિમાંથી આવે છે એટલે તેઓના આ વિચારો થવા પામે એ સ્વભાવિક છે. પરંતુ મને લાગે છે કે, પંડિત મદનમોહન માલવ્યા આવા વિચારને સંમતિ આપે એ બનવાજોગ નથી; સર ફીરોઝશાહ જો હયાત હોત તો નજ આપત; લાલાજીની એ વાત સર્વથા સત્ય છે કે, શ્રી રાજ્યકર્તાઓએ પ્રજામતને સંપૂર્ણ આધીન થતાં શીખવું જોઇએ; અને તોજ તેનું અસ્તિત્વ રહેવાનું; પરંતુ લાલાજીની વાત હિંદને સ્વરાજ્ય મેળવવાના સંબંધથી પરસ્પર વિરોધી છે. ધારો કે બ્રિટિશ હિંદને સંપૂર્ણ સ્વરાજ્ય આપવામાં આવ્યું. હિંદી-દેશી-પ્રધાનો નીમાયા; અને તેઓના વહિવટ તળે પ્રજા રહેશે તો વસ્તુસ્થિતિમાં કેટલોક જબ્બર ફેરફાર થશે? ખરી વાત એ છે કે, દેશી રાજ્યોએ અત્યારે સંપૂર્ણ આંતરિક વહિવટવાળા સ્વરાજ્યો (Autonomous Home Rule) છે-દાદાભાઇએ દેશી રાજ્યો માટે આજ શબ્દ વાપર્યો છે-તે સ્વરાજ્યો આપણા દેશીઓ-રાજાઓ અને પ્રજાઓમાંથી લીધેલા અમલદારો ચલાવે છે, તે સ્વરાજ્યો શામાટે નિર્બળ થવા દેવા જોઇએ? તેનું રાજ ચલાવવાનું ધોરણ જૂની પ્રથા ઉપર છે તે ફેરવી સમય અને સ્થિતિને અનુકૂળ બનાવવા પુરુષાર્થ કરવું જોઇએ, અને તે કરવું એ ધારવામાં આવે છે તેવું કાંઈ મુશ્કેલ નથી; જો આપણા આગેવાનોનો તે દિશામાં લક્ષ્ય અને પરિશ્રમ હોય તો લાલાજીનું મહિસુરના હમણાના દિવાને થોડા અઠવાડિયા પહેલાં કહેલા શબ્દોપર ધ્યાન જાય એવું હું ઇચ્છું છું. શું દેશી રાજ્યો, આગેવાનો અને સ્થાનિક પ્રજા ધારે તો નમુનેદાર ન થઇ શકે? જેઓ દેશી રાજ્યકર્તાઓ તરફ સદ્‌ભાવ ધરાવતા ન હોય એવા મનુષ્યો અને પ્રજાની અવગણના કરનાર ચોકસ રાજ્યોના દાખલા આપી મ્હેણું નહિ મારે એમ હું આશા રાખું છું, કારણ કે થોડીક ભૂલ કરતી વ્યક્તિઓને માટે આખી સંસ્થાને અસર પહોંચાડવાનું કરવું એ કેવળ સ્વદેશાભિમાનનો ઘાત કરવા બરોબર છે દેશી રાજ્યોમાં હવે ઘણેભાગે કેળવાયેલા દિવાનો અને કેળવાયેલા અધિકારીઓ અને કેળવાયેલા પ્રજાજનો છે તેઓ ધારે અને થોડા આત્મભોગ આપે તો રાજ્યકર્તાઓને યોગ્ય માર્ગે લઇ જવાનું કામ ધારવામાં આવે છે તેટલું કઠણ નથી. બ્રિટિશ

[illegible] મેળવવામાં જેટલાં વર્ષો અને વીર્ય ગયાં છે તેટલાં [illegible] ન જોઈએ એવી મારી ગણત્રી છે.

દેશી રાજ્યોમાં ખાણનો ઉદ્યોગ:

[illegible] દેશી રાજ્યો તરફ છે. બ્રિટિશ હિંદમાં [illegible] છે, પણ દેશી રાજ્યોમાં તો તે લગભગ સર્વથા [illegible] નથી: પણ મેં સાંભળ્યું છે તે પ્રમાણે અંગ્રેજ સરકાર [illegible] ઉદ્યોગને અનુકૂળ નથી. આવી માન્યતા પ્રચલિત છે. [illegible] તે મુલાકાત કરશે તો એક માહિતીના પ્રશ્નનું [illegible] મારા સાંભળવામાં આવ્યું છે કે, દેશી રાજ્યકર્તાઓએ [illegible] છે. જો દેશી રાજ્યકર્તાઓ કે અમલદારો [illegible] તો ઘણો ઉપકાર થશે. હું નથી [illegible] અનુકૂળ ન હોય એમ બની શકે [illegible] કે ટેકનીકલ ઓફીસ કે એરોપ્લેનનું [illegible] દેશી સંસ્થાઓને છે તો પછી તેવી [illegible] ન હોય?

[illegible] આરંભની જરૂર:

[illegible]

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૮ મો.

(હિંદુસ્થાન, તા ૨૭-૩-૧૯૨૦).

રાજ્યકર્ત્તાની મહત્વાકાંક્ષા:

મોરબીના ઠાકોર સાહેબ મુંબઈમાં એક બેંક સ્થાપવાનો ઈરાદો રાખે છે એ વાત જો સાચી હોય તો, મને લાગે છે કે, તેઓ એક જાતે રાજ્યપ્રકરણી ભૂલ કરે છે, પરંતુ આ રાજ્યપ્રકરણી ભૂલની વાત બાજુએ રાખી હું તે નામદારને પૂછું છું કે, એક રાજ્યકર્તાને મહા ધનાઢ્ય બનવાની મહત્વાકાંક્ષા હોવી ઘટે કે, એક પ્રતાપી રાજ્યકર્તા થવાની? રાજ્યકર્તાને પ્રભુએ સોંપેલું જનસમાજનું કામ કેવું છે તે સંબંધી આજથી ૪૦ વર્ષ ઉપર હિંદના એક વાઇસરૉયે દેશી રાજ્યકર્તાઓના એક ખાસ પ્રસંગે કહેલા શબ્દો નામદાર ઠાકોર સાહેબને અર્પણ કરું છું: તેઓએ કહ્યું હતું કે "તેઓ (રાજ્યકર્તાઓ) મનુષ્યના મનને રોકી શકે એવા અત્યંત આનંદજનક અને ઉમદા કાર્યમાં પોતાનો આખો સમય રોકી શકે: કે જે કામે પોતાના સંસ્થાનોની પ્રગતિ અને અભિવૃદ્ધિ કરવાનું છે અને જે લાખો મનુષ્ય તેઓના અમલ નીચે પરમાત્માએ મૂકેલા છે તેના આધિભૌતિક હિત અને સુખ દેખવાનું છે. આવું ક્ષેત્ર કોઈપણ વિશાળમાં વિશાળ મહત્વાકાંક્ષા પૂર્ણ કરવાને અને મનુષ્યના હૃદયમાં જે ઉચ્ચમાં ઉચ્ચ અભિલાષા ઉત્પન્ન થાય તેને તૃપ્ત કરવાને બસ છે." મોરબીના મહારાજા સાહેબને શું આવી એક રાજ્યકર્તાને લાયક મહ-

સ્વકાંક્ષા થતી નથી? આ સ્થળે મને એ બાદશાહના ઐતિહાસિક દૃષ્ટાંતો યાદ આવે છે:—

એલેકઝેન્ડર ધી ગ્રેટ અથવા જેને આપણે સીકંદર બાદશાહના નામથી ઓળખીએ છીએ તેને માટે એક એવી વાત ચાલે છે કે, તેણે અનેક ભંડારો નાણાથી રેલમછેલમ કર્યા, તથાપિ તેને છેલ્લી ઘડીએ એવો વિચાર થયો કે, આ મેં સઘળું શા માટે કર્યું? આ વિચારમાંને વિચારમાં તેને સદ્બુદ્ધિ સૂઝી આવી અને મહા પશ્ચાતાપ કર્યો, પણ તેના આત્મામાંથી તેને એકજ જવાબ મળતો કે, "હવે શા કામનું? ઘણું મોડું થયું." આજ રીતે સોમનાથ પાટણની ચઢાઇ લાવનાર મહમદ ગઝનવીના સંબંધમાં બન્યું હતું તેણે પોતાના અંતસમયે પોતાનું સઘળું દ્રવ્ય પોતા સન્મુખ એકત્ર કરાવ્યું અને ખુબ અશ્રુપાત કર્યો કે "આ તો મારી સાથે આવવાનું નથી, છતાં મેં આટલાં વ્યર્થ પ્રયત્નો શા માટે કર્યા?"

પ્રજાકીય મીલ્કતનો ઉપયોગ:

મોરબી, ધ્રાંગધ્રા અને થોડે અંશે રાજકોટ પોતાના રાજ્યમાં જેમ વ્યાપાર કરે છે તેમ બહાર પણ વેપાર કરે છે એ હું અનેકવાર જણાવી ગયો છું. આ ઉપરાંત બહાર વેપાર કરનારા સંસ્થાનો લીંબડી અને વાંકાનેર પણ છે; આ પાંચે રાજ્યનો પૈસા આ રીતે તેના રાજ્યકર્તાઓ બહાર રોકે છે. ગોંડલ ઠાકોરસાહેબ સદ્ભાગ્યે વેપારને માર્ગે ચઢ્યા નથી; પરંતુ તેઓ પણ પોતાના રાજ્યનું નાણું મુંબઇમાં એસ્ટેટ વગેરેમાં રોકે છે, એમ મારા સાંભળવામાં આવ્યું છે. પોતાના રાજ્યનું નાણું પોતાના દેશની અંદર હુન્નર ઉદ્યોગ ઉત્પન્ન કરવાને, તેને ખીલવવાને અને વેપારની એકંદર વૃદ્ધિ કરવાને બદલે બહાર રોકવાને આ રાજ્યકર્તાઓ શી રીતે પ્રેરાયા હશે? શું તેઓ એવો ખ્યાલ ધરાવતા હશે કે, સંસ્થાનોની મીલ્કત એ એક ખાનગી ગૃહસ્થના જેવી મીલ્કત છે? જો આવો ખ્યાલ તેઓ ધરાવતા ન હોય તો જે મીલ્કત પ્રજાકીય છે તેનો આ રીતે સ્વેચ્છાએ ઉપયોગ કેમ કરી શકે? રાજ્યકર્તાઓએ હવે દેશકાળાદિને ઓળખી તેનો સ્પષ્ટ સમજી જવું જોઈએ કે, એ મીલ્કત તેઓની ખાનગી નથી; પણ પ્રજાકીય છે. તેઓ માત્ર પ્રજાકોષના નિમક થયેલા ટ્રસ્ટીઓ છે. જેમ રાજ્યકર્તાઓએ પોતાની ફરજ આ રીતે દરેક સમજી લેવી જોઈએ છે, તેમ પ્રજાઓએ પણ હવે એ મીલ્કત પોતાની છે એમ સમજી [illegible] ખ્યાલ ધરાવતા હોય

તેઓને સ્પષ્ટ કહેતાં શીખવું જોઇએ. સ્પષ્ટ કહેતાં શીખવું જોઇએ એટલુંજ બસ નથી; પરંતુ તે પ્રજાકીય મતા છે એવો પોતાના રાજ્યકર્તા પાસે પોતાનો હક્ક સિદ્ધ કરતાં શીખવું જોઇએ. પોતાના સંસ્થાનોના તરૂણ, યુવાન અને મોટા મનુષ્યો જગતના ચારે ખુણે ઉદ્યોગોને માટે રખડે અને રાજ્યકર્તાઓ પોતાના રાજ્યમાં હુન્નરઉદ્યોગોમાં નાણું ન રોકતાં બહાર અઢળક નાણું રોકે એ પોસાઇ શકે તેવી વાત નથી. પ્રજાના જે માણસો કેળવાએલા છે તેઓએ આત્મામાંથી ડર કાઢી નાખી આ વાતની ચળવળ કરવીજ જોઇએ. જુનાગઢ, ભાવનગર, મોરબી, ધ્રાંગધ્રા, ગોંડલ, જામનગર એ સંસ્થાનોની ઉપજ એટલી મોટી છે કે, તેઓ ધારે તો નાનાં નાનાં જર્મની બનાવી શકે; પણ સવાલજ માત્ર ધારવાનો છે. ધારે કોણ? હું તો તે કામ પ્રજાનુંજ માનું છું. જ્યાંસુધી પ્રજા પોતાનો હક્ક સિદ્ધ કરતાં નહિ શીખે ત્યાંસુધી સઘળું વ્યર્થ છે, અને પ્રજાએ શામાટે તેવો હક્ક સિદ્ધ કરતાં ડરવું? તેમાં કાંઇ પાપ કે ગુન્હો છે?

દેશી રાજ્યોને બ્રિટીશ હિંદ કરતાં બમણો માર:

આ સંસ્થાનોએ પોતાનું અઢળક નાણું બહાર નહિ રોકતાં સ્થાનિક હુન્નરઉદ્યોગો ઉત્પન્ન કરવામાં રોકવું જોઇએ એ જેમ પ્રજાકીય હક્ક છે તેમ બીજું એક આર્થિક કારણ એ છે કે, યુરોપ અને તેવા બીજા દેશોથી આવતા તૈયાર માલ ઉપર બ્રિટીશ હિંદના ખર્ચો અને કરો તથા નફાઓ ચઢવા ઉપરાંત ખુદ સંસ્થાનોના સ્થાનિક કરો અને બીજા ખર્ચો ચઢે છે. ગોંડલ એ એકજ એવું રાજ્ય છે કે, જે કોઇ પ્રકારનું દાણ લેતું નથી, બાકી બધા સંસ્થાનોમાં સૌ સૌના કરો છે. આમ બ્રિટીશ હિંદના અને સ્થાનિક ખર્ચો ચઢી પ્રજાને બેવડો માર સહન કરવો પડે છે. આ આર્થિક કારણ ઉપરાંત દેશી રાજ્યોને મોટામાં મોટું નુકશાન તેની પ્રજામાંથી સારામાં સારૂં માખણરૂપ પ્રજાનું તત્ત્વ બહાર ઉદ્યોગ અર્થે ચાલ્યું જાય છે. "વાણીઆ વિના રાવણનું રાજ્ય ગયું." એવું એક જૂનું કહેવત છે. "વાણીઆ"નો અર્થ આ સ્થાને વૈશ્ય અર્થાત્ વેપારી છે. સારા વેપારી એ રાજ્યની શોભા કહી છે, એનું કારણ એટલુંજ છે કે, વેપારીઓ હુન્નરઉદ્યોગો ઉત્પન્ન કરી રાજ્યનું નાણું બહાર ઘસડાઇ જતું અટકાવે છે. ગોંડલ ઠાકોર સાહેબ મને યાદ છે કે ઘણાં વર્ષો પૂર્વે પોતાને ત્યાં જીનના કાપડની મીલ કરનારને ઉત્તેજન આપવા તૈયાર હતા હજુ એ સ્વદેશી ઉદ્યોગો ખીલવવાનું

અભિમાન ધરાવે છે. હું ઇચ્છું છું કે નામદાર ઠાકોર સાહેબ આ દિશામાં હવે અક્રિય (passive) ને બદલે સક્રિય (active) પ્રયત્નો કરે. ભાવનગરની કાઉન્સિલ હુન્નરઉદ્યોગને માટે શું કરે છે તે હવે જોવાનું છે. જુનાગઢના કેટલાક ગૃહસ્થો નવાબને ગાદીએ લાવવાની બહુ ઇંતેજારી ધરાવતા હતા તો હવે નવાબ સાહેબને આ માર્ગે લઇ જવા પ્રયત્ન નહિ કરે? બધાં સંસ્થાનોમાં મોરબી સૌથી વધારે નાણું અને દરેક જાતની સગવડો ધરાવે છે. ને રાજ્ય ધારે તો જૅપાન, જર્મની જેટલાં કળા, હુન્નર અને ઉદ્યોગો થોડાં વખતમાં કરી શકે. પણ નામદાર ઠાકોર સાહેબને પોતાના રાજ્યમાં કોઇ કરવાનો શોખજ કયાં છે? જેવી રાજા અને પ્રજાને સેણા દેવી! બીજું શું કહેવું?

દેશી રાજ્યોનો "જાગૃતિ ઘંટ":

પ્રજાના સુખની વાત તો દૂર રહી, પણ તેઓના જેવા વિચક્ષણ પુરૂષો આવી ગંભીર રાજ્યદ્વારી ભૂલ કેમ કરતા હશે, કારણ કે વ્યાપાર કરવો એ એક મોટામાં મોટી રાજ્યદ્વારી ભૂલ છે. દેશી રાજ્યોની સંસ્થા પ્રત્યે લોકપ્રેમ ઓછો કરાવનાર આ એક મોટામાં મોટું સાધન છે. પ્રજામાંથી યેનકેન પ્રકારેણ રાજ્યની ઉપજ વધારી બહાર વ્યાપાર ખેડવો એ "ગાય દોહીને કુતરી પાવા" જેવું કાર્ય થાય છે. અગાઉના દેશી રાજ્યકર્તાઓએ અનેક ભૂલો કરી સંસ્થાનોને નબળા પાડયા છે તેજ રીતે આ એક મોટામાં મોટી ભૂલ કરવામાં આવે એ દેશી રાજ્યને નબળા પાડવાનું એક વધારે કર્મ થાય છે. જેનામાં મુંબઇમાં વ્યાપાર ચલાવવાની શક્તિઓ છે તેનામાં શું જૅપાનનાં રાજા મિકેડોની પેઠે પોતાના રાજ્યમાં ઉદ્યોગો ખીલવવાની શક્તિઓ નથી? આ રાજા સાહેબોએ હવે સમય ઓળખવો જોઇએ છે. એક વખત એવો હતો કે દેશના આગેવાનો દેશીરાજ્યના અસ્તિત્વને રાખવા માગતા હતા. તેને બદલે વસ્તુસ્થિતિ કેટલી ફરતી જાય છે ને લાલા લજપતરાયે દર્શાવેલા અને મેં મારા છેલ્લા પત્રમાં ટાંકેલા શબ્દોથી સ્પષ્ટ જણાઇ આવે છે. આ રાજા સાહેબોએ હવે પોતાના ખુશામતીઆઓના કથન ઉપર, પોતાના મમત્વના કરતાં વધારે વિશ્વાસ મૂકવો જોઇએ. લાલા લજપતરાયનો અવાજ એ ખરેખર "જાગૃતિ ઘંટ" સમજવાનો છે. જે સંસ્થાનો મોટે ભાગે સ્પારેના માર્ગે—અટકયા છે તે દેશી રાજ્યનાં સંસ્થાનો ઘણાને બરબાદીમાં ધા મારે છે.

હક્કો આપે નહિ, હક્કો લેવાય:

શ્રી. સત્યેન્દ્રબાબુ આવ્યા અને જે વખતે મુંબઇમાં દેશી રાજ્યોની પ્રજાના

દફને માટે ગળાત્રા થઇ હતી ત્યારે લીમડીના નામદાર ઠાકોર સાહેબ પોતાને ત્યાં પ્રજાતંત્ર દાખલ કરવાના છે એવી વાત બહાર આવી હતી. ઑન. મી. પી. જે. પટેલ પાસે તેઓએ એક યોજના પણ ઘડાવી મંગાવી હતી એમ મેં ખુદ મી. પટેલ પાસેથી જાણ્યું હતું. આ વાતને ત્રણ વર્ષ વીતી ગયા છતાં હજુ તેમાંનું કંઇ નામનિશાન સંભળાયું નથી. હું ઇચ્છું છું કે નામદાર ઠાકોર સાહેબ આ બાબતનો ખુલાસો જાહેરમાં મૂકે. લીમડીના યુવરાજ કુમાર પ્રજાતંત્રના બહુ હિમાયતી છે એમ તેમના પરિચયવાળા મનુષ્યોથી સાંભળ્યું છે, પણ ન તો યોજના અમલમાં મૂકાઇ કે ન તો કંઇ તેના સંબંધમાં હજુસુધી સાંભળવામાં આવ્યું. શું આ માત્ર વાતોજ કરવાની હતી? લીમડી ઠાકોર સાહેબ એક ખાનગી ગૃહસ્થ હતા. મર્હુમ ઠાકોર સાહેબના દેવલોક થવા પછી પૂર્વ પુણ્યના યોગે તેઓ ઘણીજ દૂરની પેઢીઓના સગપણ સંબંધે લીમડીની ગાદી મેળવી શક્યા છે, એટલે એક રૈયતવર્ગીનો પણ તેઓને બરાબર અનુભવ છે. જો તેઓ અત્યારના વાતાવરણમાં એક રૈયતવર્ગીક હોત તો તેઓ પણ પ્રજાતંત્રના એક હિમાયતી હોત, પરંતુ કોણ જાણે અધિકાર મળતાં રૈયતવર્ગીની સ્થિતિ કયા કારણથી ભૂલી જવામાં આવે છે! લીમડી ઠાકોર સાહેબ પોતાના યુવરાજની સહાયતાથી આ દિશામાં પ્રવર્તે તેની અત્યારે રાહ જોવી પડશે. બાકી દરેક, નાના કે મોટા, સંસ્કારિત કે નહિ સંસ્કારિત રાજ્યકર્તાઓએ કોઇ દિવસ પ્રજાને હક્કો સહેલાઇથી આપ્યા નથી. વડોદરાનો દાખલો અપવાદરૂપ છે. એવું સમજી દરેક રાજ્યની પ્રજાએ એમ સમજી પ્રયત્નો આદરવા જોઇએ કે હક્કો કોઇ આપતું નથી. હક્કો લેવાય છે. જો પ્રજાઓ પોતાના બળને ભૂલી ગઇ છે તેનું પુનઃ સ્મરણ કરી રચનાત્મક રીતે પ્રયત્નો કરશે તો વિજય તેઓના પક્ષમાં છે એ નિઃસંશય સમજવું. જગતનો આજસુધીનો ઇતિહાસ આ સિદ્ધાંતને પુષ્ટિ આપે છે, માટે પ્રજાઓએ પોતાનું આંતરિક બળ વધારવું.

મી. મેકૉનકીની સલાહનું શું થયું?

પોરબંદરના મહારાજા ગાદીએ આવ્યા તે વખતે કાઠિયાવાડ ખાતેના મુંબઇના ગવર્નરના આડત્યા મી. મેકૉનકીએ તેઓને એવી સલાહ આપી હતી કે વખતના ફેરફાર સાથે તેઓએ રાજ્યમાં પ્રજાતંત્ર દાખલ કરવું પડશે. મી. મેકૉનકીએ આ સારી સલાહ આપવા પહેલાં દિલ્હીમાં "નરેંદ્ર સભા" આગળ વાઇસરૉયે જે ભાષણ કર્યું હતું તેમાં પણ તમામ રાજાઓને આ

સૂચના કરી હતી. મી. મેકૉનકીએ તેનું અનુકરણ કર્યું હતું. પોરબંદરમાં આ સંબંધમાં કાંઇ ચળવળાટ હજુ સુધી થતો નથી સંભળાતો. પોરબંદરના નવા રાજ્યકર્ત્તાને હજુ રાજકારભારથી વાકેફ થવાનું હોવાથી કદાચ્ થોડો વખત તેમ જાય એ સ્વાભાવિક છે. પોરબંદરના નવા રાજ્યકર્ત્તાની કૉલેજની કાર્કીર્દી સારી ગણાતી હતી તે જોતાં તો તેઓ પોરબંદર રાજ્યને પ્રજાતંત્રના માર્ગે લઇ જવાની આશા રાખી શકાય. ઘણી વખતે જે રાજ્યકર્ત્તાઓનું જીવન કૉલેજમાં ચળકતું દેખાતું તેઓ ગાદીએ આવ્યા પછી નિષ્ફળ નીવડે છે; તેવું પોરબંદરના સંબંધમાં નહિ બને એવી આપણે આશા રાખીશું.

ન્યાયના વ્યામોહથી પરાક્રમનો નાશ:

અંગ્રેજી રાજ્યનો કાઠિયાવાડને સંબંધ થયો તે પહેલાં કાઠિયાવાડનું ખમીર કેવળ લડાયક જુસ્સાવાળું હતું. પોતાને કંઇપણ ઇજા બીજા તરફથી કરવામાં આવે તો જેમ વ્યક્તિઓ તેમજ રાજ્યો કે તેના સરદારો અને ભાયાતો તે ઇજાનો બદલો લેવા માટે પોતાના કાંડાબળ ઉપરજ આધાર રાખતા હતા. એક રાજ્યનો સીમાડો કે સરહદનો સહેજ ભાગ દબાવે તો તેની સામે ચડાઇ લઇ જવામાં આવતી હતી. રાજ્યકર્ત્તાઓ સરદારો કે ભાયાતના ગીરાસ કે હક્કોને કાંઇ ઇજા કરે અને તે સંબંધી યોગ્ય દાદ ન મળે તો સરદારો અને ભાયાતો બહારવટે નીકળી પડતા હતા. ખાનગી વ્યક્તિઓને પણ જો કાંઇ ઇજા થાય તો તે બે પ્રકારના ઇલાજો લેતી હતી. જેને કાટીઆવર્ણ કહેવામાં આવે છે તે વર્ણના લોકો બહારવટે નીકળી પડતા. બ્રાહ્મણવર્ગ ત્રાગાં એટલે પોતાના શરીરનો તપ કરવો—ક્યાંસુધી કે દેહ પડી જાય ત્યાંસુધી. (ગાંધીજીનો સત્યાગ્રહ ત્રાગાંનું વૈજ્ઞાનિક સ્વરૂપ હું માનું છું) વેપારીવર્ગ ઉચાળા ભરીને રાજ છોડી જતા હતા. આ બધાઓમાં પોતાના દુઃખો કે ઇજાઓ ટાળવાનો એવો દૃઢ આગ્રહ રહેતો કે, રાજ્યકર્ત્તાઓએ છેવટે નમતું આપવું પડતું અને મનામણા કરવા પડતા હતા. અંગ્રેજ સરકારનો સંબંધ થયા પછી આ પરાક્રમી ઉપાયોનું સ્થાન ન્યાય અને કાયદાએ લીધું. કાઠિયાવાડના રાજાઓની સાથે અંગ્રેજ સરકારે અમુક કોલકરારો કર્યા. જેની રૂએ બે રાજ વચ્ચે કોઇ પ્રકારની તકરાર થાય તો અંગ્રેજ સરકાર વચ્ચમાં રહી પતાવે. કોલકરારો કરતી વખતે તે વખતના અંગ્રેજ મુત્સદીઓ એક એવી સરત કરાવવા શક્તિમાન થયેલા કે બે રાજ્યકર્ત્તાઓને ભળતું હોય ત્યારે વચ્ચમાં એક અધિકારી જોઇએ. લડવાના જોખમમાં ઉતરવાના કરતાં

આ સંદેશા ઉપાય–અંગ્રેજ સરકાર માર્ફતે નીવેડો લાવતાં–રાજાઓએ માન્યો. એક તરફથી પોતાનામાં પરાક્રમ ઘટતું ગયું અને બીજી તરફથી પોતાના સીમાડાઓ કે જમીનની બીજી તકરારોમાં મચ્યો રહેવાનો દુરાગ્રહ કાયમ રહ્યો. એટલે અંગ્રેજી સંબંધની શરૂઆતનો વખત તો કાંઈ રાજાઓએ પરસ્પરના ઝઘડાઓ અંગ્રેજ અધિકારીઓથી પતાવવાના કામમાં પોતાની સર્વ શક્તિઓ વાપરી. પરિણામ એ આવ્યું કે જે એક વખતે તોફાની (કે પરાક્રમી) રાજાઓ હતાં તે લડવાના ધંધાથી નબળાં પડ્યાં અને અંગ્રેજ સત્તા નીચે આવ્યા, બહારવટે નીકળી પડતા સરદારો અને ભાયાતો પોતાના રાજ્યકર્તાઓ અન્યાય આપતા તેનો ઈલાજ પ્રથમ કાંડાબળે કરતા હતા તેઓ પણ ન્યાયનું શરણુ લેવા લાગ્યા. ગાંધીજી કહે છે તે પ્રમાણે ઘણું કરી ધન જ્યાં વધારે હોય ત્યાં ન્યાય મેળવવાના ઝઘડાઓમાં ઢીલ થાય છે તે પ્રમાણે ઘણા દાખલાઓમાં બનતું અને પરિણામ એ આવ્યું કે આ શૂરા સરદારો પાયમાલ થઈ ગયા. રાજાઓને પહેલાંના વખતમાં તો સામા થનારને ઘણી વખત નમતું પણ આપવું પડતું હતું તેને બદલે ન્યાયના આશ્રય પછી તો સામા થનારનો કીનો લેવાની ભાવના જાગૃત થતી; અને એ કીનાને પરિણામે અત્યારે તે શૂર ભાયાતો પાયમાલ થઈ ગયા છે. મોટા કદનાં હીરાં જેવા તે ભાયાતો કે જેને માથે સોનેરી ઉપરણીઓ, શરીરે પાસાબંધી અંગરખાઓ, ખભે શમશેર, કમરે બેઠો, બાંગ ઉપર પછેડીઓ, સુરવાળો અને પગમાં સોના રૂપાની બેડીઓ, હાથમાં રૂપાથી મઢેલા હુક્કાઓ સહિત કાઠી ઘોડીઓ ઉપર આખા દેશ નજરે પડતાં હતા તેનું નામનિશાન ક્યાં છે? આ સઘળું પરિણામ ન્યાયના વ્યામોહમાં આવ્યું. દુષ્કાળોમાં પ્રજાની સેવા કરનારાં ભાનુઓ અને ગૃહસ્થોનો અનુભવ છે કે, દુષ્કાળના વખતમાં કાઠિયાવાડમાં સૌથી વધારે મદદને પાત્ર કોઈ હોય તો ગીરાસીઆ કોમ છે. લડાઈમાં મરતું, બહારવટે જવું એવા વિચારવાળી પરાક્રમી પ્રજા ન્યાયના મોહમાં એટલા બધા દુરાગ્રહપૂર્વક ધસેલી કે તેના પરિણામે તેનું પરાક્રમ નષ્ટપ્રાયઃ થયું અને તેની ગણના પણ ન થવાનો વખત આવ્યો છે.

ગીરાસીઆ કોમની ઉન્નતિ:

ગીરાસીઆ કોમની ઉન્નતિ અર્થે મોરબીના કુમારશ્રી હરભમજીએ એક મંડળ સ્થાપ્યુ હતું, તેણે કેટલું સારૂં કામ બજાવ્યુ હતું, પણ તેઓ સ્વર્ગવાસી થતાં હજાુ તેની હીલચાલ મંદ પડી ગઈ જણાય છે એ મંડળ

પોતાના કાર્યની જે લીટી દોરી હતી તે જોઈએ તેટલી દીર્ઘદૃષ્ટિવાળી ન હોવાના પરિણામે તે વિશેષ કાંઇ ન કરી શક્યું. મંડળની લીટી એવી હતી કે, સંસ્થાનોની સામે સરકારની મદદ માંગવી. આ લીટીને બદલે જો તે મંડળે રાજાઓનેજ પોતાના કરી લીધા હોત, તો આજે એ કોમ કોઇ બીજા સ્વરૂપેજ હોત. પણ જે થયું તે નહિ થાય. હવે શું કરવું તે સવાલ છે. હમણાં એ મંડળના પ્રમુખ ધ્રાંગધ્રાના દિવાન મી. માનસિંહજી છે; કે જેઓ એક ગીરાસીઆ કોમના સભ્ય છે; મી. માનસિંહજી અત્યારે જે દરજ્જો પોતાના રાજાને ત્યાં તથા બીજા રાજ્યોની સાથે ધરાવે છે તે દરજ્જાને લઇને જો આ મંડળનું બંધારણ ફેરવી નાંખી, રાજાઓને ગીરાસીઆઓ તેમના અંગજ છે અને તેઓની શોભા એ રાજાઓની શોભા છે એવી સમજપૂર્વક કામ લે તો તેઓ ઘણું કરી શકે. બધા રાજ્યકર્ત્તાઓનેજ એ મંડળના મુરબ્બીઓ બનાવવા જોઇએ અને તેઓની સમ્મતિ અને પ્રેમપૂર્વક કામ લઇ ગીરાસીઆ કોમનો ઉદ્ધાર રાજાઓને સોંપે તોજ ઉદ્ધાર થાય. બીજો કોઇ રસ્તો નથી. મી. માનસિંહજીએ પોતાની અત્યારની સ્થિતિની તક ગુમાવવા જેવું નથી. અધિકાર છે ત્યાંસુધી તે ઘણું કરી શકવાના.

સંસ્થાનોની ઉપજ અને પ્રજાકીય ખર્ચો:

આજથી સાઠ વર્ષ પહેલાંની, કાઠિયાવાડના દેશી રાજ્યોની ઉપજ હતી તેના કરતાં આજે કેટલાક સ્ટેટોમાં છથી આઠ ગણી ઉપજ વધેલી છે; એથી ઉલટું પ્રજાકીય ખર્ચો ઉપજવૃદ્ધિના પ્રમાણમાં ઘણાખરા સ્ટેટોમાં કાંઇ વધ્યા નથી. પ્રજાકીય ખર્ચો દેશી રાજ્યમાં ત્રણ પ્રકારનાં છે. કેળવણી, ઔષધાલયો અને શહેરસુધરાઇ. બીજાના મુકાબલે ભાવનગર, ગોંડલ અને ધ્રાંગધ્રા આ ત્રણ પ્રજાકીય ખર્ચોના સંબંધમાં ઓછા કૃપણ છે. લીંબડી કેળવણીની બાબતમાં ઠીક છે; પણ જ્યારે આ સ્ટેટોની ઉપજની વૃદ્ધિની સાથે પ્રજાકીય ખર્ચોની સરખામણી કરીએ છીએ ત્યારે અત્યંત ખેદ થાય છે. એ ખર્ચો કેટલાં હોવાં જોઇએ એનો ખ્યાલ વાંચનારને આપવા માટે હું ઉપજ અને ખર્ચના આંકડાઓ તૈયાર કરું છું. દરમ્યાનમાં મારે એટલું અગાઉથી કહી નાખવું જોઇએ કે, એ [illegible] ઓની વચ્ચે આકાશ પાતાળ જેવો મોટો તફાવત છે. વાંચનારાઓએ થોડોક [illegible] રાખવી જોઇશે, કેમકે આંકડાઓ સહેલાઇથી મેળવવા સંભવિત નથી, પણ હું તેઓને ખાત્રી આપું છું કે, જે વાત હું કહું છું તે [illegible] નથી. તે ખરી

વસ્તુસ્થિતિ છે. કાઠિયાવાડના રાજ્યકર્તાઓએ હવે સમજવું જોઇએ કે, તેઓ હિંદના પુત્રો છે. જેમ બીજા હિંદના પુત્રો માતાજીને આહુતિ આપવામાં પોતાનો હિસ્સો આપવા ઇંતેજાર છે, તેમ તેઓએ પણ આપવો એ તેમની પવિત્ર ફરજ છે. જેઓ તેમ નહિ કરે તેઓ માતાજીને દ્રોહી થશે. બીજું શું કહું? દેશી રાજ્યોને પ્રભુ સારી બુદ્ધિ આપે તો તો તેઓ હિંદના ઉદ્ધારમાં જબ્બર હિસ્સો આપી શકે, પણ તેમ ક્યાંથી બને? જ્યાંસુધી દેશની દશા જ પ્રતિકૂળ છે ત્યાં સુધી સારી બુદ્ધિ આવે જ ક્યાંથી!

કાઠિયાવાડના યુવરાજ કુમારો:

એક રાજ્યકર્તા ધારે તો તેની પાસે એટલાં બધાં સાધનો છે કે તે રાજ્ય ભોગવતાં છતાં જનકવિદેહીની પેઠે સંસારમાં રાજ્ય કરતાં છતાં મોક્ષ મેળવી શકે. બાકી દરેકનો લાભ તો બીજા જ લઇ શકે. એવી ધર્મભાવના છે કે રાજ્યકર્તાઓ પૂર્વપુણ્યસંચયથી રાજ્યગાદી પ્રાપ્ત કરે છે, પરંતુ અપવાદ સિવાયના તો પૂર્વના પુણ્યનો સંચય રાજ્યદ્વેષ જ ઘણું કરી પૂર્ણ કરી દે છે અને જો એમ હોય તો જે પ્રાચીન કહેવત "રાજ્યકર્તાઓને દેહત્યાગ પછી નરકમાં જવું પડે છે" ને રાજ્યકારી સંન્યાસી અનુભવે છે તે સત્ય કરે છે. અત્યારે હિન્દુસ્તાનમાં ૭૦૦ નાનાં મોટાં રાજ્યો ગણાય છે તેના રાજ્યકર્તાઓમાંથી ભાગ્યે જ કોઇ પોતાના આત્માનું કલ્યાણ કરવાની બુદ્ધિથી કોઇ ઉમ્મરે પોતાના યુવરાજને ગાદી સુપ્રત કરી વાનપ્રસ્થ થવાની બુદ્ધિએ વર્તતા હશે. વાનપ્રસ્થ થવાની તો વાત બાજુએ રહી, પરંતુ સામાન્ય રીતે પોતાની મરજી લગામનો થોડો ભાગ પણ યુવરાજોમાં મૂકી પોતે તેટલો ભાર ઓછો કરતા હશે. આશ્ચર્યની વાત એ છે કે આપણા રાજ્યકર્તાઓ જ્યારે પ્રાચીન ભાવનાને ભૂલતાં જાય છે ત્યારે યુરોપના રાજ્યો પ્રાચીન ભાવનાને અનુસરતા થાય છે. ઇંગ્લાંડનો જ દાખલો લઇએ. ઇંગ્લાંડના રાજા કે, તેમના યુવરાજ સંપૂર્ણ રીતે બંધારણવાળા (Constitutional Kings) છે, છતાં રાજા કે યુવરાજનું પ્રજાઓમાં જવું વર્તની સ્થિતિને સંગીન બનાવે છે એવું ધારી ખુદ નામદાર પ્રિન્સ ઑફ વેલ્સને ઑસ્ટ્રેલિયા ન્યુઝીલાંડ વગેરે જગાઓમાં પ્રવાસે મોકલવામાં આવે છે. તેઓ હિંદના પ્રવાસે આવવાના છે તેમ. અત્યારે ઇંગ્લાંડ આપણું સાંભળ્યાં છે દેશી રાજ્યોમાં એવા ઉપક્રમો બનતાં નથી. પણ દરેક દેશનું એક અંગ છે કે રાજા અને યુવરાજની વચ્ચે વિચારભેદ

હોય અને તેથી તેઓ ઘણું કરી રાજથી દૂરજ રહે. ભાવનગરના મર્હુમ મહારાજા તખ્તસિંહજીની સાથે તેઓના યુવરાજ અને તેના પછીના મહારાજા ભાવસિંહજીની વચ્ચે વિચારભેદ હતો. ધ્રાંગધ્રાના મર્હુમ રાજસાહેબ અને તેના પિતામહ વચ્ચે પણ તેમજ હતું. અત્યારે પણ તેવીજ જાતના દાખલાઓ મળી શકે છે. ગોંડળ અને મોરબી રાજ્યના યુવરાજો રાજથી દૂર રહે છે. પિતાના વખતમાં યુવરાજપુત્રો પ્રજામાં ભેળાઇ પ્રજાના સુખ-દુઃખના ભાગીદાર થતાં શીખ્યા હોય તો ખુદ પિતાના વખતમાં અને ત્યાર પછી પોતાની કાર્કિર્દીના વખતમાં પ્રજાહિત કેટલું બધું કરી શકે? એથી ઉલટું રાજથી દૂર રહેવાથી એક રાજકર્ત્તા જેવી ઉદાર જીંદગીથી ભાગ્યેજ વર્તી શકાય. એટલુંજ નહિ પણ કેટલીક વખત સંકુચિત સ્થિતિમાં રહેવું પડે અને સંકુચિત સ્થિતિમાં ઉદાર અને ઉમદા સંસ્કારો કે જે એક રાજ્ય-કર્ત્તાના આવશ્યક ગુણો છે તે ક્યાંથી મેળવી શકે? અને મેળવી ન શકે તો પછી તેની કાર્કિર્દી ક્યાંથી ઉદાર અને ઉમદા થઇ શકે?

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ [illegible] રાજકોટ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઇ મેહતા.

પત્ર ૯ મો.

(હિંદુસ્થાન, તા. ૬-૪-૧૯૨૦).

કાઠિયાવાડનો દરબાર;

દેશી રાજસ્થાનની પરિભાષામાં રાજ્યકર્તાઓના સંમેલનને 'દરબાર' ની સંજ્ઞા આપવામાં આવે છે. કાઠિયાવાડના સંસ્થાનોનું સાત વર્ગમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આમાંથી પહેલા બે વર્ગનો અહિં પરિચય આપું છું: દેશી રાજ્યની પ્રજાઓ સ્વાતંત્ર્યને માર્ગે જાય તેને માટે સર્વ પ્રયત્નો કરવા ઇષ્ટ છે, તથાપિ દેશી રાજ્યોના પ્રશ્નો વિષે ચર્ચા કરતાં વસ્તુસ્થિતિ હોય તેના કરતાં તેને વધારે પડતુંરૂપ કેટલાક અતિ ઉત્સાહી લેખકો અને ચળવળકારોથી અપાઇ જાય છે તે દેશી રાજ્યોને અન્યાય આપવા બરોબર થાય છે. દેશી રાજ્યો કેમ જાણે મહા જંગલી અવસ્થામાં હોય અથવા તો ત્યાં કોઇ ભયંકર જુલમો હોય એવું સ્વરૂપ બતાવવામાં આવે છે તે અયોગ્ય છે. જેમ સર્વત્ર દરેક રાજ્યની ખામીઓ (drawbacks) હોય છે તેમ આના સંબંધમાં પણ છે. દેશી રાજ્યની સંસ્થાને મૂળમાંથી ઉચ્છેદવાનું એ જાતની ટીકા સાધન થઇ પડે છે. આજે હું એવા હેતુથી પરિચય આપવા ધારૂં છું કે, કાઠિયાવાડના સંસ્થાનો વિષે પ્રજાને ખરો ખ્યાલ આવે. આ પ્રમાણે પરિચય આપતાં કોઇ પણ સંસ્થાનના ગુણ અથવા દોષને ન્યૂનાધિક સ્વરૂપ આપવામાં નહિ આવે. એટલું ધ્યાનમાં રહેવું જોઇએ કે જેવી રીતે અવિભક્ત

હિંદુ કુટુંબ બનેલું છે તેવીજ રીતે દેશી રાજ્ય એ એક અવિભક્ત રાજ્યદ્વારી કુટુંબ છે. જેમ અવિભક્ત હિંદુ કુટુંબની કેટલીક ઉત્તમ બાજુઓ છે. તેમ કેટલીક નબળી બાજુઓ પણ છે; આજ રીતે દેશી રાજ્યની કેટલીક ઉત્તમ બાજુઓ છે અને કેટલીક નબળી બાજુઓ છે. નબળી બાજુઓ સુધારવી જોઇએ પણ તે સુધારતાં એવા પ્રયેગો ન થવા જોઇએ કે, જેથી ઉત્તમ બાજુઓવાળા વૃક્ષના મૂળને નુકશાન થઇ જાય. અહિં જે જે સંસ્થાનની નબળી બાજુ બતાવવામાં આવશે તે માત્ર સુધારણા કરવાની બુદ્ધિથી બતાવવામાં આવશે. રામ્સેમેકડૉનલ્ડે કહ્યું છે તેમ હું પણ દેશી રાજ્યોને માટે આશાવાદી છું. એક વાત મારે હમેશને માટે કહેવી જોઇએ કે, મારા પત્રમાં એક રાજ્યદ્વારી સંન્યાસીના શબ્દો ટાંકી મેં એમ બતાવ્યું હતું કે, બધાં રાજ્યો સારાં નથી અથવા તમામ રાજ્યકર્ત્તાઓ પ્રજાપ્રેમ ધરાવતા નથી એવું કાંઇ નથી. કાઠિયાવાડના પ્રથમ બે વર્ગના લગભગ બધા રાજાઓ બુદ્ધિશાળી અને પોતાની પ્રજા પ્રત્યે પોતપોતાની કેળવણીના પ્રમાણમાં પ્રેમ ધરાવે છે. તેઓમાં મુખ્ય ભાગે જે કહેવા જેવું હોય તો તે એ છે કે તેઓમાં રાજ્યની ઉપજ વધારવાનો સંસ્કાર બહુ પેસી ગયો છે, પરંતુ તેમાં તેઓનો પોતાનો જેટલો દોષ હોય તેનાં કરતાં તેઓને અત્યાર સુધી જે શિક્ષણ મળ્યું છે તેને આભારી છે; તેની સાથે કેટલેક ઠેકાણે અધિકારી વર્ગ નવા તાજા ગાદીએ બેઠેલા રાજ્યકર્ત્તાઓને કોઇને કોઇ રવાડે ચડાવી દે છે, તે પણ એક કારણ છે. આ રાજ્યકર્ત્તાઓને જો પ્રજા અને અધિકારી વર્ગ તેમજ દેશના આગેવાનો યોગ્ય માર્ગે લઇ જવા ઇચ્છે તો તેઓ પોતાના સંસ્થાનોનું અને આખા દેશના હિતમાં ફાળો આપવાનું ઘણું કામ કરે તેવા છે. જાહેર પ્રજા મતની તેઓને અત્યાર સુધી આદત પાડવામાં આવી નથી તેથી તેઓ જાહેર—હીલચાલોથી ભડકે છે, પણ જો ડહાપણપૂર્વક કામ લેવામાં આવે તો તે યોગ્ય માર્ગે ચડ્યાવિના નહિ રહે. આટલી પ્રસ્તાવના પછી દરેક સંસ્થાન વિષે કહુંછું.

જુનાગઢ:—જુનાગઢ એ પ્રથમ વર્ગમાં પ્રથમ પદ ધરાવે છે. તે એક મુસલમાની રાજ્ય છે. તેના રાજ્યકર્ત્તા 'નવાબ' ની સંજ્ઞાથી સંબોધાય છે. આ પત્ર લખાય છે તે અરસામાં યુવાન નવાબનો રાજ્યાભિષેક થાય છે. અત્યાર સુધી અંગ્રેજ સરકારની દેખરેખ તળે એડમિનિસ્ટ્રેશન હતું. એડમિનિસ્ટ્રેશન દરમ્યાન કેટલીક વહિવટી સુધારણાઓ થઇ છે; તથાપિ જુનાગઢની રીયાસત તેજ રહિત થવા પામી છે. રાજની સ્થિતિના પ્રમાણમાં પ્રજાકીય ખર્ચો અનુદાર છે. કાલેજ, ઔષધાલયો અને શહેર સુધરાઇખાતાં પોપણ માંગે છે. રાજની અંદર પક્ષાપક્ષી વર્ષો

થયાં રજા કરી છે. નવા નવાબને શિક્ષણ ઇંગ્લંડમાં આપ્યું છે. તેઓની કારકિર્દી કેવી નીવડે છે તે તો ભવિષ્ય જ કહેશે. રાજ્યનું ચલણ એડમિનિસ્ટ્રેશને બંધ કર્યું છે તે અયોગ્ય થયું છે. પ્રજાકીય હકોને માટે રાજ્યની તેમજ પ્રજાની હીલચાલ મુદ્દલ નથી.

જામનગર:—ત્રીજું સ્થાન જામનગરનું છે. જામનગરના રાજ્યકર્તા જામ રણજીતસિંહજીનું નામ જાણીતું છે. તેઓ જો કે એક વ્યવહારકુશળ અને સમયસૂચક રાજ્યકર્તા છે, તથાપિ તેઓની કારકિર્દીની શરૂઆતમાં તેમના રાજ્યના બીનઅનુભવના કારણથી તેમજ આસપાસના વાતાવરણથી કેટલીક ભૂલો એવી થવા પામી હતી કે જે જાહેર ટીકાપાત્ર થઇ પડી હતી. હમણાંની રાજનીતિ શરૂઆતના કરતાં મુકાબલે ઓછી ટીકાપાત્ર છે, તથાપિ રાજ્યની કૃત્રિમ રીતે ઉપજ વધારવામાં આવે છે તે તેઓ કેમ જોઇ શકતા નથી એ આશ્ચર્યની વાત છે પ્રજાકીય ખર્ચો પાછળ બહુ ઉદાર થવાની જરૂર છે; તેમ અંગત ખર્ચો બહુ ઓછાં કરવાની અનિવાર્ય જરૂર છે. જામનગરની કારકિર્દીઓ પાછળ જામ વિભાજી અને જામ જસાજીની જેવી કાળજી હતી તેવી કાળજી હાલ નથી. આમરણ રાજ્ય હાથ લેવાની જમીન સુધારવાથી રાજ્યની શોભા છે, કારણકે તે ન્યાય છે; તેમ કેટલાક નોકરીઆતોને કેદની જે સખત સજાઓ કરવામાં આવી છે તેમાં ક્ષમાપૂર્વક વર્તન કરવું જોઇએ. ખેતી અને બીજાં કરોનું પ્રમાણ ઘણું વધવા પામ્યું છે તે પ્રજાને નભાવી પાડનારી વાત છે. પ્રજાકીય મંડળની શરૂઆત કરવામાં આવી છે, પરંતુ તે ઘણી પામર છે, માટે તેમાં સંગીનતા દાખલ કરવી જોઇએ.

ભાવનગર:—ભાવનગરનું ચોથું સ્થાન છે. આ રાજ્યનું બંધારણ અને રાજનીતિ હમેશાં પ્રશંસાપાત્ર છે. મર્હુમ મહારાજા સાહેબ અને પ્રભાશંકર પટ્ટણીના પ્રશંસનીય પ્રેમ હતો. હાલમાં મહારાજા હોવાથી નવ મણી અહિં જ્હાર સુધ- [illegible] આવેલી 'સમિતિ'થી કારોબાર ચાલે છે રાજ્યની અંદર કોનું [illegible] બીજા સંસ્થાનોના કરતાં ઘણું ઓછું છે. કેટલીક રાજનીતિ [illegible] [illegible] નથી. પ્રજાકીય [illegible] બીજા [illegible] કરતાં ઉદાર છે, પણ [illegible] પ્રજાનાં [illegible] [illegible] છે.

પ્રજાએ વિશેષ જાગૃત થવાની જરૂર છે. પ્રજા પ્રત્યે રાજાની અમી નજર છે. ત્રાવણકોરની પેઠે સ્વતંત્ર યુનિવર્સિટી યોજી શકે છે.

ધ્રાંગધ્રા:—ધ્રાંગધ્રાનું ચોથું સ્થાન છે. તેના રાજ્યકર્ત્તા યુવાન છે અને ઇંગ્લંડમાં બેરિસ્ટરનું શિક્ષણ લીધેલું છે. તે કોમળ અને માયાળુ તથા ભલા છે. તેઓની ભલાઇનો ઉપયોગ અન્યથા રીતે અધિકારીવર્ગ કરે છે તે શોચનીય છે. અધિકારી વર્ગે રાજ્યને વ્યાપારને માર્ગે ચઢાવવાની ગંભીર રાજકીય ભૂલ કરી છે; એ ભૂલથી રાજાને તથા પ્રજાને બંન્નેને નુકશાન અંતે થશે. ખેતી વગેરેના કરો ઓછા કરવા લાયક છે. રાજના જીનો પ્રેસો કરવાની પૃથા કમાઇ કરવાની બુદ્ધિથી ચાલે છે તે દૂર થવી જોઇએ. અધિકારીવર્ગની ભૂલને પરિણામે પ્રજા એક વખત સામી થઇ હતી. જે ગૃહસ્થોને તેથી રાજ્ય છોડવું પડયું છે તેઓની સત્યનિષ્ઠાને માટે રાજસાહેબને માનબુદ્ધિ ઉત્પન્ન થવી જોઇએ અને તેઓને સત્કારપૂર્વક પાછા બોલાવવા જોઇએ. બીજા કેટલાક સ્ટેટોના પ્રમાણમાં પ્રજાકીય જીવન મુદ્દલ નથી. અધિકારીવર્ગનાં મોટો ભાગ સુશિક્ષિત નથી.

ગોંડલ:—ત્યાર પછીનું સ્થાન ગોંડલનું છે. ભાવનગર પછી સારા રાજ્ય તરીકે ગોંડલને સ્થાન આપી શકાય. રાજનીતિ કૃત્રિમ ઉપજ વધારવાની વિરૂદ્ધ છે એ તેનો પ્રશંસનીય સદ્‌ગુણ છે. આ સંસ્થાને રાજ્યમાંથી દાણ સર્વથા કાઢી નાંખવાનો ઘણો સ્તુતિપાત્ર દાખલો બેસાડયો છે. રાજનીતિ સ્વદેશીને પ્રોત્સાહક છે. ભાવનગર રાજ્ય કરતાં પણ જાહેર હીલચાલ કરવાની પ્રજાને વધારે છુટ છે, તથાપિ પ્રજા મંદ અને નીસ્તેજ છે, રાજ્યકર્તા સ્વદેશાભિમાની છે; પોતાનો હક્કોને માટે અંગ્રેજ સરકારની સાથે પણ સારી રીતે ટક્કર લે છે. તેઓમાં ખાસ ગુણ એ છે કે રાજયનો કારોબાર બંધારણપૂર્વક અને ધારાધોરણને અનુસરી ચાલવા દેવો. તેમાં પોતે આડું આવવું નહિ. તેઓની રીતભાત એવી છે કે એક પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખ થવાને લાયક ગણાય. તેઓ એક અંતિમ સામાજિક સુધારક છે. રજપૂતોના જનાનાના ધોરણને દૂર કરવાના હેતુથી તેઓએ પોતાના કુટુંબમાંથી એ ધોરણ સર્વથા કાઢી નાંખ્યું છે. આ બાબતમાં તેઓ એટલા બધા આગ્રહી છે કે તેઓને સીધી અને આડકતરી રીતે ઘણું સહન કરવું પડયું છે. કેળવણી પાછળ તેઓની કાળજી બહુ સારી છે, જો કે પ્રથમના કરતાં કંઇક શિથિલતા આવી છે. જો તેઓની આસપાસ ઉચ્ચ પ્રકારનું અધિકારી વાતાવરણ

ાય હો તે પ્રજા માટે ઘણું કરે તેમ છે. પ્રજા બંધારણપૂર્વક અન્યાયોને ાટે અધિકારી વિરુદ્ધ પગલાં લેવાની નૈતિક હિમ્મત બતાવે એવું તેઓ ચાહે છે, પણ તેઓ એજ વખતે ભૂલી જાય છે કે, જેમ પ્રજા નિર્બળ છે તેમ તેને કેળવવા માટે ગાયકવાડ સરકારની પેઠે રાજ્યના પ્રયત્નો નથી. અમલદારોનું વર્તન વધારે ઉત્તમ બનાવવું ઘટે છે. ગીરાસીઆના ઉદ્ધાર અર્થે ાઓએ એક કોલેજ સ્થાપી છે; પણ વિલક્ષણ એ છે કે ભાયાતો અને ાજનો સંબંધ અખંડ નથી. કોઇ કોઇ વેળા આ રાજનું ન્યાયનું ખાતું ટીકા- ાત્ર થઇ પડે છે. લેણું વસુલ કરવામાં રાજનો અગ્રહક ગણવાથી ઘણા અનર્થો થાય છે. ખેડુતોની સ્થિતિ ઘણી આબાદ છે. ગૌવધ સર્વથા બંધ છે. આવા ઉદારચિત્ત રાજ્યે પ્રજાકીય હકો આપવાની શરૂઆત કાં નથી કરી એવો પ્રશ્ન દરેક સ્થાને રહે છે.

મોરબી:—મોરબીનું સ્થાન તે પછી છે. હિંદના દેશી રાજ્યોના ાહોશ આ સમર્થ શક્તિઓના રાજ્યકર્ત્તાઓમાં તેઓનું સ્થાન ઘણું ઉચ્ચ પામી શકે એવું સામર્થ્ય તેઓમાં છે. જો તેઓની સમર્થ શક્તિઓ અને બુદ્ધિબળ રાજની અભિવૃદ્ધિ અર્થે વપરાયાં હોત અથવા હજુ પણ વપરાય ા તેઓથી જાપાનના રાજા મિકેડોના જેવું પ્રજાનું કલ્યાણ થઇ શકત, અથવા થઇ શકે. તથાપિ રાજનીતિ રાજ્યને મહાધનાઢ્ય બનાવવાની ાવાથી બધો લક્ષ્ય વ્યાપારઅંગ કેન્દ્રિત રાખવામાં આવે છે. વ્યાપાર પ્ર- ત્તિ રાજ્યના ભાગ્યને માટે જોખમકારક છે એ વાત રાજ્ય જોઇ શકતું નથી. રાજ્યને મહા ધનાઢ્ય બનાવવાની ઇચ્છાના પરિણામે ખેતી અને બીજા વિષયો પર કૃત્રિમ કરો ઘણા પાડવામાં આવ્યા છે. કેળવણી, શહેર અને ગ્રામ્ય સુધરાઇ તથા ઔષધાલયાદિ પ્રજાકીય ખર્ચો અત્યંત નિરાશાજનક હોવાથી ામાં અસાધારણ પરિવર્તનની જરૂર છે. રાજ્યકર્ત્તા બહુ દમામદાર છે; છતાં ાહુ પ્રેમાળ છે; કેટલાક ગુણો અને રીતભાત અસલી સારા રાજ્યકર્ત્તાઓના જેવાં છે. રાજનીતિ કૃપણ અને કડક છતાં રાજા અને પ્રજા જુદા જુદા એક બીજાને માબાપ અને સંતાનોના જેમ પરસ્પર ચાહે છે. આ તેઓનો લોકપ્રિયતાનો ગુણ છે. રાજની અંદર અધિકારી વર્ગનો ત્રાસ નથી, કારણ કે બંધા- રણ એવું છે કે પ્રજા ઉપર કોઇપણ અત્યાચાર કરી શકે એવી સ્થિતિમાં અધિકારી વર્ગને રાખ્યો નથી. નુકશાન કરવાની રેટી પ્રજાને ત્રાસથી મુક્ત કરે છે. જીન પ્રેસ વગેરે મોટી કમાણીની ઇચ્છાથી કરવામાં આવતાં હાથના ઉદ્યોગો નાશ પામ્યા છે. અઘોરના જેવું એઓનું કામ સર્વ મુંગા પ્રાણીઓને અન્ન-

દાન આપવાનું છે. પ્રજા ઉપર કે તેની એક વ્યક્તિ ઉપર કિંચિત્ અત્યાચાર થાય અને એક પોસ્ટ કાર્ડ કે એક પત્રથી રાજા સાહેબને ખબર આપવામાં આવે તો પોતે જાતે જઇ સ્થાનિક તપાસ કરી તેને માટે યોગ્ય કરે છે. રાજ્યકર્ત્તા પ્રજાના નાના મોટા દરેક મનુષ્યને જાતે ઓળખવાની અને તેના પરિચયમાં આવી સ્થિતિ જાણી લેવાની પ્રશંસનીય ટેવ ધરાવે છે. અત્યાર સુધીની રાજનીતિ સર્વથા સંરક્ષક (Couservative) છે, છતાં રાજ્યકર્ત્તાની અંદર કેટલાંક તત્વો એવાં સારાં છે કે જો તેઓને ગાંધીજી જેવા પુરૂષના સમાગમનો લાભ મળે તો તેઓ હજુએ પ્રજાનું અપૂર્વ હિત તેમ પોતાના આત્માનું કલ્યાણ કરી જાય એવી તેઓના હૃદયને માટે મારી શ્રદ્ધા છે, કારણ કે હંમેશાં "કર્મ બાંધવે શૂરા તે કર્મ છોડવે પણ શૂરા હોય છે."

પોરબંદર:—પોરબંદરના રાજ્યકર્ત્તા હમણાજ ગાદીએ આવ્યા છે: એટલે તેઓના સંબંધમાં અત્યારે અભિપ્રાય નહિ ઉચ્ચારૂં. તેઓની કૉલેજની કારકિર્દી બહુ સારી હતી. એટલે તેઓને માટે સારી આશા રાખી શકાય. રાજ્યાભિષેક થયા પહેલાં રાજ્ય એડમિનિસ્ટ્રેશન તળે હતું. તે જો કે એક હથુસત્તાવાળું—autocratic હતું, છતાં રાજ્યમાં ઉદ્યોગ વધારવાનો પ્રયત્ન સારો કર્યો છે. તાતા કંપનીએ એક સીમેંટનું કારખાનું કર્યું છે. રાજ્યાભિષેક વેળાએ ગવર્નરના એજંટ મી. મેકૉનકીએ કારોબારમાં પ્રજાને હિસ્સો આપવાની જે સારી સલાહ આપી હતી તેનો તેઓ સદુપયોગ કરશે એવી આશા છે. કેટલાંક રાજ્યોની વ્યાપારપ્રવૃત્તિ, ગીરાસો લઇ લેવાની પ્રવૃત્તિ વગેરે બાબતો ટીકાપાત્ર થાય છે એ તેઓ જોઇ લેશે.

વાંકાનેર:—વાંકાનેરના રાજ્યકર્ત્તા ઠરેલ પ્રકૃત્તિના અને મનુષ્યસ્વભાવના સારા અભ્યાસી છે. રાજનીતિ કૃપણ છે, એટલે તેઓની કારકિર્દીના સારા અંશો દેખાઇ શકાતાં નથી. રાજ્યની ઉપજ કેટલીક બાબતમાં કૃત્રિમ-રીતે વધારવામાં આવે છે. વ્યાપારમાર્ગે ચડી જવાની ભૂલ કરી છે. પ્રજાને હક્કો આપવાનો વિચાર કરવામાં આવે છે.

રાજકોટ:—રાજકોટ સંસ્થાન હમણાના રાજ્યકર્ત્તાના વખતમાં બહુ આબાદ અને જાહોજલાલીવાળું થયું છે. કાઠિયાવાડમાં અત્યારે કોઇ શહેર વધ્યું હોય તો તે રાજકોટ છે. તેનું કારણ ઠાકોરસાહેબની શરૂઆતની કારકિર્દી બહુ સારી હતી તે છે. એક વેળા એવું મનાતું હતું કે, રાજકોટ કાઠિયાવાડમાં રાજનીતિના સંબંધમાં બહુ ઉચ્ચ સ્થાન લઇ લેશે, તથાપિ

અણીક વર્ષ થયાં રાજ્ય વ્યાપારપ્રવૃત્તિએ ચડ્યું એટલે નુકશાન થયું, તેમ રાજ્યનીતિ સત્તાધ્ધ-autocratic-વધારે થવા લાગી છે એટલે પ્રથમની આશાઓ કાંઇક મંદ પડવા લાગી છે: આ રાજ્યનીતિ બદલવાથી અને વ્યાપારવૃત્તિ છોડવાથી ઠાકોરસાહેબની કારકિર્દી પાછું મૂળ ઉજ્વલ સ્વરૂપ લઇ શકે. આ વર્તનમાં સુધારો લેવાય એવી વાત છે. કૃત્રિમ વફાદારી વગેરે રાજ્યનું વલણ કેમ થયું-તે હું સમજી શકતો નથી. જાહેર પ્રવૃત્તિની પ્રતિકૂળ રાજ્યનીતિ કરવામાં આવે છે તે સારા રાજા અને સુશિક્ષિત વિદ્વાનને માટે સારૂં નથી. પ્રજાકીય ખર્ચો ઠીક છે, પણ વધારે ઉદાર થવાની જરૂર છે. ઉદ્યોગ પાછળ ધ્યાન ઠીક છે. કૃત્રિમ ઉપજ નહિ વધારવાનું ધ્યાન આપવાનું છે.

પાલીતાણા:—પાલીતાણાના રાજ્યકર્ત્તા હમણાંજ ગાદીએ આવ્યા છે. તેઓએ શિરસ્તા(?) હસ્તમાં લીધું છે તે કેવું ફળદાયી નિવડે છે તે જોવાનું છે. મરહુમ ઠાકોર સાહેબ માનસિંહજીના સમયની જાહોજલાલી રાજ્યમાં નજરે પડતી નથી. જૈનોની સાથે સ્નેહભાવથી વર્તવામાં રાજ્યને ઔદ્યોગિક અને પારમાર્થિક વિષયોમાં ઘણો લાભ લઇ શકે. બીજા લોકોનું આકર્ષણ કેમ કરાય તે રાજકોટ રાજ્ય પાસેથી જોઇ લેવાય તેવું છે. પ્રજા સામાન્ય રીતે પ્રમાદી અને તેથી નિર્ધન છે. પ્રજાકીય ખર્ચો વધારવાની જરૂર છે.

લીંબડી:—લીંબડીના રાજ્યકર્ત્તા વિચિક્ષણ તેમ જગતના અનુભવી છે. રાજ્યની સામાન્ય રાજ્યનીતિ કૃપણ છે, છતાં કેળવણી આદિ પ્રજાકીય વિષયોમાં ઠીક છે. યુવરાજ ઉદારચિત્ત હોવાથી રાજ્યને નમુનેદાર રાજ્ય થયેલું જોવા ઇચ્છે છે એમ કહેવાય છે. રાજ્ય વેપાર કરે છે; એ ટીકાપાત્ર વાત છે. ગીરાસો લઇ લેવાની વિરુદ્ધ ફર્યાદ સંભળાય છે. પ્રજા હકકોની વાતો કરવામાં આવે છે, પરંતુ તેમાં કાંઇ સંગીનતા નથી. એક રૈયત તરીકે જીવન ગાળી પુણ્યયોગે રાજા થવા પામેલા રાજા પોતાના પૂર્વના અનુભવથી કેમ પ્રજાનું હિત કરવામાં આગેવાન નથી અથવા ઢીલ કરે છે એ આશ્ચર્ય છે.

વઢવાણ:—વઢવાણના રાજ્યકર્ત્તા હમણાંજ ગાદીએ આવ્યા છે. તેઓ શાંત, વિનયી અને મધુર છે, પરંતુ કાંઇક નરમ (nervous) છે એટલે જો સંભાળ ન રહે તો બીજી રીતે પણ દોરાઇ જાય. રાજ્યના પ્રમાણમાં વ્યાપાર બહુ સારો છે; મહાજન દઢ મનોબળવાળું છે. મી૦ મેકોનકીએ આપેલી સલાહ માન્ય કરી વર્તન ચલાવવાથી રાજ્યને લાભ થશે. પ્રજાકીય ખર્ચો સારાં છે, છતાં વધારવા લાયક છે.

પોતાની સ્થિતિ-ટકવાનો આધાર માત્ર બ્રિટિશ અમલ પ્રત્યેની વફાદારી રાખવાથી ટકી શકશે એમ માને છે તો તેટલું બસ નથી. જેમ વફાદારી સ્થિતિ ટકવાનું એક કારણ છે તેમ પ્રજા અને રાજાઓના હિતો એક સરખાં છે એમ ઉભય પક્ષ જોતાં શીખે તેથી સ્થિતિ ટકવાનું ખરૂં કારણ ઉપસ્થિત થાય છે. આ વાત બન્ને પક્ષે ભૂલવા જેવી નથી. એ વાત ખરી છે કે, પ્રજાઓ રાજહિતમાં ભાગ લેવાની બાબતમાં કેટલેક અંશે પછાત છે પરંતુ રાજ્યકર્તાઓ પ્રજાને કોઇ વખત પોતાના રાજ્યના હિતના પ્રશ્નોના સંબંધમાં વિશ્વાસમાં લેવાનો ખ્યાલ પણ કરતા નથી, તેનો એકજ દાખલો આપું. મી. મૉન્ટેગુ જ્યારે હિંદમાં આવ્યા ત્યારે રાજ્યકર્તાઓએ એકત્ર થઇ પોતાના હક્કો સંબંધી જે યાદીઓ મી. મૉન્ટેગુને રજુ કરી હતી તેમાં કોઇ પણ રાજ્યકર્તાએ પ્રજાની આગેવાનોની સલાહ પણ લેવાનો યતકિંચિત્ પ્રયત્ન ન હોતો કર્યો. પ્રજાના આગેવાનો પોતાના અંગ છે એવું જ્યાંસુધી દેશી રાજ્યકર્તાઓ નહિ જોઇ શકે ત્યાંસુધી રાજા અને પ્રજાઓના હિતોનું સમીકરણ ક્યાંથી થઇ શકે? રાજા અને પ્રજાના હિતોનું સમીકરણ થવાનો ઉપાય શું છે એ સંબંધમાં એક મુત્સદીએ ઘણો ગંભીર વિચાર કરીને કહ્યું છે કે:—

રાજ્ય એ ગીરાશ નથી પણ 'સ્ટેટ' છે:

એવું જ્યારે રાજ્યકર્તાઓ જાણતા થશે ત્યારેજ ઉભયના હિતોનું સમીકરણ થતાં બન્ને સુખી થઇ શકશે, એ મુત્સદીના શબ્દોજ અહીં હું ઉતારી લઉં છું:—

"Therefore, I hold that without doubt the straightest, surest, wisest and worthiest course—one which combines duty with policy—is for you and your brethere to turn their Principalities into *state*, as I have already suggested and thereby to create that identity of interests, or rather remove that apparent absence of such identity between yourselves and your subjects which is the main, indeed the only excuse for the Paramount power for interfering with the affairs of the Native States

"આ કારણથી હું એમ કહું છું કે બિના સંકોચે સીધામાં સીધો, [illegible], ડહાપણમાં ડહો અને ઉત્તમમાં ઉત્તમ માર્ગ— [illegible]

કર્ત્તવ્ય અને સ્વાર્થ, પ્રતિષ્ઠા અને રાજનીતિને જોડે છે—આપના અને આપના બંધુઓ (બીજા રાજ્યકર્ત્તાઓ) માટે એ છે કે, મેં અગાઉ કહ્યું છે તેમ આપનાં રાજ્યો જે માત્ર ગીરાસ જેવા છે તેને સંસ્થાન (સ્ટેટ) ના આકારમાં ફેરવી નાંખવા, અને તેમ કરી આપની અને આપની પ્રજાની વચ્ચે હિતોનું સમીકરણ ઉત્પન્ન કરવું, અથવા બીજી રીતે કહીએ તો આપની અને આપની પ્રજા વચ્ચેના હિતોના સમીકરણ—એકરૂપતાનો—જે અભાવ દેખાય છે તે દૂર કરવો, કે જે સમીકરણનો દેખાતો અભાવ, દેશી રાજ્યોના વિષયોમાં વચમાં આવવાનું સર્વોપરી સત્તાને મુખ્ય અને ખરેખરી રીતે એકજ બ્હાનું છે.”

કાઠિયાવાડના રાજ્યકર્ત્તાઓને આ વચનો અતિ ગંભીરતાપૂર્વક લક્ષ્યમાં લેવા માટે હું આગ્રહ કરૂં છું. અત્યારે જે રાજ્યકર્ત્તાઓ રાજ્યને પોતાના ગીરાસ માને છે અને જેમ સ્વેચ્છા થાય તેમ રાજ્યની ઉપજનો અને રાજ્ય તથા પ્રજાઓનો ઉપયોગ કરે છે તેઓ આ એક જબર મુત્સદીના શબ્દોને પુનઃ પુનઃ વિચારી પોતાના રાજ્યોને ખરાં સંસ્થાનનું સ્વરૂપ આપશે, તો પ્રજાઓનું જેટલું હિત છે તેનાં કરતાં પણ રાજ્યકર્ત્તાઓ ખુદનું અને તેઓના વંશપરંપરાનું હિત કાયમ રહેશે, જેઓ હજી પોતાના રાજ્યને ગીરાસરૂપજ ગણી વર્તશે તેના કડવાં ફળ તેઓના વંશવારસોને ભોગવવાં પડે એ સર્વાંશ સંભવિત છે.

રાજાઓની સ્થિતિ ઇર્ષ્યા ઉત્પન્ન કરનારી છે ?:

ચાળીશ વર્ષ ઉપર હિંદના એક વાઇસરૉયે આ પ્રમાણે કહ્યું હતું:—

“Indeed, I do not know in the world a more enviable position than that of the Princes of India, enjoying as they do under the ægis of the British *imperium* an absolute immunity from those anxieties by which chiefly European states are perpetually exercised, namely dangers threatening them without and the fear of revolution within.”

“ખરેખર, હિંદુસ્થાનના રાજ્યકર્ત્તાઓની સ્થિતિ કરતાં વધારે ઇર્ષ્યા ઉત્પન્ન કરનારૂં સ્થાન જગતમાં ક્યાંય હોય એમ હું જાણતો નથી.—આ રાજ્યકર્ત્તાઓ બ્રિટિશ શહેનશાહતની ઢાલથી, જે જાતની ચિંતાઓથી યુરોપનાં સંસ્થાનો નિરંતર રહે છે—એટલે કે બહારના ભય અને અંદર બળવાના ભયની ચિંતાથી રહે છે તેવી ચિંતાથી મુક્ત છે.”

સર ટી૦ ડબલ્યુ હોલ્ડરનેસ પણ કહે છેઃ

"The position of an Indian Prince is in many respects an enviable one."

"એક દેશી રાજ્યકર્તાની સ્થિતિ ઘણા વિષયમાં અદેખાઈ ઉત્પન્ન કરે તેવી છે."

ઉપર પ્રમાણે જે બે મુખ્ય અધિકારીઓના વિચારો ટાંકયા છે તે બન્ને એકજ ઉદ્દેશપૂર્વક બોલ્યા હશે કે કેમ એ આપણે જાણતા નથી; પણ વસ્તુસ્થિતિમાં આ શબ્દો બોલાયા છે એ નિઃસંશય છે. બાહ્યદૃષ્ટિએ જોતાં એટલે કે દેશીરાજ્યકર્તાઓનો બાહ્ય વૈભવ, તેઓની પ્રજાઓપર નિરંકુશતાપૂર્વક રાજ્ય કરવાની સત્તા એ વગેરે જોઇને તેઓની સ્થિતિ બીજાઓને અદેખાઈ ઉત્પન્ન કરનારી લાગે એ સંભવિત છે; પરંતુ ખરેખરી રીતે દેશી રાજ્યકર્તાઓ તેવી સ્થિતિમાં છે કે નહિ એ એક વિચારણીય પ્રશ્ન છે. જેઓ જાડી ચામડીના હોય અને જેઓ પોતાના જીવનનું કર્તવ્ય સાંસારિક વૈભવો ભોગવવામાંજ સમાયેલું માનતા હોય એવા અપવાદરૂપ રાજ્યકર્તાઓ કદાચ્ હોય કે જેઓને પોતાની સ્થિતિ મહા સુખી લાગતી હોય; બાકી જેઓ એક પ્રતાપી રાજ્યકર્તા બનવાની મહત્વાકાંક્ષા ધરાવતા હશે તેઓને તો પોતાની સ્થિતિ સોનાના પાંજરામાં પુરાએલા પક્ષી જેવી લાગતી હશે; કારણકે પ્રતાપી રાજ્યકર્તા પોતાનું રક્ષણ બહારની સહાયતાથી ઇચ્છે નહિ; તે તો પોતાની સ્વશક્તિપૂર્વક થતું રક્ષણજ ઇચ્છે, પરંતુ અત્યારે આ વિચાર અસ્થાને છે, કારણકે અત્યારે જે વસ્તુસ્થિતિ છે તેમાં ફેરફાર થવાના અત્યારે સ્વપ્નમાં પણ ચિન્હો નથી; એટલે તે સંબંધી વિચાર કરવામાં નિરર્થક વીર્ય ગુમાવવું યોગ્ય નથી. ઉપરના શબ્દોથી ત્યારે શું સાર ગ્રહણ કરવો ? જેમ એક વાઇસરોયને અને એક મોટા અધિકારીને રાજ્યકર્તાઓની સ્થિતિ અદેખાઇ ઉત્પન્ન કરનારી લાગી તેવીજ રીતે ઘણા મનુષ્યો એવા છે કે જેઓને એ પ્રમાણેજ લાગે છે. હું એમ માનુંછું કે, બાહ્યદૃષ્ટિએ જે સ્થિતિ બીજાઓને આવી મહાસુખરૂપ લાગે છે તેથી દેશી રાજ્યોકર્તાઓએ એક ગંભીર ચેતવણી લેવા જેવું છે. જે રાજ્યકર્તાઓ પ્રજાના નૃપને અર્થેજ પોતાનું જીવન ગાળવાને બદલે રાજને પોતાનો ગીરાસ માની પોતાના વૈભવ અને પોતાના મ્યાલોથી વર્તતા હોય તેઓએ એવી ચેતવણી આ ઉપરથી લેવા યોગ્ય છે કે, આવો અભિપ્રાય વૃદ્ધિ પામતા દેવો એ એક મુત્સદ્દીદૃષ્ટિએ જોખમકારક છે. એવા

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૧૦ મો.

(હિંદુસ્થાન, તા. ૧૦-૪-૧૯૨૦).

સ્ટેટોની શક્તિઓ: રેલ્વે કે દેશખીલવણીમાં?

મુંબઈનું 'ટાઇમ્સ ઑફ ઇંડીયા' પત્ર સામાન્ય રીતે દેશી સંસ્થાનો પ્રત્યે મૈત્રીભાવથી વર્તે છે. માત્ર શહેનશાહી રાજનીતિનો પ્રશ્ન હોય ત્યારે દેશી રાજ્યોના કેવા હાલ કરે છે તે વાત જોવી. તારીખ ૩૧ મી માર્ચના અંકમાં 'ટાઇમ્સે' "રેલ્વે, દુષ્કાળ અને કાઠિયાવાડ" એ નામનો એક મુખ્ય લેખ લખ્યો છે. એ લેખ વાંચતાંજ સ્પષ્ટ જણાઈ શકે તેમ છે કે જાહેરમાં જે એમ કહેવામાં આવે છે કે 'ટાઇમ્સ' કેટલાંક રાજ્યોનું મિત્ર છે એ વાત સાચી છે. ધ્રાંગધ્રાના અને જામનગરના પક્ષમાં અને મોરબીની વિરૂદ્ધમાં તેણે સરકારને દોરવવા પ્રયત્ન કર્યો છે. તેમાં મોરબી રેલ્વેના કારોબારને માટે જે હકીકત જણાવવામાં આવી છે તે લગભગ અસત્ય છે. હું કબુલ કરૂં છું કે, મોરબી સ્ટેટ દ્રષ્ટિએ અસાધારણ પ્રકારના સુધારાની જરૂર છે, પણ રેલ્વેના સંબંધમાં કાઠિયાવાડની બીજી રેલ્વેઓના કરતાં મોરબી રેલ્વેનો કારભાર ભયંકર રીતે ખરાબ છે એવું ચિત્ર આપવું એ માત્ર જુલમ છે. જેમ બીજી રેલ્વેઓની જુદી જુદી નાની મોટી ખામીઓ છે તેવી ખામીઓ મોરબી રેલ્વેની નહિ હોય એમ હું કહેતો નથી, પણ હું પુરવાર કરવાની સ્થિતિમાં છું કે, મોરબી રેલ્વેનો સ્ટાફ જેવો વિનયી છે અને ઉતારૂઓની કાળજી રાખે છે તે કરતાં બીજી

રેલ્વેઓ જરૂર ઓછો વિનયી અને ઓછી કાળજી રાખનાર સ્ટાફ ધરાવે છે. બીજી રેલ્વેઓમાં માણસોને બકરાંની પેઠે સીંચવામાં આવે છે તેવું તો જરૂર મોરબી રેલ્વેમાં થતું નથી. રેલ્વેના સ્ટાફને વધારે પગારોની જરૂર છે, પણ તેથી રેલ્વેનો સ્ટાફ બીજા કરતાં ત્રાસદાયક છે એવું કહેવાય તેમ છેજ નહિ, એથી ઉલટું વધારે સારો છે. મારી ચોક્કસ ખાત્રી છે કે, જી. આઇ. પી. રેલ્વેના ગંઠો મોરબી લાઇન કરતાં સોગણાથી પણ વધારે હશે. મોરબી સ્ટેટ રેલ્વે કરે અથવા ધ્રાંગધ્રા કે જામનગર રાજ્ય કરે તેમાં મને તો બધાંનું ડહાપણ લાગતુંજ નથી. એટલે-મોરબી રેલ્વેને લાઇન વધારવા દેવી અને ધ્રાંગધ્રા અથવા જામનગરને ન વધારવા દેવી એ હેતુથી મોરબી રેલ્વેનો હું બચાવ કરતો નથી, પણ 'ટાઇમ્સ' ખોટી રીતે કેવો પક્ષપાત કરે છે તે બતાવવા માટેજ આટલું કહેવું પડ્યું છે.

શહેનશાહી રાજનીતિ રેલ્વે વધારવાની છે અને તેથી સરકાર જ્યારે તેવી લાઇનની વૃદ્ધિ કરવાની સ્ટેટો પાસે સહાયતા માંગે ત્યારે સ્ટેટોએ તે મદદ આપવી એ જૂદી વાત છે, પરંતુ માત્ર કમાઇ કરવાની ખાતર સ્ટેટોએ પોતાની શક્તિઓ અને નાણાં વાપરવા એ વાત રાજા પ્રજાના હિત અર્થે નુકશાન-કારક છે. સ્ટેટો પોતાનું નાણું અને પોતાની શક્તિઓ જો પોતાના સંસ્થાનને ખીલવવામાં-સ્વદેશી હુન્નર ઉદ્યોગો જન્માવવામાં અને નહેરકામ કરવામાં વાપરે તો પ્રજા અને રાજા ખરા સુખને માર્ગે મૂકાય-જો મને ખરૂં પુછો તો હું એમ માનુંછું કે સ્ટેટોએ રેલ્વેઓ બાંધી પોતાને માટે રાજકીય પર-તંત્રતા વ્હોરી લીધી છે. ઉપરાંતમાં રેલ્વેથી દુષ્કાળમાં કાઠિયાવાડને લાભ થવાની જે લાલચ બતાવવામાં આવે છે તે તદ્દન ખોટી છે. કાઠિયાવાડ એ ખેતીવાડીનો પ્રદેશ છે અને તેમાં અનાજનો પાક વધારે થાય છે. જ્યારે રેલ્વે નહોતી ત્યારે એ અનાજ બહાર જતું નહિ તેથી એટલું સસ્તું મળતું કે લોકો સર્વથા સુખી રહેતા, એટલુંજ નહિ પણ દુષ્કાળના પ્રસંગોની સામે રક્ષણ કરવા માટે ત્રણ ત્રણ વર્ષના ખોરાક પૂરતું અનાજ પ્રજા સાચવી શકતી હતી. તેને બદલે રેલ્વે થયા બાદ ઘણું અનાજ બહાર તણાઇ જાય છે, અને દુષ્કાળ પડે ત્યારે મોંઘા ભાવો ખરચી બહારથી લાવવામાં આવે છે. રેલ્વેથી દેશને આ રીતે મહા નુકશાન થયું છે. જો દેશી રાજ્યો ડાહ્યા હોય તો રેલ્વે ચલા-વવાના વિભ્રમમાંથી ખસી જઇ પોતાના દેશની ખીલવણી પાછળ પોતાની શક્તિઓ અને નાણાં વાપરે એમાંજ સર્વાંશે તેઓનું હિતવર છે. મોરબી ઠાકોર સાહેબ જેવા વિચિક્ષણ રાજ્યકર્તા રેલ્વેની પાછળ શામાટે પોતાની

શક્તિઓ અને નાણાં વાપરી હાથે કરી ખરતંત્રતા વ્હોરી લે છે? જે સલાહ હું ગોરખીને આપું છું તેજ માંગરોળ, જામનગર અને બીજાં તમામ દેશી રાજ્યોને આપું છું—જો તેઓનો હિતસ ઘેર હોય તો હવે તેઓએ પોતાની ખરીસાશક્તિ વાપરતાં શીખવું જોઇએ. પણ મને નથી લાગતું કે તેઓ તેમ કરે, ત્યારથી દેશી રાજ્યોપર પ્રહ બેઠો છે ત્યારથી તેઓ પોતાનું વાસ્તવિક હિત શું છે તે જોતાં ભૂલી ગયા છે. શહેનશાહી રાજનીતિને સહાય જોતી હોય ત્યારે બધે દેશી રાજ્યો પોતાનો ફાળો સુખેથી આપે, પરંતુ માત્ર કમાણી કરવાની બુદ્ધિથી આ માર્ગે જાય છે એનું ફળ ભવિષ્યજ કહેશે.

ઉપજવૃદ્ધિનું શિક્ષણ:

જુનાગઢના યુવાન નવાબ તા૦ ૩૧ મી માર્ચે જુનાગઢની ગાદીએ બેઠા છે. તેઓ એક પ્રજાપ્રિય રાજ્યકર્તા નીકળે એમ આપણે ઇચ્છીશું. નવાબના ગાદીના અભિષેક વેળાએ મુંબઇના ગવર્નરના કાઠિયાવાડ ખાતેના આસી. મી૦ મેકૉનકીએ જે ભાષણ કર્યું હતું તે જુદી જુદી દષ્ટિબિંદુથી વિચારવા યોગ્ય છે. મી૦ મેકૉનકી એક સારા અમલદાર તરીકે કાઠિયાવાડમાં પ્રશંસાયા છે, કારણ કે તે વારંવાર રાજ્યકર્ત્તાઓને પ્રજાતંત્રની સલાહ આપે છે. મી૦ મેકૉનકીની તે એવી છતાં તે દરેક રાજ્યકર્તાના રાજ્યારોહણ વેળાએ ઉપજ વધારવાની જે વાત કરે છે તે તેઓના મનથી ગમે તેવી નિર્દોષ અને મહત્વવાળી હોય છતાં પ્રજાને માટે તે ઘણીજ નુકશાનકારક નીવડે છે. ઘણા કાળથી હું જોઉં છું કે, દરેક પોલિટીકલ ઑફીસર રાજ્યાભિષેકના પ્રસંગે કોમળ વયના તરુણ રાજાઓ ઉપર ઉપજ વધારવાના સંસ્કારો સદ્બુદ્ધિથી પાડે છે. ઉપજ વસુલાતની ગેરવ્યવસ્થાથી ઓછી આવતી હોય તે સારા કારભારથી એડમિનિસ્ટ્રેશનોએ વ્યવસ્થાથી લીધી હોય અને તેથી ઉપજ વધારી હોય તેને માટે કાંઇ કહેવું એ યોગ્ય છે, પરંતુ પ્રજા ઉપર નવા નવા કરો નાંખીને અથવા બીજી રીતે પ્રજામાંથી પૈસા લઇને અને નહિ કે ઉદ્યોગો દ્વારા રીતે, ઉપજ વધારી હોય તેમાં વખાણ કરવા જેવું કાંઇ છેજ નહિ. મી૦ મેકૉનકીએ ૨૫ લાખની ઉપજથી ૬૦ લાખની ઉપજ વધારવાનું માન એડમિનિસ્ટ્રેશનને આપ્યું છે, પણ જુનાગઢ રાજ્યે કોઇ નવા હુન્નરઉદ્યોગોથી આ ઉપજ વધારી હોય એવું દેખાતું નથી. તેની સાથે જોવાનું તો એ છે કે ૩૦ કે ૬૫ લાખની ઉપજની વૃદ્ધિ છતાં ૩૦ થી ૩૫ લાખના અર્ધા રૂપીઆ પ્રજાકીય ખર્ચોની વૃદ્ધિમાં વાપરવામાં આવ્યા નથી. દેશીરાજ્યોકર્તાઓને

રેલ્વેઓ જરૂર ઓછો વિનયી અને ઓછી કાળજી રાખનાર સ્ટાફ ધરાવે છે. બીજી રેલ્વેઓમાં માણસોને બકરાંની પેઠે સીંચવામાં આવે છે તેવું તો જરૂર મોરબી રેલ્વેમાં થતું નથી. રેલ્વેના સ્ટાફને વધારે પગારોની જરૂર છે, પણ તેથી રેલ્વેનો સ્ટાફ બીજાં કરતાં ત્રાસદાયક છે એવું કહેવાય તેમ છેજ નહિ, એથી ઉલટું વધારે સારો છે. મારી ચોક્કસ ખાત્રી છે કે, જી. આઇ. પી. રેલ્વેના સંકટો મોરબી લાઇન કરતાં સોગણાથી પણ વધારે હશે. મોરબી સ્ટેટ રેલ્વે કરે અથવા ધ્રાંગધ્રા કે જામનગર રાજ્ય કરે તેમાં મને તો બધાંનું ડહાપણ લાગતુંજ નથી. એટલે–મોરબી રેલ્વેને લાઇન વધારવા દેવી અને ધ્રાંગધ્રા અથવા જામનગરને ન વધારવા દેવી એ હેતુથી મોરબી રેલ્વેનો હું બચાવ કરતો નથી, પણ 'ટાઇમ્સ' ખોટી રીતે કેવો પક્ષપાત કરે છે તે બતાવવા માટેજ આટલું કહેવું પડ્યું છે.

શહેનશાહી રાજનીતિ રેલ્વે વધારવાની છે અને તેથી સરકાર જ્યારે તેવી લાઇનની વૃદ્ધિ કરવાની સ્ટેટો પાસે સહાયતા માંગે ત્યારે સ્ટેટોએ તે મદદ આપવી એ જૂદી વાત છે, પરંતુ માત્ર કમાઇ કરવાની ખાતર સ્ટેટોએ પોતાની શક્તિઓ અને નાણાં વાપરવા એ વાત રાજા પ્રજાના હિત અર્થે નુકશાનકારક છે. સ્ટેટો પોતાનું નાણું અને પોતાની શક્તિઓ જો પોતાના સંસ્થાનને ખીલવવામાં–સ્વદેશી હુન્નર ઉદ્યોગો જન્માવવામાં અને નહેરકામ કરવામાં વાપરે તો પ્રજા અને રાજા ખરા સુખને માર્ગે મૂકાય–જો મને ખરૂં પુછો તો હું એમ માનુંછું કે સ્ટેટોએ રેલ્વેઓ બાંધી પોતાને માટે રાજકીય પરતંત્રતા વ્હોરી લીધી છે. ઉપરાંતમાં રેલ્વેથી દુષ્કાળમાં કાઠિયાવાડને લાભ થવાની જે લાલચ બતાવવામાં આવે છે તે તદ્દન ખોટી છે. કાઠિયાવાડ એ ખેતીવાડીનો પ્રદેશ છે અને તેમાં અનાજનો પાક વધારે થાય છે. જ્યારે રેલ્વે નહોતી ત્યારે એ અનાજ બહાર જતું નહિ તેથી એટલું સસ્તું મળતું કે લોકો સર્વથા સુખી રહેતા, એટલુંજ નહિ પણ દુષ્કાળના પ્રસંગોની સામે રક્ષણ કરવા માટે ત્રણ ચાર વર્ષના ખોરાક પુરતું અનાજ પ્રજા સાચવી શકતી હતી. તેને બદલે રેલ્વે થયા બાદ ઘણું અનાજ બહાર તણાઇ જાય છે અને દુષ્કાળ પડે ત્યારે મોંઘા ભાવે ખરચી બહારથી લાવવામાં આવે છે. રેલ્વેથી દેશને આ રીતે મહા નુકસાન થયું છે. જો દેશી રાજ્યો ડાહ્યા હોય તો રેલ્વે ચલાવવાના વિચારમાંથી ખસી જઇ પોતાના દેશની ખીલવણી પાછળ પોતાની શક્તિઓ અને નાણાં વાપરે એમાંજ સર્વકે તેઓનું ઇષ્ટતર છે. મોરબી ઠાકોર સાહેબ સર. [illegible] [illegible] રેલ્વેની પાછળ [illegible] પોતાની

શક્તિઓ અને નાણાં વાપરી હાથે કરી પરતંત્રતા વ્હોરી લે છે? જે સલાહ હું ગોંડળને આપું છું તેજ સાંગલી, જામનગર અને બીજા તમામ દેશી રાજ્યોને આપું છું—જો તેઓનો દિવસ ઘેર હોય તો હવે તેઓએ પોતાની પરીક્ષાશક્તિ વાપરતાં શીખવું જોઇએ. પણ મને નથી લાગતું કે તેઓ તેમ કરે, જ્યારથી દેશી રાજ્યોપર અદ બેઠો છે ત્યારથી તેઓ પોતાનું વાસ્તવિક હિત શમાં છે તે જોતાં ભૂલી ગયા છે. શહેનશાહી રાજનીતિને સહાય જોતી હોય ત્યારે ભલે દેશી રાજ્યો પોતાનો ફાળો ખુશીથી આપે, પરંતુ માત્ર કમાણી કરવાની બુદ્ધિથી આ માર્ગે જાય છે એનું ફળ ભવિષ્યજ કહેશે.

ઉપજવૃદ્ધિનું શિક્ષણ:

જુનાગઢના જુવાન નવાબ તા૦ ૩૧ મી માર્ચે જુનાગઢની ગાદીએ બેઠા છે. તેઓ એક પ્રજાપ્રિય રાજ્યકર્તા નીકળે એમ આપણે ઇચ્છીશું. નવાબના ગાદીના અભિષેક વેળાએ મુંબઇના ગવર્નરના કાઠિયાવાડ ખાતેના આડ્સા મી૦ મેક્ડાનલ્ડીએ જે ભાષણ કર્યું હતું તે જૂદી જૂદી દૃષ્ટિબિંદુથી વિચારવા યોગ્ય છે, મી૦ મેક્ડોનલ્ડી એક સારા અમલદાર તરીકે કાઠિયાવાડમાં પ્રશંસાયા છે, કારણ કે તે વારંવાર રાજ્યકર્તાઓને પ્રજાતંત્રની સલાહ આપે છે. મી૦ મેક્ડાનલ્ડીની તે સેવા છતાં તે દરેક રાજ્યકર્તાના રાજ્યારોહણ વેળાએ ઉપજ વધારવાની જે વાત કરે છે તે તેઓના મનથી ગમે તેવી નિર્દોષ અને મહત્ત્વવાળી હોય છતાં પ્રજાને માટે તે ઘણીજ નુકશાનકારક નીવડે છે. ઘણા કાળથી હું જોઉં છું કે, દરેક પોલિટીકલ ઑફીસર રાજ્યાભિષેકના પ્રસંગે કોમળ વયના તરૂણ રાજાઓ ઉપર ઉપજ વધારવાના સંસ્કારો સદ્‌બુદ્ધિથી પાડે છે. ઉપજ વસુલાતની ગેરવ્યવસ્થાથી ઓછી આવતી હોય તે સારા કારભારથી એડમિનિસ્ટ્રેશનોએ વ્યવસ્થાથી લીધી હોય અને તેથી ઉપજ વધારી હોય તેને માટે કાંઇ કહેવું એ ગેરવ્યાજબી છે, પરંતુ પ્રજા ઉપર નવા નવા કરો નાંખીને અથવા બીજી રીતે પ્રજામાંથી પૈસા લઇને અને નહિ કે હુન્નરઉદ્યોગો કરીને, ઉપજ વધારી હોય તેમાં વખાણ કરવા જેવું કાંઇ છેજ નહિ. મી૦ મેક્ડાનલ્ડીએ ૨૫ લાખની ઉપજથી ૬૦ લાખની ઉપજ વધારવાનું માન એડમિનિસ્ટ્રેશનને આપ્યું છે, પણ જુનાગઢ રાજ્યે કોઇ નવા હુન્નરઉદ્યોગથી આ ઉપજ વધારી હોય એવું દેખાતું નથી. તેની સાથે જોવાનું તો એ છે કે ૩૦ થી ૬૫ લાખની ઉપજની વૃદ્ધિ છતાં ૨૦ થી ૨૫ લાખના આશરે રૂપીઆ પ્રજાકીય ખર્ચોની વૃદ્ધિમાં વાપરવામાં આવ્યા નથી. દેશીરાજ્યકર્તાઓને

રેલ્વેઓ જરૂર ઓછો વિનયી અને ઓછી કાળજી રાખનાર સ્ટાફ ધરાવે છે. બીજી રેલ્વેઓમાં માણસોને બકરાંની પેઠે સીંચવામાં આવે છે તેવું તો જરૂર મોરબી રેલ્વેમાં થતું નથી. રેલ્વેના સ્ટાફને વધારે પગારોની જરૂર છે, પણ તેથી રેલ્વેનો સ્ટાફ બીજાં કરતાં ત્રાસદાયક છે એવું કહેવાય તેમ છેજ નહિ, એથી ઉલટું વધારે સારો છે. મારી ચોક્કસ ખાત્રી છે કે, જી. આઇ. પી. રેલ્વેના સંકટો મોરબી લાઇન કરતાં સોગણાથી પણ વધારે હશે. મોરબી સ્ટેટ રેલ્વે કરે અથવા ધ્રાંગધ્રા કે જામનગર રાજ્ય કરે તેમાં મને તો બધાંનું ડહાપણ લાગતુંજ નથી. એટલે-મોરબી રેલ્વેને લાઇન વધારવા દેવી અને ધ્રાંગધ્રા અથવા જામનગરને ન વધારવા દેવી એ હેતુથી મોરબી રેલ્વેનો હું બચાવ કરતો નથી, પણ 'ટાઇમ્સ' ખોટી રીતે કેવો પક્ષપાત કરે છે તે બતાવવા માટેજ આટલું કહેવું પડયું છે.

શહેનશાહી રાજનીતિ રેલ્વે વધારવાની છે અને તેથી સરકાર જ્યારે તેવી લાઇનની વૃદ્ધિ કરવાની સ્ટેટો પાસે સહાયતા માંગે ત્યારે સ્ટેટોએ તે મદદ આપવી એ જૂદી વાત છે, પરંતુ માત્ર કમાઇ કરવાની ખાતર સ્ટેટોએ પોતાની શક્તિઓ અને નાણાં વાપરવા એ વાત રાજા પ્રજાના હિત અર્થે નુકશાનકારક છે. સ્ટેટો પોતાનું નાણું અને પોતાની શક્તિઓ જો પોતાના સંસ્થાનને ખીલવવામાં-સ્વદેશી હુન્નર ઉદ્યોગો જન્માવવામાં અને નહેરકામ કરવામાં વાપરે તો પ્રજા અને રાજા ખરા સુખને માર્ગે મૂકાય-જો મને ખરૂં પુછો તો હું એમ માનું છું કે સ્ટેટોએ રેલ્વેઓ બાંધી પોતાને માટે રાજકીય પરતંત્રતા વ્હોરી લીધી છે. ઉપરાંતમાં રેલ્વેથી દુષ્કાળમાં કાઠિયાવાડને લાભ થવાની જે લાલચ બતાવવામાં આવે છે તે તદ્દન ખોટી છે. કાઠિયાવાડ એ ખેતીવાડીનો પ્રદેશ છે અને તેમાં અનાજનો પાક વધારે થાય છે. જ્યારે રેલ્વે નહોતી ત્યારે એ અનાજ બહાર જતું નહિ તેથી એટલું સસ્તું મળતું કે લોકો સર્વથા સુખી રહેતા, એટલુંજ નહિ પણ દુષ્કાળના પ્રસંગોની સામે રક્ષણ કરવા માટે ત્રણ ત્રણ વર્ષના ખોરાક પૂરતું અનાજ પ્રજા સાચવી શકતી હતી. તેને બદલે રેલ્વે થયા બાદ ઘણું અનાજ બહાર તણાઇ જાય છે, અને દુષ્કાળ પડે ત્યારે મોંઘા ભાવો ખરચી બહારથી લાવવામાં આવે છે. રેલ્વેથી દેશને આ રીતે મહા નુકશાન થયું છે. જો દેશી રાજ્યો ડાહ્યા હોય તો રેલ્વે ચલાવવાના વિભ્રમમાંથી ખસી જઇ પોતાના દેશની ખીલવણી પાછળ પોતાની શક્તિઓ અને નાણાં વાપરે એમાંજ સર્વાંશે તેઓનું હિતકર છે. મોરબી ઠાકોર સાહેબ જેવા વિચક્ષણ રાજ્યકર્ત્તા રેલ્વેની પાછળ શામાટે પોતાની

શક્તિઓ અને નાણાં વાપરી સાથે ફરી પરતંત્રતા વ્હોરી લે છે? જે સલાહ હું મોરબીને આપું છું 'તેજ ધ્રાંગધ્રા, જામનગર અને બીજાં તમામ દેશી રાજ્યોને આપું છું—જો તેઓનો દિવસ ઘેર હોય તો હવે તેઓએ પોતાની પરીક્ષાશક્તિ વાપરતાં શીખવું જોઇએ. પણ મને નથી લાગતું કે તેઓ તેમ કરે, જ્યારથી દેશી રાજ્યોપર ગ્રહ બેઠો છે ત્યારથી તેઓ પોતાનું વાસ્તવિક હિત શમાં છે તે જોતાં ભૂલી ગયા છે. શહેનશાહી રાજનીતિને સહાય જોતી હોય ત્યારે ભલે દેશી રાજ્યો પોતાનો ફાળો ખુશીથી આપે, પરંતુ માત્ર કમાણી કરવાની બુદ્ધિથી આ માર્ગે જાય છે એનું ફળ ભવિષ્યજ કહેશે.

ઉપજવૃદ્ધિનું શિક્ષણ:

જુનાગઢના યુવાન નવાબ તા૦ ૩૧ મી માર્ચે જુનાગઢની ગાદીએ બેઠા છે. તેઓ એક પ્રજાપ્રિય રાજ્યકર્તા નીકળે એમ આપણે ઇચ્છીશું. નવાબના ગાદીના અભિષેક વેળાએ મુંબાઇના ગવર્નરના કાઠિયાવાડ ખાતેના આડ્સા મી૦ મેકૉનકીએ જે ભાષણ કર્યું હતું તે જુદી જુદી દૃષ્ટિબિંદુથી વિચારવા યોગ્ય છે, મી૦ મેકૉનકી એક સારા અમલદાર તરીકે કાઠિયાવાડમાં પ્રશંસાયા છે, કારણ કે તે વારંવાર રાજ્યકર્તાઓને પ્રજાતંત્રની સલાહ આપે છે. મી૦ મેકૉનકીની તે સેવા છતાં તે દરેક રાજ્યકર્તાના રાજ્યારોહણ વેળાએ ઉપજ વધારવાની જે વાત કરે છે તે તેઓના મનથી ગમે તેવી નિર્દોષ અને મહત્વવાળી હોય છતાં પ્રજાને માટે તે ઘણીજ નુકશાનકારક નીવડે છે. ઘણા કાળથી હું જોઉં છું કે, દરેક પોલિટીકલ ઑફીસર રાજ્યાભિષેકના પ્રસંગે કોમળ વચના વડેજ રાજાઓ ઉપર ઉપજ વધારવાના સંસ્કારો સદ્‌બુદ્ધિથી પાડે છે. ઉપજ વસુલાતની ગેરવ્યવસ્થાથી ઓછી આવતી હોય તે સારા કારભારથી એડમિનિસ્ટ્રેશનોએ વ્યવસ્થાથી લીધી હોય અને તેથી ઉપજ વધારી હોય તેને માટે કાંઇ કહેવું એ યોગ્ય છે, પરંતુ પ્રજા ઉપર નવા નવા કરો નાંખીને અથવા બીજી રીતે પ્રજામાંથી પૈસા લઇને અને નહિ કે ઠુસરકરીયાયો કરીને, ઉપજ વધારી હોય તેમાં વખાણ કરવા જેવું કાંઇ છેજ નહિ. મી૦ મેકૉનકીએ ૨૫ લાખની ઉપજથી ૫૦ લાખની ઉપજ વધારવાનું માન એડમિનિસ્ટ્રેશનને આપ્યું છે, પણ જુનાગઢ રાજ્યે કોઇ નવા ઠુસરકેવાગથી આ ઉપજ વધારી હોય એવું દેખાતું નથી. તેની સાથે જોવાનું તો એ છે કે ૩૦ થી ૫૫ લાખની ઉપજની વૃદ્ધિ છતાં ૩૦ થી ૩૫ લાખના અર્ધાં રૂપીઆ પ્રજાકીય ખર્ચોની વૃદ્ધિમાં વાપરવામાં આવ્યા નથી. દેશીરાજ્યોકર્નાઓને

રેલ્વેઓ જરૂર ઓછો વિનયી અને ઓછી કાળજી રાખનાર સ્ટાફ ધરાવે છે. બીજી રેલ્વેઓમાં માણસોને બકરાંની પેઠે સીંચવામાં આવે છે તેવું તો જરૂર મોરબી રેલ્વેમાં થતું નથી. રેલ્વેના સ્ટાફને વધારે પગારોની જરૂર છે, પણ તેથી રેલ્વેનો સ્ટાફ બીજાં કરતાં ત્રાસદાયક છે એવું કહેવાય તેમ છેજ નહિ, એથી ઉલટું વધારે સારો છે. મારી ચોક્કસ ખાત્રી છે કે, જી. આઇ. પી. રેલ્વેના સંકટો મોરબી લાઇન કરતાં સોગણાથી પણ વધારે હશે. મોરબી સ્ટેટ રેલ્વે કરે અથવા ધ્રાંગધ્રા કે જામનગર રાજ્ય કરે તેમાં મને તો બધાંનું ડહાપણ લાગતુંજ નથી. એટલે–મોરબી રેલ્વેને લાઇન વધારવા દેવી અને ધ્રાંગધ્રા અથવા જામનગરને ન વધારવા દેવી એ હેતુથી મોરબી રેલ્વેનો હું બચાવ કરતો નથી, પણ 'ટાઇમ્સ' ખોટી રીતે કેવો પક્ષપાત કરે છે તે બતાવવા માટેજ આટલું કહેવું પડ્યું છે.

ઇંગ્લેન્ડની રાજનીતિ રેલ્વે વધારવાની છે અને તેથી સરકાર જ્યારે તેવી લાઇનની વૃદ્ધિ કરવાની સ્ટેટો પાસે સહાયતા માંગે ત્યારે સ્ટેટોએ તે મદદ આપવી એ જુદી વાત છે, પરંતુ માત્ર કમાઇ કરવાની ખાતર સ્ટેટોએ પોતાની શક્તિઓ અને નાણાં વાપરવા એ વાત રાજા પ્રજાના હિત અર્થે નુકશાનકારક છે. સ્ટેટો પોતાનું નાણું અને પોતાની શક્તિઓ જો પોતાના સંસ્થાનને ખીલવવામાં–સ્વદેશી હુન્નર ઉદ્યોગો જન્માવવામાં અને નહેરકામ કરવામાં વાપરે તો પ્રજા અને રાજા ખરા સુખને માર્ગે મૂકાય–જો મને ખરૂં પુછો તો હું એમ માનુંછું કે સ્ટેટોએ રેલ્વેઓ બાંધી પોતાને માટે રાજકીય પરતંત્રતા વ્હોરી લીધી છે. ઉપરાંતમાં રેલ્વેથી દુષ્કાળમાં કાઠિયાવાડને લાભ થવાનો જે લાભ બતાવવામાં આવે છે તે તદ્દન ખોટો છે. કાઠિયાવાડ એ ખેતીવાડીનો પ્રદેશ છે અને તેમાં અનાજનો પાક વધારે થાય છે. જ્યારે રેલ્વે નહોતી ત્યારે એ અનાજ બહાર જતું નહિ તેથી એટલું સસ્તું મળતું કે લોકો [illegible] સુખમાં રહેતા. એટલુંજ નહિ પણ દુષ્કાળના પ્રસંગોની સામે રક્ષણ [illegible] પૂરતું અનાજ પ્રજા સાચવી રાખતી હતી. [illegible] ઘણું અનાજ બહાર [illegible] જાય છે અને દુષ્કાળ [illegible] ઉઘરાવવામાં આવે છે. રેલ્વેથી દેશને [illegible] નુકશાન થાય છે [illegible]

ઉપર જે વાત મેં કહી તે સ્પષ્ટ જેવી છતાં સંપૂર્ણ સ્પષ્ટ નથી. તે સ્પષ્ટ કરતાં ભાવનામય વધારે છે. ઉપલી વાત સામાન્ય સિદ્ધાંતરૂપે છે એટલે મારે ખુલ્લી વાત કરવી જોઇએ, પણ તેમ કરતાં મારા મનને કંઇક સંકોચ થાય છે, કારણકે સદ્બુદ્ધિ અને પ્રેમભાવથી કહેવા છતાં જો જેઓના હિત અર્થે કહુંછું તેઓના આત્માને કોઇ પણ રીતે એ વાત ભારરૂપ થઇ જાય તો મને તેઓથી પણ વધારે દુઃખ થશે. આવી સ્થિતિમાં મૂકાઇને કહુંછું કે છેલ્લા યુદ્ધમાં એવા બનાવો બની ગયા છે કે, જેના છાંટા ઘણી નિર્દોષ વ્યક્તિઓને, ઘણી સમાજોને, ઘણા દેશોને અને ઘણી સંસ્થાઓને ઉડ્યા છે. આ સંસ્થાઓમાં રાજ્યકર્ત્તાઓની સંસ્થા પણ એક છે. રાજ્યકર્ત્તાઓની સંસ્થા (institution) લાંબા કાળ કેટલીક રીતે ભયમાં આવી પડે તો ના કહેવાય નહિ. એકતંત્રુ સત્તા અથવા એક રાજાની સત્તા (autocracy) સારી છે કે પ્રજાતંત્રવાળી સત્તા (Democracy) સારી છે એ નિર્ણય

મહાન્ રાજકીય તત્વજ્ઞાનીઓમાં મતભેદ છે, પરંતુ યુરોપના કેટલાક રાજ્યોમાં બહુમતવાદનો પતન છે. પશ્ચિમ બાજુનું રાજ્યવ્યવસ્થાનીક જ્ઞાન એટલું જબ્બર છે કે, તે ધારે ત્યાં જગતના વાતાવરણને લઇ જાય છે; સામા પક્ષની પ્રજા હવે ઘણી થાકી છે અને તેના રાજ્યકર્તાઓની યુદ્ધ કરવાની ભૂલને પરિણામે તેઓને શોષવું પડ્યું છે એવી જર્મન પ્રજાના મનની સ્થિતિ થઇ ત્યારે એ વખતે લાભ લઇ અનેક રીતે એક રાજાના કારભાર (autocracy) ના સામે બહુમતવાદ (Democracy) ની તરફેણના પુસ્તકો, અને વર્તમાનપત્રો અને હસ્તપત્રો–નો પ્રચાર કરવામાં આવ્યો હતો. હસ્તપત્રો હવાઈ વિમાનોમાંથી ફેંકવામાં આવતાં હતાં. આ વિચારપ્રચારના સાધન મારફતે એટલાં બધાં લખાણો કરીને સામા પક્ષની પ્રજાઓને બહેરી મૂકવામાં આવી હતી કે એની અસરથી બહુ પાયમાલી આ રાજ્યો અને પ્રજાઓની થઇ છે. એ આપણાથી અજાણ્યું નથી, આ બનેલને હિંદની પ્રજાને પણ ઉશ્કેરી મળી હતી, અને યુદ્ધસમયે આપણે પણ બહુમતવાદની પાછળ મારો નાંખવા માટે પ્રજાકીયનો અનેક ઘર કરી નાંખ્યો છે. આ વાત લાંબી છે. આપણે સ્વીકારીએ કે નહિ, પણ આ બહુમતવાદે પોતાના હાથે આખા હિંદને ચડાવી દીધું છે. અને હવે હિંદની પ્રજાનો જે કેળવાયેલો ભાગ છે તે રાજાની સંસ્થાની વિરુદ્ધ વિચારો ધરાવતો થયો છે. એક સ્પષ્ટ દાખલો આપું. જ્યારે સુરેન્દ્રનાથ હિંદમાં પંકાયાં હતા અને નામદાર ગાયકવાડની અમલને જે પ્રથમ જ્યુબીલી ગયો હતો તે વેળાએ આખા હિંદનું વાતાવરણ નામદાર ગાયકવાડને કોઇ કામ ન થાય એવી ચિંતા રાખતું હતું. અત્યારે આવા પ્રકારની લાગણીમાં કાંઇક ફેર પડ્યો છે એમ, કહેવાય છે કે, ખુદ ગાયકવાડ સરકાર બોલે છે. આજે એ સ્થિતિ ક્યાં છે. આજ વિચાર પ્રમાણે હિંદનો નાશ? પણ એક કેળવાયેલો વર્ગ આ બેઠા અને બહુ- [illegible]

[illegible]

સંસ્થાની તરફ અસહાનુભૂતિ થયાવિના ન રહે. તેઓ એમ માને છે કે હિંદના અખંડ રાષ્ટ્ર બંધાવામાં એ સંસ્થા અડચણરૂપ છે. મારી પોતાની સમજણ પ્રમાણે આવું માનવું એ સર્વથા રાજકીય મૂર્ખતા (political folly) મને તો લાગે છે. તે રાજકીય મૂર્ખતા હો કે રાજકીય ડહાપણ હો, પરંતુ આવો એક વર્ગ છે. આ વર્ગ હિંદમાં વધતો જવાના દરેક ચિહ્ન છે, અને એમ છે તો રાજકર્ત્તાઓની સંસ્થાને ઇજા કરનારૂં એક સાધન તેને માનવાને માટે હું રાજ્યકર્ત્તાઓને ચેતવું છું. ત્રીજી વાત એ છે કે, આખા હિંદમાં–દેશી રાજ્યોમાં પણ એવી કેળવણી આપવામાં આવે છે કે, જેના પરિણામે અસલી પ્રકારનું સ્વદેશાભિમાન રહેતું નથી અને અસલી પ્રકારના સ્વદેશાભિમાનનાં શિક્ષણની ગેરહાજરીએ પ્રજાનો આખો નવો સમુદાય સ્થાનિક સ્વદેશાભિમાનના (ઘણાં દેશો એવા છે કે જ્યાં એવડું સ્વદેશાભિમાન (double patriotsim) છે. એક સ્થાનિક અને બીજું રાષ્ટ્રીય) વિનાના થઈ જઇ, પૂર્વનું સ્મરણ કરાવનારી રાજકીય, સામાજિક કે ધાર્મિક સંસ્થાઓનો અનાદર કરતો થયો છે. આ ભય ઘણો મોટો છે. જેમ આજે આપણે ધર્મગુરૂઓ અને ધર્મ-સંસ્થાઓ પ્રત્યે પ્રથમની ભક્તિ અને પૂજ્યભાવથી વર્તવાને બદલે અશ્રદ્ધા અને અપૂજ્યભાવથી જોઈએ છીએ, તેમ દેશી રાજ્યોની સંસ્થાને માટે પણ થતું ચાલ્યું છે. મને તો લાગે છે કે, જો વેળાસર ચેતી જવામાં નહિ આવે તો જેવો અનાદર અને અશ્રદ્ધાભાવ ધર્મગુરૂઓ પ્રત્યે થવા લાગ્યો છે તેવો રાજ્યકર્ત્તાઓ તરફ થશે. ચોથું કારણ એ છે કે, પ્રજામાં એક એવી ભાવના થઇ છે કે, રાજા એ પ્રજાના પ્રતિનિધિ પુરૂષરૂપ હોવા જોઇએ અને નહિ કે માત્ર સત્તા ચલાવનાર તરીકે. પ્રજા પોતાના પ્રતિનિધિરૂપે કેવા પુરૂષ તરફ દૃષ્ટિ કરે તેમ છે તે આપ સારી પેઠે જાણી શકો તેમ છો. ગાંધીજી જેવા પરમકર્મવીર, અપૂર્વ સ્વદેશી અને પ્રજાના નમ્રમાં નમ્ર સેવક એવા પોતાના પ્રતિનિધિ પ્રજાને જોઇએ છે. હે રાજ્યકર્ત્તાઓ, આપ આપનું પોતાનું અવલોકન બરાબર કરશો તો આપને સ્પષ્ટ જણાશે કે, આપ અને ગાંધીજી ક્યાં છો! આપનામાં કર્મવીરપણું નથી, આપનામાં સ્વદેશી કરતાં પરદેશીપણું અનેક ગણું દાખલ કરવામાં આવ્યું છે, અને આપને વિષે પ્રજાની સેવા કરનારો સેવક થવાની તો મુદ્દલજ ભાવના દાખલજ કરવામાં આવી નથી; જો કે આમાં આપનો પોતાનો સીધો દોષ છે એમ હું માનતો નથી. એ દોષ આપ જે કફોડી રાજકીય સ્થિતિમાં મૂકાયા છો તેને આભારી છે. આપને જે શિક્ષણ મળે છે તે સ્વદેશીપણું, સ્વદેશાભિમાન વગેરે અને સ્વદેશસેવકપણું આપવાથી દૂર રહે છે. વળી એક વધારે વાત એ

છે કે, મેં અગાઉ લાલા લજપતરાયનો દેશી રાજ્યો સંબંધી જે અભિપ્રાય ટાંક્યો હતો તે ઉપરથી આપ જોઈ શકશો કે, દેશી રાજ્યોની સામે કમનસીબે ઘણાં ખોટા વ્હેમો ફેલાયેલા છે, અને તેવા વ્હેમોમાં એક વ્હેમ એવો છે કે, દેશી રાજ્યો પ્રજામતને આધીન નથી. આ વ્હેમ પણ રાજાઓની સંસ્થાને ઇજા કરનારો છે. આપને આજે સ્પષ્ટ શબ્દોમાં કહું છું. જો આપ તે વિચારી જોશો, તો આપનું અને આપના વંશજોનું તેમાં પરમકલ્યાણ છે.

આપણે-હિંદિઓ-રાજકીય બાળકો નથી?

મારા સ્વદેશી રાજ્યકર્તાઓ પ્રત્યે મારે જે કહી નાંખવાનું હતું તે કહી નાંખી મારો ધર્મ મેં બજાવ્યો છે એમ માનું છું. જેમ મેં રાજ્યકર્તાઓને કહ્યું તેમ મારે પ્રજાઓને પણ જે કહેવાનું હોય તે કહી નાંખવું જોઇએ; પરંતુ હું જે કહું છું તે મસલતરૂપે છે એમ માનવું, પણ ટીકારૂપે ન માનવું; કારણકે હું પણ પ્રજાઓનો એક સભ્ય છું. મારે સામાન્ય રીતે આખા હિંદની પ્રજાને અને ખાસ કરી દેશીરાજ્યોની પ્રજાને આ વિષયપરત્વે આ પ્રમાણે કહેવાનું છે: લોર્ડ કર્ઝન ગમે તેવી બુદ્ધિથી હિંદ અને હિંદીઓને માટે કહેતો હોય, પરંતુ તેમાં કોઇ વખતે કોઇ અપેક્ષાએ કાંઇક સત્ય રહેલું હું નો જોઉં છું. તે એક વખત એમ બોલ્યો હતો કે "હિંદીઓ રાજકીય વિષયમાં બાળક જેવાં છે." આ વાત આપણને ભલે રૂચિકર ન હોય, પરંતુ મને તો તે કોઇ અપેક્ષાએ યોગ્ય લાગે છે. સ્વદેશીઓ આપણને કેટલીક વાર એવા પ્રકારે સ્પષ્ટ છે કે તટસ્થ અને બહારના જોનારાઓને તો આપણે બાળકરૂપજ લાગીએ. યુદ્ધ સમયમાં આખા હિંદે જે પ્રજાકીય વીર્ય (national energy) નો વ્યય કર્યો છે તે સૂક્ષ્મ અવલોકનથી જોનારને તો તે વ્યય કરનાર બાળકોજ લાગવા જોઇએ. આ વાત લાંબી નહિ કરતાં દેશી રાજ્યો પ્રત્યેની હિંદની ભાવનામાં જે હમણાં હમણાં અજ્ઞાનમૂલક ફેરફાર થયા છે તે જોતાં આપણે રાજકીય બાળકજ છીએ. સરકાર પોતાના વહિવટ વ્યવસાયને માટે બ્રિટિશ હિંદની પ્રજા અને દેશી રાજ્યોની પ્રજા એવા બે ભેદ પાડે એ સ્વાભાવિક છે. કોઇક વખત પૂર્વે હિંદી પ્રજાને એવો ખ્યાલ પણ નહિ હતો કે અમારા બે ભાગ છે. બ્રિટિશ હિંદની પ્રજા અને દેશી રાજ્યોની પ્રજા એક અખંડ પ્રજા છે એવી વિવેકવાળી ભાવના હતી. જ્યારથી 'કોલોનિયલ સેલ્ફ-ગવર્નમેન્ટ'નાં નગારાં શરૂ થયાં અને ત્યારપછી જ્યારે 'હોમરૂલ' ની ચળવળ ચાલી ત્યારથી આ ભેદ સ્પષ્ટ થવા લાગ્યો. જૂના કાર્ય કરનારાઓમાંથી

ઉચ્ચતર કોટિના પુરૂષોનું પરલોકગમન થયું અને કેટલાક કાર્યક્ષેત્રોમાંથી ખસી ગયા. જ્યારથી નવા જમાનાના અગ્રેસરોના હાથમાં લગામ આવી ત્યારથી આ ન જોઇતો ભાવ બહુ સ્પષ્ટ થવા લાગ્યો છે. જો આપણે રાજકીય ક્ષેત્રમાં બાળકરૂપે ન હોત તો આવી ભ્રાંતિમાં પડત નહિ. હમણાં જે સ્વરાજ્યના માર્ગે જવાના કેડાઓ મળવાનો સંભવ થયો છે તે કેડાઓના મોહમાં એટલા બધા લુબ્ધાઇ ગયા છીએ કે, ખુદ અંગ્રેજ વિદ્વાનો જેને હિંદના ખરાં સ્વરાજ્ય (indiginous Home Rule) કહે છે તે દેશી રાજ્યોને બ્રિટિશ હિંદની આ નવી પ્રજા ભૂલવા લાગી, અને ભૂલવા લાગી એટલે પછી તેના હિત અને પ્રગતિના પ્રયત્નોમાં સ્વદેશાભિમાનપણું ક્યાંથી બતાવી શકે? હું એમ કહેવા માંગું છું કે બ્રિટીશ હિંદની પ્રજાએ જે સ્વદેશાભિમાનની ઉંડી લાગણી અને પ્રેમથી દેશી રાજ્યો–દેશી રાજ્યકર્ત્તાઓ અને તેઓની પ્રજાઓ પ્રત્યે વર્ત્તવું જોઇએ તે વર્ત્તવાને બદલે તે રાજ્યોની ઉપેક્ષા કરવા લાગી છે; અને કોઇ અંશે અનાદરબુદ્ધિથી પણ જોવા લાગી છે એ વાત આપણે હિંદીઓ "રાજકીય બાળકો" હોઇએ એવુંજ વ્યક્ત કરે છે. જો આપણે આ સંબંધમાં" રાજકીય બાળકો" ન હોઇએ તો જે સંપૂર્ણ સ્વરાજ્ય જેવી આ સંસ્થાઓ છે તેને ખીલવી તેનો દેશના ઉદ્ધારમાં જબર ફાળો મેળવવાને બદલે તેની ઉપેક્ષા કેમ કરીએ? અંગ્રેજ મુત્સદીઓને ભલે આપસ્વર્થી આપણે કહીએ, પરંતુ તેઓ ડાહ્યા છે એમ તો આપણે કહેવુંજ પડશે. લોર્ડ કર્ઝન કેવો ઉસ્તાદ મુત્સદી છે તે એટલાપરથી જણાશે કે જ્યારે તે કાઠિયાવાડના પ્રવાસે આવ્યો ત્યારે જે દરબાર ભર્યો હતો તેમાં તેણે ખરેખરૂં કહ્યું હતું કે હિંદરૂપી એક સાંકળમાં દેશીરાજ્યો સાંકળના મકોડારૂપે છે. પરસ્પર એક બીજાને એક બીજાવિના ચાલી શકે તેમ નથી." પ્રજાકીય નજરે આ સાચી વાત જોનારા આપણામાં કેટલા પ્રજાકીય મુત્સદીઓ છે? અને જો ન હોય તો પછી આપણે "રાજકીય બાળકો" ખરાં કે નહિ!

દેશી રાજ્ય એ સ્વાભાવિક સ્વરાજ્ય:

જે વાત મારે કરવાની છે તેની પ્રસ્તાવનારૂપે મારાથી જોઇએ તે કરતાં [illegible] કહેવાયું છે. આખીએ હિંદની પ્રજાને અને ખાસ કરી આપણા [illegible] વિનતી [illegible] કરું છું કે, હવે [illegible] દેશી રાજ્યો પ્રત્યે [illegible] [illegible] બ્રિટિશ હિંદના [illegible] થયેલા સ્વરાજ્યના [illegible] ખરાં સ્વરાજ્યો–

આ દેશી રાજ્યો છે તેની પૂરી સંભાળ લઇ તેને પ્રેમપૂર્વક ખીલવો. તે રાજ્યકર્તાઓને દેશના સ્વાભાવિક આગેવાનો (Natural leaders, ગણો અને તેવા તેમને ખરેખરા આગેવાન બનાવો અને આ રાજ્યોની પ્રજાઓને ઉત્સાહ આપી પ્રગતિને માર્ગે ડહાપણપૂર્વક લઇ જાઓ. જો આમ કરશો તો તમને મળેલા સ્વરાજ્ય કરતાં આ સ્વરાજ્યોથી દેશના હિતમાં વધારે લાભ મળશે. આપણે પશ્ચિમની સ્વતંત્રતાની વાતોથી ભંભેરાઇ નં જઇએ તેની કાળજી રાખવી જોઇએ. "Government of the people, by the people, for the people" "પ્રજાની સરકાર, પ્રજાથી સરકાર, પ્રજાને માટે સરકાર" એ સૂત્ર તો મજાનું છે, પણ તે પશ્ચિમની પ્રજાઓમાં કેવું વ્યવહારમાં મૂકાયું છે તે બરાબર જોઇને પછી આપણી આ કુદરતી સંસ્થા (indiginous institution) (દેશીરાજ્ય) પ્રત્યે તમને ઠીક લાગે તેમ વર્તો. તે પહેલાં તેના વિરૂદ્ધ વિચારો બાંધો નહિ અને બાંધીને જાહેર કરો નહિ. આટલું મારે લાલા લજપતરાયે જે વિચારો બાંધ્યા છે અને જાહેર કર્યા છે તેને લઇને કહેવું પડે છે.

દેશી પ્રજાએ ભંભેરાઇ ન જવું:

દેશી રાજ્યોની પ્રજાઓ પ્રત્યે કહેવા આતા- લઉં છું કે, તમે ભલે દેશી રાજ્યોમાં પ્રજાકીય જીવન ઉત્પન્ન કરવા માટે સંપૂર્ણ પરિશ્રમ કરો, પરંતુ તમે પશ્ચિમની રાજદ્વારસ્થાની વાતોથી ભંભેરાઇ જઇ ઉશ્કેરાઇ જશો નહિ. જેમ જર્મન અને રશિયન પ્રજાઓ "Government of the people, by the people, for the people." એવી સુંદર મર્યાના પરિણામે પોતાનાં જૂનાંમાં જૂના અને કુદરતી શહેનશાહનો ગુમાવી બેઠી છે તેમ તમારાથી ન થઇ જાય એટલી સંભાળ રાખશો. આપણે સમાજસુધારકોની પશ્ચિમની સંસ્કૃતિને લીધે જેમ આપણી ઘણીએ સમાજની કુદરતી સંસ્થાઓનો નાશ કરી નાંખવાની ભૂલો કરી છે તેમ માત્ર વાતોથી ઉશ્કેરાઇ જઇ કરશો નહિ. બ્રિટીશ હિંદની પ્રજાની તૈયારીઓથી પણ ઉશ્કેરાઇ જવાની ઉતાવળ કરવાની જરૂર નથી. ત્યાં સુધારાઓ અમલમાં મૂકાયા પછી કેવી સ્વતંત્રતા ઉત્પન્ન થાય છે તે હવે વર્ષોમાં જણાશે. તમો જરૂર પ્રજાજીવન તમારા સંસ્થાનોમાં ઉત્પન્ન કરો, પરંતુ તેની સાથે તમે રાજ્યકર્તાઓ પ્રત્યે સદ્ભાવ અને પ્રેમથી વર્તજો. અને તેવા તેઓ નિર્બળ થયા હોય તો પણ તે બંધન તમને પૂર્વજોના સ્મરણરૂપ જેવા થઇ પડશે. તમે [illegible] (Material) થશો નહિ. એટલે કે, જેમ બાહ્ય [illegible] પ્રવર્તો છો અને તેને લઇને "આપવું તેટલું લેવું" એ નજર રાખનારાઓના.

સંબંધમાં લાગુ પાડતાં અટકશો; દરેક વિષય આર્થિક દૃષ્ટિએ જોવાનો હોતો નથી, કારણકે ઘણાએ એવા વિષયો છે કે જે ભાવના-લાગણી (Sentiments) થી પણ જોવાના છે. પૂર્વ વીરોનું જે સ્મરણ કરાવે તે જીવતાં સાધનનું મૂલ્ય શું હોઇ શકે? એ આર્થિક દૃષ્ટિની પારનો વિષય છે. જ્યાંસુધી પ્રજા વધારે સારૂં બીજું ન જોઈ શકે અથવા ખરૂં કહીએ તો અનુભવી ન શકે ત્યાંસુધી, ધીમે ધીમે સંયોગોને અનુકૂળ ઘણા કાળથી ઘડાતી ગયેલી સંસ્થાને પોષણજ આપવું જોઇએ. આ ઠેકાણે મને અન્યથારૂપે જોવામાં નહી આવે એમ ઇચ્છું છું. દેશી રાજ્યોને વિષે બહુમતવાદ ઉપર રાજ્યબંધારણ કરવું જોઇએ એવી વાત પ્રથમ મૂકનારાઓમાંનો આ લખનાર એક હતો, છતાં તે વિચાર બદલાવી એકકર્તુસત્તા (autocracy) ની રક્ષા કેમ કરૂં છું એવો આરોપ મારા ઉપર મૂકવામાં આવે તો તેને માટે હું કહું છું કે, હું બહુમતવાદનોજ અનુયાયી છું, પરંતુ મારૂં એવું માનવું છે અને હતું કે, એક સ્વાભાવિક સંસ્થાનું સ્વરૂપ બદલાવતાં પૂર્વે બીજા ઠેકાણાનો અનુભવ આપણે લેવોજ જોઇએ. બ્રિટીશ હિંદમાં બહુમતવાદ કેવો પ્રજોપયોગી થાય છે તે જોયા કરવું. માત્ર તે પવનમાં વગર વિચાર્યે ઝીંપલાવું યોગ્ય નથી. આપણે જે કરવાનું છે તે એ કે, જે સંસ્થા ઘણી જૂની છે તે કાયમ રાખીને તેમાં પ્રજાને જવાબદાર રહી શકે એવી તંત્રવ્યવસ્થા કરાવવી જોઇએ.

ખોટું ચણતર પાડી નાંખી સાચું કરવું જોઇએ:

ઉપર જે મેં કહ્યું તે સમગ્ર રાજ્યો-રાજ્યકર્ત્તાઓ અને પ્રજાઓને ઉદ્દેશીને કહ્યું છે. એમાં જે કહેવામાં આવ્યું છે તે બધુંય કાઠિયાવાડના રાજ્યો-રાજાઓ અને પ્રજાઓને લાગુ પડે છે, ઉપરાંતમાં મારે ખાસ કાઠિયાવાડને ઉદ્દેશીને થોડુંક કહેવું છે. દેશના બીજાં મોટાં મોટાં કેટલાંક રાજ્યો તો હવે પ્રજામાં આવેલ નવજીવનને જોવા લાગ્યા છે, પરંતુ કાઠિયાવાડના રાજ્યોને તો તે સંબંધી કાંઈ કરવાપણું ન હોય એવું તેઓનું વર્તન હોય એવો ભાસ થાય છે. કાઠિયાવાડમાં એ પ્રકારનું કામ કરવાનું છે. ખોટું ચણતર પાડી નાંખવાનું અને નવું સાચું ચણતર બાંધવાનું. કાઠિયાવાડના કેટલાંક રાજ્યો (જેઓને વિષે હું 'કાઠિયાવાડના દરબાર' એ શીર્ષક લેખમાં કહી ગયો છું.) ની પદ્ધતિ એવા પ્રકારની જણાય છે કે 'કેમ જાણે તેઓ એમ માનતા હોય કે અમારે માટે પ્રજા છે. અમે ઇચ્છીએ તેટલી ઉપજ પ્રજામાંથી કરી શકીએ, અમારી મરજી પ્રમાણે કર નાંખી શકીએ, અમારા રાજ્યનું નાણું ગમે તેવા

બંગલાઓમાં રોકીએ, અમારી મરજી પડે તો અમે વેપાર કરીએ અને અમારી મરજી પડે તેટલો પ્રજાને વેપાર કરવા દઈએ. અમે પ્રજામાંથી નાણું એકઠું કરવા માટેના કારખાનાઓ કરી, પ્રજાને કારખાના કરતાં અટકાવી શકીએ. અમારી મરજી પડે તો પ્રજાને બજારીએ, અમારી મરજી પડે તો મોટરગાડીઓ, વગેરેના પ્રજાકીય ખર્ચો કરીએ." આવાં આવાં ઘણાય ખોટાં ચણતરો છે. આ ખોટાં ચણતરો પાડી નાંખવાનું કામ એક તરફથી રાજાઓએ કરવાનું છે, અને બીજી તરફથી નવું ચણતર એ કરવાનું છે કે "અમે પ્રજાને લઈને છીએ. અમારું સર્વસ્વ છે તે પ્રજાનું છે. અમારી પ્રજાની ગમે તે એક વ્યક્તિ રાજ્યની દરેક પાઈના ખર્ચની અધિકારી છે, કારણ કે રાજ્ય આખું એ વ્યક્તિઓથી બનેલી પ્રજાને માટે છે." આવું નવું ચણતર કરી જ્યારે પ્રજાતંત્ર દાખલ કરશે ત્યારેજ તેઓ પોતાના વંશવારસોનું હિત જાળવી શકશે. શ્રી રામનો એક મંત્ર એવો હતો કે, પ્રજાને પ્રથમ સર્વો, લઈ જાય પછી પોતે ખાવું. આજ રીતે બુદ્ધ ભગવાનને કોઈએ પૂછ્યું કે તમે શા માટે નિર્વાણને માટે યત્ન કરતાં નથી, ત્યારે તેઓએ જવાબ આપ્યો કે જ્યાંસુધી જગતના લોકો દુઃખી છે ત્યાંસુધી મારે નિર્વાણ જોઈતું નથી. આવી અપૂર્વ વાતોનું શિક્ષણ દેશી રાજ્યકર્તાઓને કયાં બાળપણમાં આપવામાં આવે છે કે જેથી તેઓને આવી ભાવનાઓ ઉત્પન્ન થાય? ખરું બહુ:શિક્ષણ તો પશ્ચિમના જડવાદ (Western materialism) નું મળે છે ત્યાં આવી અદ્ભુત ભાવના ક્યાંથી થાય?

દેશી રાજ્યની પ્રજામાં જાહેર જીવન:

કાઠિયાવાડના તથા બીજા દેશી રાજ્યોની પ્રજાના કેટલાક સભ્યો મને વારંવાર કહે છે કે જાહેર જીવન કેમ ઉત્પન્ન કરી શકાય? એવી સ્થિતિ નથી, કારણ કે પ્રજામાં ઐક્ય નથી; અને કદાચ્ થોડા ઘણા સાહસિકો બહાર આવે તો તેઓને સત્તાધારીઓ દબાવી દે તેમ છે. આ માટે મને રસ્તો બતાવવાને માટે કહે છે. મને જે ધ્યાનમાં આવે છે તે લખું છું: જો દેશી રાજ્યકર્તાઓનો દિવસ ઘેર હોય તો પ્રજાની સ્થિતિ અને અગવડો તથા વિચારો જાણવાના સાધનરૂપે "પ્રજા મંડળો" સ્થાપવાને માટે રાજ્યકર્તાઓએ જાતેજ પ્રજાના સુશિક્ષિત વર્ગને પ્રેરણા કરવી; પણ જો તેમ ન હોય તો પ્રજામાંથી જેઓને આવું જાહેર જીવન ઉત્પન્ન થયેલું જોવાની ઉત્કંઠા હોય તેઓએ નીચેના સિદ્ધાંતો શુદ્ધબુદ્ધિપૂર્વક નક્કી કરી, જેટલા મળે તેટલા સભ્યોનું મંડળ દરેક રાજ્યમાં સ્થાપવું. આ સિદ્ધાંતો આ પ્રમાણે છે:—

૧. દેશી રાજ્યોને—એટલે પોતાના રાજ્યને સુદૃઢ કરવાનો પહેલો મંતવ્ય રાખવો.

૨. દેશી રજ્યકર્તાઓ પ્રત્યે ભક્તિ અને પ્રેમ રાખવાનો દરેક હિલચાલ કરનારે આવા મંડળનો ઉદ્દેશ રાખવો.

૩. પ્રજાની ફર્યાદો, અગવડો કે જરૂરીઆતો માટેના પોતાના નજીકનાં immediate) રાજા પાસે જવું એટલે કે સર્વોપરી સત્તાની દરમ્યાનગિરીની બુદ્ધિ ન રાખવાનો હેતુ સ્પષ્ટ કરવો.

૪. હમેશાં સભ્ય—ખુશામતી નહિ—નીતિ (policy) રાખવી; પરંતુ હુમલા કરનારી (aggressive) નીતિ ન રાખવી.

હું ધારૂં છું કે, ઉપલા નિયમો ધ્યાનમાં રાખી દેશી રાજ્યોમાં જાહેર સંસ્થાઓ સ્થાપવા પ્રયત્ન કરવામાં આવશે તો ઘણા દેશી રાજ્યો તે વાતને પોતાની સમ્મતિ આપશે. થોડાં રાજ્યો સમ્મતિ આપે તેવાં નહિ હશે તેઓ જરૂર આવા ઉદ્દેશોવાળા મંડળોના સામે થઇ દાબી દેવાનો પ્રયત્ન કરવાની હિમ્મત નહિ કરે. દેશી રાજ્યોમાં ખરી રીતે ‘ પ્રજા મંડળો ’ અસ્તિત્ત્વ ધરાવે છે. આ ‘ પ્રજા મંડળો ’ તે “ જૂનાં મહાજનો ” છે. એ મહાજનોને માત્ર ‘ નવો પોશાક ’ પહેરાવવા પૂરતું નવું કામ કરવાનું છે. મહાજનમાં હમેશાં નગરશેઠ હોય છે. આ નગરશેઠની નીમણુંક આસારે વંશપરંપરાથી ચાલી આવે છે તેમાં ખાસ ફેરફાર કરવાની દરેક ઠેકાણે જરૂર નથી હોતી, છતાં તેમાં નવું તત્ત્વ લાવવા માટે નગરશેઠની નીમણુંક પણ મતના ધોરણથી કરવી. ભલે પછી તે નગરશેઠનેજ ચૂંટી કાઢવામાં આવે. તેજ રીતે મહાજનના સભ્યો પણ મતના ધોરણે ચુંટી કાઢવા અને સ્થળને અનુકૂળ એવું, સભ્યોને માટે લવાજમ રાખવું. પ્રત્યેક કામ બહુમતિના ધોરણે કરવું.

જે સ્થળોએ જૂના મહાજનનો ઉદ્ધાર ન થાય તેવું હોય ત્યાં સ્વતંત્ર મંડળો સ્થાપવા; અને તેના ઉદ્દેશો મેં ઉપર કહ્યા તે નિયમો અનુસાર રાખવા. દરેક મંડળ પ્રથમથીજ મોટું હોવું જોઇએ એવો ખ્યાલ રાખવાની જરૂર નથી. એક પ્રમુખ, એક સેક્રેટરી અને બેથી પાંચ સભાસદો હોય તો તે ચાલી શકે. આટલા સભાસદોની બનેલી સંસ્થાને અથવા તો એક વ્યક્તિને પણ જાહેરહિતના પ્રશ્નો સંબંધી જાહેરને અથવા તો રાજ્યોને કહેવાનો હક્ક છે.

આ મંડળોએ પ્રજામાં ઐક્ય વિષે, રાજા અને પ્રજાના હક્કો અને જવાબદારીઓ વિષે, આરોગ્ય, શહેર સુધરાઇ, વિદ્યા અને બીજી પ્રજાની જરૂરી-

આતો વિષે ચર્ચાઓ કરવી; પ્રજાને વિષે જાહેર ભાષણો આપવાં અને જરૂર પડયે મુખ્ય અને વિવેકવાળી અરજીઓ સત્તાધિકારીઓને કરવી. તે અરજીઓ વર્તમાનપત્રોમાં છપાવવી વગેરે કામ કરવું.

આવી નાની શરૂઆત કરવાં કેટલું કામ થઇ શકે છે તેના બે ત્રણ દાખલાઓ આપું. એક એવી વાત છે કે અમેરિકા સ્વતંત્ર થયા પહેલાં જ્યારે ત્યાં પરતંત્રતા હતી ત્યારે સોળ સોળ વર્ષના બે વિદ્યાર્થીઓના મનમાં એમ ઉગી આવ્યું કે, "મનુષ્ય જાતિને માટે આવી પરતંત્રતા શા માટે જોઇએ. આપણે લોકોને સમજાવવું જોઇએ." તેઓએ શ્રીંગ કરી જાહેર રસ્તા ઉપર એક ઓરડી ભાડે લીધી અને એક બે ખાંટલા અને ખુરશી મેજ લીધા. એક વિદ્યાર્થી ભાષણ કરે અને બીજો તે સાંભળે. આવું જોઇ બીજાઓને કૌતક લાગવા માંડયું. શરૂઆતમાં કેટલાક કૌતક જોવાની ખાતર આવવા લાગ્યા અને ધીમે ધીમે લોકોને રસ પડવા લાગ્યો. પછી તો ઘણા માણસો આવવા લાગ્યા. અનુક્રમે આ સભા એક મોટી સંસ્થા થઇ અને એ દ્વારાએ પ્રજામત કેળવાતાં કેળવાતાં છેવટે પ્રજાસત્તાક રાજ્ય થયું. (જૂઓ હિંદ અને ફિલિપાઇન્સ), આ બે છોકરાઓના સ્મરણસ્થંભો અમેરિકાના ફિલાડેલફીયા નામના શહેરમાં હજુ પણ વિદ્યમાન છે.

લંડનમાં "મનુષ્યોના અંગત હક્કોનું મંડળ" (Personal Rights Association) એ નામનું એક બહુજ નાનું મંડળ છે, પરંતુ તે એક અઠવાડિક પત્ર અને બીજાં હસ્તપત્રાદિ મારફતે પ્રજામત કેળવવાનું ઘણું કામ કરે છે.

મીસીસ બેસેંટે "સ્વરાજ્ય સંઘ" (Home Rule League) ની શાખા એક પ્રમુખ, એક સેક્રેટરી અને બે સભાસદોની બનાવવાનું ધોરણ દાખલ કરવાથી હિંદમાં અનેક સ્થળે આ સંસ્થાઓ જન્મવા પામી હતી. આ વાત શરૂઆત કરવા માટે સામાન્ય સમુદાયને અર્થે છે. દરેક સંસ્થાનના પંથારે સુશિક્ષિત માણસોએ તો અંગ્રેજી અને દેશી વર્તમાનપત્રોમાં બને ત્યાં સુધી પોતાના નામ સાથે અને ન બની શકે તો ગૌણ નામ સાથે જાહેર લખાણો કર્યાજ કરવાં જોઇએ; પરંતુ તે લખાણો હમેશાં સત્ય, મિષ્ટ અને મંડનાત્મક constructive બનાવવા તજવીજ કરવી. જ્યાંસુધી વર્તમાનપત્રોનું શરણ નહિ લેવાય, ત્યાંસુધી દેશી રાજ્યોની પ્રજાકીય પ્રશ્નોનો ઉકેલ થશે નહિ. હું ખાસ ભાર મૂકીને સુશિક્ષિત વર્ગને વિનંતિ કરૂં છું કે ઉપર કહી તે રીતે ખુબ ચર્ચા કરો. ચર્ચાનું પરિણામ આવ્યા વિના નહીં રહે.

રાજ્યનું ધન પ્રજાના ઉપયોગમાં વપરાવું જોઈએ:

વર્તમાન પત્રોથી જણાય છે કે, ગ્વાલીયરના નામદાર મહારાજા સાહેબે પોતાના રાજ્યમાં ઔદ્યોગિક અને ખેતિવાડીની કેળવણી આપનારી કૉલેજો [illegible] ૭ કરોડ રૂપીઆની રકમ કાઢી આપી છે. આ ખબરથી આખા હિંદમાં તે નામદારની કીર્તિ જ્વલંત થશે. આટલી મોટી રકમ પ્રજા [illegible] કાઢી દેવાની વાત સાંભળી કાઠિયાવાડના રાજ્યોની તો નાડીની ગતિમાં પણ [illegible] જોઈએ જુનાગઢ, ભાવનગર, મોરબી, ગોંડલ તથા [illegible] આવાં કાર્યો કરવાની પૂરતી જોગવાઈ ધરાવે છે. નામદાર ગોંડલના [illegible] સહીસલામત કાગળીઆમાં (Safe securities) માં નાણાં [illegible] પ્રજાને માટે તો ન્યૂઝીલાંડની બેંકના નાણાંના જેવી છે; અર્થાત્ કે ન્યૂઝીલાંડના નાણાં ગોંડલની પ્રજાને કામ આવે નહિ તેમ આ ગોંડલના નાણાં પણ આવે નહિ. મોરબી રાજ્યે એક વખત પ્રો. ગજ્જર [illegible] મોટી યોજના કરાવવા ધારી હતી, પણ ત્યાર પછી તો [illegible] એટલે પ્રજાને માટે ગોંડળના જેવુંજ રહ્યું છે. [illegible] 'હાથે તે સાથે' [illegible] આરંભ કરીશું.

સંસ્થાનોની રેલ્વેરાજનીતિ:

[illegible]

અભરાઇએ મૂકે છે એ વાત "ટાઇમ્સે' કરેલી દલીલથી સ્પષ્ટ સિધ્ધ થાય છે. પરંતુ તેમાં હું તેઓનો વાંક જોતો નથી. એથી ઉલટું તેઓની આવડત જોઉં છું. આપણે પોતેજ અક્કલમઠા અને ભોળા હોઇએ, તો આપણા કરતાં વિચિક્ષણ હોય તે લાભ લીધા વિના કેમ રહે? જે વખતમાં કાઠિયાવાડમાં રેલ્વે કરનાર કોઇ પડમાં નહોતું તે વખતમાં મોરબીએ કરેલ પહેલ માટે "ટાઇમ્સે" જે વચણ બતાવ્યું છે તે ઉપરથી ભવિષ્યને માટે આપણે ચેતીએ તોય ઘણું નુકશાન થતું બચે.

વ્યાપાર બંધ થાય છે?:

મને સાંભળીને સંતોષ થાય છે કે, "કાઠિયાવાડના પત્રે" વાંકાનેર રાજ્ય ઉપર કાંઇક નૈતિક અસર કરી છે. સાંભળવા મુજબ વાંકાનેર રાજ્ય વ્યાપાર પ્રવૃત્તિ છોડી દેવાનું છે. તેમજ રાજ્યની અંદર પ્રજાનો અવાજ પણ દાખલ કરવાનું છે. વાંકાનેરના રાજા સાહેબને કેળવણીના સંસ્કારો છે, અને તેના દિવાન મી૦ દેવશંકર ઉત્સાહી ગૃહસ્થ છે એટલે આ બે આવકારદાયક સુધારાઓ કરે એ સંભવિત છે. અત્યારે તો વખત એવો છે કે, જે રાજા સ્વદેશીનું ઉપાસક અને સ્વદેશાભિમાની હશે તેજ પ્રશંસાશે, બાકી તો પ્રજાજીવન એવું થતું જાય છે કે તે કાંઇ પણ અન્ય ભાવનાઓ સાંખી શકે તેમ નથી.

આ પુસ્તક છપાય છે ત્યારે હું સાંભળું છું કે, વાંકાનેર પોતાના રાજ્યમાં વ્યાપાર કરવાનું બંધ કરે છે, પણ તેને બદલે મુંબઇ કરવા ધારે છે. આ વાત સાચી હોય તો કંઇ રાજપ્રકરણમાં ભૂલ નાની થઇ જતી નથી. વ્યાપાર એ રાજ્યનો ધર્મજ નથી; એ સિદ્ધાંત હૃદયમાં ઉતરવો જોઇએ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૧૩ મો.

(હિંદુસ્થાન, તા. ૧-૫-૧૯૨૦).

અમારા શિક્ષકો પ્રત્યે:

દેશી રાજ્યોના શિક્ષકોને એવી વિનંતિ કરૂંછું કે, પ્રારંભમાં "એ દિવસ ક્યારે આવશે?" એ શીર્ષક નીચે જે નાનું કાવ્ય આપેલું છે તે કૃપા કરી શાળાઓની અંદર વિદ્યાર્થીઓને જેમ મુખે કરાવશો તેમ તેનું તાત્પર્ય પણ સમજાવશો. "દેશ-પ્રેમી રાજા હોય તો જનતા સ્વદેશી થાય છે" એ સૂત્રનું રહસ્ય જેમ બને તેમ સારી રીતે તેઓને ગળે ઉતરાવશો તો તમો પણ એક સેવા કરશો.

ટોલ્સ્ટોયની રાજાઓને સલાહ:

મી. મૉન્ટેગ્યુ હિંદમાં આવ્યા તે પહેલાંથી દેશીરાજ્યોમાં પ્રજાને અવાજ આપવા સંબંધી ચળવળ શરૂ થઇ છે. એ ચળવળ કરનારાઓના પ્રયત્નો જોઇ, મી૦ મૉન્ટેગ્યુએ પોતાના રિપોર્ટમાં ઉલ્લેખ કર્યો હતો તથા એવી આશા બતાવી હતી કે બ્રિટિશ હિંદમાં થવાના ફેરફારોની અસર દેશીરાજ્યો ઉપર થયા વિના નહિ રહે. ત્યાર પછી આ સવાલ જાહેર વર્તમાનપત્રો અને જાહેર લખનારાઓ અવારનવાર ચર્ચ્યા કરે છે; જેના પરિણામમાં નામદાર વાઇસરૉયે કેવી " નરેન્દ્ર સભા " આગળ પણ દેશીરાજ્યોને પ્રજા અવાજ દાખલ કરવા

માટે સારી રીતે કહ્યું હતું. ખુદ કાઠિયાવાડનો વિચાર કરીએ તો, પોરબંદરના રાજ્યાભિષેક વખતે મી. મેક્કોનકીએ પણ તે માટે સારી પેઠે કહ્યું હતું. દેશના બીજા ભાગોમાં પણ સરકારી અધિકારીઓ પ્રસંગોપાત આ વિષયમાં ધ્યાન ખેંચે છે, પણ નિઝામ હૈદરાબાદ કે એવા બીજા કોઈ મોટાં રાજ્યો સિવાય બીજા ઉપર તેની અસર થઇ જણાતી નથી. કાઠિયાવાડમાં પ્રજાના એક વર્ગમાં ધીમી ધીમી [illegible] છે, પરંતુ ખુદ રાજ્યોમાં આ માટે કાંઈએ સળવળાટ જણાતો નથી. પ્રજાના અવાજની વાત બાજૂએ રાખી, રાજાની ગાદી [illegible] દૂર કરવાના સંબંધમાં કેટલાંક સંસ્થાનોને માટે વર્તમાનપત્રોમાં પુષ્કળ લખાય છે. કોઈ કોઈ પત્ર તો સત્યતાની દરકાર કર્યા વિના [illegible] પણ લખ્યું છે, અને સામાન્ય રીતે ઘણા પત્રો કાંઈને કાંઈ ચર્ચા કર્યા કરે છે, તો પણ એને તો કાંઇ સળવળાટ જણાતો નથી. આ 'હિંદુસ્થાન' માં લગભગ [illegible] માસ થવા આવ્યા ત્યારથી અનેક પ્રકારે પાંતિ પાડી પાડીને [illegible] રાજ્યકર્તાઓ તથા પ્રજાને [illegible] ફરારોને [illegible] ભરવામાં આવે છે, છતાં અપવાદરૂપ એકાદ રાજ્ય સિવાય બીજા રાજ્યોમાં કેમ જાણે તેની દરકાર પણ કરવામાં ન આવતી હોય એવી રીતે મૌન પકડી રાખવામાં આવ્યું છે. [illegible] નથી, પરંતુ જે રાજ્યોની અનિચ્છનીય પ્રવૃત્તિઓ માટે લખાય છે તેઓ [illegible] નથી. [illegible] નથી માટે મૌન [illegible] માટે [illegible] પ્રજાનો [illegible] નથી? [illegible]

સત્તારૂઢ થઈ, બાહેર ગતની દરકાર ન કરતાં હોય તેઓ જો રસ્યન શાહેનશાહતનો દાખલો યાદ કરશે તો તેઓને અવશ્ય દૃષ્ટિકોણ બદલાવવાનું દુષ્ટ લાગશે.

કેળવાયેલા અધિકારીઓ અને પ્રજાજનો :

કાઠિયાવાડના અધિકારી વર્ગની ચૂંટણી–દિવાનો, કારભારીઓ, ન્યાયાધિશો, વસુલાત કમિશ્નરો, પોલિસ અધિકારીઓ અને તેવા બીજા અધિકારીઓની ચૂંટણી હવે ઘણું કરી કેળવાયેલા વર્ગમાંથી કરવામાં આવે છે અને તેમાં પણ ખાસ કરી વકીલોમાંથી વિશેષ કરવામાં આવે છે. જ્યારે તેઓની કારકિર્દીઓ અને બીજી પ્રવૃત્તિઓ તરફ નજર કરવામાં આવે છે ત્યારે સ્પષ્ટ જણાઈ રહે છે કે, તેઓ રોજકામ (routine work) કરવા સિવાય બીજું કાંઈ નૂતનતાવાળું કાર્ય (original work) શોધી શકતા હોય એમ જણાતું નથી. મારા જાણવામાં થોડાક દાખલાઓ તો એવા છે કે, જ્યાં કેળવણીની બેકદર થઇ છે; જૂના વખતના અધિકારીઓના કરતાં કેળવાયેલા અધિકારીઓએ રાજાઓને સારૂં લગાડવા માટે તથા પોતાની સ્થિતિ ટકાવી રાખવાને માટે રાજાઓને પ્રજાની સ્થિતિની દરકાર રાખ્યા વિના ઉપજ વગેરે વધારવામાં પોતાની કેળવણીનો દુરૂપયોગ કર્યો છે. આવા થોડાક અપવાદોની વાત બાજૂએ રાખી મોટા ભાગનો વિચાર કરીએ તો પણ આટલી વાત તો ખુલ્લી છે, કે તેઓએ અસાધારણ રીતે કાંઇ નૂતનતા દાખવી નથી. નૂતનતાની વાત બાજૂએ રાખી સામાન્ય રીતે કેળવણીનો ઉપયોગ જોઇએ તો તેઓએ પ્રજાહિતને માટે કોઇ નવીન વિચારો કે નવનપ્રવૃત્તિઓ કરેલી જણાતી નથી. આ શું બતાવે છે? શું તેઓમાં નૈતિક હૈવત (moral strength) નથી? તેઓમાં નોકરી જતી રહેવાનો કાંઇને કાંઇ ભય જોવામાં આવે છે, તો શું તેઓમાં બીજે આજીવિકા મેળવી લેવાશે એવી શ્રદ્ધા રાખવા પુરતું આત્મબળ નથી? કે શું વર્ગીએ મરીબાક છે? કેળવાયેલા પ્રજાજનોને માટે આવીજ સ્થિતિ છે. કાઠિયાવાડમાં બેરીસ્ટરો, વકીલો, ડોક્ટરો, અને ગ્રેજ્યુએટોની સંખ્યા મોટી છે. તેઓ પણ કોઇ રાજકીય સામાજીક કે અન્ય કોઇ જાતની પ્રજાસેવા કરવાની પ્રવૃત્તિઓ કરતા જણાતા નથી. વકીલોને પોતાના ધંધાને નુકશાન થવાનો ભય નડે છે. બેરીસ્ટરોનો મોટો ભાગ પ્રજાસેવાને માટે પોતે સરજાયેલા ન હોય એવું માની વર્તે છે. ડોક્ટરો રાજકીય વિષયમાં ન પડે, પણ સમાજસેવા (Social Service) કરી શકે જ્યાં તેઓ તો એ કામને પોતાની સાથે કાંઇ લેવાદેવા ન હોય એવી પ્રતિજ્ઞા કરી બેઠેલા જણાય

છે. ઇન્ફ્લ્યુએન્ઝા અને પ્લેગમાં કેટલા ડૉક્ટરોએ પ્રજાની નિઃસ્વાર્થપણે સેવા કરી? સેવાની વાત બાજૂએ મૂકી તેઓના ધંધાને અંગેજ વિચાર કરીએ તો તેઓમાંના કોઇએ ડૉક્ટર ત્રિભોવનદાસની પેઠે એક શોધ કરી છે? ગ્રેજ્યુએટો તો શિક્ષકાદિના ધંધાઓની ચિંતા પાછળ હોય છે. આ સઘળું શું બતાવે છે? મને તો લાગે છે કે આ બધાનું મૂળ તેઓમાં નૈતિક હૈવતની ખામી છે. અને આનું મૂળ કારણ આપણને આપવામાં આવે છે તે કેળવણીની "હાલની પ્રથા. "Democracy and Empire" નામના ગ્રંથના લેખક જણાવે છે કે,

"It may be pointed out here that one cadinal defect of our present educational system is that it has ignored *training* and devoted chiefly to *instruction*...........Any effort is worth while which holds out promise of improvement on the present godless curricula."

આપણી હાલની શિક્ષણ પદ્ધતિમાં મુખ્ય અવગુણ એ છે કે, તેમાં કેળવણીની અવગણના કરાય છે અને મુખ્યત્વે કરીને ઉપદેશ ઉપર અવલંબાય છે. ચાલતા અધર્મી અભ્યાસક્રમમાં સુધારો થાય એવો પ્રયત્ન આવકારદાયક છે.

કવિવર રવિન્દ્રનાથ ટાગોરે હમણાંજ મુંબઇમાં પોતાની યુનિવર્સિટી સમીપ આપેલા ભાષણમાં કહ્યું છે કે:—

"As for them far from having given their universities more than they had received, they had not even rendered a satisfactory amount of what they had received. They had been repeating great words, they had been learning great truths, and they had been looking on great examples but in return they had simply become clerks deputy magistrates or police inspectors!

તેઓએ જે મેળવ્યું હતું તે, યુનિવર્સિટિને વ્યાજ સાથે આપવાનું તો એક બાજુએ રહ્યું પણ તેઓ મુદ્દલ રકમ પણ સંતોષકારક રીતે ભરી શક્યા નહોતા. તેઓ મહત્ત્વાકાંક્ષા ધરાવતા, મહાન્ સત્યોનું અધ્યયન કરતા, અને મહાન્ પુરૂષોના ચારિત્ર્ય વિચારતા, પણ અંતે માત્ર કારકુનો, ડેપ્યુટિ ન્યાયાધીશો, અથવા પોલિસ ઇન્સ્પેક્ટરો થતા!

સુવ્યવસ્થિતપણે રાજ્ય ચાલતું જોવાનો પ્રજાનો એક ધર્મ:

ટિરાયમ પેન નામના એક વિદ્વાન કહે છે કે "A man should make it a part of his religion to see that his country is well-governed." અર્થાત્ પોતાના દેશનું રાજતંત્ર સુવ્યવસ્થિતપણે ચાલે છે. તે જોવાનો દરેક મનુષ્યે પોતાના ધર્મનો એક ભાગ અશ કરવો જોઇયે." દેશીરાજ્યોની પ્રજાઓ, ઈંગ્રેજ બાહ્યહિંદ પ્રજાઓ કરતાં ધર્મે વરર વધારે પ્રવૃત્ત રહે છે; જ્યાં જો તે પ્રજાઓ પોતાના સંસ્થાનોનું રાજતંત્ર સુવ્યવસ્થિતપણે ચાલે છે કે નહિ તેની દરકાર નહિ કરે, તો તેઓએ વ્હેલો ધર્મ લાગવો પડશે, કેમકે સુવ્યવસ્થિતપણે રાજતંત્ર ન હોય ત્યાં વ્હેલી ગરીબી આવે છે અને ગરીબી જાતી કે તે ધર્મપરાયણતા રહેવા દેતી નથી. આખું હિંદ અને ખાસ કરી દેશીરાજ્યો અને તેમાં પણ કચ્છ-કાઠિયાવાડ નિવૃત્તિમાર્ગના પોષક હોવાથી લગભગ ગ્રામ્યજીવનને સેવનારા છે. આ ગ્રામ્યજીવનને અંગ્રેજીમાં Village system કહે છે. ઘણા ઇતિહાસકારોનું માનવું છે કે, આપણે આ ગ્રામ્યજીવનનેજ સુખરૂપ સર્વાંશે માની તેમાં સંતોષ પકડવાના પરિણામે આપણો દેશ અનેકવાર બીજી સત્તાઓથી છવાયો છે; અને એ જીવનથીજ આપણામાં દેશાભિમાનની લાગણીઓ નષ્ટ થઇ છે. એક વિદ્વાન કે જેનું નામ ગ્લીગ (Gleig) કરીને છે તે 'હિંદના ઇતિહાસ' માં આ પ્રમાણે લખે છે:—

"A striking and to a certain extent, at least a mischievous effect of this village system of Hindusthan was to stifle altogether that love of country which we are accustomed to dignify with the appellation of patriotism...... To this endeed, more than to any other cause is to be ascribed the felicity with wich one conqueror after another has overrun different parts of India; which submitted, not so much because its inhabitants were wanting in courage, as because to the great majority among them it signified nothing by whom the reins of the supreme Government were held."

હિંદુસ્થાનના આ ગ્રામ્ય જીવનની બહાર પડતી અને અમુક અંશે અચૂક અટકાવણી અસર, પોતાના દેશ તરફની ચાહના કે જેને આપણે

સ્વદેશાભિમાનના નામથી પીછાનીએ છીએ; તેને ગુંગળાવી મારવાની હતી. આનેજ લઇને હિંદુસ્થાનના જુદા જુદા મુલકો, અનેક વખત, પરદેશીઓને તાબે થતા. ભિન્ન ભિન્ન પ્રદેશો પરાજીત થવા તે કાંઇ વસનારા માણસો બહાદુર અને હિમ્મતવાળા નહોતા એમ તદ્દન નહિ, પણ તેમાંનો મોટો ભાગ મુખ્ય સત્તાની લગામ વિનાનો હતો.

આપણામાં શક્તિઓ નથી અથવા આપણામાં આવડત નથી એથી આપણે પરતંત્ર થયા કરીએ છીએ એમ નથી. ખરૂં કારણ આપણામાં દરેક જણ પોતાનું ઘર સંભાળીને બેસવાનું ઇચ્છે છે તે છે. પછી દરેકનો વારો સહન કરવાનો આવે છે. આપણામાં હવે સમૂહાત્મક જીવન (collective life) આપણે ઉત્પન્ન કરવું જોઇએ, અને તેમ કરવાનો એકજ ઉપાય છે અને તે એ છે કે જેમ પોતે પોતાનો સ્વધર્મ પાળવાનુ ઇશ્વરી કામ માને છે, તેમ પોતાનું રાજતંત્ર બરાબર ચાલે છે કે નહિ તેની સંભાળ લેવાના કામને પણ જ્યારે આપણે સ્વધર્મની ક્રિયા માનીશું ત્યારેજ આપણામાં પ્રજાકીય જીવન પેદા થઈ શકશે.

સ્વદેશાભિમાન મુલક કેળવણી:

અંગ્રેજો અથવા ખરૂં કહીએ, તો પશ્ચિમપ્રજા દરેક બાબત (scientifically) નક્કી કરી કામ લે છે. પોતાના દેશ અને પોતાના રાજ તથા પોતાના રાજ્યકર્ત્તાઓ તરફ પ્રેમ અને માનબુદ્ધિ પ્રજામાં કેવી રીતે ઉત્પન્ન થાય તેનો વિચાર તેઓએ શાસ્ત્રીય રીતેજ કર્યો છે. ભવિષ્યની ઓલાદ દેશભક્ત અને રાજભક્ત થાય તેટલા માટે બાળક શાળામાં દાખલ થાય ત્યારથીજ તેવા સંસ્કારો પાડવામાં આવે છે. હિંદનો દાખલો લઇએ, તો શાળાઓમાં ચાલતી વાંચનમાળાઓમાં નામદાર શહેનશાહ અને તેઓના રાજકુટુંબના ચિત્રો, તેઓના પરિચયો વગેરેનો તેના બાલપણાથીજ સંસ્કાર કરવામાં આવે છે. "યુનિયન જૅક" અથવા 'બ્રિટિશ વાવટા' તરફ પ્રેમ ઉત્પન્ન કરવા માટે તેને નમન કરવામાં આવે છે. યુદ્ધ શાંતિના જે પ્રદર્શનો કરવામાં આવ્યા હતા તેમાં શહેનશાહ અને આ વાવટાના ચિત્રો અસંખ્ય વહેંચવામાં આવ્યા હતા. મતલબ કે બાલપણાથી સંસ્કારો રેડવાનું કામ કરવામાં આવે છે. દેશી રાજ્યકર્ત્તાઓના તરફ કર્નલ ટોડે કહ્યું છે તેમ મૂળથીજ સહાયકસંધિ (subsidiary alliance) ઓ માન ઓછું કરાવે છે. તેમાં વળી દેશીરાજ્યોના કેટલેક ઠેકાણે અવ્યવસ્થિત વહિવટો હોય તેથી રાજ્યકર્ત્તાઓ

નરદ્દ અભાવ ઉત્પન્ન થાય છે; અને બાલ્યપણમાં કોઈ પણ પ્રકારના દેશાભિમાન કે રાજ્યાભિમાનના સંસ્કાર પાડવામાં આવતા નથી. ઇતિહાસ પણ અંગ્રેજોની દષ્ટિએ લખાએલા હોય છે, તે પણ દેશીરાજ્યો પ્રત્યે આદર રહેવા દેતા નથી અને આને પરિણામે સામાન્ય પ્રજામાં વિદેશી કે કેટલાએકી પ્રજામાં પોતાની નઠારા (immorate) રાજ્યકર્તાઓ માટે પણ ઓછું માન રહે છે. આ સ્થિતિ આપણે આપણી નાદાનીથી અત્યારસુધી તો ચલાવી, પણ હવે આપણે બિલકુલ સાવધ થઈ જવું જોઈએ.. નામદાર ગાયકવાડ સરકારે તો પોતાના રાજ્યને માટે વાંચનમાળા વગેરે સ્વતંત્ર પુસ્તકો તૈયાર કરાવ્યાં છે, પણ બીજાં રાજ્યોએ એ બાબતમાં કાંઇ ખ્યાલ કર્યો નથી. આપણે શહેનશાહ અને સર્વોપરીસત્તા પ્રત્યે વફાદાર રહીએ એ આપણું કર્તવ્ય છે, પરંતુ તેની સાથે આપણે આપણાં સ્વદેશાભિમાનને પણ રાખી શકીએ. આપણાં દેશીરાજ્યોએ પોતાના કેળવણી ખાતાને માટે ખાસ આ કામગીરી કરવી જોઇએ. 'મેવાડની જાહોજલાલી' ના પુસ્તક જેવા ઇતિહાસો તથા સ્વદેશાભિમાન વધે તેવા અને પોતાના નઠારા રાજ્યકર્તા અને તેના વંશજોને માટે માન ઉપજે તેવા સંસ્કારો નાખનારી વાંચનમાળાઓ તૈયાર કરાવી ચલાવવી જોઈએ, જો આમ નહિ કરવામાં આવે તો અત્યારે જે થોડું-ઘણું માન રહે છે તે પણ રહેશે નહિ. એક વાત ઉપર અહિં ફરી ધ્યાન ખેંચું છું. બ્રિટિશ હિંદ કરતાં દેશીરાજ્યોની સ્થિતિ જૂદા પ્રકારની છે. દેશીરાજ્યોમાં જેને બેવડું સ્વદેશાભિમાન (double patriotism) કહે છે તે રાખવાનું છે. એટલે કે આખા હિંદ તરફ રાષ્ટ્રીય ભાવના, શહેનશાહ તરફ વફાદારી, અને ખુદ દેશીરાજ્ય અને તેના રાજાઓ પ્રત્યે અભિમાન રાખવાનું છે; અને આ ત્રણે ભાવનાના સંસ્કારો દેશીરાજ્યોની શાળાઓમાં બાળકોને પ્રથમથીજ પાડવા માટે દરેક દેશીરાજ્યો ચાહે તો ભેગા મળીને અથવા સ્વતંત્ર રીતે ગોઠવણ કરવાનું કામ પોતપોતાના કેળવણીખાતાઓને સોંપવું જોઈએ અને તેના ઉપર ખાસ લક્ષ આપવું જોઇએ.

કોંગ્રેસ કમિટીનો પંચાયતવિષયક રિપોર્ટ અમારા દેશી રાજ્યોમાં પણ આવી ગયો છે. દેશી રાજ્યો હજુ ધાર્મિક (religious) છે અને ત્યાં તેઓની પ્રજાઓ ધાર્મિક અને દયાળુ લાગણીઓથી ભરેલી છે. જ્યારે હંટર કમિટી ચાલતી હતી ત્યારેજ દેશી રાજ્યોની પ્રજાઓ તેથી ત્રાસી ગઇ હતી. કોંગ્રેસ કમિટીનો રિપોર્ટ વાંચ્યા પછી અમે તો ખરેખર હેબતાઈજ ગયાં છીએ. જ્યારે એ રિપોર્ટમાં ગુજરાનવાળા કુંદનલાલ નારના ૧૦ વર્ષનો

દેશી રાજાઓ–પછી તે હિંદુ હો કે મુસલમીન પરંતુ પ્રજા તેની અંદર ભળી જાય છે.

અખિલ હિંદના પ્રશ્નો:

બ્રિટિશ હિંદના અંગ્રેજપ્રશ્નોમાં દેશી રાજ્યો માથું ન મારે એ વાત મને પણ પ્રષ્ટ છે, તથાપિ અખિલ હિંદના પ્રશ્નોના જ્યાં સવાલ હોય અથવા જ્યાં હિંદના અખંડ રાષ્ટ્રીય જીવનનો પ્રશ્ન હોય ત્યાં દેશી રાજ્યકર્તાઓ પોતાનો સ્વતંત્ર–ખુશામતવાળો નહિ–અભિપ્રાય બતાવતાં ડરે એ મને તો ઠીક લાગતું નથી, પરંતુ એ વાત તેઓનું રાજકીય જ્ઞાન અને મુત્સદીપણું ઢંકાવી રાખનારી છે. જે વખતમાં એવો ભય હતો કે, બ્રિટિશ હિંદને વિષે રહેતા હિંદીઓ અને દેશી રાજ્યો એકત્ર થઈ અંગ્રેજ અમલને પજવણી કરશે ત્યારે જે ડર દેશી રાજ્યકર્તાઓમાં બેસાડી દેવામાં આવ્યો છે તે ડર હજુ તેઓમાં કાયમ છે, પણ હું તેઓને ખાત્રી આપું છું કે તેવો ડર રાખવાનું કોઈપણ કારણ નથી. ખુદ અંગ્રેજ રાજ્યદ્વારીઓ દેશી રાજ્યકર્તાઓ પાસેથી તેવું ઇચ્છે છે. તે વાત "બહુમતવાદ અને શહેનશાહત" ના રાજ્યદ્વારી લેખકે જણાવેલા વિચારોથી સિદ્ધ થાય છે, તે લખે છે કે:—

"They (*i. e.*, Princes) should be closely associated with the Viceroy, not only in matters of ceremonial but on questions of legislation. It is true that there is i nominal existance an advisory Council of the chiefs but its functions have fallen into desuetude. Some method must be devised of at once gratifying their natural ambition, and *utilising their undoubted power and influence.*"

"રાજાઓ વાઇસરૉયની સાથે આદરસત્કારની વિધિઓમાં જોડાય એટલું જ નહિ પણ કાયદા રચવાના કાર્યમાં સતત જોડાવા જોઈએ. રાજાઓનું સલાહકારક મંડળ નામનું અસ્તિત્વ ધરાવે છે એ ખરું, પણ તેનાં કાર્યો [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]."

[illegible]

ગ્રંથકારે છેલ્લા વાક્યમાં જે કહ્યું છે કે, "તેઓના નિઃશંક શક્તિ અને વગનો ઉપયોગ કરવાનો કોઇ ઉપાય શોધી કાઢવો જોઇએ." એ શબ્દો ઉપર હું ધ્યાન ખેંચું છું. દેશી રાજ્યકર્ત્તાઓ, જામસાહેબની પેઠે "હા.જી.હા આવે" તેવી વાત કરે એમ હોય તો અમારે તેઓ મૌન રહે છે તેજ વધારે સારું છે; પણ જો તેઓ એમ સમજે કે ગ્રંથકાર કહે છે તેમ તેઓની (રાજકર્ત્તાઓની) શક્તિ અને વગનો લાભ સરકાર લેવા માગે છે તો બિલકુલ ડર વિના સ્વતંત્રતાપૂર્વક કહી શકે તો તેઓનું રાજકીય જ્ઞાન અને મુત્સદીપણું જરૂર વૃદ્ધિ પામી હિંદને અને પોતાની પ્રજાને લાભ કરી શકે.

નવા રાજાઓ પ્રત્યે જુના રાજાઓની જવાબદારી:

કાઠિયાવાડમાં ઘણાંય નાનાં મોટાં રાજ્યો છે, પરંતુ પાંચ સાત રાજ્ય એવાં છે કે જેઓ શાસનપદ્ધતિમાં એક બીજાને બહુ અનુસરે છે. ગોંડળ, જામનગર, મોરબી, ધ્રાંગધ્રા, વાંકાનેર, રાજકોટ અને લીમડી. આ સાત રાજ્યોના વ્યવસાયો અને શાસનરીતિઓ જોવામાં આવે તો તેમાં એક બીજાનું અનુકરણ બહુ જોવામાં આવે. આ સાત રાજ્યો એક બીજા નજીક હોય તેના ક્રમપાને કાઠિયાવાડી ભાષામાં મેં 'કુંડલી' કહી છે. કાયદાઓની મદદ વડે પ્રજા-obligation કરવું, વ્યાપાર કરવો, ગીરાસો વધારવા, ખરચ કમી કરવું, ઉપજ વધારવી, પ્રજાને દબાએલી રાખવી એ વગેરે બાબતોમાં જેમ જાણે આ સંસ્થાનો એક બીજાનું અનુકરણ કરતાં ન હોય એમ લાગે છે. મારે અહિં ત્રણ રાજ્યોને ખાસ કરી કહેવાનું છે; કારણકે તેના રાજકર્ત્તાઓ જુના (senior) છે. જામનગર, ગોંડળ અને મોરબીના રાજ્યકર્ત્તાઓ વયે મોટા હોવાથી તેમ તેઓ આગળ પડતા હોવાથી નવા રાજાઓ તેઓનું અનુકરણ કરે એ સ્વાભાવિક છે, માટે તેઓની નૈતિક જવાબદારી છે કે, નવા રાજ્યકર્ત્તાઓ પ્રજાપ્રિય રાજનીતિ અનુસરે તેટલા માટે તેઓએ પોતાની પ્રજાને સુખરૂપ થઇ પડે તેવી રાજનીતિ ગ્રહણ કરવા જેવું જોઇએ. મોટેરા પુરૂષોની જવાબદારી હંમેશાં સમાજમાં પણ હોય છે અને તેથી તેઓએ બહુ નૈતિક જવાબદારીપૂર્વક વર્તતા રહેવું જોઇએ; તેમ અમારા આ ત્રણ રાજ્યકર્ત્તાઓએ બીજા નવા રાજ્યકર્ત્તાઓ તેઓનું ઉદાહરણ લેશે એમ માની પોતાની સઘળી પ્રવૃત્તિઓ કરવી પડે છે.

લોર્ડસિંહ અને દેશી રાજ્યો :

હું આ જોડે ૧૮૯૬ માં ઇંડિયન નેશનલ કૉંગ્રેસે દેશીરાજ્યોના હિત અર્થે પસાર કરેલો એક ઠરાવ અને તેના ઉપર લોર્ડસિંહે (તે વખતના સર સિંહે) આપેલું વ્યાખ્યાન મોકલાવુંછું તે તમારી ઇચ્છા થાય તો આખે આખું તમારા પત્રમાં તમારા અવકાશે આપશો. હું વારંવાર લખી ગયોછું કે, જૂના વખતમાં કૉંગ્રેસના અગ્રેસરો દેશીરાજ્યોને પોતાનાં ગણતા હતા અને તેના હિતને અર્થે તેઓ બહુ કાળજી રાખતા હતા. એ વાતને પુષ્ટિ આપનારૂં સાક્ષાત દૃષ્ટાંત ૧૮૯૬ માં કૉંગ્રેસે દેશી રાજ્યકર્ત્તાઓને ગેરકારોબારના કારણે વગર તપાસે શાસન કરવા વિરૂદ્ધમાં એક ઠરાવ પસાર કર્યો હતો તે આપે છે. કેટલાક વર્ષો થયાં સરકારની એ રાજનીતિમાં ફેરફાર થયો છે, એટલે એ સંબંધમાં અહિં કં કહેવાતું નથી. આ પ્રસંગ દોરવવામાં મારો હેતુ એકજ છે અને તે એ કે કૉંગ્રેસનું વલણ હંમેશાં દેશીરાજ્યો પ્રત્યે માયાળુ અને શુભ હતું. લોર્ડસિંહ પણ એ સંબંધમાં કેવી કાળજી રાખનાર ગૃહસ્થ છે તે એઓએ કરેલા તે વખતના વ્યાખ્યાનપરથી સ્પષ્ટ થાય છે.

કૉંગ્રેસ અને દેશી રાજ્યોમાં પ્રગતિ :

સર ફીરોઝશાહ મહેતાના ઘણાં રાજ્યદ્વારી અનુયાયીઓ હતા. તેમાં મી. નારાયણ વિષ્ણુ ગોખલે પણ એક છે. એક વેળાએ તેઓએ મને એમ કહ્યું હતું કે, પ્રથમ તો કૉંગ્રેસ દેશી રાજ્યોના હિત અર્થે ઘણું ઓછું ધ્યાન આપી શકતી હતી, પરંતુ હવે સંયોગો બદલાયા છે તેથી તથા કૉંગ્રેસનો રાજકીય મોભો નિશ્ચિત થયો છે તેથી કૉંગ્રેસે દેશી રાજ્યકર્ત્તાઓને એવા પ્રકારની ઉત્સાહ આપનારી, સભ્ય અને ભ્રાતૃભાવદર્શક અરજ કરવી કે દેશીરાજ્યે વધારે બળવાન થવા માટે પ્રજાતંત્ર દાખલ કરવું. તેઓએ આ સંબંધમાં કૉંગ્રેસે કેવા પ્રકારનો ઠરાવ કરવો જોઇએ તેનો એક મુત્સદ્દો પણ જાહેરમાં મૂક્યો હતો, જે ઉપરથી કલકત્તામાં મીસીસ એની બેસન્ટના અધ્યક્ષપદ નીચે મળેલી કૉંગ્રેસમાં એ ઠરાવ મંજુર કરવા માટે બીજા મિત્રોની સાથે મેં પણ યત્ન કર્યો હતો, પરંતુ એ વખતે મીસીસ બેસન્ટે પોતાના પ્રમુખ તરીકેના વ્યાખ્યાનમાં આ પ્રસંગ દોરી સંતોષ માન્યો હતો.

પ્રાંતિક પરિષદોમાં દેશી રાજ્યો :

કૉંગ્રેસની નવી [illegible] જૂની [illegible] પરિષદો છે. મુંબઇ પ્રાંતિક પરિષદનું [illegible] અધિવેશન થયું ત્યારે પ્રમુખ

ઑન. મી. વી. જે. પટેલ હતા. કેન્દ્રશાસનની પ્રવૃત્તિનો પ્રથમ ઠરાવ અને
કોન્ફરન્સો કે એ એક દરિદ્ર ગણાતું કે એમ કહી શકાય દેશાથી મેં એનું
હેતુ સિદ્ધ કરવા માટે ઓગસ્ટમાં હજારી આપી હતી. મી. પટેલ અને
મી. કેલકર પણ મારા વિચારને અનુમત હતા અને તે પરથી એ અધિવેશનમાં
એક પણ અન્ય દેશી રાજ્યકર્તાઓને અસર કરનારો ઠરાવ પસાર કરવામાં
આવ્યો હતો. મી. પટેલ અને મી. કેલકરની ઇચ્છા આ ઠરાવ કમિશનમાં પણ
પસાર કરાવવાની હતી. ત્યાર પછી એ દિશામાં કંઈએ પ્રયત્ન કર્યો નથી; એટલે
વાત વિશેષ આગળ ગઈ જણાતી નથી.

દેશી રાજ્યકર્ત્તાઓ અને દેશના અગ્રેસરો:

કમિશન અને પરિષદો ઠરાવો પસાર કરે તેથીજ દેશી રાજ્યો પ્રગતિને
માર્ગે પ્રયાણ કરે છે એકાંત હું માનતો નથી. બીજાં કારણો પણ એક અગત્યનું
કારણ છે. દેશી રાજ્યકર્તાઓ અને દેશના આગેવાનો અગાઉની પેઠે, હમણાં
પરસ્પર સંસર્ગમાં ઓછા આવે છે; પણ કહીએ તો ગુણ આવતા નથી એ
લાગે છે કે, આ વાત રાજકીય ભૂલ છે. દેશના જેને સ્વાભાવિક આગેવાનો
(Natural) કહી શકાય તે દેશી રાજ્યકર્તાઓ રાજકારણી બાબતો કે
બીજા આગેવાનો મુત્સદ્દી દષ્ટિથી પરસ્પર સંસર્ગમાં ન આવે એવું ઇચ્છે છે
એ આવે કે, દેશના સ્વાભાવિક અને સજાતીય હિતોમાં પણ એક બીજાને
સહાયક ન થઈ શકે. દેશી રાજ્યકર્તાઓને અને તેથી પ્રજાને તો રાજકીય
તેમજ નૈતિક નુકશાન થાય છે. દેશના આગેવાનોની સાથેના અપરિચયથી દેશી-
રાજ્યકર્તાઓ ખરી રીતે જોઈએ તો એકલ થઈ ગયા છે; અને તેથી તેઓએ
સર્વ પ્રકારે નમેલી સ્થિતિમાં રહેવું પડે છે. આ એક રીતે નુકશાન થાય છે
કે, દેશના સારામાં સારા બુદ્ધિવંત પુરુષોનાં જ્ઞાન અને અનુભવનો દેશી રાજ્ય-
કર્તાઓને લાભ મળતો નહિ હોવાથી તેઓએ જ્ઞાન અને અનુભવની બાબ-
તોમાં પછાત સ્થિતિમાં આવી પડવું પડ્યું છે. બીક ત્યાગી દઈ પોતાના દેશના
આગેવાન પુરુષોના સંસર્ગમાં આવવાનું દેશી રાજ્યકર્તાઓએ કરવું જોઈએ.
તેમાં કાંઈ રાજદ્વારી ગુન્હો નથી.

આગેવાનોની મહેનતપર પાણી ફેરવશે કે?

મારા વિચારો વાંચનારા હવે સારી પેઠે વાકેફ છે કે, દેશીરાજ્યોના કારો-
બારમાં સર્વોપરીસત્તાએ માથું મારવું તે વાત મને સમ્મત નથી. મારા એકલા-

નોજ આ વિચાર છે એમ નથી, પરંતુ દાદાભાઇ નવરોજજીના કાળથી દેશના આગેવાનો અને મુત્સદીઓનો પણ આજ વિચાર છે. સર્વોપરીસત્તા વચમાં આવે તેથી કેટલીક વખત વ્યક્તિગત (individual Cases) દાખલાઓમાં લાભ થાય છે, પરંતુ એકંદરે તેથી પ્રજા સ્વાવલંબનનો સદ્‌ગુણ છોડી દઈ પરાવલંબી થાય છે, ઉપરાંતમાં પ્રજાપણું નષ્ટ થઇ જાય છે. દાદાભાઇ અને બીજા દેશના આગેવાનોએ વચમાં આવવાની રાજનીતિ (policy of intervention) ની સામે કેટલી જબ્બર લડત ચલાવી હતી તે તો રાજકીય ઇતિહાસજ્ઞોજ જાણી શકે તેવું છે, પણ મને ભય છે કે, આ આગેવાનોની જબ્બર મહેનતપર થોડાંક સંસ્થાનો પાણી ફેરવ્યા વિના નહિ રહે. હમણાંજ 'બોમ્બે ક્રોનિકલ' માં રજપૂતાનામાં આવેલા શિરોહી સંસ્થાનના સરદારોએ નામદાર વાઇસરૉય ઉપર કરેલી ફરિયાદોને માટે એ સંસ્થાનની સખત રીતે ખબર લીધી છે. શિરોહી સંસ્થાનના સંબંધમાં હું અહિં લખવા માંગતો નથી. હું જે કહેવા માંગુછું તે એ છે કે, થોડાંક સંસ્થાનો સરકારે વચમાં આવવાની રાજનીતિ છોડી દીધી છે તેનો સદુપયોગ કરી પ્રજાને સંતોષી દેશી રાજ્યોના ગુમાવેલા હક્કો મેળવવાની દૃષ્ટિ રાખવાને બદલે એ રાજનીતિનો ગેરઉપયોગ કરે તેથી જો પ્રજામાં ધીમે ધીમે પણ કચાટ ઉભો થતો જાય તો સરકાર પુનઃ એ રાજનીતિ ન લે એવું કાંઇ નથી. કેટલાક રાજ્યો એમ ખોટી રીતે માનનારા છે કે, સરકારને અમારી જરૂર રહે છે એટલે તે અમારા તરફ બીજી રીતે વર્તે નહિ. આ તેઓની ભ્રાંતિ છે. સરકાર તો "સમય વર્તી સાવધાન" છે. હું જોઉંછું કે કાઠિયાવાડમાં પણ વચમાં આવનારી રાજનીતિનો ભક્ત વર્ગ છે એટલે તેથી એમ ફળીત થાય છે કે, કાઠિયાવાડમાં પણ કોઇ કોઇ ઠેકાણે સરકારની વચમાં નહિ આવવાની રાજનીતિનો સદુપયોગ થવાને બદલે દુરૂપયોગ થતો હોવો જોઇએ. દેશના આગેવાનોની જીવતોડ મહેનતના ઉપર પાણી ન ફેરવવામાં દેશી રાજકર્તાઓનું સૌથી પહેલું હિત છે.

એજન્સિ અધિકારીઓનો ફાળો :

જુના વખતમાં કર્નલ ટાર્ડ ફાર્બસ સાહેબ, મી. મેકમરડુ વગેરે અંગ્રેજ અધિકારીઓ દેશી રાજ્યોના સંસર્ગમાં રહીને પ્રજાની પ્રગતિને માટે બહુ કાળજી રાખતા હતા આ સ્થિતિ હવે તદ્દન બદલાઇ ગઇ છે. દેશી રાજ્યોના સંબંધમાં સરકારની વચમાં આવનારી રાજનીતિ બંધ કરવામાં આવી છે તેથી

ફરી કાંઈ ખાનગી ગૃહસ્થો તરીકેની પરોપકારની વૃત્તિઓ અંગ્રેજ અધિકારીઓએ લાગવી જોઈએ નહિ: કાઠિયાવાડનાં ગવનરના એજન્ટ મી. મૅકોનકી એક સારા અધિકારી ગણાય છે; તેઓ શા માટે કાઠિયાવાડનાં હુન્નર-ઉદ્યોગો વધારવા માટે પ્રદર્શનો ભરવા વગેરેની તથા બીજી સામાજીક સેવા (Social Service) ની પ્રવૃત્તિઓ ફરી એક ગૃહસ્થ તરીકેના ધર્મો બજાવતાં અટકે છે તેનું કારણ જાણવું જોઈએ. મી. મૅકોનકી શરૂ કરે તો બીજા પ્રાંતઅધિકારીઓ પણ તેઓને પગલે ચાલે.

ગોંડળના નામદાર ઠાકોર સાહેબને તેઓના અધિકારીઓ તરફથી આપવામાં આવેલા માનપત્રની વખતે એમ જણાવવામાં આવ્યું હતું કે તેઓ નામદારે પોતાના અંગત ખર્ચનો આંક ઘણાં વર્ષો થયાં બાંધ્યો છે અર્થાત્ Civil list કર્યું છે. આ વાત પ્રશંસનીય છે અને બીજાઓએ અનુકરણ કરવા જેવી છે. આમ છતાં મારે એક વાત ઉપર ફરી ધ્યાન ખેંચવું પડે છે. ગોંડળ રાજ્યની નાણાંની સ્થિતિ મોરબીની જેમ નક્કર છે; પણ એ નાણું જો પ્રજાના ઉદ્ધાર અર્થે વપરાતું ન થાય તો તે નાણાંનું હોવાપણું અને ન હોવાપણું બન્ને સમાન છે.

તરૂણ રાજાઓ અને સેવાધર્મ:

કાઠિયાવાડમાં હમણાં જુના અને નવા રાજ્યકર્તાઓ છે. જુના રાજ્યકર્તાઓની પ્રવૃત્તિઓ કોઈ દિવસ સમાજસેવા વગેરે પારમાર્થિક કામો પાછળ થયેલી આપણા સાંભળવામાં નથી. સમાજસેવાની ભાવના મારા જોવામાં આવી હોય તો ફક્ત રાજકોટના ઠાકોર સાહેબમાં જોવામાં આવી છે. હમણાં ગાદીએ આવેલા જુનાગઢ, પોરબંદર, પાલિતાણા, વઢવાણ, મુળી વગેરેના રાજ્યકર્તાઓએ [illegible] ની ભાવનાનું શુભ અનુકરણ કરવું એ તેઓની કીર્તિ.

યાત્રા:

પાલિતાણા [illegible] પ્રસિદ્ધ સ્થાન છે; ત્યાં આવતા લાખો યાત્રાળુઓને [illegible] આપવી એ જેમ રાજ્યનો ધર્મ છે તેમ ને રાજ્યની [illegible] પાલિતાણામાં હજુ એક જૂની રૂઢી ચાલે છે. [illegible] પાસે જે કાંઈ ચીજ હોય તેના ઉપર દાણ [illegible] છે. આથી ઉતારૂઓને ઘણી હાડમારી

ભોગવવી પડે છે. વર્તમાનપત્રોમાં લખાણો તે માટે પ્રસિદ્ધિ આપે છે. આ પ્રસિદ્ધિ તદ્દન સાચી છે, કારણ કે મેં આ લાડમારીનો અનુભવ, મારા મુકુંદ કવિની સાથે ભાગ લઈ ત્યારે લીધો હતો. હું પ્રસ્તુત કહું છું કે, પાલીતાણાના નવા ઠાકોરસાહેબ આ કર્યું શરૂઆત કાઢી નાખી, જેમ ગોંડળ રાજ્યે રાજ્ય કાઢી નાખ્યાની પ્રસિદ્ધિ મેળવી છે તેમ મેળવે. જુના સંસ્કારના અધિકારીઓનું હમેશાં નવા રાજાઓ પાસે ચલણ હોય છે અને તેઓ એવી રીતે તેઓને દોરે છે કે, આ તો આપણા હકની વાત છે. હું આશા રાખું છું કે, પાલીતાણા ઠાકોરસાહેબને આવું અજ્ઞાનતાનું પ્રદર્શન કરવામાં નહિ આવે; કારણ કે રાજાના કોઈ હક જતા નથી. રાજાની ઈચ્છા થાય ત્યારે કર નાંખી શકે છે અને ઈચ્છા થાય ત્યારે કર કાઢી નાંખી શકે છે. મારા સાંભળવા પ્રમાણે પાલીતાણાના નવા રાજા શિક્ષિત છે એટલે તેઓ ગોંડળ રાજ્યનું અનુકરણ કરી પોતાની શરૂઆતજ પ્રશંસાશે.

ત્રીજા અને ચોથા વર્ગના રાજ્યો :

પહેલા અને બીજા વર્ગના રાજ્યોની સ્થિતિ, રાજ્યકર્ત્તાઓ અને તેઓના દિવાનોના કારભાર વિષે મેં જે કાંઈ આગળ લખ્યું છે તે ઉપરથી ત્રીજા અને ચોથા વર્ગના રાજ્યોની પ્રજાના સભ્યો તેઓના રાજ્યો વિષે લખવા માટે કહે છે. મારાથી બની શકશે ત્યારે પ્રસંગ લઈ આ સંબંધમાં લખવા તજવીજ કરીશ એટલુંજ અત્યારે કહું છું.

અભિનંદન :

મોરબીના મહારાજા સાહેબનો જન્મ ગણેશચતુર્થીને દિવસે હોઈ તેઓએ ૬૪ માં વર્ષમાં પ્રવેશ કર્યો તેના આનંદમાં એક મેલાવડો મુંબઈમાં તેઓને અભિનંદન આપવા માટે કરવામાં આવ્યો હતો. મહારાજા સાહેબની શક્તિઓના એક પ્રશંસક તરીકે અને અંગત પ્રેમને માટે હું પણ તેઓને અભિનંદન આપું છું. કાઠિયાવાડના શરીરના બંધારણો કેવા મજબૂત ૫૦ વર્ષ પૂર્વે હતાં તેનો પ્રત્યક્ષ દાખલો મહારાજ સાહેબના શરીરનો છે, એમ મેલાવડામાં જે વિચારો બતાવવામાં આવ્યા હતા તેમાં સર ચીમનલાલ સેતલવાડના કેટલેક દરજ્જે સ્વતંત્ર હતા; પરંતુ બાજાઓ તરફથી જે વિચારો બતાવવામાં આવ્યા હતા તે સ્વાર્થપૂર્ણ હોઈ અમારા દેશી રાજ્યકર્ત્તાઓના દરજ્જાને ભાગ્યેજ બંધબેસતા થઈ પડે તેવા હતા. અમે એક તરફથી દેશી રાજ્યકર્ત્તાઓને Princes (સામાન્ય રાજા), Chief (સરદાર) કે Ruler (રાજ્યકર્ત્તા) ના નામથી

સંસ્થાનોને માટે વાંધો લઈએ છીએ અને તેઓને ખરા ભૂપાલ-King-બનાવવાની હિમાયત કરીએ છીએ ત્યારે અમારા રાજ્યકર્તાઓની એક જબ્બર વ્યાપારી (Businessman) તરીકે ઓળખાણ કરવામાં આવે તેને પસંદ ન કરીએ! સર ચીમનલાલે જે કહ્યું હતું કે દેશીરાજ્યોએ પોતાના નાણાં પ્રથમ પોતાના રાજ્યમાંજ કામે લગાડવા જોઈએ એ વાત સર્વથા સત્ય હતી. નામદાર મહારાજ સાહેબે મુંબઈમાં "બેંક ઑફ મોરબી" પોતાના રાજ્યના અભિમાન માટે ઉત્પન્ન કરી છે. એ માટે મેં મારા વિચારો મારા આ પત્રમાં તેમજ બીજી રીતે જણાવ્યા છે. હું હજુ પણ માનુંછું કે એ એક ગંભીર રાજ્યપ્રકરણી ભૂલ છે, નૈતિકમૂલ્યની વાત તો બાજૂએ મૂકુંછું. મોરબીના મહારાજ સાહેબ પોતાના આગ્રહને વળગવામાં એક ક્ષત્રિયવટ જેવા ગુણ ધરાવે છે, પરંતુ આગ્રહ જ્યારે મહત્વનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે ક્ષત્રિયવટના ગુણમાં રહેલી ખુબીઓ જતી રહે છે. મોરબીના મહારાજા સાહેબમાં ઘણીએશક્તિઓ છે, સ્થિતિ છે, પ્રજા વ્યાપાર કુશળ છે ત્યારે શામાટે પોતાના રાજ્યમાં યુરોપના રાજ્યો જેવી કળાઓ દાખલ કરી પોતાને એક રાજાને શોભાસ્પદ થાય એવી રીતે પ્રવૃત્તિઓ ન કરે. આવા એક સમર્થ શક્તિના રાજા જો પોતાની શક્તિઓ દેશ ખીસંપ્રણી પાછળ વાપરે તો દેશી રાજ્યકર્તાઓને માટે King ભૂપાલ-ની સ્થિતિ મેળવવાનું કેટલું સહેલું થાય? મનુષ્ય માત્રને મધુર વાત ગમે છે પણ ખરૂં મધુર શું છે તે જોવું જોઈએ. પુનઃનામદાર મહારાજ સાહેબને અભિનંદન આપી વિરમું છું.

શ્રી સત્યવિજય જૈન પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર :—મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૧૪ મો.

(હિંદુસ્થાન, તા. ૮-૫-૧૯૨૦).

સંપૂર્ણ રાજ્ય :

રૂટરના તારપરથી જણાય છે કે, નામદાર શહેનશાહના પાટવી કુંવર ના૦ પ્રિન્સ ઑફ વેલ્સ હિંદમાં પધારવાના છે અને હિંદમાં તેઓની સ્થિરતા ૭ માસસુધી રાખવાની છે. બ્રિટિશ મુત્સદીઓની આપણી પ્રકૃતિ ઉપરથી એવી પ્રતીતિ થઇ છે કે પાદશાહી કુટુંબના સભ્યો જો એશિયા વાસીઓમાં અને ખાસ કરી ભારતવાસીઓમાં ભેળાય, તો પ્રજાની રાજભક્તિ વધે છે, કારણકે તેઓ રાજાને ઇશ્વરસમ માને છે. આ વાત એકંદરે અસત્ય નથી, પણ સર્વાંશે તેમ નથી; પ્રજા જો રાજનીતિ પ્રજાના હિતં અર્થેજ હોય તોજ રાજાના પરિચયથી રાજભક્તિ રાખે છે. તે ગમે તેમ હો, પણ ના. પ્રિન્સના પ્રવાસમાં આ એક રાજદ્વારી હેતુ સંભવે છે. હિંદમાં અશાંતિની જવાળા પ્રકટી રહી છે, અને તે વાત બ્રિટિશ રાજ્યદ્વારી કારીગરો સારી રીતે જાણે છે. એ રાજ્યદ્વારી કારીગરોએ સઘળી અશાંતિ દાબી નાંખવાનો સરસ ઉપાય નામદાર પ્રિન્સ ઑફ વેલ્સની હિંદમાં પધરામણી કરાવીને તથા પ્રજામાં ૭ માસ સુધી ભેળાવવાનો માન્યો જણાય છે. હું માનું છું કે, નામદાર પ્રિન્સના આગમનથી પ્રજા તેઓના પ્રત્યે ઘણા આદરથી જોશે, પણ મને ભય છે કે, માત્ર પ્રિન્સના આગમન અને પરિચયથીજ અશાંતિ મટી નહિ જાય, કારણકે

હવે પ્રજા કાંઇક રાજ્યદ્વારી કારીગરી સમજતી થઇ છે. પ્રજા એમ માને છે કે જ્યાંસુધી વ્યાધિના મૂળ કારણો દૂર નહિ કરવામાં આવે ત્યાંસુધી પૂર્ણ શાંતિ થવાનો ઓછો સંભવ છે.

બ્રિટિશ હિંદમાં અશાંતિ છે, અને દેશીરાજ્યમાં ખરેખરી શાંતિ છે એવું માની લેવાની ભૂલ, હું આશા રાખું છું કે બ્રિટિશ મુત્સદ્દીઓ નહિ કરે. દેશીરાજ્યમાં "મુંગી અશાંતિ" છે. દેશી રાજ્યકર્ત્તાઓમાંથી જેઓ નબળા છે તેઓ ભલે ગમે તેવી વફાદારીની વાતો કરતા હોય, પરંતુ જેઓ બુદ્ધિમાન્ અને સ્વાત્માભિમાની છે તેઓ, ભલે પોતાની કફોડી રાજકીય સ્થિતિને લઇને ઘર ઝાલીને મૌન બેઠા હોય, પણ જો તેઓના અંતરાત્માને જોવામાં આવે, તો તેઓ પાંખવિનાના સોનાના પાંજરામાં પૂરવામાં આવેલા પક્ષીઓના જેવી પોતાની સ્થિતિ માને છે અને તેથી તેઓના અંતરાત્માઓ છૂપી રીતે રડે છે. પોતાની સ્થિતિ બીજાને કહી શકવાની સ્થિતિમાં પોતાને જોતા નથી કે પોતાની સ્થિતિ સુધારવાનો ઉપાય દેખતા નથી એટલે તેઓ મૌન પકડીને બેઠા છે. તેઓની જે આ મૌનતા તેને હું દેશી રાજ્યની "મુંગી અશાંતિ" કહુંછું.

બ્રિટિશ હિંદની પ્રકટ અશાંતિ અને દેશીરાજ્યોની મુંગી અશાંતિ નામદાર પ્રિન્સ ઑફ વેલ્સના આગમન અને પ્રજાની સાથેના પરિચય માત્રથી ટાળવાનું ધારવામાં આવ્યું હોય તો તેમાં ભૂલ થશે. મેં ઉપર કહ્યું તેમ બ્રિટિશ હિંદની અશાંતિના મૂળ કારણો દૂર કરવાજ જોઇએ. દેશીરાજ્યોની મુંગી અશાંતિ ટાળવાનો ખરો ઉપાય, એ મુંગી અશાંતિ કયા કારણોથી છે તે જાણીને કરવામાં આવશે તોજ થઇ શકશે. જે વખતે દેશીરાજ્યો ધાર્મિક સંસ્કારોથી ભોળા અને ભક્તિક હતા અને તેની સાથે પોતાની કેટલીક રાજ્યદ્વારી બીન આવડત હતી તે વખતે પરતંત્ર થયા ત્યારથી તે આજસુધીમાં તેઓના ઉપર પોલિટિકલ અંકુશ એવા પ્રકારના વધ્યા કર્યા છે, અને તેની સાથે ધીમે ધીમે તેઓની સ્થિતિ એવી [illegible] કરી કે, આજે તેઓનું રાજ્યસંસ્થાન માત્ર સ્થાનિક જેવું રહ્યું છે. [illegible] માનતી કે [illegible] થઇ છે તે [illegible] લેવાનું [illegible] બ્રિટિશ મુત્સદ્દીઓ તો તેઓને સંપૂર્ણ રાજા (Sovereign)—[illegible] તેને "અર્ધ રાજા" (Semi-Sovereign) કહે છે [illegible] "કીંગ"—King—[illegible] Prince—[illegible]—Chief—સરદાર [illegible]

ગાયકવાડ કે નિઝામ જેવા રાજ્યકર્તાઓને ન શોભતા શબ્દોથી આંકવાની જે ઠૂંઠી મોગલ બાદશાહીની રીતિઓને ચાહનારા પૂર્વના અધિકારીઓએ શોધી છે તે દૂર કરવામાં આવે, તો દેશીરાજ્યોની "મુંગી અશાંતિ" દૂર થાય; તેની સાથે ગાયકવાડ જેવા સ્વાભિમાનવાળા પુરુષને આવી રીતે "સંપૂર્ણ રાજા" બનાવવાથી એક તરફથી બીજા રાજાઓને તેવા થવા માટેની યોગ્યતા પ્રાપ્ત કરવાનું પ્રોત્સાહન મળશે અને દેશીરાજ્યોની પ્રજામાં નહિ, પણ આખા હિંદની પ્રજામાં એકદમ ના. શહેનશાહ તરફ પ્રેમ અને રાજભક્તિ પ્રકટી નીકળશે; અને નામદાર પ્રિન્સ ઑફ વેલ્સના આગમનમાં સંભવતો રાજકીય હેતુ પાર પડશે એવી હું ખાત્રી આપું છું.

આ ઉપરથી જોવામાં આવશે કે, દેશી રાજ્યકર્તાઓના આખા સમુદાયને માટે "King" બનાવવાનું હું કહેતો નથી. જેઓ લાયક હોય, જેઓ ખુશામતીઆં ન હોય, પરંતુ જેઓ સ્વમાનવાળા અને હિંદમાં પ્રજાપ્રિય હોય તેવાઓનેજ "King" બનાવવાનો હું વિવેકપૂર્વ આગ્રહ કરૂં છું. હિંદમાં આવા લાયક રાજ્યકર્તાઓ મળી શકે તેમ છે કે નહિ એને માટે હું સર હેન્રી નેસનાજ શબ્દો ટાંકીશ :—

"A wise and intelligent prince, and there are many such, and the number increases, is as happily placed as regards public affairs as any statesman or potentiate in the world."

"એક ડાહ્યો અને બુદ્ધિશાળી રાજા, (એવા ઘણા છે અને તેની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે) તે સામાજીક બાબતોમાં, રાજનીતિજ્ઞ અથવા સત્તાધારી સમાનજ સારૂં કામ બજાવી શકે છે."

જેમ આ હિમ્મત ભર્યું પગલું લેવાથી આ હિંદી પ્રજામાં પ્રેમ ઉત્પન્ન થશે, તેમ આ પગલું ભરવાથી નામદાર શહેનશાહની શોભામાં, અમારી એશિયાટીકોની નજરે, ઘણો વધારો થશે. નામદાર શહેનશાહ ભલે ઇગ્લાંડના રાજા કહેવાતા હોય, પરંતુ હિંદનો તો તે ચક્રવર્તિ સમ્રાટ છે, અને અમારા સમ્રાટના "હિંદી મિત્રો" our Indian allies—આ શબ્દો ના. શહેનશાહે યુદ્ધ દરમ્યાન વાપર્યા હતા. ગાંડી મોગલશાહીને અનુસરી chiefs સરદારો—તરીકે દેશી રાજ્યકર્તાઓને રાખવામાં સમ્રાટના પદને માટે તો ઉણપ અમો દેશીઓને તો લાગે. અમારી નજરે તો સમ્રાટના "હિંદી મિત્રો" માંથી યોગ્ય રાજાઓ સંપૂર્ણ

રાજાઓ "Kings" જોઇએ. જો આ મારો અવાજ યોગ્યસ્થાને પહોંચી અને અધિકારીઓને સદ્બુદ્ધિ સૂઝે, તો તેથીજ નામદાર પ્રિન્સ ઑફ વેલ્સની પધરામણીમાં સંભવતઃ રાજકીય હેતુ પાર પડશે. "બોમ્બે ક્રોનિકલ" માં એક લખનાર પણ મોટા દેશી રાજ્યકર્તાઓને "King" બનાવવાની સૂચના કરે છે.

દેશી રાજ્યકર્તાઓના સત્કારનો પ્રશ્ન :

આવ્યા ત્યારે તેઓનો સત્કાર રાજ્યાશ્રી રીતિએ કરવામાં આવ્યો. જેઓ જેઓના રાજ્યકર્તાઓ પોતાને હાથે કરી પોતાના રાજકીય દરજ્જાને અને મોભાને શોભે નહિ તેવી સામાન્ય ગૃહસ્થના જેવી રીતે વર્તવા લાગ્યા છે, તો પછી સત્કાર ક્યાંથી થાય? વળી, દરજ્જો અને મોભાને સાચવનાર આંતરિક આત્મબળ અને રાજકીય સદ્ગુણો તેમજ પ્રજાપ્રિય રાજનીતિ જોઈએ છીએ તે જ્યાં ન્યૂન હોય ત્યાં સત્કાર પણ ક્યાંથી હોય?

કાઠિયાવાડના રાજ્યકર્તાઓને ખરી ચિંતા છે?

આ વાત તો મેં સામાન્ય દેશી કરી. ખુદ કાઠિયાવાડના રાજ્યકર્તાઓને વિષે વિચાર કરીએ તો મને લાગે છે કે તેઓએ પોતાનું અસ્ત્ર પોતાને હાથે કરી ઓછું કરવાનો ઉદ્યોગ શરૂ કર્યો છે. હું ઉદ્યોગ એટલા માટે કહું છું કે તેઓ દેખતા છતાં એવી રીતિએ વર્તવા લાગ્યા છે કે તેઓનું મૂલ્ય અંગ્રેજ સરકાર આગળ ઓછું થાય એટલુંજ નહિ પણ પોતાની અને હિંદની પ્રજામાં ઓછું થાય એવા માર્ગે તેઓ ગયા છે. કોઈ કોઈ પોતાના યથાયોગ્ય રાજ્યવહિવટની ખામીને લીધે, અંગ્રેજ અધિકારીઓની કૃપા અને આંખની શરમ મેળવવા માટે આપણી આંખને તો ખુશામત લાગે એવી રીતે સત્કાર કરે છે, કોઈ કોઈ વ્યાપારી પેઢીઓના ડાયરેક્ટરો થાય છે, કોઈ કોઈ ખુદ વ્યાપારજ કરે છે. પોતાનો રાજ્યવહિવટ કેટલો બીનજવાબદારીપૂર્વક ચાલે છે તે જોવાની તો ચિંતા પણ કરતા નથી. પ્રજાનું મહાત્મ્ય તો તેઓની નજરમાં પણ નથી. આવી રાજ્યકર્તાઓની પ્રવૃત્તિઓથી તેઓનો રાજકીય દરજ્જો અને મોભો અંગ્રેજ સરકાર ન સાચવે તો તેમાં કોનો વાંક કાઢવો? જરૂર અંગ્રેજ સરકારનો તો નહિ, કારણકે આપણે નરી આંખે જોઈ શકીએ છીએ કે વાંક આપણે ઘેરજ છે. આમારા રાજ્યકર્તાઓ પોતાનું રાજકીય ભાન ભૂલી ગયા છે—જેવી રીતે એ સિંહનું બચ્ચું બકરાંઓનાં ટોળામાં બાળપણથી મૂકવાથી ભૂલી ગયું હતું તેવી રીતે—એ જોઈને તો મારૂં પેટ બળી જાય છે. મને યાદ છે કે જ્યારે યુદ્ધ ચાલતું હતું ત્યારે એક રાજ્યકર્તાની સાથે વાતચિતમાં મેં તેઓને એમ કહ્યું હતું કે આપ આપનું સ્વરૂપ ભૂલી ગયા છો. આપનું રાજ્ય પણ 'સર્વિયા' ના રાજ્ય જેવડું છે. માત્ર યોગ્યતા મેળવી 'સર્વિયા' જેવી સ્થિતિ બાંધવી જોઈએ. જેમ સિંહના બચ્ચાને બીજા સિંહે કહ્યું હતું કે તું પાણીમાં જોઈશ તો તને જણાશે કે તું બકરો નથી. પણ મારા જેવો એટલે સિંહ છો એમ જણાશે. આ રાજ્યકર્તાની સાથે વાત કરનાર સિંહ નહોતો,

હોય એવો બાધ થતો છે. ઉપરના જાહેરનામાની પણ ખરી અસર નહિ થતી માલી હોય તેથી ૧૮૭૪ માં નીચેનું બીજું જાહેરનામું પ્રગટ કરવામાં આવેલું જણાય છે:—" જાહેરનામું. નંબર ૬૪ સને ૧૮૭૩—નિમ જણાવ્યું છે કે, હથિયાર બાંધવાના પ્રતિબંધ બાબત કાંઈ ન કર્યા સિવાય કેટલાક તાલુકદારો અમલેલી અદાલત જેવા પોતાના પરગણાની હકુમતથી હથિયાર લઈ જવામાં આવતાં નથી એવું જાણી જણાવે છે: આકટીંગ પોલિટિકલ એજન્ટ ફરીથી કહે છે કે, કાઠિયાવાડના હથિયાર લઈ લેવા અમારો ઠરાવ નથી. અમારો ઠરાવ પરવાનાની ચોક્કસ રીતિથી અમલદાર રાજ્યો અને અધિકારીઓ સિવાય બીજાની પાસે હથિયાર નહિ રહેવા દેવાનો છે. જેઓની પાસે નિરંકાશે હથિયાર રહેવા દઈ શકાય તેઓને જ પરવાના આપવા. એમ થયા પછી કોઈ હથિયારબંધ માણસ વગર પરવાને માલૂમ પડશે તેને દંડ પડશે અગર હથિયાર જપ્ત કરવામાં આવશે. હથિયારબંધ અથવા અજાણ્યા લોકોને પકડવા અને પરવાના માગવાનું કામ ગામના મુખીઓએ કરવું. વળી ગામના મુખીઓએ તજવીજ રાખવી જોઈએ કે, ગામમાં પરવાનાવાળાઓ સિવાય લોકોના ઘરમાં હથિયાર રાખેલાં છે. ઉપર કહ્યા પ્રમાણે આજુબાજુનાં પ્રાંતનાં અધિકારીઓએ શરૂ કરતાં સુધી એમાંની કોઈ વાત મુલતવી રાખવાની જરૂર નથી. જે વાત કાઠિયાવાડના સંસ્થાનોના ફાયદાની છે તે બીજા સંસ્થાનો કરે નહિ ત્યાંસુધી આ વાતને મુલતવી રાખવી જોઈએ! આ પ્રસંગે ફરીથી સાફ જણાવવામાં આવે છે કે, તમામ પાસેથી હથિયાર લઈ લેવાના નથી, પણ આબરૂદાર વર્ગના માણસો જે કાયદા પાળે તેવા હોય, અને જેઓ ફક્ત બચાવ કરવા સારૂજ વાપરે તેવા હોય તેઓના હાથમાં હથિયાર રહેવા દેવાના છે. એ પ્રમાણે થવાંસુધી કોઈ તાલુકો નિર્ભય સ્થિતિમાં ગણાય નહિ, અને પરવાના આપવાની તથા જુમેદાર મુખીઓ નીમવાની રીત પૂરી કરવા બધા રાજાઓ અને તાલુકદારોને ફરીથી વિનતિ કરવામાં આવે છે."—જે. બી. પીલ, આકટીંગ પોલિટિકલ એજન્ટ—વઢવાણ તા. ૨૮ મી નવેમ્બર સને ૧૮૭૩.

આ જાહેરનામા પછી એજન્સિએ ચોથાથી સાતમાં વર્ગસુધીના તાલુકાઓને સરકારે કરેલા ધારાઓ સ્વીકારવાનું જણાવવામાં આવેલું છે. છેક ૧૮૯૮ માં સરકાર તરફથી કાઠિયાવાડના પહેલાથી ૪ થા વર્ગના રાજ્યોએ પોતાના રાજ્યમાં હથિયારબંધીના કાયદાઓ કેવી રીતના બનાવવા તેનો મુસદ્દો કરી પ્રગટ કર્યો હતો; તથાપિ આ રાજ્યોએ ઘણી ચર્ચા પછી સુધારાવધારા સૂચવ્યા હતા. તે સુધારાવધારા ૧૮૧૦ માં પ્રગટ કરવામાં આવ્યા હતા.

૧૯૧૭ ની સાલમાં આ સંસ્થાનોએ ધારાધોરણ ગ્રહણ કરવા સંબંધીનું જાહેરનામું આ પ્રમાણે પ્રસિદ્ધ થયું છે.

"Notification No. 28 of 1911. With reference to the Rules for the regulation of the manufacture etc. of Arms, Ammunition and military stores applicable to Native States, published at 26 of the Agency Gazette for 1899, it is hereby notified for general information that the States of classes I to IV have agreed to adopt in their respective States, the amendments and additions to the aforesaid rules approved by Government and published under Agency notification No. 15, dated the 7th April 1910."

"૧૯૧૧ ના નં. ૨૮ નું જાહેરનામું. દેશી રાજ્યો માટેના એજન્સિ ગેઝેટમાં (નં. ૨૬–૧૮૯૯) પ્રસિદ્ધ થયેલ હથિયાર, દારૂગોળા અને લડાયક સામાનની બનાવટ વગેરેને લગતા ધારાધોરણના સંબંધમાં જણાવવાનું કે પહેલેથી ચોથા વર્ગ સુધીના રાજ્યોએ, સરકારે બહાલી આપેલ અને એજન્સિ ગેઝેટ (તા. ૭–૪–૧૯૧૦ નો નં. ૧૫) માં બહાર પાડેલ ફેરફાર પ્રમાણે પોતાના રાજ્યમાં અમલ કરવાનું કબુલ રાખ્યું છે.

આ પ્રમાણે ટુંકમાં કાઠિયાવાડના હથિયારબંધીના કાયદાનો ઇતિહાસ છે. જો કે સરકારે સૂચવેલા ધારાધોરણોને અનુસરી સ્ટેટોએ પોતાના રાજ્યમાં પ્રજાને પરવાના આપવાની મુનસફી સ્ટેટોના હાથમાં રાખવામાં આવી છે; પરંતુ એકંદરે બ્રિટિશ હિંદમાં હથિયારબંધીના જેવા બંધનો છે તેવા બંધનો કાઠિયાવાડમાં આ રીતે થયા છે. કાઠિયાવાડનાં અનુકરણે જે થવા પામ્યું તે બીજા દેશીરાજ્યોમાં થશે કે નહિ, તે હવે જોવાનું રહે છે. તે ગમે તેમ થાઓ; પરંતુ આટલી વાત સત્ય છે કે, જે પ્રદેશ ઘણી લડાયક જાતોથી ભરેલો હતો તે લડાયક જાતો હથિયારના અભ્યાસથી અજાણ થઇ જવાથી આ પ્રદેશને કેટલું નુકશાન થયું છે તે કરતાં ના.નામદાર સરકારને વધારે નુકશાન લડાઇના દિવસોમાંની દૃષ્ટિએ થયું છે.

લડાયક જાતોને ઉત્તેજન :

હવે તે [illegible] આ હથિયારબંધીને [illegible] કાઠિયાવાડમાં અમલ થયો છે, પરંતુ [illegible] નુકશાન થયું [illegible]

તેના કરવાં અંગ્રેજ સરકારને વધારે નુકશાન થયેલું હું માનુંછું. એક વખત એવો હતો કે જ્યારે અંગ્રેજોને દેશી રાજ્યકર્ત્તાઓ અને તેની પ્રજાના માણસોને માટે શક રહેતો હતો; પરંતુ એ સ્થિતિ હવે તો વહન ફેરવાઇ ગઇ છે. અત્યારે તેઓને કિંચિત્ શકનું કારણ તો નથી, વળી છેલ્લા યુદ્ધથી દુનિયાના નાનાં મોટાં તમામ રાજ્યો એટલું તો સારી રીતે અનુભવી શક્યાં છે કે, ગમે તેવા બળવાન રાજ્યને પણ પોતાની સ્થિતિ એકલ રહીને ટકાવી રાખવી મુશ્કેલ છે. બ્રિટિશ શહેનશાહના દરેક ભાગો પણ આ પાઠ સારી રીતે શિખ્યા છે. ટ્રાન્સવાલના બોર લોકો કે જે હજુ બહુ જૂના દુશ્મનો નથી થયા તેઓ પણ સારી પેઠે યુદ્ધમાં સમજી ગયા હતા અને હવે પણ સમજે છે કે, તેઓ પોતે બ્રિટિશ લશ્કરની મદદ વિના એકલા જીવી શકશે નહિ, માટે બ્રિટિશોની સાથે સહકાર રાખીનેજ વર્ત્તવું, તો પછી અમો હિંદિઓ અમારા દેશીરાજ્યો—એવા સમજણવિનાના નથી કે તેઓ એ વાત ન સમજી શકે. તેઓ સારી પેઠે સમજે છે કે અત્યારે પૃથ્વિની સ્થિતિજ એવી થઇ પડી છે કે, નાનાં રાજ્યો પોતાની સ્થિતિ માત્ર મોટા શહેનશાહતોની સહાયતાથીજ ટકાવી શકે તેમ છે, અને દેશીરાજ્યો બ્રિટિશ શહેનશાહત સિવાય બીજાને સ્વપ્ને પણ ઇચ્છે તેમ છેજ નહિ. આવી સૂર્યના પ્રકાશ જેવી સ્પષ્ટ વાત છતાં કાઠિયાવાડના દેશીરાજ્યોને માટે શક જેવું ક્યાં રહે છે? શું કાઠિયાવાડ એટલું બધું અજ્ઞાન અને મૂર્ખ છે કે, તેનાં નાનાં નાનાં રાજ્યો એટલું સમજતાં નહિ હોય કે, તે ગમે તેવાં શસ્ત્રબંધ હોય તોપણ બ્રિટિશ શહેનશાહતની સામે થવું એ બાળકે સમુદ્ર તરી જવા જેવી વાત છે. લડાઇ દરમ્યાન એમ કહેવામાં આવતું કે આપણે હજારો વર્ષનું શિખેલું જ્ઞાન, ખોટું જાણી નહિ શિખેલું કરવું પડશે એટલે ભૂલી જવું પડશે; પરંતુ આ વાત પાછી ભુલાઇ ગઇ જણાય છે; જો તેમ ન હોય તો કાઠિયાવાડના દેશીરાજ્યોમાં હથિયારબંધીની શી જરૂર છે? સરકારને આટલાં બધાં વર્ષો થયાં બીજાં દેશીરાજ્યો કે જ્યાં હથિયાર રાખવાની છૂટ છે તેઓનો અનુભવ થયો છે; અને તે જોઇ શકી છે કે, દેશીરાજ્યમાં હથિયાર રાખવા દેવા એ વહન સહિસલામત વાત છે. આવો બરાબર અનુભવ છતાં શા માટે કાઠિયાવાડને કોઈ પ્રકારનું પણ બંધન જોઇએ! કાઠિયાવાડના રાજકર્તાઓ બરે પરવાના આપવાની સત્તા ધરાવતા રાખવામાં આવ્યા છે; પરંતુ તે છતાં પ્રતિબંધ તો છેજ. અમારી પ્રજાનું બળ અને ખમીર વારસા કિનાર અમે તો ખોતી જઈએ છીએ, એ અમને તો ભારે નુકશાન છે; પરંતુ વધારે નુકશાનનો સરકારનેજ છે. જો લડાયક કોમોને નબળી પાડવામાં ન આવી હોત

તો યુદ્ધમાં તે કેટલી ઉપયોગી થાત? "જાગ્યા ત્યાંથી સવાર" એ કહેવતનું સત્ય જોનાર કોઇ અંગ્રેજ કે દેશી મુત્સદ્દી હવે છે?

કાઠિયાવાડની પ્રજાપરતંત્રતા :

કાઠિયાવાડની પ્રજાની પરતંત્રતા વિષે હું લખું એટલે એનો અર્થ એમ નથી કરવાનો કે, બીજાં દુનિયાનાં રાજ્યોમાં પરતંત્રતા નથી. ગમે તેવા રીપબ્લીકન–પ્રજાસત્તાક રાજ્યમાં પણ અમુક જાતની પરતંત્રતા પ્રજાને નશીબે લખેલી હોય છે. પ્રેસિડેન્ટ વિલ્સનની ઇચ્છા યુદ્ધમાં ઉતરવાની થઇ તો તેને પ્રજાએ અનુસરવું પડ્યું હતું. ફ્રાન્સ, ઇંગ્લંડ કે બીજાં રાજ્યોમાં પરતંત્રતા નથી એમ હું માનતો નથી. ત્યાંય પ્રધાનોના શંટાઓ પ્રમાણે પ્રજાને વર્તવું પડે છે. અર્લ ગ્રેના અમૂક ખ્યાલથી ઇંગ્લંડની શહનશાહતને યુદ્ધમાં ઉતરવું પડ્યું એ પણ પ્રજાને માટે તો ચોક્કસ જાતની પરતંત્રતા છે. દેશી રાજ્યમાં પરતંત્રતા કહેવી એટલે બ્રિટિશ હિંદમાં પરતંત્રતા નથી એમ હું માનતો નથી. બ્રિટિશ હિંદની પરતંત્રતાની જાત અને દેશી રાજ્યોની પરતંત્રતાની જાત જૂદી જૂદી છે. જેમ મનના આવેશો બધાયને 'આવેશ' ની સંજ્ઞા આપવામાં આવે; છતાં કોઇને ક્રોધનો આવેશ હોય અને કોઇને માનનો હોય અથવા માયાનો હોય, વધારે સ્થૂલ શબ્દોમાં કહીએ તો હિંદિઓ તો બધાય; પણ કોઇ બ્રાહ્મણને કોઇ વૈશ્ય કે કોઇ નાગર–આજ રીતે પરતંત્રતાની પણ જાત છે. બ્રિટિશ હિંદમાં અધિકારશાહીથી પ્રજાને પરતંત્રતા છે એમ કહેવામાં આવે છે; ત્યારે દેશી રાજ્યોમાં જોઇંટ સ્ટોક કંપનીથી ઉત્પન્ન થયેલી કહેવાય છે. દેશી રાજ્યોની પ્રજાને પોતાના સ્થાનિક રાજ્યકર્ત્તા, સ્થાનિક નોકરશાહી અને સર્વોપરી સત્તાના સંયુક્ત બળથી પરતંત્રતા ભોગવવી પડે છે, અમારા સ્થાનિક અથવા નજીકના I nmodiate રાજ્યકર્ત્તા કે જેઓનું બળ સર્વાધિકાર સત્તા (absolute rule) થી ચાલે છે તેઓને આધિન રહેવું પડે છે, તે રાજ્યકર્ત્તાની નોકરશાહીને આધિન રહેવું પડે છે અને ઉપરાંતમાં સર્વોપરી સત્તાનો ડર રાખવાનો હોય છે. સર્વોપરી સત્તા અમો અમારા રાજ્યકર્ત્તાના અયોગ્ય વર્તન માટે સામા થઇએ તો અમારા રાજ્યકર્ત્તાને મદદ આપે છે, અને જો અમારા રાજ્યકર્ત્તા અમને પજવે, તો સર્વોપરી સત્તા ત્યારેજ વચમાં આવી શકે કે અતિ ગેરવ્યવસ્થા (Extreme અથવા gross misrule) હોય ત્યારે આવી અમારી સ્થિતિ છે. આવી અમારી સ્થિતિ છે, છતાં હું એમ માનતો નથી કે, બ્રિટિશ

હિંદ અમારા કરતાં વધારે સુખી છે. બ્રિટિશ હિંદની પરતંત્રતાની જાત અમારા કરતાં જુદીજ છે. અમારી પરતંત્રતા તદ્દ સંપૂર્ણ જાતની થઇ છે, છતાં એ લોકોના પરિણામથી અમોને બ્રિટિશ હિંદ કરતાં વધારે ગેરલાભ પડે છે એમ હું નથી માનતો. અમને બ્રિટિશ હિંદની પ્રજાની જે કોઇ ઈર્ષા થતી હોય તો તે એકજ બાબતને માટે છે. અમારી જરૂરીઆતો, અમારી અગવડો કે અમારા દુઃખોને જાહેરમાં મુકવાની છૂટ જે બ્રિટિશ હિંદમાં છે તે અમારે ત્યાં નથી. અમારા સુખદુઃખના વિચારો મુંગાજ ગળી નાંખવામાં આવે છે. અમે રાજ્યની રાજનીતિની પણ ચર્ચા કરીએ તો અમારે માથે ભય ઝઝુમી રહેલોજ છે—અમે અગવડોને માટે બોલીએ, એનો પોકાર તેવી વાતજ નથી. આ અમારી પરતંત્રતાની જાત છે. ઉપાય શો? સ્વાવલંબન અને સત્યાગ્રહ—આથીજ સ્વતંત્રતા એની મેળે પર પુગતી આવશે.

સ્વાવલંબન અને સત્યાગ્રહ:

સ્વાવલંબન અને સત્યાગ્રહ જોઇએ એ તો માત્ર સુચન થયું. પણ તે ઉત્પન્ન કેમ થાય એવો સહજ પ્રશ્ન કરવામાં આવશે. તેનો મારી મતિ પ્રમાણે ખુલાસો કરૂંછું. હું માનુંછું કે પ્રજાના કે જનસમાજના દરેક સભ્યોએ પોતાના બીજા બંધુઓનું હિત કરવામાં પોતાનું હિત સમાએલું છે એવું સ્વીકારીજ લેવું જોઇએ અને તેમ સ્વીકારી લેવાથી જાહેર હિતની પ્રવૃત્તિ કરવાની ઇચ્છા સ્વાભાવિક થશે. તેઓએ જાહેર હિતની કોઈ પણ પ્રવૃત્તિ કરવાં ધર્મશીલ (Religious) થવું જોઇએ. જડવાદીપણું (Materialism) રાખીને કોઇ દિવસ બીજાનું હિત કરવાની ખરી વૃત્તિ થાયજ નહિ એમ હું માનું છું. આવું થયા બાદ તે પ્રવૃત્તિ કરનારના આત્મામાં પોતાનું અંગત કુટુંબ એવી જે સ્વાર્થી ભાવના છે તે વિસ્તારીને આખું જગત્ એ મારૂં કુટુંબ છે એવી ભાવના પોતાને વિષે પેદા કરવી જોઇએ, અને આવી ભાવના થયા પછી તે કુટુંબના હિત અર્થે પ્રવૃત્તિ કરવાની સાત્વિક બુદ્ધિ થશે. પ્રવૃત્તિ કરવામાં શરૂઆતમાં સાચે સાચું પ્રેમ અને વિવેકપૂર્વક કહેવાની ટેવ પાડવી જોઇએ અને ટેવ પાડવાં નિડરતા એની મેળે આવશે, રાજ અથવા અધિકારીઓને આપણે જ્યારે નિડરતાપૂર્વક સાચું કહેતાં શીખીશું ત્યારે તેઓ પ્રથમ તો શરૂઆતમાં કાંઇક પોતાનું બળ દાખવશે; પરંતુ જેઓના આત્માને વિષે આખું જગત પોતાનું કુટુંબ સમજાયું છે તેઓએ પોતાના કુટુંબના હિત અર્થે સહન કરવું જોઇએ એવી સ્પષ્ટ ભાવના થએલી હોવાથી

રાજ કે અધિકારીના બળથી ભય પેદા નહિ થાય; ઉલટું તેનામાં વધારે બળ આવશે. તેમ છતાંય કોઇક વેળાએ રાજબળ કે અધિકારીબળ વધારે જોર દાખવે તો તેથી હિંમત નહીં ખોતાં એમ સમજી લેવું કે, જેટલો વધારે પરિસહ–પજવણી–આપશે તેટલો વહેલો આપણો હેતુ સિધ્ધ થશે એટલું યાદમાં રહેવું જોઇ કે, સત્યની સામે, બીજાં કોઈ પણ જગતના બળો ટકી શકવાના નથી; તે ગમે તેવાં મજબુત બળ હોય છતાં સત્યથી ડરતાંજ રહેવાનાં જે બળનો પાયો ધર્મ અને નીતિ ઉપર ન હોય તે સત્યના બળની સામે થતાં પહેલેથીજ ડરે છે. આ પ્રકારની સતત્ ભાવના અંતરમાં દૃઢ કરવાથી સ્વાલંબન અને સત્યાગ્રહ ઉત્પન્ન થશે; અને તે ઉત્પન્ન થયે પરતંત્રતાએ વિદાયગીરી લેવીજ પડશે.

રાજ્ય વ્યાપાર છોડી દેશે?

મને એક મિત્રે એવી વાત કરી કે, ધ્રાંગધ્રા રાજ્ય વ્યાપાર કરવાનું છોડી દેવાનો ઝીણો ઝીણો વિચાર કરે છે. આ વાત જો કે એકાએક મનાય તેવી નથી, પરંતુ હું ઇચ્છુંછું કે, એ વાત સાચી નીકળે અને ઝીણો ઝીણો વિચાર હોય તો તે સ્પષ્ટ થઇ નિર્ણયરૂપ થઇ જાય. રાજસાહેબ અને મી. માનસિંહજીએ આ નિર્ણય કરવો–કરાવવો તેમાં તેઓ એકલાનેજ નહિ, પણ આખી ગીરાસીઆ કોમને માટે સારૂં છે. કારણકે જેઓ એવું માનનારા છે કે, દિવાનગીરી એ મુત્સદ્દીનો વિષય છે, એ કાંઇ રજપૂતોનો વિષય નથી, તેઓને વ્યાપાર પ્રવૃત્તિની વાત ઉપરથી ઘણું બોલવાનું મળે છે તે મળતું બંધ થાય છે.

પ્રજાને કાં ન સંભારી?

ગવર્નરના એજન્ટ મી. મેકૉનકીએ વઢવાણ અને પોરબંદરના રાજ્યાભિષેક વેળાએ અને તેમાં પણ ખાસ કરી પોરબંદરના રાજ્યાભિષેક વેળાએ જે વિચારો બતાવ્યા હતા તે આખા કાઠિયાવાડમાં પ્રિય થઇ પડ્યા હતા. છેલ્લું રાજ્યારોહણ જુનાગઢનું થયું. આ વેળાએ તો મી. મેકૉનકી પોરબંદરના કરતાં પણ વધારે ભાર દઇને રાજકારોબારમાં પ્રજાને હિસ્સો આપવામાં કહેશે એવી આશા રાખવાનું કારણ જુનાગઢ રાજ્ય પહેલા વર્ગનું પહેલું રાજ્ય. મી. મેકૉનકીએ પ્રજાને શા માટે વિસારી મૂકી હશે? જુનાગઢના નવાબને તો પ્રજાતંત્રને માટે સૂચન કરવાની ખાસ જરૂર હતી. જુનાગઢના નવાબ સાહેબને

કેળવણીમાં કેળવણી આપવાથી એક ખામી (drawback) રહેવાનો ઘણો સંભવ છે. મનુષ્યના જીવનનો પહેલો ભાગ હમેશાં પ્રેમાળ હોય છે. આવી દશા જે અવસ્થામાં દેશીઓમાં અને ખાસ કરી પોતાની પ્રજામાં જાગવાની તક નહિ મળવાથી તથા દેશી આચારવિચારને બદલે પાશ્ચાત્ય આચારવિચારોના સંસ્કારો પાડવામાં આવ્યાથી પ્રજામાં ઓતપ્રોત થવામાં આડખીલ થાય તો ના કહેવાય નહિ.

નવા સુધારામાં દેશી પ્રજા:

મી. મૉન્ટેગ્યુ જ્યારે નવાસુધારાના સંબંધમાં હિંદમાં આવ્યા ત્યારે તેઓ પાસે દેશીરાજ્યોની પ્રજાના સમ્યોતરફથી બ્રિટિશ–હિંદની કાઉન્સિલોમાં સ્થાન આપવાની માંગણી કરવામાં આવી હતી. તે માંગણીનો સ્વીકાર કરવામાં આવ્યો હતો, અને મૉન્ટ-ફૉર્ડ રિપોર્ટમાં તેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. ડા. મણિલાલ વ્યાસ એમ જણાવે છે કે, આ નિશ્ચિત થઇ ગયેલી વાત પાછી અનિશ્ચિત થઇ છે. જો આ વાત સત્ય હોય તો તે સંબંધી સત્તાધિકારીઓએ પુનઃવિચારકરવો જોઇએ. બ્રિટિશ હિંદમાં હજારો નહિ પણ લાખો દેશીપ્રજા છે, તો આવું કરવું પોશાય નહિ. આ માટે મુંબઇની પ્રેસિડેન્સી એસોસીએશન અને 'હોમરૂલ લીગની' મારફત તજવીજ કરવી જોઇએ.

ગાંધિજી અને કાઠિયાવાડીઓ:

ગાંધિજીનો હું નમ્રભક્ત છું; કારણકે તેઓના પ્રભાવથીજ મને, સત્તા પ્રત્યે પણ સત્ય કહેવા જેટલું આવડ્યું છે. આ કારણથી તેઓનો મારા ઉપર પરમઉપકાર છે. તેઓ "ચંટીમાં સ્વરાજ્ય" કહે, અથવા તો "ખાદી" થી કે "રેંટીયા" થી હિંદનો પુનરૂદ્ધાર કહે, તો તે હું મારી ખામી લઉંછું, કારણકે એ સપનામાં તેઓ એકજ વાત શીખવવા માંગે છે કે દેશને માટે ગમે તેટલી હદસુધી જ્યારે પ્રજાને સહન કરવાનો પ્રસંગ આવે, ત્યારે સહન કરવામાં પરમઉલ્લાસ થાય અને ત્યારેજ દેશનો ઉદ્ધાર થાય છે. જેથમાં જરૂર ચંટીએ કાંતવું પડે તો તેમાં દુઃખ ન માનતાં સુખ માનવાથી દેશનો ઉદ્ધાર થાય છે; અથવા "ખાદી" પહેરી સ્વદેશી ગમે તેવી બનાવટ હોય તો પણ તે વાપરવાથી સ્વદેશના કુળઉદ્યોગો ખીલી શકે છે, અથવા. ગમે તેવી અવસ્થાના અનુભવ કરવા માટે ગમે તેવા સ્વદેશી પદાર્થોથી ચલાવી લેવાથી દેશને સર્વસ્વ અર્પણ કરવાનો પ્રેમ ઉત્પન્ન થાય છે; કે રેંટીયાથી ૩૫ કરોડ મનુષ્યમાંથી એક મનુષ્ય ભૂખ્યું ન રહે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેઓની [illegible] [illegible] [illegible] [illegible]. હું [illegible] [illegible] તેઓ [illegible] [illegible] [illegible] [illegible]

માટે મન અફસોસજનક છે. આવી રીતે અંતરંગમાં જખ્મ છે તેને પણ ગાંધિજીએ "કાઠિયાવાડી વિવેક" ને નામે 'નવજીવન' માં કર્યું છે તેથી ઘણો આઘાત થયો છે. ગાંધિજીની બહુ કદરદાની ભારી યોજના હું નથી માનતો. કાઠિયાવાડ પ્રત્યેના મારા સ્વાભાવિક પ્રેમથી ગાંધિજીના વિચારોથી મને આઘાત થયો છે એમ લાગતું નથી. મને લાગે છે કે, કાં તો ગાંધિજીના અવલોકનમાં ક્યાંક ભૂલચૂકના થવા પામી છે, અને કાં તો અમુક વ્યક્તિઓના દોષ ઉપરથી અભિપ્રાય બંધાયો છે. ખરી રીતે કાઠિયાવાડનું ગ્રામજીવન છે અને તેની પ્રજા ગ્રામ્યપ્રજા (village communities) હોવાથી મોટો ભાગ ભદ્રિક અને સરલ સ્વભાવની છે. તેઓને સામુદાયિક રીતે જોઈએ, તો તેઓનો મોટો ભાગ હાલના જમાનાના કૃત્રિમ 'વિવેક' અને સભ્યતાને જાણતા પણ નથી. તેનો દેખાવ કેળવણીવર્ગ કાર્યનિપુણ Business like છે, અને એ કાર્યનિપુણતાને ગાંધિજીની પરમઅધ્યાત્મ જાગૃતિને કૃત્રિમ વિવેક લાગ્યો હોય તો ના કહેવાય નહિ; અથવા કોઈ વ્યક્તિઓ કાર્યનિપુણતાને અતિ રૂપમાં લઈ ગયા હોય અને તેઓનો અનુભવ આવી રીતે બંધાયો હોય તો ના નહિ; અને તેથી તેઓથી લખાઈ ગયું હોય તો ભલે, બાકી હું મારા સ્વાનુભવથી જાણું છું કે, ગાંધિજી એકેએક શબ્દ તાળીને એટલા માટે બોલે છે કે, કોઈના આત્માને કિંચિત્ પણ દુઃખ ન થાય–બીજાને જાણ્યે અજાણ્યે દુઃખ ન થઈ જાય તેને માટે તેઓના આત્મજાગૃતિ એટલી બધી છે કે તેઓથી આવા વિચારો કેમ દર્શાવાઈ ગયા એજ મને આશ્ચર્ય થાય છે. ગાંધિજીમાં મને આટલું જોવામાં આવ્યું છે કે, જો કે તેઓને આખું વિશ્વ કુટુંબરૂપ છે, છતાં પોતાના નજીકના મનુષ્યોમાં અણુ જેટલો દોષ દેખાય તો તેઓના રત્નસ્ફટિકવત્ આત્માને મેરૂસમાન લાગી આવતાં ખેદ થઈ જાય છે અને એવા ખેદમાંથી અમુક જાતની લાગણી ઉત્પન્ન થઈ જાય છે. કોઈ અતિ નિપુણતા દેખાડતી વ્યક્તિઓને જોઈને તેઓથી ઉપર કહી તે લાગણીથી આવું સામુદાયિક વચન કહેવાઈ ગયું હોય એ મને તો લાગે છે. મારા પોતાના ઉપર આવોજ પ્રયોગ થયો છે. ગાંધિજી આફ્રિકાથી પધાર્યા ત્યારે તેઓનું સન્માન કરતાં મારાથી મારા કુળધર્મના આચારવિચાર સાચવવામાં અવગુણના થયેલી તેથી તેઓનું મન અત્યંત દુઃખાયેલું અને તેથી મોટી સભામાં ધૂળ કાઢી નાંખેલી, પરંતુ મારા પ્રત્યેનો તેઓનો પ્રેમ તો અખંડજ હતો, કદાચ્ વધારે હતો, કારણકે અપૂર્વ પ્રેમથીજ એવી ઝાટકણી કાઢી શકાય છે. આ સ્થિતિ જોતાં મને તેઓના એ વિચાર સિદ્ધાંતવચન નથી લાગતા પણ લાગણીવચન લાગે છે.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મહેતા.

પત્ર ૧૫ મો.

(હિંદુસ્થાન, તા. ૧૫-૫-૧૯૨૭).

કાઠિયાવાડના સંસ્થાનોની નાણાંવિષયક સ્થિતિ:

કાઠિયાવાડમાં અનેક નાનાં મોટાં સંસ્થાનો છે. તેમાંથી પાશ્ચાત્ય રાજ્યકારી ભાષામાં જેને 'સ્ટેટ'–(સંસ્થાન) કહેવામાં આવે છે તે 'સ્ટેટ'નું બાહ્ય સ્વરૂપ માત્ર પહેલાથી બીજા વર્ગના સંસ્થાનોએ લીધું છે. ત્રીજાથી સાતમાં વર્ગસુધીના સંસ્થાનો તો જેને અંગ્રેજીમાં 'પ્રિન્સિપેલિટી' અથવા 'વારસા ઉતાર ગીરાસ' કહેવામાં આવે છે તેવા છે. પહેલા બે વર્ગે જો કે 'સ્ટેટ'નું બાહ્યસ્વરૂપ ઘણું લીધું છે, કારણકે યુરોપિયન સંસ્થાનોની પેઠે, રેવન્યુ, ન્યાય, પોલિસ, જનરલ એડમિનિસ્ટ્રેશન ખાતું, કેળવણી, વગેરે અને બીજાં તમામ ખાતાંઓ તેઓએ સ્થાપ્યાં છે છતાં તેઓનું આંતરિક સ્વરૂપ પશ્ચિમના રાજ્યો જેવું નથી, એટલે કે પશ્ચિમના રાજ્યો રાજ્યની ઉપજને પ્રજાકીય ભંડાર (public purse) ગણી કામ લે છે. અને તેનો વ્યય પણ પ્રજાની ઇચ્છાનુસાર થાય છે. કાઠિયાવાડના અને તમામ દેશીરાજ્યોનું મન ગાદીના ભંડારનું ને પશ્ચિમના દેશોના જનરલ નાણાંવિષયક ખાતાંઓમાં હતું, પરંતુ એમ મન તેનું ઘસાઈ જવાથી અને એ હેતુ ઉપર અનેક રાજ્યકારી અજ્ઞાનના થરે ચડી જવાથી દેશીરાજ્યકર્તાઓ અને તેથી કાઠિયાવાડના દેશી સંસ્થાનોના રાજ્યકર્તાઓને વિષેથી પ્રજાના સર્વ-બાહ્ય રાજ્યકારી ... ... એટલે પ્રજાના માલિક

હોવાનો અધ્યાસ દાખલ થયો. આ સ્થળે ગેરસમજુતી ન થવી જોઇએ. હિંદમાં રાજ્યકર્ત્તાનું પદ "ઇશ્વરી"–Divine–પવિત્ર માનેલું છે. પરમાત્મા એક દેવ, સદ્‍ગુરુ બીજા દેવ, પિતા, ત્રીજા દેવ, અને રાજ્યકર્ત્તા એ ચોથા દેવ, એવો ભાવ માન્યો છે. આ ચારે વ્યક્તિઓને "પિતા" ના નામથી સંબોધવામાં આવ્યા છે. રાજા એ રાજકીય પિતા છે. દેશી રાજ્યકર્ત્તાઓને વિષે "માલેક" ના અધ્યાસ સીધી રીતે નથી; પણ આડકતરી રીતે તેઓમાં એ અધ્યાસ આવી ગયેલો જણાય છે. અમે અમારા ધર્મમાં પિતાને કુટુંબના ધણી માનીએ છીએ, પરંતુ તે "ધણીપણું" રૂપ. કહ્યું તેવા 'પવિત્ર' આશયનાં છે. આજ રીતે રાજાઓને વિષે રાજનું ધણીપણું પવિત્ર આશયમાં તો જરૂર છેજ; પણ તેની અંદર ભૌતિક–(material) ધણીપણાનો અથવા માલેકપણાનો આશય છે એવા "માલેક" અથવા 'ધણી' નું પદ આડકતરી રીતે પણ ગ્રહણ થઇ જાય તો તે રાજકીય પિતાના મહાત્મ્યને ઓછું કરનારી વાત છે. કાઠિયાવાડના રાજ્યકર્ત્તાઓ ઉપર આ બીજા પ્રકારના માલેક હોવાના અધ્યાસે કેવી દઢ અસર કરી છે તે વાત એ સંસ્થાનોની નાણાંવિષયક સ્થિતિની તપાસ કરતાં આપણે જોઇ શકીશું.

પ્રથમ હું પહેલા અને બીજા વર્ગની ઉપજ આજથી ૩૦ વર્ષ ઉપર કેટલી હતી અને હાલ કેટલી છે તેની સરખામણી કરીશ. ૩૦ વર્ષ ઉપરની ઉપજના આંકડા ૧૮૯૬ ની સાલના છે.

સંસ્થાન.	૧૮૯૬.	૧૯૧૮–૧૯.
જુનાગઢ	૨૬,૦૦,૦૦૦	૫૨,૩૨,૭૮૨
ભાવનગર	૨૩,૬૦,૦૦૦	૪૬,૫૦,૯૮૭
નવાનગર	૩૮,૩૫,૦૦૦	૫૭,૪૭,૯૫૩
ગોંડલ.	૬,૫૦,૦૦૦	૪૬,૭૭,૫૫૬
[illegible]	૧૬,૦૦,૦૦૦	૨૯,૬૧,૮૫૩
[illegible]	૧૩,૧૫,૦૦૦	૧૦ લાખ આશરે.
[illegible]	૫,૫૦,૦૦૦	૧૭,૧૨,૬૮૯
વાંકાનેર	૨,૦૦,૦૦૦	૮,૫૦,૫૩૦ (૧૯૧૭–૧૮)
[illegible]	૬,૦૦,૦૦૦	૭,૦૦,૦૦૦ આશરે.
[illegible]	૨,૮૦,૦૦૦	૬,૦૪,૫૬૬
[illegible]	[illegible]	[illegible]

રાજકોટ	૩,૩૫,૦૦૦	૬,૯૦,૯૫૨
ધ્રોળ	૧,૬૭,૦૦૦	૨,૧૨,૬૨૧

આ પત્ર લખું છું ત્યારે મારી પાસે મોરબીની ઉપજના યથાર્થ આંકડાઓ (૧૯૧૮–૧૯ ના) નથી. મોરબીની ઉપજ લોકો તો ૫૦ થી ૬૦ લાખની આંકે છે; તેની અંદર રેલ્વે, ટ્રામ્વે અને વ્યાપારની ઉપજનો સમાવેશ થાય છે કે નહિ તે હું જાણતો નથી: પરંતુ જ્યારે ભાવનગર ૬ લાખથી ૬૬ લાખની ઉપજ કરી શક્યું છે, તો મોરબીના રાજ્યનો જેવાં ૫૦ થી ૬૦ લાખ રૂ. લેતા રહે છે એ અસંભવિત નથી.

આ રાજ્યોની હુન્નરઉદ્યોગની સ્થિતિ તરફ નજર કરીએ, તો કોઇ નવો હુન્નરઉદ્યોગ જણાતો નથી; એથી ઉલટું હાથઉદ્યોગો હતા તે કેટલાક રેલ્વેએ જીનો અને પ્રેસો પ્રજા પાસેથી મોટે માંગ્યા પૈસા લઇ કમાઇ કરવાના હેતુથી કર્યા છે તેથી તે (ઉદ્યોગો) નાશ પામ્યા છે. મુખ્ય ઉપજ જમીનની મેહેસુલાત અને જગાતની દરેક સ્થળે હોય છે. આ બન્નેમાં કૃત્રિમ રીતે વધારો કરવામાં આવ્યાથી વધી હોવાનો સંભવ છે. જો રાજ્યતંત્ર પ્રજાને જવાબદાર હોય તો ઉપજમાં આટલી વૃદ્ધિ થવી શક્યજ નથી. રાજ્યકર્તાઓ પ્રજાના અને રાજ્યના પોતાને પિતારૂપ માલેક નહિ, પરંતુ ભૌતિક માલેક માની, જેમ એક મીલમાલેક મીલના કારખાનાના કામદારોની મેહેનતમાંથી બને તેટલું વધારેમાં વધારે ખેંચવાની તજવીજ કરે છે, તેમ આ સંસ્થાનો પ્રજાથી બનેલા રાજ્યને એક કારખાનારૂપ માની તેમાંથી વધારેમાં વધારે ખેંચવાનુંજ આ પરિણામ છે.

જ્યારે આ સંસ્થાનોના ખર્ચ તરફ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે રાજ્યકર્તાઓમાં રાજના ભૌતિક (Matoriai) માલેક હોવાનો અધ્યાસ વધારે સ્પષ્ટ થાય છે. હાલમાં યુરોપના દેશોમાં મીલો અને તેવા કારખાનાઓમાં કામ કરતા કામદારોને માટે રહેવાના, આરોગ્ય રક્ષક મકાનો, મંદવાડ સમયે ઔષધો વગેરેની સગવડ આપનારાં ખાતાંઓ, કામદારોની સ્ત્રીઓ માટે સુવાવડ ખાતાંઓ તથા તેના બાળકો માટે શિક્ષણ આપનારી શાળાઓ સ્થાપવાનો યોજના મૂકવામાં આવે છે અને હિંદમાં પણ તેનું ધીમું ધીમું અનુકરણ થવા લાગ્યું છે, ત્યારે અમારા કાઠિયાવાડના સંસ્થાનો કે જેનાં બાહ્ય સ્વરૂપ" સ્ટેટ જેવાં છે, અને 'સ્ટેટ' ના ઉપર આરોગ્ય સુધરાઇ, કેળવણી, અને વૈદક ખાતાઓના ખર્ચો રાખવાની ફરજઆત જવાબદારી છે તેઓ આ પ્રજાકીય ખર્ચો પાછળ કેટલું ધ્યાનપૂર્વક ખર્ચ કરે છે.

પાલિતાણા	૧૦૬૨૬	૮૦ મો ભાગ.
રાજકોટ	૮૨૦૦	૮૫ મો ભાગ.
વાંકાનેર	૪૮૬૦	૧૮૮ મો ભાગ.
પડવાણ	૮૦૦૦	૮૮ મો ભાગ.
લીમડી	૪૧૫૭	૧૯૦ મો ભાગે.
ધ્રોળ	૪૦૧૮	૬૫ મો ભાગ

પ્રજાકીય ખર્ચોમાં ખરેખરાં ખાતાંઓ આ બેજ છે. મ્યુનિસિપલ અથવા શહેર સુધરાઇ ખાતું એ પ્રજાકીય ખર્ચોમાં ગણાય; પરંતુ ઘણું ખરૂં બધાં સંસ્થાનોમાં એક મુખ્ય રાજધાનીની શહેરસુધરાઇ રાખવામાં આવે છે. તાલુકાઓમાં ભાવનગર જેવા કોઇ સંસ્થાનમાં કવચિત્ કાંઇ હોય છે. ગામડાની સુધરાઇ તો સ્થાન નથી, પણ આ શહેર સુધરાઇ ખાતું ઘણું ખરૂં પ્રજાના હાથમાં ન હોવા તેને અંગે લાગુ કે સુધરાઇ નામના કરો હોય છે. કેટલાક રાજ્યમાં તો શહેર સુધરાઇના કરને અંગે ખર્ચ કરતાં અનેક ગણી કમાણી હોય છે.

ન્યાય ખાતું એ પણ પ્રજાહિતનું ખાતું છે. જો કે ઘણાંખરાં સંસ્થાનોમાં બ્રિટિશ હિંદના જેવા લગભગ ન્યાય મળે છે અને ન્યાયાધીશો પણ કેળવાયેલાઓ હોય છે, પરંતુ આ ખાતું ઘણાંખરાં સંસ્થાનોમાં "કમાઇ કરનારૂં ખાતુ" હોય છે, કારણ કે અદાલતોના લવાજમો અને સ્ટાંપ ખાતાંઓ પુષ્કળ કમાણી આપે છે. કવચિત કોઇ સંસ્થાનને થોડી ઘણી નુકશાની થતી હોય તો જુદી વાત.

'પોલીસ ખાતુ' એ જો કે પ્રજાકીય ગણાય, અને તે ખાતું પ્રજાના જાનમાલનું રક્ષણ કરે છે એમાં ના કહેવાય નહિ પરંતુ આ ખાતાને હું પ્રજાકીય ગણવાની ના પાડું છું. એ ખાતુ પોતાની સત્તાથી પ્રજાનિઓ રાજની સત્તાના દોર સ્થાપવાને અને પ્રજાના નૈતિક બળને દબાવી દેવાના કામમાંજ મદદગાર કરે છે. આ ખાતું સંસ્થાનોની પ્રજાના ગુસ્સો રાજ્યથી દબાવી દેવાનું જેટલું નુકશાન કરે છે તેટલું નુકશાન, બીજું કોઇ ખાતું કરતું નથી. હવે રહ્યું જાહેર બાંધકામ ખાતું (public works). એ ખાતું ખરેખર તો કૃત્રિમ શબ્દ છે. જેમ રાજ્યકર્તાના મહેલ એક નકામું માણસને "તમારો વાળેશર સેવક" એમ કહી લખે છે, પરંતુ તે નજર લખવાની ખાતર લખાય છે, તેવી રીતે આ ખાતાને જાહેર છે. જાહેર બાંધકામ ખાતામાં તો

ઘણું કરી રાજમહેલો, રાજના ઉપયોગના મકાનો, મોટરને લગતી સડકો હોય છે. ક્વચિત્ નહેરના બાંધકામ કોઈ કોઈ રાજ્યમાં કરવામાં આવે છે, પરંતુ તે પાછી કમાઈ આપનારા ભાગ છે. મેં એવા દાખલાઓ સાંભળ્યા છે કે, એક સામાન્ય શાળાનું મકાન કરવાને પણ રાજા પ્રજાને સ્પષ્ટ ના પાડે છે. આમ છતાં પ્રસંગોપાત્ત સારાં રાજ્યો શાળા હૉસ્પીટાલ કે તેવાંજ કોઈ નાનાં નાનાં કામો નથી કરતાં એમ મારૂં કહેવું નથી પરંતુ બહુધા એ પ્રજાને માટે નહિં પણ રાજ્યને માટેનું ખાતું હોય છે. બીજાં ખાતાંઓ તો ઘણું કરી ઉપજ એકઠી કરવાને માટેજ સ્થપાયેલાં હોય છે.

રાજ્યની ઉપજ અને પ્રજાકીય ખર્ચો જોયા પછી આ સંસ્થાનો પ્રજા પ્રત્યે કેટલા જવાબદાર છે તેનો ખ્યાલ સારી પેઠે આવશે.

હવે આ સઘળા કરતાં આપણું ખાસ ધ્યાન ખેંચે એ રાજકુટુંબના ખર્ચનું પ્રમાણ છે. હું નીચે એક કોઠક આપું છું કે જે પરથી રાજકુટુંબના ખર્ચની અને પ્રજાકીય ખર્ચો (કેળવણી, વૈદક અને સુધરાઈ એ ત્રણે ભેગા મળીને) ની સરખામણી કરી શકાશે, તેમજ રાજની ઉપજનો કેટલામો ભાગ "રાજકુટુંબના ખર્ચ"માં વપરાય છે તે પણ જોઈ શકાશે:

સંસ્થાન.	રાજકુટુંબ ખર્ચ.	પ્રજાકીય ખર્ચ.	રાજની ઉપજનો કુટુંબ ખર્ચ કેટલામો ભાગ.
જુનાગઢ	૩૫૭૦૦૫	૩૪૩૪૮૪	લગભગ સરખું.
જામનગર	૧૧૬૧૮૨૧	૧૫૪૦૮૦	રાજકુટુંબનું ખર્ચ, પ્રજાકીય ખર્ચ કરતાં છગણું વધારે છે.
ભાવનગર	૬૪૦૩૭૨	૩૬૯૦૪૮	પ્રજાખર્ચ કરતાં રાજકુટુંબનું ખર્ચ બમણું છે.
ધ્રાંગધ્રા	૧૫૫૬૦૨	૧૦૧૬૮૦	પ્રજાખર્ચ કરતાં રાજકુટુંબખર્ચ સવાયું છે.
ગોંડળ	૨૨૨૮૦૧	૯૧૦૦૦	પ્રજાખર્ચ કરતાં રાજકુટુંબખર્ચ લગભગ સવા-બેગણું વધારે.
મોરબી	મોરબીનો રાજકુટુંબ ખર્ચનો આંકડો મારી પાસે નથી.		
પોરબંદર	૯૦૫૧૧	૮૦૦૫૭	પ્રજાખર્ચ કરતાં રાજકુટુંબનો ખર્ચ કંઈક વધારે

ઉપજનો ૪૬ મો ભાગ છે; જ્યારે જુનાગઢનો ૨૬ મો ભાગ છે. વૈદકનો ખર્ચ ઉપજનો ૫૧ મો ભાગ છે ત્યારે જામનગરનો ૫૮ મો ભાગ છે. કેળવણી અને વૈદકનો ખર્ચ જામનગરના રાજકુટુંબના ખર્ચનો છઠો ભાગ છે, ત્યારે જુનાગઢના લગભગ રાજકુટુંબના ખર્ચ જેટલોજ પ્રજાકીય ખર્ચ છે. રાજકુટુંબનો ખર્ચ જબરજસ્ત છે તે વાત એ રાજ્ય આ સંબંધે કેટલી નૈતિક જવાબદારી ઓછી ધરાવે છે તે સિદ્ધ કરે છે. રાજ્યના રાજા પોતાને ધર્મપિતા નથી માનતા પણ માલેક હોય એવું માને છે; એમ રાજ્યનો આ રાજ્યકુટુંબખર્ચ ખ્યાલ આપે છે. જામસાહેબને વિનંતિ કે, દેશીરાજ્યોની સંસ્થા અંગત ખર્ચોના કારણથી ઘણી નિંદાય છે એ તેઓએ જોઇને આ દિશાએથી પાછું વળવું જોઇએ. **ધ્રાંગધ્રાએ** ૬ લાખની ઉપજમાંથી ૪૬ લાખની ઉપજ શી રીતે કરી હશે એની કલ્પના મને આવી શકતી નથી. રાજ્યની વસ્તી તો પ્રથમ હતી તેટલીજ અત્યારે છે. ઉદ્યોગો તો કાંઇ થયા નથી, ત્યારે ઉપજ શી રીતે વધી છે તેનો ખુલાસો આપણે જાણવા આતુર રહીશું. ઉપજ જ્યારે **જુનાગઢ, જામનગર** અને **ભાવનગરની** લગભગ છે, ત્યારે પ્રજાકીય ખર્ચ તેના કરતાં ઘણો ઓછો છે. રાજકુટુંબખર્ચ અને પ્રજાકીય ખર્ચમાં બહુ અંતર નથી એ ઠીક વાત છે. આ રાજ્ય વ્યાપાર કરતું હોઇ પ્રજાના ફર્યાદ તીક્ષ્ણ રહે છે. રાજસાહેબને વિનંતિ કે, ઇંગ્લંડમાં લીધેલી કેળવણીનો સદુપયોગ થતો જોવા માટે જાહેર મત ઇંતેજાર છે. ઇંગ્લંડમાં કેળવાયેલા રાજ્યકર્ત્તા પાસેથી પ્રજા નૈતિક જવાબદારીની ઘણી મોટી આશા રાખે એ સ્વાભાવિક છે. **ગોંડલ** રાજ્ય ઉપજ વધારવાને **મોરબી, જામનગર** અને **ધ્રાંગધ્રાની** પેઠે અતિ પ્રયત્નો કરતું, આંકડાઓ જોતાં જણાતું નથી, પરંતુ તેની ઉપજમાં પણ ત્રીસ વર્ષમાં લગભગ ત્રણગણો વધારો થયો જણાય છે. **ગોંડલનો** કેળવણી અને વૈદકનો ખર્ચ **જુનાગઢ** અને **ભાવનગર** કરતાં વધારે હોવો જોઇએ એવી રાજ્યની [illegible] મત પ્રવર્તે છે, પરંતુ જોઇને ખેદ થાય છે કે એ નથી. [illegible] કેળવાયેલા રાજ્યકર્ત્તા પાસેથી અને તો એક [illegible] ઓએ તેને [illegible] કેળવણી અને વૈદક- [illegible] સાહેબને વિનંતિ [illegible] કરવાં જોઇએ [illegible] કરવામાં વાપરે [illegible] એક અનુ- [illegible] ઉપયોગ [illegible] સાહેબનો મારા

ઉપર અંગત ઉપકાર છે તે મારી સ્મૃતિમાં સતત રહે છે અને ભેટ વગેરે મારી જાહેર ફરજ મને સત્ય કહેવાની આજ્ઞા કરે છે. મારા ઉપરના અંગત ઉપકારનો બદલો મારાથી શી રીતે આપી શકાય તેનો વિચાર કરતાં મને એમ લાગ્યું કે જો તેઓનું રાજ્ય પ્રજાકલ્યાણ કરનારું થાય એવી હું વિનયપૂર્વક પ્રેરણા કરું તો તે બદલો વાળવારૂપ મારું કાર્ય પ્રભુ માની લેશે. મોરબી રાજ્યની ઉપજનો આંકડો મને ૧૨ લાખનો કહેવામાં આવે છે, પરંતુ તે સર્વથા અયથાર્થ લાગે છે, કારણકે સહી આપે ૫૦ લાખની ઉપજ તો જણાય તેવું છે. ૫૦ લાખની ઉપજવાળા સંસ્થાનનો કેળવણી અને વૈદકનો ખર્ચ એકંદર બેતાળ હજાર રૂપિઆ એટલે ઉપજનો કેટલામો ભાગ થયો? લગભગ ૩૦૦ મો ભાગ થયો. આ રાજ્યે ધન એકઠું કરવાનો અને ખર્ચ જેમ બને નહિ કરવાનોજ સંકલ્પ કર્યો જણાય છે, લગભગ એક લાખની વસ્તીને માટે વૈદક ખર્ચ આઠ હજાર અને કેળવણી ખર્ચ તેટલુંજ એ શું બતાવે છે? રાજની પ્રજા પ્રત્યે કાંઇ જવાબદારીજ ન હોય એવું સ્પષ્ટ દર્શાવે છે. રાજના અને પ્રજાના સંબંધ ધર્મપિતા હોય તેના કરતાં માલેક હોય એવો આ રાજ્યનો સંયોગ ચકિત છે. નામદાર ઠાકોર સાહેબને વિનંતિ કે, હવે દિશા જરૂર બદલવી જોઇએ. પવન કઇ દિશામાં ફુંકાય છે તે ક્યારે જોવામાં આવશે? પોરબંદરનો પ્રજા-કીયખર્ચ તેના રાજ્યની ઉપજના પ્રમાણમાં મધ્યમ પ્રકારનો છે, પરંતુ ઉપજ વધી છે એટલે ખર્ચ પણ વધવું જોઇએ. નવા રાણાસાહેબને વિનંતિ કે, આપ જે રાજ્યો વ્યાપાર કરે છે અને વ્યાપારીવૃત્તિ રાખે છે તેઓની સામે પ્રજા-મત કેવો બળવાન છે તે ધ્યાનમાં લેશો, તો આપની કારકિર્દી સારા માર્ગે જઇ શકશે. વાંકાનેરની ઉપજ ચારગણી વધી છે તે શી રીતે વધી છે તેના કારણો આપણે જાણી શકતા નથી. રાજસાહેબને વિનંતિ કે, વ્યાપારના માર્ગો હવે છોડી દેવાનો સમય છે. કઇ રીતે રાજ્ય પ્રજાના હિતો કરી શકે એજ વિચાર, રાજની સ્થિતિને માટે કર્તવ્ય છે. રાજકોટ સંસ્થાને પણ પોતાના મિત્ર સંસ્થાનોની ઉપજ વધારવાની બુદ્ધિનું અનુકરણ કરવાની હોંશ થઇ આવેલી જણાય છે. કેળવણીના સમર્થ સહાયક તરીકે રાજકોટે જે છાપ પાડી હતી તે વ્યાપારની બુદ્ધિથી જતી જાય છે. રાજકોટ ઠાકોર સાહેબને વિનંતિ કે, તેઓએ પોતાની આસપાસના મિત્રસંસ્થાનોનું અનુકરણ ન કરતાં પોતાને વિષે સમાજસેવા કરવાની જે કાંઇ પ્રેમબુદ્ધિ છે તે ખીલવીને રાજ અને પ્રજાની પ્રગતિ કરે એ આપના જેવા યુવાન રાજકુમારને માટે યોગ્ય છે. વ્યાપાર એ મી. મકનજીભાઇએ વઢવાણના રાજ્યાભિષેક વેળાએ કહ્યું હતું તેમ એક નૃપ-

જળવત્ લાભ રાજ્યને માટે ગણવાનો છે. વઢવાણ મને બધાં કરતાં ઠીક લાગ્યું. તેની કૃત્રિમ ઉપજ વધારવાની ઉત્કટ ઇચ્છા નથી, તેમ એ નાના રાજ્યના પ્રમાણમાં પ્રજાકીય ખર્ચો પણ ઠીક છે જો કે ઉપજના પ્રમાણમાં ઓછા છે. આ રાજ્યે પ્રજાને સર ફીરોઝશાહની યોજના મુજબ મ્યુનિસિપાલિટી સુપ્રત કરી છે, જે સારી રીતે ચાલે છે. લીમડીની ઉપજ પણ ચારગણી વધેલી છે. તેનો પ્રજાકીય ખર્ચ રાજની ઉપજ અને કુટુંબખર્ચના પ્રમાણમાં ઘણો ઓછો છે. નામદાર ઠાકોર સાહેબે ગૃહસ્થસ્થિતિના સંસ્કારો હવે રાજવંશીસ્થિતિમાં બદલવા જોઇએ. પાલિતાણાની ઉપજ પ્રથમના કરતાં બમણી થઇ છે. પ્રજાકીય-ખર્ચો ઉપજના પ્રમાણમાં ઘણાં ઓછા છે, પરંતુ રાજકોટ, વાંકાનેર અને લીમડી કરતાં વધારે છે. ઠાકોર સાહેબ નવા છે, તો તેઓને યોગ્ય માર્ગે લઇ જનાર યોગ મળે એવી જરૂર છે. મુખ્ય જરૂર વધારે ઉદાર અધિકારીઓની છે. નામદાર ઠાકોર સાહેબનું એક વાત ઉપર ધ્યાન ખેંચવાની જરૂર છે. તેઓનું રાજય તીર્થસ્થાન હોઇ યાત્રાળુઓને જગાત વગેરે નાની નાની બાબતોની હાડમારી પડે છે તેથી રાજ્યને માટે સારૂં બોલાતું નથી એ વાત ધ્યાનમાં લઇ તેવી અગવડો દૂર કરવી જોઇએ, ધ્રોળને માટે શું કહું? તે રાજ્યે હવે પછાત સ્થિતિમાંથી નીકળવું જોઇએ. ઉદાર અધિકારીવર્ગની વ્યવસ્થાની જરૂર છે.

આ જાણે પહેલા અને બીજા વર્ગની વાત કહી. ત્રીજાથી સાતમાં વર્ગને તો રાજય એ ગીરાસજ છે એ સિવાય બીજો ખ્યાલ નથી. તેઓ પહેલા અને બીજા વર્ગનાં રાજ્યો જેટલી હિંમતપૂર્વક પ્રજા ઉપર બળ બતાવી શકતા નથી, પરંતુ તેઓ શાંત છે એવું કાંઇ નથી. લખતર એ અપવાદ રૂપ છે. સાયલા જેવા સંસ્થાનો પણ બરાબર પારે નથી. નાનાં સંસ્થાનો જો કે બીતા રહે છે, પરંતુ તેઓએ સત્તાના મદ કરતાં સેવાનો ભાવ પોતાને વિષે ઉત્પન્ન કરવાથીજ તેઓની સ્થિતિ ટકી શકશે.

મારો આ પ્રયત્ન રાજ્યકર્ત્તાઓને પ્રજાપ્રત્યે પોતાની નૈતિક જવાબદારી શું હોઇ શકે તેનો ખ્યાલ આપવા માટે છે. આ આપેલા આંકડાઓથી રાજ્યકર્ત્તાને રાજ્યના લૈકિક (material) "માલેક" હોવાનો તથા પ્રજાથી બનેલું રાજ એ એક કારખાનું જેવું હોય તેવો અધ્યાસ પરેલો સ્પષ્ટસિદ્ધ બતાવવાનો છે.

જેઓએ મારા વિચારોનો અભ્યાસ કર્યો હશે તેઓને ખાત્રી થયેલી હોવી જોઇએ કે, દેશી રાજ્યોના પ્રશ્ન હાથ ધરવામાં મારો મુખ્ય ઉદ્દેશ એ

છે કે દેશી રાજ્યોની સંસ્થા, જે અનેક કારણોથી નબળી પડી ગઇ છે તેને સુદૃઢ બનાવી તેનું અસ્તિત્વ વધારે ચિરંજીવ થાય એમ કરવું. આ મારૂં ધ્યેય હોઇ, દેશી રાજ્યોની નબળાઇ દેખાય એવું બોલાય તે વાતને હું ઇષ્ટ માનતો નથી, તેની સાથે હું એમ માનું છું કે, પોતાના દેશબંધુઓ કે પોતાના સ્વદેશી રાજ્યકર્તાઓનું સારૂં ન દેખાય એવું બોલવું કે કાંઇ વર્તન કરવું એ પણ એક જાતનો દ્રોહ હોઇ મહા પાપ છે: આવો મારો સંસ્કાર છતાં આ તેમજ બીજા લેખો કે કથનોમાં મારે તેઓની નિર્બળ બાજુ બતાવવી પડે છે એમાં મારો એકજ હેતુ છે. અત્યાર સુધી દેશી સંસ્થાનો જે કાંઈ ભૂલો કરતા ગયા, તે જવાબદાર અધિકારીઓ અને પ્રજાજનોએ સત્ય નહિ કહેવાના કારણે થઇ છે. આ ભૂલો જો બતાવવામાં ન આવે તો એ સુધરવાની નહિ; પણ નવી ભૂલો થયાજ કરવાની! જૂની ભૂલો સુધરે, અને નવી ભૂલો થતી અટકે એટલા માટે મેં આ માર્ગ લીધો છે. જો અધિકારીઓ અને પ્રજાજનો સત્ય કહેતાં નહિ શીખે તો પરિણામ એ આવશે કે આ સંસ્થાઓ વિશેષ નબળી પડતી જશે.

દેશી રાજ્યકર્તાઓને હું આ વાત આત્મદૃષ્ટિએ, નૈતિકદૃષ્ટિએ અને રાજકીયદૃષ્ટિએ જોવા વિનવું છું. આખા જગતમાં અત્યારે મનુષ્યસેવા કરવાનો મજબુત પ્રેમ થયો છે. મારા જેવા મુફલેસ માણસને પણ એવી ભાવના થઇ આવે છે કે, મારા દેશબંધુઓની મારાથી થાય એટલી સેવા કરી છૂટું, કે જેથી મારા આત્માનુ શ્રેય થાય. ગાંધીજી જેવા પરમપુરૂષો તો મનુષ્યસેવા અથાગ કરી પોતાનું આત્મકલ્યાણ સાધી રહ્યા છે, ત્યારે આપ રાજ્યકર્તાઓ કે જેઓને પ્રભુએ લાખો પ્રાણીઓનુ હિત કરવાની મહા તક આપી છે તે તકનો લાભ લઈ આત્મકલ્યાણ શામાટે સાધતા નથી!

નૈતિકદૃષ્ટિએ પણ, આ વિચાર અવશ્ય કર્તવ્ય છે રાજાએ કર શામાટે લેવા જોઇએ તેને માટે "રઘુવંશ" માં બહુ સરસ ખ્યાલ આપ્યો છે. "રઘુવંશ" માં કહ્યું છે કે, રાજાએ પ્રજામાંથી "કર" એટલા માટે લેવાના છે કે જેથી તેજ પ્રજાને તે "કર" સહસ્રગણા કરી પાછા આપી શકે: જેવી રીતે સૂર્ય પૃથ્વીપરથી પાણી એટલા માટે લે છે કે, પાણી તે અનેકગણું કરી વરસાદરૂપે આપે છે. આજ રીતે "રાજાઓ" એ પ્રજામાંથી "કર" લેવાના છે તે રાજ્યકર્તાના અંગત વૈભવો માટે નહિ; પણ પ્રજાની પ્રગતિના સાધનો એકત્ર કરી એ સાધનો દ્વારાએ પ્રજાને અનેક ગણી સુદૃઢ બનાવી શકે. રાજ્યકર્તાઓ પ્રજાને

કારખાનાના કામદારો તરીકે ગણી તેનો વધારેમાં વધારે લાભ લે, તેથી પ્રજા નારાજ થાય અને પ્રજા નારાજ થયે, હાલમાં જેમ કેટલાક લોકોમાં રાજ્યકર્તાઓની સત્તા મર્યાદિત કરવાનો અભિપ્રાય છે તે અભિપ્રાય વધતો જાય, સર્વાંગે રાજ્યકર્તાઓની સત્તા મંદ પડે; અને તેના પરિણામે દેશીરાજ્યોની સંસ્થાના અસ્તિત્વને નુકશાન થાય.

આ સ્થળે વાંચનારાઓનું એક વાત ઉપર ધ્યાન ખેંચવા માગું છું. દેશીરાજ્યો કે કાઠિયાવાડના રાજ્યો ઉપર બતાવ્યા પ્રમાણે પ્રજાને જવાબદાર રહેતાં નથી, અને બીજાં રાજ્યો રહે છે એવું માની લેવાની ભૂલ કરવી નહિ. જે જે રાજ્યો પ્રજાને જવાબદાર નથી તે તે રાજ્યો માટે સર્વત્ર એમજ સમજી લેવાનું છે. અત્યારે જગત આખાની પ્રજાઓ અને હિંદની પ્રજા પણ પ્રજાને જવાબદાર રાજતંત્ર માગે છે તેનું એજ કારણ છે. જ્યાંસુધી કોઇ પણ રાજ્યમાં જવાબદારી કબુલ કરવામાં આવી નથી ત્યાંસુધી તેમાં જેઓના સ્થાપિત હક્કો (Vested Rights) છે તેઓ પ્રજાને કારખાનાના કામદારો ગણીનેજ કામ લે છે. મારે આ વાત એટલા માટે સ્પષ્ટ કરવી પડે છે કે, બીજાં રાજ્યોમાં જવાબદારી છે અને દેશીરાજ્યોમાં જવાબદારી નથી એવો ખોટો ખ્યાલ લઇ જવામાં ન આવે. જ્યાં જ્યાં રાજતંત્રમાં પ્રજાને જવાબ આપવાનું નથી ત્યાં ત્યાં આ સંસ્થાનોના જેવીજ સ્થિતિ ઓછેવત્તે અંશે સમજી લેવાની છે. છેવટે, હું ઇચ્છું છું કે આપણા રાજ્યકર્તાઓ પોતાને વિધિથી પ્રજાના લૌકિક [illegible] [illegible] અભ્યાસ કરી ત્યાંથી પવિત્ર અને દૈવી (Divine Master) [illegible] કરી, કે જેથી તેઓને [illegible] પ્રજાને માટે [illegible], એવો શુભભાવ [illegible]

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મહેતા.

પત્ર ૧૬ મો.

(હિંદુસ્થાન, તા. ૨૨-૫-૧૯૨૭).

દેશી રાજ્યકર્ત્તાઓની મારા પ્રત્યે દષ્ટિ:

ઘણા મિત્રો મને વારંવાર એમ કહે છે કે, " તમે હિમ્મતપૂર્વક દેશી રાજ્યો માટે આટલું બધું લખો છો પણ દેશી રાજ્યકર્ત્તાઓ તમારા પ્રત્યે કેવી દષ્ટિથી જુએ છે એનો તપાસ કરી જોયો છે?" આનો ઉત્તર શું હોઇ શકે! દેશી રાજ્યનો પ્રશ્ન મેં ત્રણ વર્ષ પૂર્વે જ્યારે હાથ ધર્યો ત્યારે મારા વ્યાપાર-વ્યવસાયના સંબંધથી કેટલાક રાજ્યકર્ત્તાઓની સાથે મારો સંબંધ અને પરિચય હતો; તેઓથી મને કેટલોક વ્યાપારવિષયક લાભ પણ હતો; તથાપિ મેં જ્યારથી આ પ્રશ્ન હાથ ધર્યો ત્યારથી મારો તેઓની સાથેનો સંબંધ આઘાત પામ્યો. મારા પ્રત્યે બહુ પ્રેમભાવથી જોનાર મોરબીના મહારાજા સાહેબને તો મારામાં આવું એકાએક પરિવર્તન જોઇ, ખેદ અને વિક્ષેપ થયો; તો જો કે તેઓને મારા હેતુની સ્વચ્છતા માટે ખાત્રી હતી, તેમ તેઓનો ચાહ પણ કાયમ રહ્યો હતો. બીજા રાજ્યકર્ત્તાઓની સાથેના સંબંધ જે વધતો જતો હતો તેમાં ખલેલ થઇ; તો જો કે તે રાજ્યકર્ત્તાઓને મારા વ્યાપારવિષયમાં વિશ્વાસ હોવાથી મને સર્વથા નુકશાન થયું નહિ. આ સમયે મારા તરફ કોઇએ ભાવ અને સહાનુભૂતિ દર્શાવ્યાં હોય તો તે વડોદરાના નામદાર ગાયકવાડ મહારાજે દર્શાવ્યાં હતાં. મારી હિલચાલના સંબંધે તેઓએ વર્તમાનપત્રોમાં

વાંચી મારી મુદ્દલ પણ પ્રેરણા વિના પોતાની મેળે તેઓએ મને બોલાવ્યો અને તેઓના જ્ઞાનનો લાભ મને લગભગ દોઢ પોણોએ કલાક આપ્યો અને મારા પ્રયત્ન પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ દેખાડ્યાં. બીજી સહાનુભૂતિ ભાવનગરના સ્વ૦ મહારાજાએ બતાવેલી—મારો એક લેખ તેઓએ મંગાવેલો તે ઉપરથી મારે તેઓની સાથે કંઈક પત્રવ્યવહાર થયેલો. તેમાં મેં તેઓને પ્રજાકીયતંત્ર દાખલ કરવાની વિનંતિ કરેલી. તત્પશ્ચાત્ ભાવનગર રેલ્વેની હડતાળ પડી. આ વખતે મેં તેઓને લખ્યું કે, પ્રજાકીયતંત્રના અભાવે આવી હડતાળોનો જન્મ છે. તેઓએ આ બનાવ પછી લગભગ આઠ દશ દિવસે પ્રજાકીયતંત્ર માટે એક સંસ્થાને સ્થાપી હતી; ત્યાર બાદ મારું સ્વાસ્થ્ય બરાબર ન રહ્યું. આ સમયે મારા તરફ મોરબીના મહારાજા સાહેબે ઘણી અંગત લાગણી દર્શાવી હતી. રાજકોટ ઠાકોર સાહેબ પણ મારા સ્વાસ્થ્યની પૂછપરછ કરવા રહેવાની જેવી લાગણી દર્શાવતા હતા. જ્યારથી 'હિંદુસ્થાન'માં મેં પત્રો લખવા માંડ્યા છે અને તેમાં સ્પષ્ટેસ્પષ્ટ જેમ છે તેમ કહી દઉં છું તેથી કેટલાક રાજ્યકર્તાઓને તે યોગ્ય લાગે છે એમ હું સાંભળું છું. તેઓ મારા પત્રો ધ્યાનપૂર્વક વાંચે છે અને શનિવારના અંકની રાહ પણ જુએ છે; બીજી તરફથી મારે માટે જેઓ સ્વાભાવિક આશા રાખતા હોય કે મારાથી તે રાજ્યકર્તાઓની નબળાઈને અંગે કાંઈ કહેવાશે જ નહિ એવા રાજ્યકર્તાઓને મારાથી દુઃખ પણ થઈ જતું હશે; પણ મારો તેમાં કાંઈ ઉપાય નથી; કારણ કે હું ઇતિહાસના અનુભવથી કહું છું કે, અત્યાર સુધી દેશી રાજ્યોનું જે કાંઈ બગડ્યું છે; તે સત્ય નહીં કહેનાર માણસોના અભાવથી જ બગડ્યું છે, જ્યારે [illegible] બગડેલું અટકાવી સુધારણાને માર્ગે લઈ જવા માટે સ્પષ્ટ સત્ય કહેનાર [illegible] જરૂર છે. મને સ્પષ્ટ સત્ય કહેવાની કાંઈક હિમ્મત, ગાંધીજીના પ્રભાવથી મળી છે. તો મારે, રાજ્યકર્તાઓના ખરા હિતની ખાતર સ્પષ્ટ કહેતાં કાં અટકવું ?

દેશી દૃષ્ટિએ 'અસહકાર' :

[illegible]

વ્યક્તિ એ બીજી વ્યક્તિની જોડેના સંબંધો નિવૃત્ત કરવાજ પડે છે અને નિવૃત્ત કરવા તેનું નામજ "અસહકાર" છે. ઇશ્વરને પણ કોઇપણ જીવની ફરીયાદ સાંભળવી પડે છે અને તેનું નિવારણ કરવું પડે છે, તો જગતને વિષે ઇશ્વર કરતાં કોઇ સત્તા એવી ન હોવી જોઇએ કે તે દાદ ન આપે તો મનુષ્યસ્વભાવ સાંખી શકે. યુક્તિ ને પ્રયુક્તિથી મનુષ્યોને કે પ્રજાઓને, દુઃખ અટકાવવાના સાધનોથી રહિત કરવામાં આવ્યાં હોય, તો પણ મનુષ્યબુદ્ધિ એવી કળાઓ શોધી કાઢે છે કે જે કળાઓને સત્તા દબાવી શકે નહિ અને મનુષ્યો કે પ્રજાઓ પોતાના દુઃખો અટકાવી શકે. આ અસહકારનો સિદ્ધાંત નવો નથી. હિંદની ભિન્ન ભિન્ન સમાજોમાં આ સિદ્ધાંત ભલે ગાંધિજીએ નવા સ્વરૂપમાં હમણાં મુક્યો હોય, પરંતુ જો હિંદના સામાજિક વિગ્રહોનો ઇતિહાસ જોવામાં આવે, તો આ "અસહકાર" નો સિદ્ધાંત પ્રચલિત છે. બ્રિટિશ હિંદમાં મહાજનો, ન્યાતો કે બીજા સમાજો દેશીરાજ્યો કરતાં વધારે શિથિલ થયાં છે ત્યાં આ સિદ્ધાંત દેખાતો નહિ હોય પણ અમારા દેશીરાજ્યોમાં અત્યારે પણ આ સિદ્ધાંત ચાલુ વર્તે છે. હમણાંજ એક તાજેતર દાખલો બન્યો છે. લીમડી સંસ્થાનનું 'શિયાણી' નામનું એક ગામ છે. તેમાં બ્રાહ્મણોને વંશપરંપરાથી આપાયલો ગીરાસ અમુક પ્રકારે લઇ લેવાની તે રાજ્યે ઇચ્છા કરેલી, અને અમુક બ્રાહ્મણગરાસની જમીન જાહેર હરરાજીમાં મુકવામાં આવેલી, તે કોઇ બીજા ખેડુતોએ લેવા માટે માંગણી કરેલી. બ્રાહ્મણોએ સંકેત કર્યો કે, આપણે કોએ લગ્નાદિ સારા નરસા પ્રસંગે ખેડુતોને ત્યાં બ્રાહ્મણગીરી ગોરપું કામ કરવા ન જવું. આ તેઓના ઠરાવથી ખેડુતો તે બ્રાહ્મણોની જમીન લેતા અટક્યા અને બ્રાહ્મણોનો વિજય થયો. આનુંજ નામ અસહકાર.

વફાદારી અને દેશી રાજ્યો:

મને જે મુત્સદ્દી વિદ્વાન ઉપર મોહ થાય છે તેના વચનો વારંવાર ટાંકવાની મને ટેવ પડી ગઇ છે. મેં ઘણી વાર "એક રાજ્યધારી સંન્યાસી" ના વચનોનો ઉપયોગ મારા આ પત્રોમાં કર્યો છે. આજે તેના એક વધુ વચનનો ઉપયોગ કરૂં છું. તે કહે છે કે "Loyalty, alone, however, will not save them (i. e. Indian states) they must advance administratively, and maintain their position, or gradually cease to exist." અર્થાત "દેશીરાજ્યોને માત્ર એકલી વફાદારી બચાવશે નહિ. તેઓએ રાજ્ય-

વહિવટથી પ્રગતિ કરવીજ જોઇએ અને તેથી પોતાની સ્થિતિ કાયમ કરવી જોઇએ; અથવા ક્રમેક્રમે જીવતા બંધ પડવું જોઇએ." અત્યારના સમયમાં દેશી રાજ્યકર્ત્તાઓમાંથી કેટલાક સુશિક્ષિત અને વિચારવાન છે તેઓ રાજ્યને સુવ્યવસ્થિત રાખવાના લાભો સમજી તે પ્રમાણે વર્તવા લાગ્યા છે એ સારી વાત છે; પરંતુ હજુ પણ એવા કેટલાક રાજ્યકર્ત્તાઓ છે કે જેઓ પોતાની સ્થિતિ માત્ર સર્વોપરી સત્તા પ્રત્યે વફાદારી રાખવાથીજ ટકી શકશે એમ માની રાજકારભાર સ્વચ્છંદી રીતે ચાલવા દે છે: અથવા રાજ્યકર્ત્તાઓએ સ્પષ્ટ સમજવું જોઇએ કે ગમે તેવી પરમભક્તિ સર્વોપરી સત્તા પ્રત્યે રાખવામાં આવે, તોપણ જો રાજ્યકારભાર પ્રજામાં અપ્રિય હોય તો એ ભક્તિ કે વફાદારી અમુક હદ પછી લાભ નહિ કરી શકે. પોતાની સ્થિતિ ટકાવવામાં જેમ વફાદારી એક કારણ છે, તેમ સુવ્યવસ્થિત રાજકારભાર મુખ્ય કારણ છે. આ "રાજ્યદ્વારી સંન્યાસી" ની એક એક શિક્ષા દેશી રાજ્યકર્ત્તાઓએ ધ્યાનમાં લઇ ચારિત્રમાં મૂકવા યોગ્ય છે.

સર્વોપરી સત્તાની જવાબદારીઓ :

દેશમાં જે વિશેષમાં વિશેષ બળવાન સત્તા હોય તેને Paramount power અથવા સર્વોપરી સત્તા કહેવામાં આવે છે. હિંદમાં બ્રિટિશ એ બળવાન સત્તા છે. બળવાન સત્તા બહુધા પોતાના હક્કો તેનાથી ઓછા બળવાન રાજ્યો પ્રત્યે ધરાવવાનો દાવો રાખે છે; અને બળવાનના હક્કો હમેશાં બીનતકરારીજ હોય છે. સર્વોપરી સત્તાને હક્કો હોય છે તેમ તેઓની જવાબદારીઓ હોય છે કે નહિ? સર્વોપરી સત્તા દેશીરાજ્યોના સંબંધમાં કઇ કઇ જવાબદારીઓ પોતાની સમજે છે એ આપણા જાણવામાં નથી; પણ તેની જવાબદારીઓ છે એવું તો પ્રતિષ્ઠિત અંગ્રેજ અધિકારીઓ પણ સ્વીકારે છે. મોન્ટેગુમીશનના એક સભ્ય અને હિંદના એક વખતના નાયબ વઝીર મી. ચાર્લ્સ રોબર્ટે એક વેળા એક પત્રમાં મને જણાવ્યું હતું કે, સર્વોપરી સત્તાની જવાબદારીઓ પણ છે. જો આમ છે તો હું સર્વોપરી સત્તાને પૂછવાની આજ્ઞા લઉંછું કે, કઇ જવાબદારીઓ તેણે બજાવી દેશીરાજ્યોની સ્થિતિ પ્રગતિવાળી કરવા માટે ઉપાયો લીધા છે? હું દેશીરાજ્યોના આંતરવહિવટમાં સર્વોપરી સત્તાને આવવાનું અહિં કહેવા માગતો નથી: તેનાથી હું સર્વથા વિરૂદ્ધજ છું. દેશીરાજ્યોને તેણે પરતંત્રતામાંથી કઇ અંશે મુક્ત કર્યાં છે? પરતંત્રતાની વાત બાજુએ મૂકી હું એમ પૂછુંછું કે, દેશીરાજ્યોને તેણે કોઇ દિવસ એમ કહ્યું છે કે, તમે રૈયત પ્રોજા

લાખો રૂપિયા રોકો તે પહેલાં તમારે તમારા રાજ્યના શિક્ષણને માટે, હુન્નરઉદ્યોગની વૃદ્ધિ માટે, કે નહેરકામ પાછળ એ નાણાં ખરચવાં એ તમારો પહેલો ધર્મ છે? દર વર્ષે દેશીરાજ્યો રેલ્વે પાછળ કેટલાં નાણાં ખર્ચે છે અને પ્રજાની કેળવણી, આરોગ્ય, સડક સુધરાઇ તથા કૌશલ્ય માટે કેટલાં નાણાં ખર્ચે છે તેની વિગત આપવામાં આવે છે, અને એ વિગતોની સરખામણી કરવામાં આવે તો રેલ્વેના ખર્ચની સરખામણીએ પ્રજાકીય ખર્ચો કોઇ હિસાબમાં નથી. શું સર્વોપરી સત્તાએ રેલ્વેની શહેનશાહી રાજનીતિ જોવી એ તેની જવાબદારી responsibilities છે કે દેશીરાજ્યો પ્રજાકીય-ખર્ચો બરાબર કરે તે જોવાની તેની જવાબદારી છે? હવે તો હિંદની રાજનીતિમાંથી commercial instinct વ્યાપારીબુદ્ધિ જવી જોઇએ, કારણકે હવે અંગ્રેજી રાજ અને હિંદની પ્રજાનો સંબંધ ઘણો જૂનો થયો છે.

દેશના આગેવાનો અને દેશી રાજ્યો:

આપણા આગેવાનો "સ્વદેશી" ચીજોને માટે એટલી બધી મેહેનત કરે છે કે આપણને તેઓને માટે ઘણું માન ઉત્પન્ન થાય છે. ગાંધિજી તો "ખાદી" જેવી દેશી ચીજોને માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર છે; છતાં આશ્ચર્ય તો એ છે કે, ગાંધિજી, માલવિયાજી અને શાસ્ત્રીજી જેવા પુરૂષોએ જેવો મોહ સ્વદેશી ચીજોમાં રાખ્યો છે તેવો મોહ તેઓએ જે સ્વદેશીજ છે એવા દેશીરાજ્યો માટે મુદ્દલે રાખ્યો નથી. બીચારા દાદાભાઇ નવરોજજી એકજ એવા પુરૂષ હતા કે જેણે ખરેખરૂં દેશીરાજ્યોના હિત અર્થે કામ કર્યું હતું. સર ફીરોજશાહ દાદાભાઈના અનુયાયી હતા. બાકીના આગેવાનો તો એકલા બ્રિટિશ હિંદના પ્રશ્નોમાંજ રચ્યાપચ્યા રહે છે. તેઓનો દેશી રાજ્યો પ્રત્યે પ્રેમ નથી એમ હું નથી કહેતો; પણ મને એમ તો લાગે છે કે, અમારા આ આગવાનો રાજ્યકારીઓ (politicians) છે, પરંતુ મુત્સદીઓ (statesmen) તો નથી લાગતા; કારણકે જો તેઓ મુત્સદીઓ હોત, તો હિંદુસ્થાનનો ત્રીજો ભાગ કે જેના ઉપર પોતાના દેશબંધુઓ રાજ કરે છે તેની તેઓ સંભાળ પણ ન લે? ઘણાં માણસો સર્વોપરી સત્તાનો વાંક કાઢે છે કે તે દેશીરાજ્યો પ્રત્યે ઉદાસીન છે; પણ સર્વોપરી સત્તાનો વાંક કાઢતા પહેલાં આપણા આગેવાનોનો વાંક કાઢવો ન જોઇએ? અત્યારે ૧૫ વર્ષમાં તો સ્થિતિ બદલી ગઇ છે; એટલે, કે દેશી રાજ્યકર્તાઓ દેશના આગેવાનોના પરિચયમાં આવતાં જરાક ચીમકાય છે, પરંતુ પંદર વર્ષ પહેલાં સ્થિતિ એવી હતી કે, દેશી રાજ્યકર્તાઓ હિંદના

આગેવાનોને પોતાનાજ ગણી તેઓમાં બહુ શ્રદ્ધા રાખતા હતા. એવા વખતમાં પણ આપણા આગેવાનોએ દેશી રાજ્યોની જરાય કાળજી ન કરી. જો પહેલેથી તેઓના તરફ કાળજી કરવામાં આવી હોત તો આજે હિંદનો કું ભાગ તો પોતાના પગપર ઉભો રહેવા તૈયાર થઈ ગયો હોત. દેશના આગેવાનોએ દેશીરાજ્યોને આદર્શરૂપ રાજ્યો બનાવવા માટે દેશી રાજ્યકર્ત્તાઓને ઉત્સાહ અને ઉત્તેજન આપ્યાં હોત, દેશીરાજ્યકર્ત્તાઓની સ્વદેશાભિમાનની લાગણીઓ જાગૃત કરી હોત, અને તેઓના હિતમાં ભાગ લીધો હોત તો આજે બ્રિટિશ હિંદને સ્વરાજ્ય તો ક્યારેય મળી ગયું હોત. આપણે માટે એમ કહેવામાં આવે છે કે આપણે (હિંદીઓ) વહેવારૂ નથી; પણ લાગણીવાળા છીએ. મને તો એમાંથી એક હોઇએ તેની શંકા છે. જો લાગણીવાળા 'sentimental) હોત તો એ લાગણી (sentiment) થી પણ દેશીરાજ્યોને પોતાના ગણી તેઓને વધારત અને બ્રિટિશ હિંદને પણ લાભ કરત. અમારા આગેવાનોનો ઉપયોગ દેશી રાજ્યકર્ત્તાઓની ભૂલો શોધવા માટે અમો કરવા માગતા નથી; પણ તેઓના તરફ પ્રેમ અને લાગણી બતાવવા માટે ઉપયોગ ઇચ્છીએ છીએ.

એક રાજ્યદ્વારી બીનઆવડત:

અંગ્રેજ પ્રજા એટલી નાની છે કે, તે બ્રિટિશ સામ્રાજ્ય જેવું મહારાજ્ય ચલાવવાને કેમ સમર્થ થઇ, તેનો વિચાર રાજ્યદ્વારીઓને સદૈવ રહ્યાજ કરે છે. દરેક અભ્યાસીની એવી ખાત્રી થાય છે કે, એ પ્રજામાં રાજ્યદ્વારી આવડત એટલી ઉત્કૃષ્ટ છે કે તેના પ્રતાપેજ તે મહારાજ્ય ભોગવવાનો લ્હાવો લે છે. હિંદના ઇતિહાસનો અભ્યાસ તો એવુંજ બતાવે છે કે, આપણામાં આ આવડત લાંબા કાળથીજ ચાલી ગઇ છે. હું અહિં રાજ્યદ્વારી મહાપ્રશ્નોને માટે વાત કરવા માંગતો નથી. હું સામાન્ય પ્રશ્નોને માટે અહિં કહેવાનો છું. અંગ્રેજ મુત્સદ્દીઓ જ્યાં જ્યાં પહેલાં જાય છે ત્યાં ત્યાં પહેલામાં પહેલી તપાસ એ કરે છે કે, એવી નાની નાની અગવડો પ્રજાને કઇ છે કે જે પ્રજાના હૃદયને ડંખે છે, અથવા ખૂંચે છે. આવી નાની નાની અગવડોનો અભ્યાસ કરી તે શોધી તે દૂર કરી પ્રજાને સંતોષે છે. આપણે બ્રિટિશ હિંદમાં ગમે ત્યાં મુસાફરી કરતા હોઇએ, તો મુસાફરોને નાની નાની હાલાકીઓ ક્વચિત્જ ભોગવવી પડતી હશે. ન તો ક્યાંય દાણ લેવામાં આવે કે ન તો કોઇ પૂછે કે તું ક્યાંથી આવ્યો અને ક્યાં જવાનો છો. બ્રિટિશ હિંદમાં નાના નાની ઉપજ કરવાના કરોનો લોભ રાખવામાં આવતો નથી, કારણકે તે જાણે છે કે તેમાં કાંઈ બહુ પૈસાનો

લાભ હોતો નથી અને પ્રજાને તે બહુ હાલાકી ઉપજાવનાર હોઈ બન્યાં કર્યે છે. એથી ઉલટું, દેશીરાજ્યો કે જેમાં સાધારણતઃ બ્રિટિશ હિંદ કરતાં કરનું પ્રમાણ ઓછું હોવાનો સંભવ છે. તેમાં દેશીરાજ્યોમાં એકંદર ગ્રાન્ટ અને પ્રજા સમાનીય હોવાથી બ્રિટિશ હિંદની જેમ જાતીય ભેદ નથી; ત્યાં બ્રિટિશ હિંદ કરતાં દેશીરાજ્યો વધારે વગોવાય છે. આ વગોવણીનું કારણ સાક્ષીવૃત્તિથી વિચાર કરતાં મને એમ માલુમ પડ્યું કે, નાના નાના કરો જે તે દુષ્ટબુદ્ધિથી અથવા અજ્ઞાનતાથી દેશીરાજ્યોમાં લેવાય છે તેથી પ્રજાને હાલાકી થતાં તે તેનાથી સહન ન થતાં પ્રજા કકળાટ કરે છે. વળી, બ્રિટિશ હિંદમાં કેળવણી, વૈદ્ય-ખાતું, કે શહેર સુધરાઈખાતું એ પ્રજાના જીવનની બાબતો જેવી તેના સંબંધમાં કંઈ લોભો કરવામાં આવતા નથી અને દેશીરાજ્યોમાં તેવી ભાવના કેટલેક રાખવામાં આવે છે. આથી ઘણા ઉપરાઇ દેશીરાજ્યોને બહાર નહિ છે. [illegible] દાખલાઓ આપું: પાલિતાણામાં હજારો યાત્રાળુઓ આવે છે તેઓની પાસેથી કર લેવામાં આવે છે તેથી રાજ્યને કેટલા હજારોનો લાભ થતો હશે અને એ હાલાકીથી કેટલા હજાર માણસો પાલિતાણાને વગોવતા હશે! જુનાગઢ રાજ્ય ગિરનારજી ઉપરનો પોતાનો હક સિદ્ધ કરવાને માટે જૈનની ધર્મશાળાનો કબજો કરી લે તેથી બહાર દેશીરાજ્યને માટે શું બોલાતું હશે! જામનગર રાજ્યનું પ્રમાણ વધારવાથી કેટલા લાખ રૂ. દર વર્ષે મેળવતું હશે! અને તેથી દેશી-રાજ્યો કેવા સખત છે તેની છાપ બહાર કેવી પડતી હશે! ગોંડળની મ્યુનિ-સિપાલિટી માટે વર્તમાનપત્રોમાં ચર્ચા થાય છે તો તે મ્યુનિસિપાલિટી બહુ ગીર-દારથી કામ લેતાં કેટલોક ગોટાળો કરી શકતી હશે! મોરબી પેટીક ચોકીના અથવા ધંધાના ઇજારા આપીને અથવા કેળવણી, વૈદક અને સુધરાઈ ખાતાની કરકસરથી કેટલા હજાર રૂપિયા પેદા કરતું હશે? અને તે માટે બહાર કેટલી ટીકા થતી હશે? રાજકોટ શાકબજાર કે દાણાં બજારના ભાડાંથી કેટલા હજાર રૂપિયા વધારે પેદા કરી શકતું હશે અને કેટલાક માણસોને એમ લાગતું હશે કે, રાજ્યના વધારે ભાડાથી આટલી મોંઘવારી થઈ છે! હમણાં એક દાખલો વર્તમાનપત્રોમાં ચડ્યો છે. લીમડી રાજ્યના એક ગામમાં પાણીના તળાવ કે કૂવાને માટે અમુક કર લેવાય છે, છતાં રાજ્ય તરફથી પાણીની સગવડ થતી ન હોવાના કારણે લોકોને હાડમારી ભોગવવી પડે છે, આ કારણથી તે ગામના લોકોએ જાહેરમાં ફર્યાદ ઉઠાવી છે. જ્યારે આ વાત વર્તમાનપત્રોમાં વાંચી ત્યારે કેટલાક કેળવાયેલા મનુષ્યો મારી સાથે ચર્ચા કરતાં એવા ઉશ્કેરાઇ ગયા કે તેઓ તરત એમ કહેવા લાગ્યા કે, "દેશી રાજ્યો પોતાના અંગત વૈભવો

અને અંગત સુખોને માટે પ્રજામાંથી લીધેલા લાખો રૂપિયા ખર્ચી નાંખે છે અને પ્રજાની કુદરતી જરૂરીઆતોને માટે થોડો પણ ખર્ચ કરવા તૈયાર નથી તે રાજ્યોના અસ્તિત્વની તમે કાં ખોટી હિમાયત કરો છો? આવા દેશીરાજ્યો શા માટે જોઇએ?" મેં તેઓએ વાપરેલા શબ્દો મોળામાં મોળી ભાષામાં મૂક્યા છે. હું સારી રીતે જાણુંછું કે, લીમડી રાજ્ય થોડાક ક્ષુદ્ર લોભો છોડી દે તો તે રાજ્યનો કારોબાર સારામાં સારો ગણાય તેવો છે, પરંતુ ખરૂં એટલુંજ છે કે લીમડીની પેઠે ઘણાંખરાં દેશીરાજ્યો જોઇ શકતાં નથી કે, આવી નાની નાની હાલાકી આપનારી બાબતોથી પ્રજા નારાજ રહે છે અને તે આખા દેશમાં તેવી વાતો પ્રસરી રહેતાં દેશીરાજ્યોની સંસ્થા વગોવાય છે. આવી નાની નાની બાબતો શોધી દૂર કરવામાં આવે તો દેશીરાજ્યોની અર્ધી નિંદા થતી તો જરૂર અટકે એમાં મને જરાયે શંકા નથી; પણ અમારા દેશીરાજ્યોમાં ક્યાં રાજ્યદ્વારી આવડત છે? આવી આવડત હોત તો તો ક્યારનાય તેઓ હિંદમાં પ્રિય થઇ પડ્યા હોત. હું ખરેખર માનુંછું કે આવા ક્ષુદ્ર લોભો અને રાજ્યદ્વારી બીન આવડત આ રાજ્યો ન રાખતાં હોય તો આ રાજ્યોમાં બ્રિટિશ હિંદ કરતાં રાજકારોબારમાં વધારે કચાટ નથી. તેઓ પ્રજાનું સંરક્ષણ કરવામાં પણ બ્રિટિશ હિંદ કરતાં ઉતરતાં નથી, ન્યાયના સંબંધમાં પણ બ્રિટિશ હિંદનુંજ ધોરણ છે. કરોનું પ્રમાણ બ્રિટિશ હિંદ કરતાં ઓછું હોવાનો સંભવ છે. મેહસુલાત વગેરેની વસુલાતમાં બ્રિટિશ જીલ્લાઓ જેટલી સખ્તાઇ ઘણે ઠેકાણે નથી. બીજી રીતે તેઓ પ્રજાની સામાજીક આફતો માટે દિલસોજીપૂર્ણ હોય છે. આવા અણુસમજ્યા લોભો ન રાખતા હોય તો કાઠિયાવાડના સંસ્થાનો કેવા સારા દેખાય તેનો એકજ દાખલો આપું. રાજકોટની સમૃદ્ધિ જે રીતે વધે છે તે જોઇને આંખ ઠરે તેવું છે; કારણકે બ્રિટિશ જીલ્લાઓના જેવીજ શાંતિ અનુભવી શકાય છે. આવું આ સંસ્થાન સારૂં છતાં થોડાક અલ્પલોભોથી તે નિષ્કારણ પોતાની પ્રતિષ્ઠાને ન્યૂન કરે છે.

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ વર્ક્સ—રાજકોટ.

૧૭૪–૬

(હિંદુસ્થાન, તા. ૨૬–૫–૧૯૨૦).

સુધારણાથી પહેલો પ્રજાને લાભ છે કે રાજ્યકર્ત્તાઓને?

દેશી રાજ્યોમાં પ્રજાતંત્ર દાખલ કરી રાજકીય સુધારણા કરવા માટે વારંવાર કહેવામાં આવે છે તેથી જેઓ દીર્ઘદૃષ્ટિ નથી એવા રાજ્યકર્ત્તાઓ ભડકી જાય છે અને એવું માની લેવાની ભૂલ કરે છે કે, રાજદ્વારી વિચારકો અમને નુકશાન કરવા નીકળ્યા છે. તે તેઓની ભ્રાંતિ છે. ખરી રીતે રાજદ્વારી વિચારકો, પોતાના પ્રયત્નો કરવામાં પ્રજાહિતનો વિચાર જેટલો કરે છે તેનો કરતાં ખુદ એ રાજ્યોના હિતનો વધારે કરે છે, કારણ કે મારા જેવા પ્રાચીન પક્ષાવલંબીઓ (orthodox) તો એવો વિચાર ધરાવે છે કે, દેશી રાજ્યોના અસ્તિત્વથીજ હિંદની "સ્વદેશી જનતા" (indiginous civilization) ટકી શકે તેમ છે. આ રાજદ્વારી વિચારકોને જો યથાર્થ સ્વરૂપે જોવામાં આવે, તો તેઓ પ્રજાના હિત કરતાં રાજ્યકર્ત્તાઓનું હિત પહેલું જુએ છે. રાજ્યની સુધારણા કરવાથી અથવા તેનું તંત્ર ઉદાર અને વિશાળ સિદ્ધાંતોવાળું કરવાથી જેમ પ્રજાને શાંતિ મળે છે, તેમ રાજ્યકર્ત્તાઓની સ્થિતિ વધારે મજબુત થાય છે. એક વાહિત અંગ્રેજે, દેશી રાજ્યો સુધારવાથી કોને લાભ થાય છે એ સંબંધમાં લખ્યું છે કે :—

"Some of the ablest princes of India have always kept detailed administration in their own hands with advantage to their subjects. A wise and good chief finds an inexhaustible pleasure in the task of ruling. The State is his patrimony and if he improves it, the benefit endures his posterity."

અર્થાત્ "હિંદના કેટલાક ઘણા કુશળ રાજ્યકર્ત્તાઓએ પોતાના રાજનો કારભાર પોતાનાજ હાથમાં રાખેલો છે, કે જેના પરિણામે પોતાની પ્રજાને લાભ થાય છે. રાજકારભાર કરવામાં ડાહ્યા અને સારા રાજા અથાક આનંદ માને છે. રાજ્ય એ તેના બાપદાદાનો વારસો છે, અને જો તેને તે સુધારે તો તેના સંતાનોને તેનો લાભ મળશે."

એક રાજકીય મૂર્ખતા :

'ઉદ્દાંત' સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ "અત્યંત દબાઈ ગયેલ" એવો થાય છે. જે પ્રજા ઉદ્દાંત અથવા "અત્યંત દબાઈ ગયેલ" હોય છે તેમાંથી [illegible] નિરમાર્યાદિત ઉદ્દામ વાદીઓ એટલે કે બંધન વિનાના અથવા બિન-[illegible] સ્વતંત્રતા જોનારા મનુષ્યો નીકળે છે. દેશી રાજ્યોમાં અને [illegible] કાઠિયાવાડમાં પ્રજાના જુસ્સાને અત્યંતદ બાવી દેવામાં આવ્યો છે. સર્વો-[illegible] અને દેશી રાજ્યોની સત્તાથી દબાવી દેવામાં આવ્યો છે પરંતુ તેનું [illegible] પરિણામ એ આવ્યું છે કે દેશી રાજ્યોમાં કેટલાક ઉદ્દામવાદીઓ [illegible] માણસો અસ્તિત્વ ધરાવે છે, કે જેઓ અમુક રાજા [illegible] કરવાની ના કહે, તો તેથી ફેડરેશન [illegible] દેશી રાજ્યની [illegible] એવી રાજકીય મૂર્ખતાથી ભરેલી વાતો કરે છે. આવી [illegible] છે, [illegible] છે, એટલે મારે તેની અહીં ખાસ નોંધ [illegible] "ટાઈમ્સ ઑફ ઇંડીયા" [illegible] તે કહે છે કે :—

રાજ્યોમાં વર્તમાનપત્રો જેવું કોઇ નથી. મને જાણીને સંતોષ થાય છે કે, ગોંડલ રાજ્ય કે જેના રાજ્યકર્તા જેવા જાહેર હિલચાલના હિતેચ્છુ બીજા કોઇ કાઠિયાવાડના રાજ્યકર્તાઓમાં નથી, તે રાજ્યના ધોરાજી ગામમાં "ધોરાજી સમાચાર" નામનું એક અઠવાડિક વર્તમાનપત્ર પ્રકટ થવા માંડ્યું છે. આ પત્ર હજુ ઘણું નાની અવસ્થામાં છે, પણ સ્વતંત્ર ઘણું છે. આવું પત્ર ગોંડળ રાજ્યમાં નીકળવા પામ્યું તે માટે હું સૌથી પહેલાં એ પત્રના માલેક કરતાં પણ રાજ્યને વધારે મુબારકબાદી આપું છું, કારણ કે રાજ્યની એવી છૂટ છે માટેજ પત્ર નીકળી શક્યું છે. ગોંડળ રાજ્ય પછી તેના માલેકને હું મુબારકબાદી આપું છું. આ માલેકને ખાસ મુબારકબાદી આપવા જેવી વાત તો એ છે કે, કાઠિયાવાડમાં અનેક હિંદુ વિદ્વાનો, ગ્રેજ્યુએટો અને વકીલો છે, છતાં તે કોઇની હિમ્મત ચાલી નથી ત્યારે "ધોરાજી સમાચાર" કાઢવાની હિમ્મત એક મુસલમાન ગૃહસ્થે કરી છે. આ પત્રની અભિવૃદ્ધિ થયેલી જોવા પ્રત્યેક કાઠિયાવાડી ઉત્સુક હોવો જોઇએ. કાઠિયાવાડના દરેક સંસ્થાનમાં વર્તમાનપત્રો કાઢનાર નીકળવા જોઇએ.

મારાં ધર્મસંકટો :

દેશી રાજ્યોના અસ્તિત્વની હિમાયત કરવામાં મારૂં ધ્યેય એકજ છે. હિંદનું દેશીપણું અને સ્વાભાવિક સ્વદેશાભિમાન રખાવવામાં તે બળવાન કારણ છે, એવો મારો શાસ્ત્રીય રીતે કરેલો નિર્ણય મારી હિમાયતનું કારણ છે. દેશી રાજ્યોનો છેલ્લાં બસો વર્ષનો ઇતિહાસ જોવા મેં મારી યથાશક્તિ પ્રયત્ન કર્યો અને પરિણામે એવું જોઇને મને ઘણું દુઃખ થઇ આવે છે કે, ક્રમે ક્રમે તેને નબળાં પાડવાના પ્રયત્નો અંદરથી અને બહારથી થયા છે. અંદરના પ્રયત્નો આપણી અજ્ઞાનતા અને સ્વાર્થવૃત્તિયોથી થયા છે અને બહારના પ્રયત્નો આપણી નબળાઇથી થયા છે. દિનપ્રતિદિન થતી નબળાઇ અટકે એ જોવું એ મારૂં ધ્યેય છે. મેં બહુ બહુ વિચારો કરી જોયા અને મને લાગ્યું કે, દેશી રાજ્યોને નબળા પડતા અટકાવવાના બે ઉપાયો છે. એક તો તેઓને નવું ચણતર કરવા માટે પ્રેરવા એ છે, અને બીજો ઉપાય તેઓનું જૂનું ઘાતક ચણતર છે તે તોડી પાડવા અટ્ટહાસ્ય. પણ નિડરપણે કહેવું. જ્યારે હું તેઓની હિમાયતમાં કાંઇ લખું છું અને બીજી બાજુ જૂનું ઘાતક ચણતર તોડી પાડવા માટે સ્પષ્ટ લખું છું ત્યારે મને કેટલાક મિત્રો એમ કહે છે કે તમારા લખાણો પરસ્પરવિરોધી (inconsistent) છે, અથવા તેમાં પક્ષપાત છે.

જેઓ આવા વિચાર ધરાવે છે તેઓને મારે એટલુંજ કહેવાનું છે કે તેઓએ મારા વિચારોમાં મારૂં અંતીમ સાધ્ય ક્યાં છે તે શોધી કાઢવું અને તેમ કર્યાથી હું પરસ્પરવિરોધી (inconsistent) નથી એમ તેઓને લાગશે; તોપણ આવો ભાસ થવો એ પણ મારૂં ધર્મસંકટ છે. મારૂં બીજું ધર્મસંકટ એ છે કે, એક તરફથી મને દેશી રાજ્યોમાં પ્રેમ કહો કે મોહ કહો—ગમે તે કહો—પણ તે છે, અને મારે એ રાજ્યોને માટે કડક લખવું પડે અથવા તેની નબળી બાજુ બતાવવી પડે તેથી મારા આત્માને બહુ દુઃખ થાય છે, કારણકે સ્વદેશાભિમાનનો પહેલો સિદ્ધાંતજ એ છે કે, પોતાના દેશનો જેમ સુયશ વધારે ગવાય તેમ દેશ વિશેષ બળવાન થાય છે, તેને બદલે મારે તેઓને માટે પ્રતિકૂળ બોલવાનો વખત આવે છે. આ મારૂં પાકું ધર્મસંકટ છે. આ માટે હું એકજ દિલાસો લઉં છું. પ્રજાને અગવડો છે, પ્રજાને પ્રગતિને માર્ગે લઇ જવાની જરૂર છે, પરંતુ રાજ્યકર્ત્તાઓ સ્વયં તે અગવડો ટાળવાને ગંભીરપણે વિચાર કરી શકતા નથી, અધિકારીઓનો મોટો ભાગ બોલે તેમ નથી અથવા બોલી શકે તેમ નથી, પ્રજા બોલતાં ડરે છે. આનું પરિણામ દેશી રાજ્યો વગોવાય છે તે છે. આ રીતે વગોવાતાં અટકાવવા માટે કડક લખવું પડે અથવા નબળાઇ બતાવવી પડે તો તેમાં ભાવ–હેતુ–(motive) શુદ્ધ છે એટલે ખરી રીતે સ્વદેશાભિમાન ઘટાડવાનો નહિ, પણ સ્વદેશાભિમાનને ઘટાડનાર કારણો અટકાવી તેની વૃદ્ધિ કરવાનો છે. મારો આ હેતુ એ મારો દિલાસો છે.

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ પ્રેસ—રાજકોટ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મહેતા.

પત્ર ૧૭ મો.

(હિંદુસ્થાન, તા. ૨૮-૫-૧૯૨૧).

સંસ્થાનોમાં વર્તમાનપત્રખાતું:

દરેક સુધરેલા રાજ્યમાં વર્તમાનપત્રોનું ખાતું નિયત કરેલ હોય છે; કારણ કે એ એક સત્તા મનાયેલ છે. બ્રિટિશ હિંદમાં આ ખાતાની વ્યવસ્થા બહુ મોટા પાયા ઉપર છે. દેશી રાજ્યોમાં મહિસૂર અને વડોદરામાં તેવી વ્યવસ્થા છે; પરંતુ ઘણાંખરાં સંસ્થાનોમાં તો વર્તમાનપત્રોની દરકાર કરવામાં આવતી નથી એટલે તે માટે એવું એક ખાતું તો ક્યાંથી હોય! દેશી રાજ્યોને માટે હવે પ્રજામત જાગૃત થતો જાય છે અને હમેશાં કાંઈને કાંઈ તેઓના સંબંધમાં લખાતું બોલાતું રહેવા સંભવ છે. તેમાં કેટલાક લખાણોના જાહેર ખુલાસા કરવા જેવું હોય છે; કેટલાકની સૂચનાઓ અમલમાં મૂકવા જેવું હોય છે; ઉપરાંત દેશી રાજ્યોના સમગ્ર હિતના પણ અનેક પ્રશ્નો વિચારવા જેવા હોય છે. આવું ખાતું દરેક દરેક સંસ્થાનમાં સ્થાપવું જોઇએ અને દેશી રાજ્યના સંબંધમાં જે કાંઇ લખાણો આવ્યા હોય તેનો રોજે રોજનો સંગ્રહ રાજ્યકર્તા અને લાગતાવળગતા અધિકારીઓની નજરે મુકવો જોઇએ, દેશી રાજકર્તાઓ અને તેઓના અધિકારીઓ વર્તમાનપત્રોથી જોકે કાંઇક ડરે છે ખરા પણ તેની સાથે તેને "ભસતાં કુતરાં' ગણે છે. "ભસતાં કુતરાં કરડે નહિ." એ સુંદર કહેવતનો અર્થ ઉપરછલ્લું પામવાથી ખોટો કરવામાં આવે છે.

હમણાં તો એવો અર્થ કરવામાં આવે છે કે "ભસતાં કૂતરાં" એવા નમાલ
હોય છે કે તે કરડી શકે નહિ; મૂળ અર્થ એવો છે કે ભસતાં કૂતરાંન
સ્વભાવ સેવા કરવાનો છે. ચોર આવે ત્યારે પોતાના શેઠને જાગૃત કરવાન
છે. આજ પ્રમાણે વર્ત્તમાનપત્રો જે દેશીરાજ્યોને "ભસતાં કુતરાં" લાગત
હોય તેઓએ એવું સમજવાનું છે કે ભૂલોથી સાવધ રહેવા માટે અને રાજન
સેવા કરવા માટે વર્ત્તમાનપત્રો લખે છે.

અજાગૃત રાજાઓને સમયનો સંદેશ:

જર્મન યુદ્ધે જગતની પ્રજાઓમાં કોઇ અપૂર્વ પરિવર્ત્તન કરાવ્યું છે
ઇંગ્લંડના રાજકુટુંબ પ્રત્યે બ્રિટિશ શહેનશાહતજ નહિ, પણ બધા સંસ્કાર
દેશો હંમેશાં માનની નજરથીજ જોતા આવ્યા છે, કારણકે ઇંગ્લાંડના રાજ
જેમ તે બંધારણયુક્ત (constitutional) છે તેમ જાતેજ હંમેશાં માયાળ
સ્વભાવના છે. આવા માયાળુ રાજાના યુવરાજ કુમાર જ્યાં જ્યાં પ્રવાસ ક
છે ત્યાં ત્યાં તે ઘણો વ્હાલો થઇ પડે છે અને દરેક દેશ તેનો પ્રેમપૂર્વક સત્કા
કરે છે. હિંદમાં તેઓ હવે આવવાના અને આપણે આપણી આર્યમેહેમાનગીર
તો જરૂરજ કરવાના; પરંતુ આપણને રૂટરનો તાર વાંચીને ખેદ થાય છે
ઑસ્ટ્રેલિયામાં ત્યાંના કામદારવર્ગે આવકાર આપવાના સંબંધમાં જૂદુંજ વલણ
લીધું છે. રૂટર કહે છે કે "કામદારોની કાઉન્સિલે મજબૂત તકરાર પછ
નામદાર પ્રિન્સ ઑફ વેલ્સને આવકાર આપવામાં સામેલ નહિ થવાનો ઠરા
કર્યો છે." ઑસ્ટ્રેલીઆ બ્રિટિશ શહેનશાહતનો એક ભાગ છે તેનો કામદા
વર્ગ આવું વલણ લે એ જો કે દુઃખદાયક વાત છે, પરંતુ તે એક ધડો આપ
નારી વાત પણ છે. એ ધડો એ છે કે, પ્રજાઓ હવે જાગૃત થઇ છે, અ
રાજાઓને માત્ર "ઇશ્વરી સત્તા" માનીને ચલાવી લે તેમ નથી; તે તો
પોતાને સુખરૂપ રાખે તેમ હોય તોજ સત્તાને માન આપે તેમ છે. દેશી રાજ્ય
કર્ત્તાઓએ આ વાત પોતાની અવલોકન શક્તિથી વિચારવા જેવી છે
અત્યારે આખા જગતની હવા ચારે કોરે ફરી વળે છે. અમેરિકાના વિચાર
ઇંગ્લંડ આવે છે, ઇંગ્લંડના વિચારો હિંદમાં આવે છે અથવા ગમે તે દેશન
વિચારો આખી દુનિયામાં ફરી વળે છે. ઑસ્ટ્રેલીઆમાં જે આજે થયું તે હિંદમ
કાલે થશે થોડા વર્ષો પછી થશે; પણ થયા વિના નહિ રહે એ સમયના ચિન્હો છે
અમારે અમારી પ્રાચીન જનતા (indiginous civilization) રાખવાન
જરૂર છે અને દેશીરાજ્યોને કાયમ રહેવાનો આધાર દેશી રાજ્યકર્ત્તાઓના વર્ત

ઉપર રહેલા છે. અત્યાર સુધીનું તેઓનું વર્તન ગમે તેવું હતું તો ડહાપણ રહીને પણ નભ્યું. હવે નભે તેવી સ્થિતિ નથી. જેઓ સંસ્કારી રાજાઓ છે તેઓને જેમ બને તેમ પોતાની પ્રજાઓને આગળ વધારવા સમય સંદેશ આપે છે; જ્યારે જેઓ વદનજ અજાગૃત રહેશે અને નહિ સુધરવાનો હઠ રાખવા હશે તેઓને સમય શું સંદેશ આપી શકે?

દેશી રાજ્યો કઇ શરતોએ નભી શકશે?

નામદાર પ્રિન્સ ઑફ વેલ્સના સત્કારના આ પ્રશ્ન ઉપરથી દેશી રાજ્યકર્તાઓએ ચેતવણી લેવાની વાત તો મેં કહી, પરંતુ ચેતવણીની સાથે કઇ શરતોથી તે નભી શકશે તે ન કહ્યું તે કહું છું. અમુક શરતો રાજાઓએ અદા કરવાની છે અને અમુક શરતો પ્રજાએ અદા કરવાની છે.

રાજાએ અદા કરવાની શરતો.

(૧) હું પ્રજાપર સત્તા ભોગવવા અર્થે નહિ, પણ પ્રજાની સેવા કરવા અર્થે નિયત થયેલ છું.

(૨) રાજા પ્રજા માટે છે; પરંતુ રાજા માટે પ્રજા નથી.

(૩) મારી પ્રજા એ મારૂં કુટુંબ છે. એ કુટુંબના શિરછત્ર થવાનું પ્રભુએ મને સોંપ્યું છે, એટલે એ કુટુંબના સુખે સુખી અને દુઃખે દુઃખી હું રહીશ.

(૪) મારા પોતાના આત્માના હિત અર્થે અને પ્રજા મારૂં અનુકરણ કરનારી હોઇ મારૂં અંગત અને જાહેર ચારિત્ર એક પવિત્રમાં પવિત્ર પુરૂષ જેવું રાખીશ.

(૫) મક્ષિકાઓ પુષ્પની કળીઓમાંથી જેવી કોમળતાથી મકરન્દશો લઇ મધ કરે છે તેમ સરસ કરો લઇ પ્રજાને તે કરો સહસ્ત્રગણા કરીને પાછો આપવાની બુદ્ધિથી તેનો ઉપયોગ કરીશ.

(૬) શુદ્ધ રાજ્યધર્મ અને કુળધર્મ સેવીશ.

(૭) શુદ્ધ સ્વદેશી રહીશ; વિદેશીપણાના સંસ્કારો આત્મામાંથી અને મારી પ્રજામાંથી દૂર કરીશ.

(૮) શુદ્ધ સ્વદેશાભિમાની રહી દેશીરાજ્યની સ્થિતિ ચિરંજીવ કરવા સપગા શુભ પ્રયત્નો કરીશ.

પ્રજાઓએ અદા કરવાની શરતો :

(૧) દેશીરાજ્યની સંસ્થા એ મારા પૂર્વજોના પરાક્રમોનાં સ્મરણો છે. માટે તેને જીવંત રાખવા માટે સદુપાયો લઈશ.

(૨) ધર્મશાસ્ત્રમાં રાજ્યને કુટુંબ અને રાજાને પિતા માનેલ છે તે પ્રમાણે અંતઃકરણથી માનીશ અને તે પ્રમાણે વિનય, વિવેક રાખીશ.

(૩) રાજાના સુખે સુખી અને રાજાના દુઃખે દુઃખી મને માનીશ.

(૪) રાજાને સત્ય અને હિતકારક કહેવાં નિડર રહીશ.

(૫) શુદ્ધ સ્વદેશી રહીશ.

(૬) "ગમે તેવી તોય પોતાની ઝુંપડી" એ સૂત્ર સત્ય સમજી દેશીરાજ્યનું સંરક્ષણ કરવામાં મારો હિસ્સો આપીશ.

(૭) દેશીરાજ્યથી દેશની સ્વાભાવિક અને સ્વદેશી જનતા રહેવાની એ વાત સતત આત્મામાં રાખી વર્ત્તીશ.

(૮) રાજ્યસુધારણા માટે પશ્ચિમની નીતિ નહિ, પણ પૂર્વની આર્યનીતિ અનુસરીશ.

ઉપરનીજ શરતો દેશીરાજ્યોને જરૂર નિભાવી લેશે.

પ્રથમ બંધારણ કે પ્રથમ આત્મબળ ?

કોઈ પણ સંસ્થાનનું બંધારણ હોય એ એક આર્શિવાદ છે. દેશીરાજ્યોને બંધારણ constitution નથી એ વાત સત્ય નથી, તેમ દેશીરાજ્યો પ્રથમથીજ પ્રજાને જવાબદાર નહોતાં એ વાત અસત્ય છે. દેશીરાજ્યોને બંધારણ હતાં અને હજુ છે. વળી તે પ્રથમ પ્રજાને જવાબદાર પણ હતાં એની સાક્ષી ઇતિહાસ પૂરે છે. સર સી. ટી. મેટ્કાફે કહ્યું છે કે, "The village communities are little republics, having nearly everything they can want within themselves, and almost independent of any foreign relations—" અર્થાત્ "ગ્રામ્યપંચાયતો એ નાની પ્રજાસત્તાક સંસ્થાઓ છે. તેઓને જે [illegible] અને પરદેશી સંબંધોથી લગભગ સ્વતંત્ર છે" [illegible] ઉત્ક્રાન્તિ (Evolution) [illegible]

રના કોઇ અકસ્માતો નડે છે ત્યારે મૂળના ઉદ્દેશોમાં જડતા દાખલ થાય છે અને એ જડતાના પરિણામે ઉદ્દેશો ભૂલાઇ જતાં સંસ્થાનો દોષ કાઢવામાં આવે છે. દેશીરાજ્યોના સંબંધમાં આજ પ્રમાણે બન્યું સંભવે છે. દેશીરાજ્યોની સંસ્થા મૂળ તો પ્રજાને સંપૂર્ણ જવાબદાર રહી શકે તેવી રીતેજ સ્થાપવામાં આવી હતી પણ બહારના અકસ્માતોથી ધીમે ધીમે મૂળ ઉદ્દેશો ભૂલાયા અને તેથી તે જોઇતા પ્રમાણમાં પ્રજાને જવાબદાર રહી નથી. પ્રજાને જવાબદાર એવી રીતના બંધારણો (constitutions) ઘડવાને માટે આજે સર્વત્ર લાગણી છે. કદાચ્ આ લાગણી બહાર મૂકવામાં જે પ્રથમની વ્યક્તિઓ છે તેમાં આ લખનાર પણ પહેલો બીજો આવે, પરંતુ આ લખનાર માને છે કે, બંધારણ મેળવતાં પહેલાં આપણે આપણામાંથી ઘણી નૈતિક ખામીઓ દૂર કરવાની છે અને ખામીઓ દૂર કરી નૈતિક સદ્ગુણો લાવવાની જરૂર છે. અત્યારે આપણા દિવાનો અને બૅરીસ્ટરોથી માંડી સામાન્ય શહેરીઓમાં કેટલામાં રાજ્યને તેનું અને તેની પ્રજાનું જેમાં હિત હોય એવા પ્રસંગોમાં સત્ય અને સ્પષ્ટ કહેવાનું આત્મબળ છે? સંસ્થાનોમાં રાજકીય ભૂલો કે કવચિત અત્યાચારો થાય તો તેને માટે કેટલા પ્રજાજનો સ્પષ્ટ કહેવાને તૈયાર છે? કેટલા રાજ્યના પરિસહો સહન કરવાને તૈયાર છે? કેટલા પ્રજાના હિતને માટે ભોગ આપવા તૈયાર છે? આ તૈયારી ન હોવી એ નૈતિક ખામી છે અને તે હોવી એ સદ્ગુણ છે. જ્યાંસુધી આત્મબળ નથી ત્યાંસુધી બંધારણ મળવાનું નથી અને કદાચ્ મળે તો તે સાચવી શકાવાનું નથી. પ્રજાઓને જેઓ પોતાની પાછળ દોરવવા માંગતા હોય તેઓએ પોતામાં અને પ્રજામાં આત્મબળ પહેલું લાવવું જોઇશે. તેની સાથે પ્રજાના પોતે ધર્મસેવક છે એવું સ્વરૂપ પોતાની વિષે ઉત્પન્ન કરવું પડશે. નહિ તો તે કોઇ કેરાણે બંધારણ (constitution) મળશે, તોપણ તે એક નવી આપખુદ સત્તા ઉત્પન્ન થવા શિવાય બીજું કાંઇ નહિ થાય. અત્યારે રાજ્યકર્તાઓ અને અધિકારીઓ આપખુદ સત્તા ભોગવતા હશે, તો-નવી પ્રવૃત્તિથી પ્રજામાં મોટા ગણાતાં થોડાંક માણસો આપખુદ સત્તા ભોગવતાં થશે. જ્યાંસુધી સંપૂર્ણ સેવાભાવના થશે નહિ, જ્યાંસુધી રાજ્ય અને પ્રજાના ભલા માટે સર્વસ્વનો ભોગ આપવાની બુદ્ધિ થશે નહિ, જ્યાંસુધી સ્પષ્ટ કહેનાં અને કરાવવાં આવડશે નહિ ત્યાંસુધી બંધારણો નિષ્ફળ છે. કોઇ પણ રીતે આપણે આપણામાં આત્મબળ ખીલવવુંજ જોઇએ. એ સત્યયની ચાવી છે. જેમ આપણામાં કાયદાશાસ્ત્રી તરીકે મનુ મહારાજ શ્રેષ્ટ છે તેમ ગ્રીક કાયદાશાસ્ત્રી તરીકે સે.ફેન નામના તત્વજ્ઞાની શ્રેષ્ટ ગણાય છે તે 'સ્વાતંત્ર્ય' નો

એકજ શબ્દમાં ખ્યાલ આપે છે. તેને જ્યારે એમ પૂછવામાં આવ્યું હતું કે, "How men could be most effectually deterred from committing injustice?" અર્થાત્ "મનુષ્યોને અન્યાયો કરતાં અસરકારક રીતે કેમ અટકાવી શકાય?" તેના જવાબમાં તેણે કહ્યું હતું કે "If those who are not injured feel as much indignation as those who are" (જેઓને ઇજા નથી થઇ તેઓને જો જેઓને ઇજા થઇ છે તેના જેટલોજ સંતાપ થાય તો.) વળી, "Freedom like health can be preserved by exercise–(સ્વતંત્રતા આરોગ્યની પેઠે કસરતથીજ સાચવી શકાય છે.) વળી, "Eternal vigilance is the price of liberty (નિરંતર જાગૃતિ એ સ્વાતંત્ર્યની કિમ્મત છે.) આ સઘળું આપણામાં આવવા માટે આપણે આત્મબળ ખીલવ્યા વિના બીજો ઉપાય નથી.

નાનાં સંસ્થાનોનું જોડાણ શક્ય છે?

ઘણાં અવલોકનકારો એમ કહે છે કે, હિંદના કેળવાયેલા માણસોને પોતાની આંખેથી નહિ પણ પશ્ચિમની આંખેથી જોવાનું શીખડાવવામાં આવ્યું છે. આ વાત ઘણી ગંભીર છે અને તે સંપૂર્ણ વિચારને પાત્ર છે. મારો પોતાનો અંગત મત એ અવલોકનકારોની ટીકાને સમ્મત છે. જર્મનીએ પોતાના નાનાં નાનાં સંસ્થાનોને તોડી નાંખી એક રાજસભા કરી અથવા જેપાને તેવી સભા કરી એ વાતો સાંભળીને તેવી નહિ તો તેને મળતી રાજસભાઓને હિંદમાં દેશીરાજ્યોનું સંઘટ્ટન કરી ઉભી કરવા માટે અવારનવાર કેટલાક પરચક્ષુધારીઓ જાહેરમાં લખે છે. મી. મૉન્ટેગ્યુના આગમન વેળાએ આવી અનેક યોજનાઓ આવાં ફળદ્રુપ ભેજાંઓએ રજુ કરી હતી. હમણાં કાઠિયાવાડના સંસ્થાનોનું સંઘટ્ટન કરી એક રાજસભા પ્રજાકીય બંધારણ ઉપર કરવાના વિચારો બહાર આવ્યા કરે છે. રા. શુકલે પણ આવી એક યોજના 'ટાઇમ્સ ઑફ ઇંડિયા' માં પ્રગટ કરાવી છે. બીજી યોજનાઓના પ્રમાણમાં રા. શુકલની યોજના વિચારવા જેવી છે. જો કે તે મને સ્વીકાર્ય નથી, છતાં મારે કહેવું જોઇએ કે [illegible]માં કેટલાક મુદ્દાઓ વિચારવા જેવા છે; એકંદરે આવી યોજનાઓ [illegible]માં અસ્થાને છે. તેમજ અપરિપક્વ કાલે છે. જેપાન અને જર્મનીના [illegible] લેવામાં આવે છે પણ ત્યાં એમ સમજવાનું છે કે તેના રાજેનરાજ્ય[illegible] હોઇ એવું પગલું લઇ શક્યા; આપણી સર્વોપરી સત્તા પોતે પોતાના [illegible]-

નેની ખાતર તહનામાઓને સીધી કે આડકતરી રીતે કાગળનાં ચીંથરા Scraps of papers ગણે તેમ નથી; તેમજ તે તેમ કરે તો આપણે તેમ કરવા ન દઇએ, કારણકે નાના સંસ્થાનો ઉપર એક વખતે પ્રયોગ થશે તો આવતી કાલે મોટા સંસ્થાનો ઉપર એ પ્રયોગ થશે. કદાચ્ તેની યોજનાઓમાંથી કોઈ કોઇ અંશો લેવા યોગ્ય હોય તો પણ જ્યાંસુધી રાજાઓ અને પ્રજાઓને આપણે રાજકીય પરિસ્થિતિ અંતરમાં ઉતારી નથી ત્યાંસુધી વગર કારણે રાજા અને પ્રજા વચ્ચે વિક્ષેપ નાખવા જેવું થાય; અને ડા. શુક્લ અને બીજા જાહેર પ્રવૃત્તિ કરનારાઓ કે જેઓની શુદ્ધ નિષ્ઠા અખંડ છે તેઓ પોતે અકારા થઇ પોતાની સાધના સાધી શકશે નહિ, આવી યોજના કરનારાઓએ એકાંત એમ માની લેવાનું નથી કે નાનાં રાજ્યો હમેશાં નુકશાનકર્તાજ હોય છે. રાજદ્વારીઓનો એવો મત છે કે પ્રજાના સુખને માટે મોટાં કરતાં નાનાં રાજ્યો વધારે સારાં છે. નાનામાંથી મોટાં રાજ્યો બનાવવામાં આવે છે તેમાં શહેનશાહી સત્તા વધારવાનોજ મુખ્ય ઉદ્દેશ યુરોપના રાજ્યોએ રાખેલો હોય છે. નાનાં રાજ્યો લાભકારક છે તેને માટે એક મુત્સદી લખે છે કે "You must guard against the evil to which it (administration) is characteristically prone and for checking which the Native States possess some fecilities which are wanting in British India. For instance, their areas are small, and can therefore, be supervised more easily." અર્થાત્, "તમે કારોભાર કે જે વિધમને પામવાને ખાસ પાત્ર છે તેના સંબંધમાં જાગૃત રહેજો, કારણકે તે, વિધમ અટકાવવાને દેશીરાજ્યો, બ્રિટિશ હિંદના કરતાં વધારે અનુકૂળતાઓ ધરાવે છે." દેશીરાજ્યને માટે બીજી સારી બાબત એ મુત્સદીના શબ્દોમાં કહું: "There the humblest subject can speak to the highest authority with a confidence and a certainty of being understood or at any rate of not being misunderstood." અર્થાત્ "ત્યાં (દેશીરાજ્યોમાં) ગરીબમાં ગરીબ રૈયતજન સર્વોપરી સત્તા (રાજા) સુધી એવી શ્રદ્ધા અને ખાત્રી સાથે પહોંચી શકે છે તેને બરાબર સમજવામાં તો આવશે અને ઠેરઠ ખોટી રીતે સમજવામાં નહિ આવે. જ્યાંસુધી રાજ્યકર્તાઓ અને પ્રજાના રાજકીય પરિસ્થિતિથી વાકેફ થાય ત્યાંસુધી આપણા ખ્યાલો ગમે તેવા ઉપર આધાર, વિચારો કે

પ્રયત્ન કરવા એ નીતિ પણ નથી. એક વિદ્વાને કહ્યું છે કે આપણે આફ્રિકાના સિદ્દીઓ કે બીજી તેવી પ્રજાઓને જંગલી ગણીએ છીએ તેની જનતા (civilization) તેના સંસ્કારો કે જે આપણે ખરી રીતે સમજી ન શકીએ તે બદલાવવા પ્રયત્ન કરવો એ યોગ્ય નથી, કારણકે આપણાં સંસ્કારો કરતાં તેઓના સંસ્કારો વધારે સારા પણ હોઇ શકે.

સુધરવા ના પાડતાં સંસ્થાનો:

શિરોહીના રાજાએ વાનપ્રસ્થાશ્રમ ધારણ કર્યાના અને પોતાના પાટવી કુમારને ગાદી આપવાના સમાચાર હવે જાણીતા છે. એ વાનપ્રસ્થાશ્રમ ધારણ થયાની ખબર મળી તે પૂર્વે થોડા દિવસેજ મુંબઇના વર્તમાનપત્રોમાં એ રાજ્યના ગેરકારોબાર માટે ચર્ચા જોવામાં આવતી હતી. શિરોહીના રાજા વિરુદ્ધ તેના સરદારોએ નામદાર વાઇસરૉયને ઘણી અરજીઓ કરી હતી. આ અરજીઓની વાત બહાર આવ્યા પછી તરતમાંજ તે રાજ્યકર્ત્તાએ વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યાની ખબર બહાર આવતાં પ્રજામાં અનેક વિકલ્પો કરવામાં આવે છે. આમાંનો એક વિકલ્પ એવો છે કે, એ રાજાને તેના રાજ્યપદથી ખસેડવાને બદલે માનભરેલો માર્ગ એ શોધી કાઢવામાં આવ્યો છે કે તેના પાટવી કુમારને ગાદી આપવી. આ વિકલ્પમાં કેટલું સત્ય છે તે જાણવાને આપણી પાસે કાંઇ સાધન નથી; પરંતુ કોઇપણ રાજ્યમાં અતિ પ્રજાપોકારથી આવો માર્ગ સર્વોપરી સત્તા ન લે એવું કાંઇ નથી.. સર્વોપરી સત્તાના અાડલાઓ હાલનાં ચાલતાં આંતર્વિગ્રહમાં માથું મારતા હતા તે રાજનીતિ–Intervention policy–સરકારે બંધ કરી છે; પરંતુ સર્વોપરી સત્તાની દેશી રાજ્યના પ્રજાપ્રત્યે જવાબદારીઓ (responsibilities) છે એવું માનીને અવારનવાર સર્વોપરી સત્તાની [illegible] non-intervention [illegible] અર્થ બેદરકારી–negligence વધારે કરવાનો નથી. [illegible] એવું માની [illegible] કરતાં [illegible] પાલન કરવાનું [illegible] [illegible]

હતો ત્યારે તે રાજનીતિ શરૂ કરી હતી: જ્યારે ખાલસા કરવાની રાજનીતિ લોકમતને અનુકૂળ હતી ત્યારે તે શરૂ કરી હતી; અને જ્યારે એ એજ રાજનીતિની વિરુદ્ધ પ્રજામત દેખાયો ત્યારે તે બંધ કરી હતી. જો પાછો પ્રજામત બદલે તો સરકારની રાજનીતિ પણ બદલે. અત્યારે કેળવાયેલો પ્રજામત દેશી રાજ્યકર્તાઓ પ્રતો કેવો છે તે દેશી રાજાઓએ સમજવું જોઈએ. હવે સ્વચ્છંદે વર્તવાનો સમય નથી; સુધરવાની ના પાડવી એ વાત પોતાના રાજ્યની સ્થિતિને માટે અવશ્ય ભયકારક માનવી જોઈએ.

ઉન્માર્ગે જતાં સંસ્થાનો:

ઘણાં વર્ષો થયાં પ્રજાના મોટા ભાગમાં એક એવી ખોટી માન્યતા ચાલે છે કે, સરકાર ઉન્માર્ગે જતાં સંસ્થાનોની પ્રવૃત્તિઓ માટે જાણીને આંખ આડા કાન કરે છે, એવા હેતુથી કે જો એ પ્રવૃત્તિઓ અનહદ થાય તો પ્રજા એની મેળે દેશીરાજ્યો તરફ અભાવ ધરાવતી થાય. બીજી આવીજ એક ખોટી માન્યતા એ ચાલે છે કે, અંગ્રેજ સરકાર બ્રિટિશ હિંદનો પોતાનો કારોબાર, હિંદીપ્રજાને, પોતાના સ્વદેશી રાજ્યકારોબારના કરતાં વધારે સારો છે એવું બતાવી અંગ્રેજરાજ્યની સ્થિતિ વધારે સુદૃઢ રાખવા માટે, ઉન્માર્ગે જતાં સંસ્થાનોને તેઓની પ્રવૃત્તિઓ જાણી જોઈને કરવા દે છે. આવી લોકમાન્યતાઓ ખોટી છે એમ મારે કહેવું જોઈએ. સરકાર આવા કોઈ ઇરાદાથી આવી રાજનીતિ રાખે છે એ ભ્રાંતિ છે. સારા સારા મુત્સદીઓના કહેવા પ્રમાણે દેશીરાજ્યો પ્રત્યે અંગ્રેજ સરકારની રાજનીતિ અત્યારે "ઐક્ય અને સહકાર" ની હોઈ તેઓને (દેશીરાજ્યોને) પોતાની મેળે સુધરવાનું કામ સુપ્રત કર્યું છે. સર હોરકરેસ કહે છે કે, "This policy has been called the policy of "union and co-operation." The Native States were of no longer regarded as nuisance meriting removal. They were guranteed security of existence, invited and assisted to undertake the task of self-improvement." વળી, આ જાતે સુધરવા દેવાની રાજનીતિ રાખવામાં એક બીજું કારણ એ પણ હોવા સંભવ છે કે ઘણાં અંગ્રેજ મુત્સદીઓનો એવો અભિપ્રાય છે કે, શહેનશાહતના દરેક ભાગના અથવા તો તેના સંબંધવાળા સંસ્થાનોના આંતર્વહિવટ (domestic affairs)માં બ્રિટિશ રાજ્યના શક્તિ અને સમય ગુમાવવાને બદલે શહેનશાહતની અભિવૃદ્ધિ અર્થે તે શક્તિઓ

અને [illegible] [illegible] છે. આ બાદ તેઓ એક સિદ્ધાંત જેવી માન્યતા ધરા[illegible] [illegible] રાજ્યોના લોકોમાં નિદ્રાધીન પડેલી રાજનીતિ શક્તિ [illegible] [illegible], [illegible] કે જેથી રાજ્યકર્તાઓ જ્યારે હોય તેઓ સહકારી [illegible] [illegible] રાજનીતિનો ઉપયોગ કરી ઉન્નતિ કરવાં આવડતું છે [illegible] [illegible] સિદ્ધ થાય છે.

[illegible] :

પણ નુકશાનકારક છે. આશ્ચર્ય છે કે, રાજાઓને સ્વતંત્ર દિવાનો જોઇતા નથી, અને પોતાના સ્વમાનનો ત્યાગ કરી દઇ પરતંત્રતા ધારણ કરનાર દિવાનો રાજાઓને મળી રહે છે. પરતંત્રતા ધારણ કરનાર દિવાનો કે તેવાં અધિકારીઓમાંથી ઘણાના સામાજિક સંજોગો એવા હોય છે કે તેઓને આ દશા ઇચ્છા–અનિચ્છાએ ગ્રહણ કરવી પડે છે. આમ છતાં એ બચાવ નથી. બીજા કોઇની ખાતર નહિ પણ કેળવણીના સારા નામની ખાતર જ્યાં જ્યાં રાજાઓ દિવાનપદ કે તેવા અધિકારીપદનું મહત્ત્વ ઓછું કરવા જાય ત્યાં ત્યાં મી. ઝવેરીલાલ મહેતાની પેઠે એ પદ છોડીને ચાલ્યા જવાનું આત્મબળ દિવાનોમાં આવવું જોઇએ. હાલમાં રાજાઓ પોતાને બહુ કુશળ અને મુત્સદ્દી માનવા લાગ્યા છે અને ઘણાંખરા તો સરકારની સાથેના સંબંધો પણ પોતાની મેળે સંભાળી લે છે, પરંતુ તેઓ જાણતા નથી કે આ સઘળાનું પરિણામ તેઓને માટે લાભદાયક નથી. દેશી રાજ્યકર્તાઓના રાજકીય દરજ્જા અને મોભાને માટે પણ ઠીક નથી. નાનાથી મોટા સર્વ અધિકારીઓમાં જ્યારે જાગૃત વિશ્વાસ રાખી તેઓમાં ખરી જવાબદારી મૂકવામાં આવશે ત્યારેજ રાજા અને પ્રજાના હિતો વધારે જળવાશે.

દિવાનો અને તેવા મોટા અધિકારીઓના સંબંધમાં મારે થોડુંક કહેવાનું છે. દિવાનો કે તેવા અધિકારીઓ જ્યાં પોતાને માટે પરતંત્રતા દેખે ત્યાં શા માટે રહે છે? તેઓને સત્તામાં વ્યામોહ થાય છે કે બીજે ઉપજનપ્રાપ્તિ થઇ શકે એવું આત્મબળ નથી? બધા દિવાનો કે બધા અધિકારીઓ માટે હું કહેતો નથી, પણ હું ઘણાંને માટે કહું છું કે, તેઓ પોતાની સ્થિરતા ટકાવવાને કોઇને કોઇ ઉપાય શોધી કાઢતા જણાય છે. અગાઉના વખતમાં રાજાઓને પોતાના તરફ ખેંચાયેલા રાખવા માટે અથવા પોતાને વશ રાખવા માટે રાજાઓને વિલાસના સાધનો શોધી આપતાં ઇતિહાસકારો કહે છે, તો અત્યારે તે ઉપાયોને બદલે કાં તો રાજ્યની સત્તાની જમાવટ કરી આપવાના, કાં તો ઉપજ વધારવાના, કાં તો વ્યાપારના, કાં તો ખિતાબોના અને કાં તો વર્ગ ચઢાવી દેવાના પ્રલોભનો બતાવવાના ઉપાયો દિવાનો અને તેવા અધિકારીઓ લેતાં કેટલેક સ્થળે જણાય છે. અમારા દિવાનો કે અધિકારીઓ આવા નબળા શા માટે જોઇએ? તેઓએ પોતાનામાં નગદ મૂલ્ય (Sterling worth) બતાવી પોતાની સ્થિતિ ટકાવવી જોઇએ. જેઓમાં રાજાઓના મિત્રો અને પ્રજાના સેવકો થવાની તાકાદ હોય તેઓજ દિવાનપદને પાત્ર છે–સમયની આ તાસીર છે. જો રાજાઓ દિવાનાદિ અધિકારીઓને વિષે સંપૂર્ણ જવાબદારીપણું નહિ મૂકે, તો ઘણાં મુશ્કેલી જોખમો સહન કરવાના પ્રસંગો આવશે.

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ વર્કસ—રાજકોટ

દેશી રાજ્યોના પ્રશ્નો:

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૧૮ મો.

(હિંદુસ્થાન, તા. ૫-૬-૧૯૨૦).

હંટર કમિટિની રિપોર્ટની દેશી રાજ્યોપર અસર:

બ્રિટિશ હિંદમાં બનતા બનાવો કે જેના સંબંધમાં અખંડ હિંદને લાગતું-વળગતું હોય તેને માટે દેશીરાજ્યોએ લાગણીઓ બતાવવી એ કેવળ આવશ્યક લેખાવું જોઇએ. હંટર કમિટિના રિપોર્ટથી અમારા બ્રિટિશ હિંદના દેશબાંધવોની લાગણીઓ જેટલી દુઃખાય છે તેના કરતાં એક અંશ પણ ન્યૂન દેશીરાજ્યોની પ્રજાની દુઃખાય છે એમ નથી. તેઓની પણ તેટલીજ દુઃખાય છે. ધર્મવિચારો કહે છે કે, આત્મા પોતાના કર્મોનો હમેશાં બરાબર ક્યાસ કરી શકતો નથી એટલે કે પોતાના કર્મો યથાર્થ છે કે નહિ તેનો ઘણીવાર સાચો ખ્યાલ પોતે બાંધી શકતો નથી. આ ધર્મવિચારો જોતાં હંટર કમિટિના રિપોર્ટની હિંદ ઉપર શી અસર છે તે વાત સરકાર તટસ્થ દષ્ટા તરીકે જોઇ શકી હોય એમ લાગતું નથી. બ્રિટિશ હિંદના આપણા ભાઇઓ ભલે રાજકીય જાગૃતિ વધારે બતાવી શકતા હોય, પણ એટલી વાત સત્ય છે કે દેશીરાજ્યોની પ્રજા, બ્રિટિશ હિંદની પ્રજા કરતાં રાજ્યપ્રકરણી કારીગરી વધારે સારી રીતે જોઇ શકે છે, કારણ કે બ્રિટિશ હિંદની પ્રજાને રાજકાજનો પરિચય ઘણો લાંબો સમય થયાં છૂટી ગયો છે. હંટર કમિટિના રિપોર્ટના બહાર

પડેલા સાર સંબંધી વાતચીતના પ્રસંગમાં મને એક અનુભવીએ કહ્યું કે, આવા પ્રસંગો જો દેશી રાજ્યોથી થઇ જતા તો તેઓની સાથે કેવી રીતે કામ લેવામાં આવતું તે તમે જાણતા નથી. આમ કહી તેઓએ મને જુનાગઢ રાજ્યે ત્યાંની લડાયક 'મૈયા' નામની બહાદૂર કોમ ઉપર લગભગ ૪૦–૫૦ વર્ષ ઉપર કરેલા અત્યાચારો માટે મુંબઈ સરકારે જે ઠરાવ બહાર પાડયો હતો તેની વાત કરી દેખાડી. તેઓએ મને હકીકત એવી જણાવી કે 'મૈયા' નામની જાત ઘણી શૂરવીર અને શસ્ત્ર ધરાવતી હતી. પોતાના ગિરાસના હકોનું જુનાગઢ રાજ્ય ઉલ્લંઘન કરતું હોઇ તેઓની અને જુનાગઢના સરકારની વચ્ચે તકરાર ઉત્પન્ન થઇ. પરિણામે તેમાંથી ધીંગાણું થયું. એ મૈયા જાતિના લોકો હથિયાર સાથે હતા, પણ તેઓના ઉપર રાજ્ય તરફથી તોપનો મારો ચલાવવામાં આવ્યાથી ૭૫ માણસો મરણ પામ્યાં. આ સંબંધમાં મુંબઇ સરકાર તરફથી તપાસ થઇ. જો કે મુંબઇ સરકારે જુનાગઢ રાજ્યનું કૃત્ય ઘણું ઠપકા ભરેલું ગણ્યું હતું: પરંતુ એ સરકારથી જૂદા પડી એક અધિકારીએ એવો અભિપ્રાય જણાવ્યો હતો કે જુનાગઢના (તે વખતના) નવાબને પદભ્રષ્ટ કરવા જોઇએ. મેં આ બનાવની જે પ્રમાણે હકીકત સાંભળી તે પ્રમાણે મને તો મુંબઇ સરકારના કરતાં તે અધિકારીનો અભિપ્રાય વધારે યોગ્ય લાગેલો છે; પરંતુ એક દેશી રાજકર્ત્તાને પદભ્રષ્ટ કરવાનો આ અભિપ્રાય જે ગૃહસ્થે મને વાત કરી તેણે એટલા માટે કહી દેખાડયો કે પંજાબના બનાવોને માટે જેઓ જવાબદાર હોય તેઓ પ્રત્યે બતાવવામાં આવેલું વલણ હું એ પદભ્રષ્ટ કરવાના વલણની સાથે સરખાવી શકું, અને જોઇ શકું કે, આ અધિકારીના જેવું હંટર કમિટિનો એક પણ સભાસદ વલણ બતાવવાની નિષ્પક્ષપાતતા દર્શાવી શકયો નથી. જેઓ અંગ્રેજ અમલના રક્ષણને માટે જવાબદાર છે તેઓ પોતાના લાભો આપણા એટલે પ્રજાના કરતાં વધારે સારી રીતે જોઈ શકે એટલે તેઓએ હંટર કમિટિના સંબંધમાં પુખ્ત વિચારથીજ કામ લીધેલું આપણે માની લેવું જોઇએ. કારણકે જો તેમ ન હોય તો જરૂર તેઓ દેશની દુઃખી લાગણીને પૂર્ણ આશ્વાસન આપવા માટે જવાબદાર મનુષ્યોના સંબંધમાં અત્યારના કરતાં જૂદીજ રીતે કામ લેત; અંગ્રેજઅમલને હું માત્ર દેશીરાજ્યોની પ્રજાની દૃષ્ટિએ એટલુંજ કહેવા ઇચ્છુંછું કે, સરકારી અમલદારો સારી રીતે જાણે છે તેમ અમારા દેશીરાજ્યોની પ્રજાનો ઘણો ભાગ પોતાના રાજકીય સંકટોની મુક્તિનો ઘણો આધાર અંગ્રેજ સરકારપર રાખે છે. આવો આધાર રાખનાર મનુષ્યો હમણાંના ચાર વર્ષના બનાવો પછી એવું વિચારતાં થયાં છે કે, દેશીરાજ્યો ગમે તેવા એકહાથુ સત્તાવાળા

જ્યાં તેમાં આવી રીતે કામ ન લેવાય. હેતોમાં આવા વિચારો ધરાવતા લાભો છે તેના પરિણામે જેઓની રાજનીતિ પ્રબળમિત ન હોય એવાં દેશાર દેશી સંસ્થાનોને રક્ષણ મળ્યું છે, કેમકે સેતાની થડામાં પરિવર્તન થવાના પ્રસંગો તેઓને ભાગ્યા સ્વા કરે છે.

નામદાર શહેનશાહ એડવર્ડનું સૂક્ષ્મ અવલોકન:

મર્હુમ શહેનશાહ એડવર્ડ ૧૮૭૫–૭૬ ની સાલમાં જ્યારે યુવરાજપદે હિંદમાં તેઓ હવા સારે પધાર્યા હતા. આ વેળાએ બ્રિટિશ હિંદ અને દેશી-રાજ્યોના સંબંધમાં તેઓએ કરેલું એક સૂક્ષ્મ અવલોકન ભાગ્યેજ અત્યારના કોઈ રાજ્યાધિકારીને કે કોઈ દેશી રાજ્યકર્તાને કે કોઈ દેશી મુત્સદ્દીના ખ્યાલમાં હશે. પ્રિન્સ ઑફ વેલ્સ તરીકે તેઓએ એક જાહેર પ્રસંગે, પોતાના તે પ્રવાસસમ-યમાં જે કહ્યું હતું તેનો સંક્ષેપ એક અંગ્રેજ આ પ્રમાણે આપે છેઃ—

"This I believe, is the probable explanation of the spirited bearing which H. R. H. the Prince of Wales is said during his tour in India in 1875-76, to have observed in the people of the Native States as contrasted with those of British India; for being unconcious ot the existence of any social distance or soperation between themselves and their rulers. The subjects of the former would naturally feel more solf-possessed than those of the latter."

"૧૮૭૫–૭૬ ની સાલમાં પોતાના પ્રવાસ દરમ્યાનમાં નામદાર પ્રિન્સ ઑફ વેલ્સે દેશીરાજ્યોની પ્રજા અને બ્રિટિશ હિંદની પ્રજામાં જે વિલક્ષણતા જોયાનું કહેવામાં આવે છે તે વાત આ જુસ્સાવાળા સુદ્દાનો ખુલાસો કરે છે, કારણકે દેશીરાજ્યોની પ્રજા અને તેઓના રાજાની વચ્ચે કોઈ જાતના સામા-જિક વર્તાવ કે જુદારો જોવામાં આવ્યો નહોતો. બ્રિટિશ હિંદના કરતાં દેશી-રાજ્યોની પ્રજા પોતાને વધારે સ્વસ્થ સ્વાભાવિક રીતે અનુભવે છે." ખરેખર, આ સદ્ભમમાં સૂક્ષ્મ અવલોકન છે. દેશીરાજ્યોની અનેક ઝીણી મોટી ભૂલો અને ક્યારેક જ્યાં તેઓની પ્રજામાં વિશેષ ઓછી અભ્યવતા જોવામાં કદાચ પણ આવી શકશે; કારણકે દેશીરાજ્યોમાં સામાજિક ઐક્ય રહેલું છે; જ્યારે બ્રિટિશ હિંદમાં રાજ્ય અને પ્રજા વચ્ચે સામાજિક જુદારો છે.

બ્રિટિશ હિંદે ખોટે પાટે ચઢાવી દીધેલાં સંસ્થાનો:

હિંદના એક વખતના પ્રધાન લૉર્ડ મોર્લીએ પોતાના 'તોડ'—Compromise નામના જાણીતા પુસ્તકમાં એવા આશયમાં કહ્યું છે કે, એક રાજ્ય જ્યારે સીધી કે આડકતરી રીતે વ્યાપારમાં પ્રેરાય છે ત્યારે તેની પ્રમાણિકતા રહી શકે નહિ. લૉર્ડ મોર્લીના જેવા જ્ઞાની અને ઉદારચિત્ત મુત્સદ્દીઓના અભાવના કારણે આપણે સીધી અને આડકતરી રીતે બ્રિટિશ હિંદના રાજવહિવટમાં વ્યાપારનું તત્ત્વ દાખલ થયેલું જોઈએ છીએ. ખોરાકની ચીજોપર અંકુશ રાખી તે દ્વારાએ નફો થતો પ્રજાને દેખાય અથવા પ્રજાને સોનાના વેચાણની પદ્ધતિથી નફો થતો દેખાય એથી પ્રજાની દૃષ્ટિમાં રાજકીયમાન અને આંટ ઓછી થવાથી લૉર્ડ મોર્લીનો સિદ્ધાંત સત્ય ઠરે છે. બ્રિટિશ હિંદપર અમલ કરનારી સરકારને જ્યાંસુધી બ્રિટિશ હિંદનું રાજતંત્ર પ્રજાને જવાબદાર નથી થયું ત્યાંસુધી તે વાત પોશાય શકે તેમ છે, કારણકે તે સર્વોપરી સત્તા છે; પરંતુ બ્રિટિશ હિંદ ઉપર રાજ કરતી સત્તાને જે વાત પોશાય તેવું હોય તે દેશીરાજ્યોને પોશાય શકે તેવું નથી, કારણકે દેશીરાજ્યો પોતે ખોટી રીતે માની લે છે તેવી સ્થિતિમાં તેઓ ખરેખરા નથી, કારણ તેઓએ કરેલી અનેક રાજકીય ભૂલોને લઈને અત્યારે તેવી સ્થિતિમાં તેઓ રહ્યા નથી, એટલે કે તે બ્રિટિશ રાજ્યની પેઠે દરેક બાબતમાં ચાલવા જતાં પોતાને નરસી બાબતોને માટે નુકશાન કરે તેમ છે. કંઈક પ્રાણી માત્રની આદત સારાં કરતાં નરસાં અનુકરણો તરત કરી લેવાની કેમ ન હોય એમ દેખાય છે. બ્રિટિશ હિંદના રાજ્યઅમલના સારાં તત્ત્વો અને સિદ્ધાંતોનું જેટલા પ્રમાણમાં અનુકરણ કાઠિયાવાડના થોડાંક સંસ્થાનોએ કર્યું હશે તેના કરતાં નરસાં તત્ત્વો અને સિદ્ધાંતોનું વધારે કર્યું હશે એમ હું દેખી શકું છું. આ અનુકરણના પ્રતાપે તેઓ એક રાજ્યને ન શોભે એટલું જ નહિ પણ જે રાજની સ્થિતિને ઘાતક થઈ પડે એવે ખોટે પાટે ચડી ગયા છે. કાઠિયાવાડમાં જે સંસ્થાનો વ્યાપાર કરે છે તેનાં નામો હું મારા અનેક પત્રોમાં આપી ગયો છું. આ સંસ્થાનો વ્યાપાર કરે છે એને હું ખોટે પાટે ચડી ગયેલાં કહું છું. અત્યારે આ સંસ્થાનો બ્રિટિશ હિંદમાં કોઈ પણ જાત ગણ્યા વિના અનેક વ્યાપાર કર્યા જાય છે. રાજ્યકર્ત્તાની નૈતિક જવાબદારીનો વિચાર કર્યા વિના એક સંસ્થાનનું અનુકરણ બીજું સંસ્થાન કરે છે. નિકાસ ઉપર તેવી એક ઘટના આ થોડાંક સંસ્થાનોની દશામાં જણાય છે. મોરબીથી એક વાત શરૂ થાય. મોરબીથી રેલ્વેમાં બેસતાં પ્રથમ મુખ્ય

સ્ટેશન વાંકાનેર આવે છે. જેમ કુદરતી હવા જેમ એક પછી એક ગામે જાય તેમ રાજકીય હવા પણ જતી હોય એમ જણાય છે. મોરબીની વ્યાપાર કરવાની રાજનીતિની હવા વાંકાનેર સંસ્થાનને લાગુ પડે છે. વાંકાનેર જંકશન સ્ટેશન છે. એક રેલ્વેનો ફાંટો વઢવાણ તરફ જાય છે અને બીજો રાજકોટ તરફ જાય છે. એજ ફાંટા પ્રમાણે વઢવાણ કાંપ જતી લાઇનદ્વારાએ ધ્રાંગધ્રા અને લીમડીમાં એ વેપારી હવા જાય છે; અને રાજકોટ લાઇનદ્વારાએ રાજકોટ, અને એ દિશાના કોઇ કોઇ સંસ્થાનોને પહોંચે છે. જામનગરની વ્યાપારની રાજનીતિ છે કે નહિ તે હું જાણતો નથી પણ બીજી રાજનીતિઓ તો આ લાઇનદ્વારાએ ત્યાં પણ જાય છે. આ સંસ્થાનોએ લોકમતને પ્રતિકૂળ એવા કેટલાય વ્યવસાયોનું પરસ્પર અનુકરણ કર્યું છે; અહીં તેના દાખલાઓ આપી શકતો નથી. ખરેખર, આ સંસ્થાનો એટલાં બધાં નિર્ભય થઇ ગયાં છે કે લોકમતની તેઓને મુદ્દલ દરકારજ હવે રહી નથી. મુંબઇમાં તેઓને વેપાર કરતાં જોઇ ત્યાંનો લોકમત શું કહેશે? જો આ રાજ્યકર્તાઓ પોતાને માટે મુંબઇમાં શું બોલાય છે તે સાંભળવાની દરકાર કરતા હોય તો તેઓની રાજવંશી પ્રતિષ્ઠાને કેટલું ગંભીર નુકશાન થાય છે તે જોઇ શકે. તે રાજ્યોની પ્રજા તો બીચારી શું કરી શકે? પરંતુ મને વિચાર એ થાય છે કે, આ સંસ્થાનના રાજ્યકર્તાઓ લોકમતની અવગણના કરવામાં કાંઇ બાધ ગણતા જણાતા નથી, તો શું તેઓ રાજ્ય પ્રકરણી રીતે એટલા બધા પોતાને મજબુત જોતા હશે? હું નથી માનતો કે તેઓ પોતાને મજબુત માનતા હોય, કારણકે તેઓ પોતે જાણે છે કે તેઓનું શાસન માત્ર પોતાની પ્રજા ઉપરજ ચાલી શકે તેટલા પુરતુંજ છે, ત્યારે તેઓ કયા કારણથી આ ખોટો પાટો બદલાવવા નહિ માગતા હોય? લોકમત તો એવો છે કે તેઓની પ્રજા દબાઇ ગયેલી છે તેથી લોકમતનો ડર નથી; અને સર્વોપરી સત્તાની દેશીરાજ્યો તરફેની રાજનીતિ ઢીલી થઇ છે. એટલે એ ઢીલી રાજનીતિનો લાભ આ રીતે લેવામાં આવે છે. સ્મરણમાં રહેવું જોઇએ કે, આ અવગણના વહેલી મોડી જો કોઇને પણ ભારે પડવાની હોય તો દેશીરાજ્યની સંસ્થાને ભારે પડવાની છે; કારણકે જ્યારે હદ ઉપરાંત આવા ખોટા માર્ગો લેવાશે ત્યારે સર્વોપરી સત્તાની રાજનીતિઓ જરૂર બદલાવીજ જોઇએ.

ખેડુતવર્ગ ધનવાન થાય ?

કાઠિયાવાડના કેટલાક સંસ્થાનોની જમીનની મહેસુલાતની રાજનીતિ એ વ્યક્ત કરે છે કે કેમ જાણે ખેડુતવર્ગ ધનવાન થાય એ એ સંસ્થાનો જો શકે તેમ ન હોય! છેલ્લાં પાંચ વર્ષ થયાં રૂના તથા અનાજના ભાવો વધેલ હોઇ ખેડુતોને સારા દામ મળે એ સ્વાભાવિક છે. સારા દામો આપી તેઓ દેવોના દેવ ઇશ્વરે તો ધનવાન બનાવવાની ઇચ્છા કરી, પરંતુ મનુષ્યોના દે રાજ્યકર્ત્તાઓને એ દેવોના દેવની ઘટના ઠીક ન લાગી એટલે કે ખેડુતો તેથ ધનવાન થઇ જાય એ તેઓને ઠીક ન લાગ્યું તેથી તેઓએ પોતાની ઘટન ચાલુ કરવાનો વિચાર કર્યો. જામનગર, ધ્રાંગધ્રા, મોરબી, લીમડી, વાંકાનેર, રાજ કોટ અને બીજાં કેટલાક નાનાં નાનાં સંસ્થાનોએ ખેતીની ઉપર સીધી આડકતરી રીતે કરો વધાર્યા. કેટલેક ઠેકાણે ભાગબટાઇનું ધોરણ ચાલુ હતું તેઓને એમ લાગ્યું કે વિઘોટીનું ધોરણ દાખલ કરવાથી રાજને ઉપજ વધારે થશે એટલે તેઓએ એ ધોરણ દાખલ કર્યું. જ્યાં વિઘોટી હતી ત્યાં રાજને એમ લાગ્યું કે ભાગબટાઇથી વધારે ઉપજ થશે એટલે ત્યાં ઘણાં વર્ષોની ચાલતી આવેલી વિઘોટીની પદ્ધતિ બદલાવી ભાગબટાઇ દાખલ કરવામાં આવી છે. કાઠિયાવાડના સંસ્થાનોની નાણાંવિષયક સ્થિતિ કેટલી સંગીન છે તે તો હું આંકડાઓથી બતાવી ગયો છું તેઓની ઉપજ કેટલી મોટી બનાવવામાં આવી છે તે પણ હું આંકડાઓથી બતાવી ગયો છું અને તેઓના અંગત ખર્ચો કેટલા મોટા અને પ્રજાકીય ખર્ચો કેટલા દયાજનક છે તે પણ હું આંકડાઓથી બતાવી ગયો છું. ચારથી છગણી ઉપજને વધારવા છતાં હજુ વધારે મહેસુલાત ઉત્પન્ન કરવામાં આવે છે અને હજુ જ્યારે આ સંસ્થાનોની તૃષ્ણા છીપતી નથી ત્યારે એનો અર્થ એટલોજ થઇ શકે કે નહિ કે એ સંસ્થાનોમાં અમીની નજરજ નથી કે જેથી તેઓ પોતાના ખેડુતવર્ગને ધનવાન જોઇ શકે? બ્રિટિશ અમલની ગમે તેટલી ખામીઓ હોય, પરંતુ તેઓને ધન્ય છે કે તેઓ બંગાળાની જમીનદારીના હકનું બરાબર પાલન કરે છે. બંગાળાના જમીનદારો તો એ જમીનની ખેતીદ્વારાએ લક્ષાધિપતિઓ થઇ ગયા છે, છતાં બ્રિટિશ રાજનીતિ પોતાના વચનની કિંમત ગણી તેમાં ફેરફાર કરી શકતી નથી; જ્યારે કાઠિયાવાડના ખેડુતોને અનેક ભવો પછી થોડાક સેંકડાઓવાળા ધનવાનો થવાનો દેવોના દેવ ઇશ્વરે પ્રસંગ આપ્યો ત્યારે મનુષ્યના દેવ રાજાઓને તે રૂચતું ન થયું! આ સઘળું શા માટે? આ રાજ્યકર્ત્તાઓને એમ કેમ નથી

ધ્યાનમાં આવતું કે અમે આવા પ્રયોગો કરી અમારા દેશજનોને નકામા ખાડીએ છીએ? રાજાઓ ધ્યાનમાં ન લે તો રાજ્યોના પ્રજાજન, બહુ પ્રજાએ આ વાત ચલાવી લેવાય તેવી જમાનાની નથી. જેટલા અભ્યાસથી લિખિત દિવસના આપણા આપણા રાજતંત્ર પ્રજાને વ્યવહાર 'બાલટોને' એમ છે તેટલાજ આતુરતાથી દેશી રાજ્યોની પ્રજાઓએ પણ મથવું જોઈએ. પ્રજાનું મથન કરે તો વિજય તેઓનો છે. "Democracy and Empire" એ નામના પુસ્તકમાં એક મનુષ્યના રાજ્યના અંગમાં કહ્યું છે કે:—

"The protest against the decentralization of all power in the hands of one man is well-nigh universal, the aspirations of humanity tend to find their (imperfect) realisation in the republic."

"એક મનુષ્યના હાથમાં સર્વ સત્તાઓના ગોઠવણ કરી મેલવા સામેનો વિરોધ સારી પેઠે વિશ્વવ્યાપી છે. મનુષ્યજાતની અભિલાષાઓ તેઓની (અપૂર્ણ) સિદ્ધિ પ્રજાસત્તાકમાં હોવાનું શોધવાનું વલણ ધરાવતી જણાય છે."

ઇતિહાસના અનુભવીઓના જ્ઞાનનો લાભ અમારા દેશી રાજ્યકર્તાઓ ક્યારે લઇ શકશે? તેઓ પોતે કર્યાં છે તે જોવાની પણ તેઓને મરજી આવે ને તેઓ પોતે બંધારણીય રીતે (constitutionally) કર્યાં છે અથવા રાજ્યપ્રકરણી રીતે (politically) કર્યાં છે એમ તે શકે તો પોતાની પ્રજા કે જેના પૈસાથી રાજ્યકર્તાઓનું જીવન છે તેને કેવી રીતે સત્તાથી રાખવી જોઇએ એનું તેઓને ભાન થશે. જ્યાં સુધી તેઓ પોતાના અંગત જલસામાં રહેશે અથવા જગત્ બહાર શું થયા કરે છે તેનો વિચાર નહિ કરે ત્યાં સુધી એને તો જરા પણ સંશય નથી કે નુકશાન તેઓના પક્ષમાં છે. અમારા આ રાજ્યોને આ સાદી આંખે દેખાય તેવી વાત દેખાતી નહિ હોય કે શું?

નવાં રાજ્યોને માટે ભોમીયાની જરૂર:

જુનાગઢના દિવાન મી. છજુરામભાઈ જુનાગઢ છોડી જવાના સમાચારે આખા કાઠિયાવાડમાં જે ચર્ચાને જન્મ આપ્યો હતો તે ચર્ચા. તા. નવાબ સાહેબે જાહેર ખુલાસો કરવા છતાં બહુ નરમ નહોતી પડી. હમણાં મી. છજુરામભાઈએ જાહેર વર્તમાનપત્રોદ્વારા એવો ખુલાસો બહાર પાડ્યો છે કે તેઓ પોતાની નાદુરસ્ત તબીયતને લીધે પોતાની મેળે જુનાગઢથી રજા લઇ ગયા છે. મી. છજુ-રામભાઈના આ ખુલાસા પછી ચર્ચા સર્વથા નહિ તો કેટલીક શાંત થઇ ગઇ છે.

જુનાગઢના નવાબ તદ્દન તાજા હોઇ મી. છજ્જુરામજીની ગોઠવણ કરવામાં આવી હતી તે સારી વાત હતી; પરંતુ સર્વ નવા રાજાઓના બાબતમાં એક દિવાનની ગોઠવણજ નવા રાજાને યોગ્ય માર્ગે લઇ જવા પૂરતી ગણવી ન જોઇએ. તે કરતાં વધારે સારી ગોઠવણની જરૂર છે. રાજ્યકર્ત્તા નવા હોય કે જૂના હોય, પણ તેના ભોમીઆનું કામ કરી શકે એવી કોઇ નિશ્ચિત ગોઠવણની જરૂર છે. કાચા અનુભવના બધા રાજ્યકર્ત્તાના સંબંધમાં આવી ગોઠવણની ખાસ વધારે જરૂર છે. નવા રાજા ગાદીએ આવે ત્યારે જૂના દિવાનો ઘણું કરી ચાલુ રાખવામાં આવે છે, પરંતુ ઘણા દાખલાઓમાં તો નવા રાજાની સાથે નવા દિવાનની પણ ગોઠવણ થાય છે અને તે દિવાન પછી કેટલાક દાખલાઓમાં પોતાનો કાફલો સાથે પણ લાવે છે. જો નવો રાજા બુદ્ધિશાળી હોય તો તેની બુદ્ધિને અમૂક પ્રવાહમાં ખેંચી લઇ જવાનું બને છે અને મંદ હોય તો તેને પરવશ કરવામાં આવે છે. બુદ્ધિશાળી રાજામાં પાવરધાઇ આવી જાય તો પછી અધિકારીઓની પણ ગણના નથી કરતા, અને પોતાની બુદ્ધિવેગે કામ લે છે. આ સઘળાનું પરિણામ રાજની નબળાઇ થાય છે અને પ્રજાને સહન કરવું પડે છે. આ સ્થિતિમાં ફેરફાર થવા માટે સારામાં સારા ભોમીઆ-(guide) ની જરૂર છે. દિવાનો કે બીજા અધિકારીઓ ભલે અમૂક અંશે ભોમીઆનું કામ કરતા હોય, પરંતુ તેટલી વ્યવસ્થા બસ નથી. રાજની અંદર પ્રતિનિધિત્વવાળું પ્રજાતંત્ર દાખલ કરવું જોઇએ અને આ પ્રજાતંત્રથી ચુંટાએલા પ્રજાજનોની એક કાયમી "ખાનગી કમિટિ" Privy Council અને એક "મંત્રમંડળ" Cabinet સ્થાયી બનાવવી જોઇએ. આ મંડળમાં રાજા કે બીજું કોઇ ફેરફાર કરી શકેજ નહિ. આવું સ્થાયી મંડળ હોય તો નવા રાજા ગાદીએ આવે ત્યારે તેના ભોમીયાનું કામ કરી શકે. સગિરવયના રાજા હોય ત્યારે તેનું હિત સાચવી શકે. આપણને જોઇને આશ્ચર્ય થાય છે કે, ભાવનગરમાં સર પટ્ટણી, મી. ટયુડર ઓવન અને બીજા બે રાજ અનુભવી ગૃહસ્થોની કાઉંસિલ તે રાજ્યનો વહિવટ ચલાવવામાં જરૂરની મનાઇ છે અને બીજે સ્થળે તદ્દન કાચા અનુભવના એક રાજ્યકર્ત્તા ઉપર લાખો પ્રાણીઓના જીવનનો વિચાર છોડી દેવામાં આવે છે.

આ બાબત એવી છે કે જે પ્રજાએ પોતાના સુખની ખાતર ઉપાડી લેવી જોઇએ. જો પ્રજા પોતાના સુખના મૂળ કારણો ક્યાં છે તે જાણીને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન નહિ કરે તો બહારથી આવીને કોઇ કાંઇ કરી દે તેમ નથી.

સંસ્થાનોએ પ્રજાતંત્રથી ભડકવાનું શું છે?

હું કબુલ કરી ગયો કે, પ્રજાઓએ બંધારણ મેળવવાને માટે જેટલી ખટપટ કરવી જોઈએ તેના કરતાં અત્યારથી પોતાની નૈતિક ભાવનાઓ દૃઢ કરી, નૈતિક સદ્ગુણો ઉત્પન્ન કરી અધિકાર મેળવવો જોઈએ. આવી રીતે દેશી રાજ્યકર્તાઓ સમજીને અને ખાસ કરી કાઠિયાવાડના સંસ્થાનોને માટે પ્રજાકીય બંધારણ અંગે પ્રગતિમાન્ કેમ બનાવે કરેલું જોઈએ. કેટલા રાજ્યકર્તાઓના મનમાં એક એવો ભય દાખલ થયો છે અથવા કોઈ સ્વાર્થસાધકોએ અને ખોટે મીઠું લગાવનારા માણસોએ એવો ભય ઉત્પન્ન કર્યો છે, પ્રજાતંત્ર દાખલ કરવાથી રાજાઓની સત્તા ઘટે તેમ અવશ્ય ઓછી કરવા જરૂર છે. આ ભય સર્વથા અસત્ય છે. પ્રજાતંત્ર દાખલ કરવામાં આવે તેથી રાજાઓની સત્તા ઓછી થાય એ ભ્રાંતિ છે. ખરી રીતે, રાજાઓની સત્તા-વધારવી એ પ્રજાતંત્ર દાખલ કરાવવાનો એક અગત્યનો હેતુ છે. અત્યારે દેશીરાજ્યો એક વ્યક્તિની આજ્ઞાથી ચાલે છે એટલે દેશીરાજ્યોને માટે વધારે સત્તા મેળવવી એ કોઈને પસંદ આવે તેવી વાત નથી. જો પ્રજાકીય ધોરણ ઉપર રાજકારભાર ચાલતો હોય તો એવી ઘણી બાબતો છે કે, સર્વોપરી સત્તા પાસેથી દેશીરાજ્યો વધારે સત્તાઓ મેળવી શકે. કિંચિત્ પણ ભય રાખવાનું કારણ નથી એમ હું આશ્વાસન આપું એમ નથી. "પોલિટિકલ રેક્સ્યુઝ"— રાજ્યકારી સન્યાસી કહે છે કે:—

"All work of first instance–such is human weakness–is almost always liable to mistakes and errors, even when performed by men free from carelessness, or corrupt motives, and their mistakes and errors are more discernible to an onlooker. Hence arises the necessity and also the value of the provision for appeals. Now, king (Indian prince) being the highest court of appeal to the State, it is his privilege and his prerogative to detect and remove all errors and faults in its government, and thus advance the cause of right and justice and keep up the purity of the administration. To ensure that result, therefore you must on all occasions, and in all cases, which call for the exercise of that exalted prerogative, provide your-self with the most efficient helps available

and be surrounded by the best influences and carsfully guard against any sinister or misleading factors entering into your deliberation or contributing to its results at any time."

" But under a constituted order of things, like one suggested above would not the Raja's occupation, like Othello's be gone or his prestige and authority weakened? I believe, on the contrary tbat, if as an old and shrewdly conceived maxim has it "obedience is the essence of rule," they will both be strengthened and therefore, the most ardent lover of the exercise of power among your brethren need entertain no misgiving on that point."

આ એક દેશી રાજ્યના સર્વોત્તમ મિત્રના વિચારો મેં ટાંક્યા છે. મને જોઇને આશ્ચર્ય થાય છે કે, યુદ્ધના વખતથી દરેક રાજા અને પ્રજાના સંસ્કારોમાં આકાશ પાતાળ જેટલો ફેર પડી ગયો છે, છતાં કાં કાઠિયાવાડનાં રાજ્યો કાંઈ મચક દેતાં નથી? શું તેઓએ એવો નિર્ણય કર્યો છે કે દેશી રાજ્યની સંસ્થાને બને તેટલી નિર્બળ પાડવી એ તેઓનું કર્તવ્ય છે? કાઠિયાવાડના યુવાન અને તરૂણ રાજ્યકર્ત્તાઓને વિનંતિ કરૂં છું કે, તમે "જે રાજ્યકર્ત્તાઓ વહન કોન્ઝરવેટિવ–જૂના સંસ્કારી છે અને જેઓ મોન્શયર જોસેફ શેલીએ કહ્યું છે તે પ્રમાણે સુધરવા માંગતાજ નથી તે રાજાઓનું" અનુકરણ કરશો નહિ. જો તેઓનું અનુકરણ કરશો તો તમારે કામ નહિ આવે, કારણકે તમારી પાસે તમારી જીંદગીનો ખરો ભાગ નવા સમયમાં ગાળવાનો છે જો તમે મચક નહિ ઘો તો નુકશાન તમને પોતાનેજ છે. કોઇ પણ ડાહ્યા રાજાને તો પ્રજાતંત્રથી ભડકવાનું લાગવું નજ જોઇએ.

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ વર્ક્સ—રાજકોટ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૧૯ મો.

(હિંદુસ્થાન, તા. ૧૨-૬-૧૯૨૨).

નીચેનો પત્ર "દક્ષ" ની સહીથી મને "હિંદુસ્થાન" પત્રમાં જાહેર રીતે લખવામાં આવ્યો હતો એટલે પ્રથમ એ પત્ર જેમને તેમ આપી પછી મારો ઉત્તર આપું છું:—

"કાઠિયાવાડના પત્ર લખનાર મહાશયને પત્ર."

"સાહેબ—આપનો પત્ર કાઠિયાવાડના સંબંધમાં "હિંદુસ્થાન" પેપરમાં જે પ્રસિદ્ધ થાય છે તે હું લગભગ વાંચતો રહ્યો છું. કાઠિયાવાડ પ્રત્યેના આપના સત્ય પ્રેમની અને કાઠિયાવાડના રાજા પ્રજા બંનેની પ્રગતિ માટેની આપની નિખાલસ વૃત્તિની પ્રતીતિ આપના પત્રો વાંચનારને થયા વિના રહે તેમ નથી. કાઠિયાવાડના ઉત્કર્ષ માટે સત્યનિષ્ઠા અને હિમ્મતથી કામ કરનારની જે ખોટ અત્યાર સુધી હતી તે આપે પૂરી પાડી છે, જેની પૂરેપૂરી કદર કદાચિત આજના સ્વાર્થ-પૂર્ણ જમાનામાં ન થાય તોપણ ભવિષ્યની પ્રજામાં તો થયા વિના રહેશે નહિ, પરંતુ આપના ઉપદેશથી અમુક બાબતોમાં મ્હારી કંઇક મતભિન્નતા છે અને તેનું સમાધાન આપના પત્રોથી નહિ થતું હોવાથી આ પત્ર લખવા વૃત્તિ થઇ છે.

કાઠિયાવાડના રાજાઓની હસ્તી અત્યારના ધોરણ મુજબ કાયમ રાખ-વાના સંબંધમાં આપનો ઉપદેશ માન્ય રાખવામાં આવે, તોપણ કાઠિયાવાડના

અનુભવ નાનપણથી તેમને થયો હોય તેટલો પરદેશીને હોવા સંભવિત ખરો? તોપણ અમારાંના મયા ઓઝા અને કબ્જા ગાંધી તેમજ હાલના નામદાર પટ્ટણી જેવા કારભારીઓની જ્વલંત કારકિર્દી લક્ષમાં રાખી કોઇ પણ હાલના રાજાએ કેળવણીમાં ખ્યાતિ પામેલ પોતાનાજ સંસ્થાનની સેવા બજાવવા તક આપેલી જોવામાં આવી છે?

આ સર્વે કાઠિયાવાડની હાલની સ્થિતિ જોતાં કાઠિયાવાડ પાસે કોઇ બીજું લાભકારી ધોરણ ન થાય ત્યાંસુધી Non-intervention Policy કે જેનો ઉપયોગ-પોલિટિકલ ઓફિસરોના મનસ્વી કાંટા ઉપરજ અત્યારે અવલંબી રહેલો છે અને જેનું ગરમ રીતે (In tact) પાલન પણ થતું નથી, તેનો સર્વથા ત્યાગ કરી હાલના જમાનાને અનુસરતું અગાઉનું ધોરણ કાયદાપોથીમાં દાખલ કરાવવાની હિલચાલ કાઠિયાવાડ કરે તો તેમાં શું નુકશાન છે?—લી. "દક્ષ."

આ 'દક્ષ'ની સંજ્ઞાથી લખાએલા પત્રનો ઉત્તર નીચે આપું છું.

આંતર્વેષ્ટિવટમાં વચ્ચે આવવાની રાજનીતિ ઇષ્ટ છે?

તા૦ ૨ જી મેના 'હિંદુસ્થાન'ના અંકમાં 'દક્ષ'ની સંજ્ઞાથી જે પત્ર છપાયો છે તેના લેખકે મારી પાસેથી કેટલાક ખુલાસાઓ માગ્યા છે તે માટે અહીં કેટલુંક લખું છું. દેશીરાજ્યો અને તેમાં કાઠિયાવાડના રાજ્યોની સ્થિતિનો નાશ નહિ કરતાં તેને કાયમ રાખી પ્રજાતંત્ર તેમાં દાખલ કરવાનો જે મારો અભિપ્રાય છે તે અભિપ્રાયને 'દક્ષ' એમ કહીને સંમત કરતાં નથી કે, પશ્ચિમના સંસ્કારો પછી પ્રજામાં "એક મનુષ્યના રાજ્ય" પ્રત્યે શ્રદ્ધા રહેવી સંભવિત નથી. હું કબુલ કરું છું કે, જો "એક મનુષ્યનું રાજ્ય" ચાલતું હોય ત્યાં તે એક મનુષ્ય-રાજા-પોતાનો ધર્મ-પ્રજાસેવા-ભૂલી જઇ માત્ર પોતાના ઉપયોગની અર્થે પ્રજાનો દુરુપયોગ કરવા લાગે તો તે 'રાજ્ય' નભી શકે નહિ; પરંતુ જો તે રાજા પોતાને પ્રજાના "સ્વાભાવિક આગેવાન"—"natural leader" તરીકે માની રાજ્ય ચલાવે, તો તે "એક મનુષ્યના રાજ્ય" જેવો સુએગી ભાગ્યેજ હોઇ શકે. વળી, "એક મનુષ્યના રાજ્ય" માં "પ્રજાવાજ" દાખલ ન થઇ શકે એ વાત યોગ્ય નથી. મેં આ પત્રોમાં અનેક વાર જણાવ્યું છે કે, દેશી રાજ્ય એ એક "સંયુક્ત રાજ્યકારી" કુટુંબ છે—જેવી રીતે હિંદુ સંયુક્ત કુટુંબ કે જેમાં હિંદુ કુટુંબમાં પિતા વડીલ છતાં સંતાનોની સલાહ લઇ કુટુંબનો

ખાની વિશેષ નિરંકુશતા થતા રહે છે. આથી કરીને–Non-intervention policy હું તો ખરાબજ માનું છું.

આ મ્હારા કહેવાની વિશેષ ખાત્રી કાઠિયાવાડની અગાઉની સ્થિતિનો હાલની સ્થિતિ સાથે મુકાબલો કરવાથી થશે. અગાઉના રાજાઓએ કૉલેજોની અંદર કેળવણી લીધી નહોતી, તેમજ વિલાયત આદિ સ્વતંત્ર સ્થળોની મુલાકાતથી વંચીત હતા, તોપણ હાલના કેળવાયેલા અને યુરોપ, અમેરિકા જેવા સ્થળોએ ફરી આવેલા રાજાઓના કરતાં કેટલા બધા સારા અને પ્રજા વાત્સલ્યવાળા હતા! પ્રજા પણ કોઈ જાતના બહારના ઉપદેશ વિના તેમને પોતાના દેવસમાન ગણી માન આપતી તેમજ પ્રજાની અંદર પણ કેળવણી કે જ્ઞાનનો બહોળો બધો ફેલાવો નહોતો તોપણ અત્યારના કરતાં તે વખતે પ્રજાના માણસોમાં પણ જાહેર હિમ્મત, નિડરતા આદિ ગુણોનું દર્શન અનેકવાર થતું. એટલુંજ નહિ પણ રાજાને દેવસમાન ગણી માન આપનારા પ્રજાના માણસો તેજ રાજાના અપકાર્યોનો પ્રસંગ આવે તે સામે આંખ મીંચામણાં નહિ કરતાં હિમ્મતપૂર્વક શીખામણના શબ્દો કહેવામાંથી પાછા હઠતા નહિ.

આ સર્વ નષ્ટ થવાનું એક બીજું કારણ એ પણ છે કે, બ્રિટિશ સરકારની Non-intervention Policy થી રાજાઓ જેમ નિરંકુશ બનતા ગયા તેમ પોતાના સ્વછંદી કાર્યોમાં મદદ મેળવવાને વાસ્તે પોતાનાં રાજ્યમાં પરદેશી કારભારીઓ અને અમલદારોની ભરતી કરવા માંડી. આ પરદેશી અમલદારો તે સંસ્થાનના (Indigenous) નહિ, પરંતુ ખુદ આપણા દેશનાજ બ્રાહ્મણો [illegible] કે જેને આપ દેશી (Indian) [illegible] પરદેશી કારભારીઓ અને દેશાભિમાનના [illegible] પોતાના [illegible] સંસ્થાનમાં રહે. નોકરી કરવા [illegible] પરદેશી કારભારીઓ [illegible] નોકરી [illegible] [illegible]

અનુભવ નાનપણથી તેમને થયો હોય તેટલો પરદેશીને હોવો સંભવિત ખરો ! તેવાજ અગાઉના ગયા ઓઝા અને કરણા આંખી તેમજ હાલના નામદાર પટણી જેવા કારભારીઓની જવલંત કારકિર્દી લક્ષમાં રાખી હોય પણ હાલના રાજાએ દેશાવરમાં ખ્યાતિ પામેલ પોતાનાજ ગરાશાની સેવા ભાગ્યેજ લઈ આપેલી જોવામાં આવી છે !

આ સર્વ કાઠિયાવાડની હાલની સ્થિતિ જોતાં કાઠિયાવાડ વાસ્તે કોઈ બીજું લાભકારી બંધારણ ન ઘડાય ત્યાંસુધી Non-intervention Policy કે જેનો ઉપયોગ-પોલિટિકલ ઑફિસરોના મનસ્વી કાંટા ઉપરજ અત્યારે અવલંબી રહેલો છે અને જેનું મક્કમ રીતે (In fact) પાલન પણ થતું નથી, તેનો સર્વથા ત્યાગ કરી હાલના જમાનાને અનુસરતું અગાઉનું ધોરણ કાયદાપોથીમાં દાખલ કરાવવાની હિલચાલ કાઠિયાવાડ કરે તો તેમાં શું નુકશાન છે ?—લી. "દક્ષ."

આ 'દક્ષ'ની સંજ્ઞાથી લખાએલા પત્રનો ઉત્તર નીચે આપું છું.

આંતર્વહિવટમાં વચ્ચે આવવાની રાજનીતિ ઇષ્ટ છે ?

તા૦ ૩ જી મેના 'હિંદુસ્થાન'ના અંકમાં 'દક્ષ'ની સંજ્ઞાથી જે પત્ર છપાયો છે તેના લેખકે મારી પાસેથી કેટલાક ખુલાસાઓ ઇચ્છયા છે તે માટે અહીં કંઈક લખું છું. દેશીરાજ્યો અને તેથી કાઠિયાવાડના રાજ્યોની સ્થિતિનો નાશ નહિ કરતાં તેને કાયમ રાખી પ્રજાતંત્ર તેમાં દાખલ કરવાનો જે મારો અભિપ્રાય છે તે અભિપ્રાયને 'દક્ષ' એમ કહીને સંમત કરતાં નથી કે, પશ્ચિમનાં સંસ્કારો પછી પ્રજામાં "એક મનુષ્યના રાજ્ય" પ્રત્યે શ્રદ્ધા રહેવી સંભવિત નથી. હું કબુલ કરૂં છું કે, જો "એક મનુષ્યનું રાજ્ય" ચાલતું હોય ત્યાં તે એક મનુષ્ય—રાજા—પોતાનો ધર્મ—પ્રજાસેવા—ભૂલી જઈ માત્ર પોતાના ઉપયોગને અર્થે પ્રજાનો દુરુપયોગ કરવા ઇચ્છે તો તે 'રાજ્ય' નભી શકે નહિ; પરંતુ જો તે રાજા પોતાને પ્રજાના "સ્વાભાવિક આગેવાન"—"natural leader" તરીકે માની રાજ્ય ચલાવે, તો તે "એક મનુષ્યના રાજ્ય" છતાં સુખેથી ચાલી શકે. વળી, "એક મનુષ્યના રાજ્ય" માં "પ્રજાઅવાજ" દાખલ ન થઈ શકે એ વાત યોગ્ય નથી. મેં આ પત્રોમાં અનેક વાર જણાવ્યું છે કે, દેશી રાજ્ય એ એક "સંયુક્ત રાજ્યકારી" કુટુંબ છે—જેવી રીતે હિંદુ સંયુક્ત કુટુંબ છે તેમ—જે હિંદુ કુટુંબમાં પિતા વડીલ છતાં સંતાનોની સલાહ લઈ કુટુંબનો

કારભાર ચલાવી શકે છે અથવા સંતાનોને વિષે કામની વહેંચણી કરી નાંખી કારભાર ચલાવી શકે છે તેવીજ રીતે આ "રાજ્યકારી કુટુંબ" માં પણ સહેલાઇથી થઇ શકે છે. રાજ્યપ્રકરણી ઇતિહાસના અભ્યાસીઓનો અભ્યાસ છે, કે ચોક્કસ જાતનું બંધારણ માત્રજ પ્રજાનું સર્વ હિત કરી શકે છે એમ નથી. એ બંધારણ ચલાવનારાઓ ઉપર મુખ્ય આધાર છે. અત્યારે આપણને પાશ્ચાત્ય સંસ્કારો આપવામાં આવે છે તેથી આપણે આપણી જૂની સંસ્થાનો અનાદર કરી નવી સંસ્થા ઉભી કરવા ઇચ્છીએ છીએ, પણ નીચે એક ઉતારો આપુંછું તેથી જણાશે કે પ્રજાસત્તાક રાજ્ય અથવા બહુમતવાદપર રચાયેલાં બંધારણોથી આપણે એકાંત મોહી જવાનું નથી. "બહુમતવાદ અને શહેનશાહત" Democracy and Empire માં કહ્યું છે કે-

"We must not be led away by words and assume that because a particular state is nominally republican therefore its institution necessarily approximate more closely to the democratic ideal than do those of a limited monarchy or even a despotism. The form by no means always implies the reality. Only crass ignorance could suppose that the peon of the Republic of Venezuela is a freer man than the operative of the United Kingdom or the moujik of the Russian Empire. Nor is the corruption of Morocco more repulsive than that of Haiti. Nevertheless the predominance of the republican form of government does indicate the prevailing trend."

બીજી વાત રા. દક્ષ એ કહે છે કે, ઇતિહાસ જોતાં રાજાઓએ સ્વતઃ પ્રજાઅવાજ ક્યાંય કોઇ કાળે આપ્યો નથી; એટલે કાઠિયાવાડના સંબંધમાં પણ એજ ધોરણ લેવું જોઇએ. વળી તેઓ કહે છે કે, પ્રજાઓએ ભોગ આપીનેજ પ્રજાતંત્ર મેળવ્યું છે. સામાન્ય રીતે રા. દક્ષ કહે છે તે વાત સત્ય છે કે, રાજ્યકર્તાઓમાં તો વીરલાજ કોઇ એવા હશે કે જેઓએ પ્રજાને હક્કો સ્વતઃ આપ્યા હશે. પરંતુ સર્વથા તેમ નથી. રા. દક્ષ જો જેપાનનો દાખલો જોશે, તો જેપાનના રાજા મીકેડોએ પોતાની પ્રજાને હક્કો આપવા માટે જેટલું કર્યું છે તેટલું પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખે અથવા પાર્લામેંટરી ગવર્નમેંટના મંત્રીઓએ કર્યું નથી. આમ છતાં રા. દક્ષ કહે છે તેમ હું પણ કહુંછું કે, સામાન્ય નિયમ તરીકે એ વાત સત્ય છે, પરંતુ પ્રજાને હક્કો હોવાનો ખ્યાલ કરવો એ રાજાઓનું

જેટલું કાર્ય છે તેના કરતાં પ્રજા ખુદનું વધારે કામ છે. આ સામાન્ય નિયમ છે. દેશીરાજ્યો અને તેથી કરી કાઠિયાવાડના સંસ્થાનોને અંગે એના રાજ્યકર્ત્તાઓએ તથા પ્રજાઓએ ખાસ નિયમ અવધારવા જેવું છે. બીજા દેશના કુલ અખત્યારી (despotic) રાજ્યોની રાજકીય સ્થિતિના જેવી દેશીરાજ્યોની સ્થિતિ નથી. તેમ બીજા દેશના રાજ્યો જેમ સત્તામાં બળવાન છે; તેમ વળી; તેઓ સ્વતંત્ર (બીજા રાજ્યોથી પરાધીન નહિ) હોઇ વિશાળ સાધનસંપત્તિવાળાં છે; જ્યારે હિંદના દેશીરાજ્યો બ્રિટિશ અમલથી અમુક રીતે આધીન હોઇ સંપૂર્ણ સ્વતંત્ર નથી; તેમ તેઓ સાધનસંપત્તિ વિનાના છે; એટલે તેઓનું ઉજ્જવળ પ્રજાના અને પોતાના સ્વાર્થોની એકતાસ્યતા (identity of interests) કરવામાં છે. દેશી રાજાઓની પાસે જો કાંઈ બળ હોય તો તે માત્ર પોતાની નિઃશસ્ત્ર અને નિર્બળ પ્રજાના નૈતિક ટેકાનું છે. દેશીરાજ્યો પોતાની પૂર્વની સત્તાની જાહોજલાલીની ખુમારીમાં પ્રજાબળની હિમ્મત કરી રહ્યા નથી તે તેઓની સ્થિતિ નબળી પાડનારૂં કારણ છે, જો તેઓને સહેજ પણ વ્યાવહારિક અને કંઇક રાજકીય જ્ઞાન હોય તો તેઓ તરતજ સમજી શકે તેવી વાત છે કે, પ્રજાની ઇચ્છા અને માંગણી વિના પણ પ્રજાને પોતાનાં રાજ્યહિતથી વાકેફ રાખી પોતાના પડખામાં પ્રજાનું નૈતિકબળ રાખવું જોઇએ અને તોજ તેઓ નભી શકશે. અત્યારસુધી બ્રિટિશ સરકારે દેશી રાજ્યોને કાયમ રહેવા દીધાં હોય તો તેનું કારણ કાંઇ એ રાજ્યો કે રાજ્યકર્ત્તાઓના બળને લીધે નહિ. એ રાજ્યો કાયમ રાખવાની આખા હિંદની માંગણીના કારણથી તેમજ દેશી-રાજ્યો મુશ્કેલીની વખતે અંગ્રેજ સત્તાને ઉપયોગી થઇ શકે એવો વગ દેશી રાજ્યકર્ત્તાઓ પોતાની પ્રજાપર ધરાવે છે એવી માન્યતાથી તેમજ દેશીરાજ્યોની સંસ્થા ઘણી પ્રાચીન હોઈ તેની રાજનીતિઓ બ્રિટિશ હિંદના કારભારમાં કામ આવે તે કારણથી ટકાવી રાખ્યાં છે. મારૂં તો ચોક્કસ માનવું છે કે, જો દેશી રાજ્યકર્ત્તાઓ પોતાની પ્રજાનો અભાવ વ્હોરી લેશે તો દેશીરાજ્યો કદાપિ પણ ટકી શકશે નહિ. અંગ્રેજ સત્તાની જે એવી શ્રદ્ધા છે કે, દેશી રાજ્યકર્ત્તાઓ પોતાની પ્રજાઓ ઉપર વગ ધરાવે છે તેથી તેઓની મારફતે તે પ્રજાઓનો ઉપયોગ જરૂરી પ્રસંગોએ લેવો એ સહેજ કામ છે તેથી તે સત્તા દેશી રાજ્ય-કર્ત્તાઓને કાયમ રાખે છે. જ્યારે તેથી ઉલટું દેખાય ત્યારે એવા કયા કારણથી દેશી રાજ્યકર્ત્તાઓનો બેરચ્છિત હોય છતાં તેને નિભાવવા? કહેવાનું તાત્પર્ય એ છે કે, જ્યાંસુધી દેશી રાજ્યકર્ત્તાઓ પોતાની પ્રજાનો સાથ મેળવી તેઓ ઉપર પોતાનો વગ રાખી શકશે ત્યાંસુધીજ તે કાયમ રહી શકશે.

જેમ રાજાઓને આ વાત સમજવા જેવી છે; તેમ તેઓની પ્રજાઓએ પણ એક વાત ખાસ ગોખી રાખવા જેવી છે. દેશીરાજ્યો એ નાનાં નાનાં રાજકીય રાષ્ટ્રો–Small political nationalities–છે. યુરોપના મોન્ટીનિગ્રો જેવાં નાનાં રાજ્યો અથવા હૉલેંડ જેવાં નાનાં રાજ્યો પોતાની ખાસ રાષ્ટ્રીયતા માની જીવવા મથે છે તેમ દેશી રાજ્યોએ પોતાની સ્થાનિક રાષ્ટ્રીયતા રાખવા માટે મથવું જોઇએ અને તે કામ સ્વદેશાભિમાનનું લેખવું જોઇએ. આ કારણથી દેશી રાજ્યોનો નાશ ઇચ્છીને નહિ, પણ તેઓની સેવા કરી તેઓને મજબૂત બનાવવામાં પોતાનું રાષ્ટ્રીય જીવતર માનવું જોઇએ.

રા. દક્ષની ત્રીજી વાત એ છે કે, કાઠિયાવાડના રાજ્યકર્ત્તાઓએ બ્રિટિશ રક્ષણનો બેદરકાર બની ગેરઉપયોગ કરી જાહેર જુસ્સાનું નામ રહેવા દીધું નથી. રા. દક્ષ કહે છે તેમ બધાં રાજ્યોએ બ્રિટિશ રક્ષણનો ઇરાદાપૂર્વક ગેરઉપયોગ કર્યો છે એવું હું માનતો નથી. કાઠિયાવાડના રાજ્યોનો મોટો ભાગ પ્રજાઓને પ્રજા તરીકે ગણી કામ લેવાને બદલે કારખાના અને કામદારોની માફક ગણી કામ લેતાં હોય એવું પ્રથમ દૃષ્ટિએ તો લાગે છે; પરંતુ તેઓ ઇરાદાપૂર્વક પ્રજાને દુઃખ આપવાની ખાતર બ્રિટિશ રક્ષણનો ગેરઉપયોગ કરે છે એવું હું માનતો નથી. રાજપ્રકરણી ગેરડહાપણથી પ્રજાને જોઇએ તેવી રીતે રાખતા નથી એ હું માનુંછું. મને કડકમાં કડક અને નરમમાં નરમ રાજ્યકર્ત્તાઓનો અંગત અનુભવ છે. મેં તેઓની સાથે કલાકોના કલાક રાજકીય અનેક પ્રશ્નો ચર્ચ્યા છે અને મારી ખાત્રી થઇ છે કે ઓછે વત્તે અંશે તેઓ સઘળાં પોતાની પ્રજાને અંતરથી ચાહે છે, પણ કારખાના અને કામદારોની સ્થિતિ જેવો કાઠિયાવાડના રાજ્યનો જે દેખાવ નજરે પડે છે તેનું મૂળ કારણ શોધવા બેસીએ તો જે પ્રકારનું શિક્ષણ તેઓને કૉલેજમાં આપવામાં આવે છે, મેડેલનું શિક્ષણ મળે છે, અધિકારીઓના અને નબળાં પ્રજાજનોનાં વાતાવરણથી જે શિક્ષણ મળે છે તેનેજ આભારી છે. રાજકુમારોને જ્યારે કૉલેજમાં શિક્ષણ લેવા મોકલવામાં આવે છે ત્યાંથી તેઓ રાજ્યાધિકારમાં વર્ષો ગાળે છે ત્યાંસુધી તેઓને એવા સંસ્કારો મળે છે કે જેને લઇને તેઓની રાજનીતિ વગોવાઇ સઘળી પ્રજાફર્યાદોને માટે તેઓને જવાબદાર લેખવામાં આવે છે. હું દરદનાં ચિન્હો (Symptoms) પરથી સારવાર કરવાના સિદ્ધાંતને માન્ય કરતો નથી. મૂળ કારણો જોઇ સારવાર કરવાના સિદ્ધાંતને માનુંછું અને તેથી કહુંછું કે રાજાઓ સ્વયં જેટલા જવાબદાર હોય તેના કરતાં તેઓને સંસ્કાર આપનાર માણસો ખરેખરા જવાબદાર છે. કુંવરનો પિતા બધી વ્યવસ્થા કરે તેટલા માટે

બીજા રાજ્યોએ બેદરકાર રહેવું એવું કાંઇ નથી. દેશીરાજ્યની પ્રજાઓ કુટુંબના સભ્યો તરીકે સૈકાઓ થયાં બેદરકાર રહી છે અને એ બેદરકારીનુંજ ફળ તેઓ અત્યારે ભોગવે છે એમ હું અંતઃકરણથી માનું છું. રાજા વકીલ તરીકે વધારે ચિંતા કરે, પરંતુ બીજા સભ્યોએ કાંઈજ ન કરવું એ વાત કેમ ચલાવી શકાય?

ઉપજ વધારવાની કૃત્રિમ રીતિઓ માટે ચોથી વાત રા. દવે કહી છે. આ સંબંધમાં મારા જેટલું ભાગ્યેજ કોઇએ કર્યું હશે: હું પહેલેથી કહેતો આવ્યો છું કે, કૃત્રિમ ઉપજ વધારવાનું શિક્ષણ નાની ઉમ્મરનાં રાજાઓ ગાદીએ બેસે છે ત્યારે અંગ્રેજ અધિકારીઓ નિર્દોષ બુદ્ધિએ ઉપજ વધારવાની જે વાત કરે છે તેને લક્ષતિ ગણત્રીમાં આવે છે. તેનું અનિષ્ટ ફળ આવ્યું છે અને આવશે. આવા વિચારો સાંભળે છે અને બીજા જૂનાં રાજ્યકર્તાઓની એ પ્રવૃત્તિઓ જૂએ છે તેથી પણ આ માર્ગે ચડી જાય છે. તેની સાથે કેટલાંક અધિકારીઓ અને સ્વાર્થસાધુઓ આ રવાડે ચડાવી દે છે; પછી ક્રમે ક્રમે તેઓ તે વિષયમાં પારંગત થઇ જાય છે. આ સઘળું ન થવા માટે અટકાવ કરવાના ઉપાયો (Preventive measures) લેવાય તો એ રાજ્યકર્તાઓના હૃદયો અને શક્તિઓ હું ખરેખર જાણું છું કે, પ્રજા હિત અર્થે ઘણુ સારૂં કામ આપે એવાં હોય છે.

હવે વાત રહી સાર્વભૌમ સત્તાની દેશીરાજ્યપર આંતરવિગ્રહમાં દરમ્યાનગીરી કરવાની રાજનીતિ સંબંધી રા. દવેની પેઠે લગભગ આખો કાઠિયાવાડ એ રાજનીતિની તરફેણ કરનારો છે. આ બીના જોઇને મને દુઃખ થાય છે. મહિસુર, વડોદરા અને બીજાં રાજ્યોની પ્રજાઓને આ રાજનીતિનો ખ્યાલ પણ નથી, એટલુંજ નહિ, પણ મી. મૉન્ટેગ્યુ આવ્યા ત્યારે મહિસુરના પ્રતિનિધિ આગેવાનોએ દરમ્યાનગીરીની રાજનીતિ વિરૂદ્ધ તેમને એક યાદી આપી હતી. કાઠિયાવાડના કેટલાંક રાજ્યો દમનું કરવેરા આપે તેવી રીતે મનસ્વે પકડી પોતાના વ્યવસાયો કરે છે અને તેથી પ્રજા નારાજ રહે છે અને પોતે નિર્બળ હોય, બીજાની મદદને ચાહે એ સ્વાભાવિક છે; પરંતુ આ માર્ગ ઇષ્ટ નથી. આ દરમ્યાનગીરીની રાજનીતિ (policy of intervention) થી દેશી રાજ્યોના રાજકર્તાઓમાં અને તેઓની પ્રજાઓમાં અનેક દોષો અને નિર્બળતાઓ આવી છે. રા. દવે કહે છે કે, જનુના રાજાએ, જૂના રાજાઓ જેવા નથી. આ વાત મેં પણ આ પત્રમાં અનેક વાર કહી છે. આમ થવાનાં કારણોનો રાજકીય ઐતિહાસિક નજરે તપાસ કર્યો છે? જૂના રાજાઓ જેવા

જવા રાજાઓ ન હોય તો તેનું એક કારણ તો મેં ઉપર કહ્યું તેમ કૉલેજના શિક્ષણનું છે. બીજું કારણ હું માનુંછું તે પ્રમાણે દેશી રાજ્યકર્ત્તાઓ પ્રેમ અને પોતાપણાના ઉપાયોને બદલે કડપ અને સખ્તાઇના ઉપાયો અત્યારના રાજકીય વાતાવરણથી અવ્યક્ત રીતે શીખે છે તે છે. વળી જે રાજાઓ ઉપર દરમ્યાનગીરીની રાજનીતિના પ્રયોગો થયેલા તે રાજાઓએ એ પ્રયોગોથી જે સખ્તાઇ અનુભવેલી તે સખ્તાઇ પોતાની પ્રજા ઉપર કરવા શીખ્યા છે. દરમ્યાનગીરીની રાજનીતિથી ક્વચિત્ ક્વચિત્ કોઇ કોઇ બાબતમાં કોઇ કોઇ વ્યક્તિઓને લાભ થયો હશે; પરંતુ નુકશાનો ઘણાં થયાં છે. સરકારની જ્યારે એ રાજનીતિ ચાલતી હતી ત્યારે તેનો લાભ લેવા ભાયાતો અને બીજા ગીરાસદારો જતા અને એ વાતથીજ રાજાઓ ભાયાતો અને ગીરાસદારો તરફ અભાવ અને કિન્નાની નજરે જોવા લાગ્યા અને સરવાળે પાયમાલી પામ્યા. વળી, દરમ્યાનગીરીની રાજનીતિનો લાભ કોઇ માથાફરૂ પ્રજાજનજ લઇ શકે છે; કારણકે સામાન્ય અનુભવ એવો છે કે એક શિરેસ્તદાર સામે એક કારકુન ઉપરી અધિકારી સામે ફર્યાદ કરવા જાય છે તેનું જેમ પરિણામ કારકુનને ક્વચિત્ લાભ થાય છે અને શિરેસ્તદાર કીનાખોર બની પછી વધારે વેર લે છે. આ રીતે રાજ્યકર્ત્તાઓ પણ મનુષ્યો હોઇ એ પરિણામ આવતું. આવા દાખલાઓ મારી પાસે અનેક છે. એક આ રાજનીતિનો લાભ લેવા જનાર પાછો પડે અને પછી રાજાથી પજવણી પામે એટલે બીજા કોઇ પછી તે રસ્તે ચડે નહિ એવી એ રાજનીતિ ચાલતી હતી ત્યારે બનતું. વળી, ગાંધિજી કહે છે તેમ ધનવાન અને વગવાન આ જમાનાના ન્યાયમાં મુકાબલે વધારે ફાવે છે, તેમ રાજાઓની સામે ભાયાતો સરકાર પાસે જતા ત્યારે રાજાઓ વધારે ફાવીને આવવાનો સંભવ રહેતો. આ કારણથી હું નથી માનતો કે, એ રાજનીતિથી લાભ થયો હોય; ઉલટું નુકશાન થયું છે. આ સ્થાનિક નુકશાન છે. મોટું નુકશાન તો તે રાજનીતિએ પ્રજાનું પ્રજાપણું ખોવરાવ્યું તે છે. સરકાર માબાપ રાજાઓની હીલચાલોની છૂપી ખબર રાખી રાજાને બરાબર કાબૂમાં રાખશે એવી ભ્રાંતિથી પરાવલંબન પ્રજામાં આવ્યું અને પ્રજાને પોતાને કાંઇ પણ પોતાનું બળ સ્ફુરાવવાનું ભાનજ ન રહ્યું. કાઠિયાવાડ જો નમળું પડયું હોય તો તેનું કારણ આ પરાવલંબનનીજ આદતનું છે. નિઃશસ્ત્ર પ્રજા છતાં રાજાને વ્યવસ્થિત રાખી શકે છે. તેઓની પાસે ગાંધિજીના નિર્દોષ સત્યાગ્રહ, અસહકાર અને તેવા બીજા બળવાન ઉપાયો છે. એ ઉપાયો અજમાવતાં રાજાઓના ગમે તેવા હઠને પ્રજા તોડી પાડી શકે છે. વળી, જો પ્રજામાં બળ હોય તો સરકારે Non-intervention

નો અર્થ એક પાપ કર્યો છે ને દેશરાજ્યો જોઈએ. રાજ્યના વહિવટમાં જોઈ સરકાર દરમ્યાનગીરી ન કરે તેમ પ્રજા ઈચ્છે ત્યારે રાજ્યની મરજી સરકારે ન જતું જોઈએ એ કહ પ્રજાએ ગેરવાજબી સરકાર ખમેલી હોય તોયે. જ્યારે સરકાર કેમ જાણે રાજ્ય બેકસાની સાથે વદનામાંથી થયા હોય અને તેરતા માટે તે એકદમ જવાબદાર હોય એમ ગણી કામ લે છે તે યથાર્થ નથી. રાજાને પ્રજાના પ્રતિનિધિ તરીકે ગણી કામ લેવરાવવા માટે સર્વોપરી સત્તાને પ્રજાએ પ્રાર્થના કરવી જોઈએ. એક વાત વધારે પ્રજાના આગેવાનોએ પ્રજાના ભાગને નાશ કરવામાં કેટલો ફાળો આપ્યો છે તે પણ ભૂલી જવું ન જોઈએ. માંગરોળનો દાખલો લ્યો. જ્યારે થોડાં વર્ષો પૂર્વે એ રાજ્યની પ્રજા જાગ્રત થઈ હતી ત્યારે તેને દબાવી દેવાની ગાઢી યુક્તિઓ કોણે બતાવી હતી ! કાઠિયાવાડના પ્રસિદ્ધ ગણાતા વકીલો જો તે રાજ્યની સહાયે ન ગયા હોત તો પ્રજાનો અવશ્ય વિજય થાત. આ ઉપરાંત રાજ્યના અધિકારીઓ પોતાને પ્રજાના સભ્યો માનતાં નથી એ એક મોટું પાપ છે. કેટલાક પ્રસંગોમાં પોલિસના કે બીજા ખાતાઓના અધિકારીઓ પ્રજાને સતાવે અને તેનો બોજો બીચારા રાજાને શિર મૂકવામાં આવે છે. આ અધિકારીઓ જ્યારે પ્રજા પ્રત્યેના પોતાની ફરજો અને જવાબ-દારીઓ શીખશે તથા તેઓ પોતે પણ પ્રજાના સભ્યો છે એવું તેઓને પ્રજાના નેતાઓ શિક્ષણ આપશે ત્યારે સરકારની વચમાં આવવાની રાજનીતિની કાંઈ જરૂર નહિ રહે. એક છેવટની વાત. કર્નલ હૉરે કહ્યું કે, દેશીપ્રજાનો પૂજ્યભાવ (Respect) પોતાના નજીકના (immediate) રાજા પ્રત્યે નહિ રહેતાં સર્વોપરીસત્તાના અધિકારીઓ પ્રત્યે રહે છે એવી આપણા વહનામાંની રચના છે. આ બાબત પણ ભૂલવી જોઈતી નથી. સરવાળે પ્રજાએ ભોગ આપવા તૈયાર થવું જોઈએ. રાજાને સતાવીને નહિ, પણ સમજાવીને કામ લેવું જોઈએ. આ જ્યારે પ્રજા કરતી થશે ત્યારેજ પ્રજાની મુક્તિ છે.

બહારની રાજનીતિની દેશી રાજ્યોપર થતી અસર :

જર્મન યુદ્ધ પછી દુનિયાની અનેક પ્રજાઓ પોતાના હક્કો સિદ્ધ કરવાના પ્રયત્નો કરી રહી છે અને તેથી પોતાના રાજ્યકર્તાઓની સાથે તેઓને અથડા-મણીઓ થાય છે તેથી રાજ્યકર્તા સત્તા તેઓના પ્રત્યે દાબવાની અને અંકૂ-શની જે રાજનીતિઓ અખ્તીઆર કરે છે તે વાતથી દેશીરાજ્યો—રાજાઓ અને પ્રજાઓ હવે વાકેફ રહ્યા કરે છે. બહારની પ્રજા જે નૈતિક શૌર્ય બતાવે છે તેથી દેશીરાજ્યોની પ્રજાના મન ઉપર અસર થાય છે અને પોતાની શક્તિ

પ્રમાણે તેનું શૌર્ય દેખાડવા ઇચ્છે છે. તેઓ લાંબા કાળથી દબાઇ ગયેલી છે એટલે સક્રિય પ્રયત્નો હજી કરતી નથી થઇ, પરંતુ તેઓના મનમાં એવી ઇચ્છાઓ અને અભિલાષાઓ તો જરૂર ઉત્પન્ન થવા લાગી છે. બીજી તરફથી સરકાર જે પ્રજાઓ ઉપર રાજ્યકર્તી સત્તા જમાની અને અંકુશની રાજનીતિઓ ધોરણ કરે છે તેઓની અસર દેશીરાજ્ય ઉપર અવ્યક્ત રીતે થયાં કરે છે. ઇંગ્લંડમાં પ્રજા અને સત્તાની વચ્ચેની અથડામણીઓ, ઇરાન અને ઇજીપ્તમાં પણ તેવીજ અથડામણીઓ, અને છેવટે બ્રિટિશ હિંદની અથડામણીઓ દેશીરાજ્યોની પ્રજા અને રાજાઓ ઉપર અસર કર્યાંજ કરે છે. દેશીપ્રજા, આ બહારની પ્રજાઓનું અનુકરણ કરતી થાય એવી અસર થાય છે અને રાજાઓ, બહારની સત્તાઓનું અનુકરણ કરે તેવી અસર થયા કરે છે. આ શબ્દ એ અસ્વાભાવિક નથી. તેમ થવુંજ જોઇએ. હમણાં હમણાં અમારા રાજાઓ ઉપર જો કોઇ બાબતની વધારે અસર થતી હોય તો તે બ્રિટિશ હિંદની રાજનીતિની થાય છે. બ્રિટિશ હિંદમાં હાલમાં પ્રજા ગમે તેટલું માથું ઉંચું કરે છે, તો પણ પ્રજાને મચક નહિ આપવાના કેટલાક પ્રસંગો બન્યા છે—જેવા કે રૌલેટ એક્ટ, પ્રેસ એક્ટ, પંજાબ પ્રકરણ—તેની અસર અમારા દેશી રાજ્યકર્તાઓ ઉપર એટલે વધ્યે અંશે એ થવા લાગી છે કે, તેઓ પણ પ્રજાને એકાએક મચક આપે એવું નથી રહ્યું. કાઠિયાવાડનાજ રાજ્યોના દાખલાઓ આપું: જે રાજ્યો વ્યાપાર કરે છે તેઓને અંગે ટીકા થવામાં કાંઇ મણા રહી નથી; તો પણ તેઓ ક્યાં જરાય નમતું પડે છે! જે રાજ્યો અનેક રીતે કૃત્રિમ ઉપજ વધારે છે અને પ્રજા અર્થે નિર્ણય બંધો કરે છે તેઓને માટે પ્રજા ફરિયાદ કરે છે, તો પણ તેઓ ક્યાં દરકાર કરે છે! પ્રજાને રાજ્યકર્તાઓની સાથે [illegible] ટૂંકામાં આમ છે, જ્યાં તે વાતની [illegible] દેખાડે છે. આ [illegible] બ્રિટિશ હિંદની અસર [illegible] બ્રિટિશ હિંદના અધિકારી વર્ગ દેશી રાજ્યોની [illegible] દેશી રાજ્યોની [illegible]

કારણ કે તેઓની રાજકીય સ્થિતિ કફોડી છે એ વાત નિર્વિવાદ છે. વળી બ્રિટિશ સત્તા જડ નથી; પરંતુ વેતસવૃત્તિ-સ્થિતિ સ્થાપકવૃત્તિ (elastic) છે, એટલે કે જ્યારે પ્રજાનો આવેશ મર્યાદા મૂકે તેવો લાગે ત્યાર પછી તે હઠ છોડી દે છે. દેશી રાજ્યકર્તાઓએ વખતસર ચેતી જવું યોગ્ય છે કે, બળવાન સત્તાઓનું અનુકરણ કરી મનમાની રાજનીતિ અથવા બેદરકાર રહેવાની રાજનીતિ તેઓને પોષાય તેવું નથી. જો તેઓ પોતાના સંયોગોને ઓળખે, તો તેઓએ પોતાના આગ્રહો અને મમતો છોડી દઇ પ્રજાપ્રેમ મેળવવામાંજ પોતાનું અસ્તિત્વ રહેલું જોવું જોઇએ.

કાઠિયાવાડના સંસ્થાનો માટે વડોદરા આદર્શ :

વડોદરા રાજ્યની પ્રગતિની પ્રશંસા કરનારો વર્ગ છે તેમ તેની ભૂલો કાઢનારો વર્ગ પણ છે. પોતાની નાતી અગવડો માટે જાહેરમાં બીન જવાબદારીપૂર્વક લખનારાઓ કે બોલનારાઓ નામદાર ગાયકવાડના પ્રજાપ્રગતિના કાર્યો ઉતારી પાડે છે તેમ કોઇ કોઇ વેળા મુંબઇના વર્તમાન પત્રો પણ તે રાજ્યકર્તાની ખામીઓ મોટા આકારમાં દર્શાવવાની ભૂલ કરે છે. જેઓ વડોદરા રાજ્યની રાજ અને પ્રજાની ગાયકવાડ સરકારની કારકિર્દી પહેલાંની અને હમણાંની સ્થિતિઓ તુલનાત્મક અભ્યાસ (Comporative study) કરીને ગાયકવાડ સરકારની કારકિર્દીનો વિચાર કરી શકે છે તેઓ એ બાબા રાજાને માટે ઘણોજ ઉંચો વિચાર બાંધી શકે છે. અમારા કાઠિયાવાડના સંસ્થાનો વડોદરા રાજ્યની નબળી બાજુ સાંભળી કોઇ કોઇ તો એમ ધારે છે કે, અમારો કારોબાર વધારે સારો છે: અથવા કોઇ કોઇતે મેં એવું બોલતાં સાંભળ્યા છે કે, વડોદરા રાજ્યની ગેરવ્યવસ્થા અમારા કરતાં ઘણી વધારે છે. આવું જેઓ બોલે છે, તેઓ માત્ર ભ્રાંતિમાંજ છે. કાઠિયાવાડના સંસ્થાનોનું બાહ્ય સ્વરૂપ 'સ્ટેટ'નું છે, છતાં કારોબાર ઓછે વત્તે અંશે રાજાઓની ખાનગી મીલ્કતો હોય એવું ધારીને ચાલે છે. જ્યારે વડોદરા રાજ્ય એક 'સ્ટેટ' હોય તેવી રીતે પોતાનો કારોબાર ચલાવે છે. એમ કહેવામાં આવશે કે, વડોદરા રાજ્ય મોટું છે અને તે રીતસર 'સ્ટેટ'ના જેવું કામ લઇ શકે; પરંતુ આ કહેવું વજનવાળું નથી. કાઠિયાવાડના એકાદ અપવાદ સિવાયનાં સઘળાં રાજ્યો ઉપજની સરખામણીએ વડોદરાના રાજ્યને ચોથા ભાગનાં રાજ્યો છે. મારી ઇચ્છા વડોદરા રાજ્યનાં અને કાઠિયાવાડનાં ઉપજ ખર્ચની, ટકાના હિસાબે સરખામણી કરી કાઠિયાવાડના રાજ્યો કયાં છે તે બતાવવાની છે; પરંતુ તેવું જ્યાં સુધી ન કરી

શકું ત્યાં સુધી રાજ્યોને આદર્શરૂપ થવા લાયક છે કે નહિ તે બતાવવા માટે એ ત્રણ ખાતાના ઉદાહરણો આપીશ. વડોદરા રાજ્યની ઉપજ ૧૯૧૭–૧૮ માં ૨,૦૨,૯૬૦૩૧ રૂપીઆની છે. તેમાંથી કેળવણીની પાછળ ૨૨,૮૨,૮૩૭ રૂપીઆ ખર્ચવામાં આવ્યા છે કાઠિયાવાડના સંસ્થાનો અને વડોદરાનો કેળવણીનો ખર્ચ ઉપજના પ્રમાણમાં સરેરાસ કેટલો છે તે નીચેના આંકડાઓથી જણાશે:—

રાજ્ય.	એકંદર ઉપજ.	કેળવણીનું ખર્ચ.	ઉપજ કેટલામો ભાગ.
વડોદરા	૨,૦૨,૯૬૦૩૧	૨૨,૮૨,૮૩૭	લગભગ ૯ મો ભાગ.
જુનાગઢ	૫૨,૭૨,૭૮૨	૨,૨૨,૦૧૦	લગભગ ૨૩ મો ભાગ.
જામનગર	૪૬,૯૦,૩૮૭	૧,૧૩,૪૦૦	લગભગ ૪૧ મો ભાગ.
ભાવનગર	૫૪,૭૮,૮૩૬	૧,૫૬,૯૫૦	લગભગ ૩૬ મો ભાગ.
ધ્રાંગધ્રા	૪૬,૭૭,૭૭૬	૪૫,૭૦૩	લગભગ ૧૦૩ મો ભાગ.
ગોંડળ	૨૯,૬૧,૪૯૩	૭૪,૦૦૦	લગભગ ૪૦ મો ભાગ.
મોરબી	૫૦,૦૦,૦૦૦	૮૦૦૦	લગભગ ૬૦૦ મો ભાગ.
	આશરે.	આશરે.	

આ ૭ મોટા રાજ્યોના આંકડાઓ પોતાની મેળે વડોદરા રાજ્યથી એ રાજ્યો કેટલા પછાત છે તે બતાવી આપે છે, તો પછી વડોદરા રાજ્ય તેઓને આદર્શરૂપ થવું જોઇએ. વડોદરા રાજ્યની જેમ ઉપજ વધારે છે; તેમ તે રાજ્ય મોટું રાજ્ય હોઇ દરેક ખાતાનાં ખર્ચો પણ મોટાં હોય એ સ્વાભાવિક છે.

હવે કેળવણી ખાતાને બાજૂએ મૂકી મ્યુનિસિપાલિટી–અર્થાત્ શહેર સુધરાઇના ખાતાને લઇશું. વડોદરા રાજ્યમાં જેને સ્થાનિક સ્વરાજ્ય એટલે Local Self government કહેવામાં આવે છે તે લગભગ સંપૂર્ણપણે ખીલવવામાં આવ્યું છે. અનુભવીઓનું કહેવું એમ છે કે, બ્રિટિશ હિંદ કરતાં પણ વડોદરાનું "સ્થાનિક સ્વરાજ્ય" વધારે સારી રીતે ખીલવવામાં આવ્યું છે. કાઠિયાવાડમાં વઢવાણના નવા રાજ્ય સિવાય ક્યાંય સ્થાનિક સ્વરાજ્યનું નામ નિશાન નથી. વડોદરા રાજ્યમાં ૨૩૧૦ ગ્રામ્ય પંચાયત (Village Boards). વિશિષ્ટ પંચાયત ૩૧ છે. દશ શહેરોમાં પ્રગતીય મ્યુનિસિપાલિટીઓ છે. આ સઘળી સંસ્થાઓ પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધીઓના મુખ્ય તત્ત્વથી ચાલે છે. આ સુધરાઇ ખાતાની ઉપજ ૧૩,૨૧,૫૫૦ રૂપિયાની છે, અને તેટલો લગભગ ખર્ચ કરવામાં આવે છે. આ સ્થાનિક સ્વરાજ્યના વહિવટનો અભ્યાસ તો ખાસ આનંદ આપે તેવો છે. હવે કાઠિયાવાડ તરફ નજર કરીએ. ભાવનગર રાજ્યનું મ્યુનિસિપાલિટી ખાતું, (મને મળેલો આંકડો સત્ય હોય તો) લગભગ

એક લાખ અને ૬ હજાર રૂપિયા ખર્ચ કરે છે. એટલે ઉપજનો લગભગ ૫૪ મો ભાગ ખર્ચ કરે છે. ગોંડળ, ભાવનગર જેવા સારા ગણાતાં રાજ્યમાં "સ્થાનિક સ્વરાજ્ય" નથી. ગોંડળમાં મ્યુનિસિપાલિટીના કરોની ઉપજ ૪૦ હજારની છે અને તેમાંથી લગભગ ૨૩ હજાર રૂપિયાનો ખર્ચ આખા રાજ્ય માટે કરે છે. ગોંડળની એકંદર ઉપજ લગભગ ૩૦ લાખની છે, તેમાં સરેરાસ ૨૫ હજાર રૂપિયા મ્યુનિસિપાલિટી ખાતામાં વપરતા ગણીએ તો ૧૨૦ મો ભાગ આખા રાજ્યની સુધરાઇ માટે ગણાય. ધ્રાંગધ્રાની પણ આજ સ્થિતિ છે. મોરબીનો આંકડો મારી પાસે નથી, પણ તેનું કેળવણીનું ખર્ચ જોતાં કેળવણીના ૮ હજાર રૂપિયા હોય તો આ ખાતાના તો તેથી પણ ઓછાજ હોવા જોઇએ એટલે પછી ઉપજનો કેટલામો ભાગ ગણવો! એમ કહેવાય છે કે, મોરબીમાં શહેર સુધરાઇ ખાતાની બત્તીઓ કરી પણ બંધ કરી છે.

કાઠિયાવાડના જે રાજ્યકર્તાઓ ગાયકવાડના કારોબાર માટે ખોટી રીતે ટીકાઓ કરી પામર દિલાસો (poor consolation) લે છે તેઓ આ થોડાક નમુનાઓ આપ્યા છે તે ઉપરથી નામદાર ગાયકવાડના કારોબારની અને પોતાના કારોબારની સરખામણી કરીને, જો તે અંતરમાં ઉતારશે, તો તેઓને લાગવુંજ જોઇએ કે, ગાયકવાડને એક આદર્શ રાજા ગણી તેઓએ પોતાનો કારોબાર સુધારવો જોઇએ.

સંસ્થાનો દારૂનો ઉપયોગ સર્વથા બંધ કાં ન કરે ?

આ પત્રમાં કાઠિયાવાડના સંસ્થાનોએ વડોદરા રાજ્યને પોતાના આદર્શ તરીકે સ્વીકારવા જોઇએ એવો ઉલ્લેખ કર્યો છે, અને હવે પછી મારી ઇચ્છા પ્રમાણો સહિત એવું દેખાડવાની છે કે નામદાર ગાયકવાડ સરકારની પોતાની પ્રજાને આગળ વધારવાની જેટલી હોંસ છે તેટલીજ કાઠિયાવાડના સંસ્થાનોની પ્રવૃત્તિઓ પ્રજાને અવ્યક્ત રીતે પછાત રાખનારી છે. આ સ્થિતિ છતાં મારે વડોદરા રાજ્યે પણ કાઠિયાવાડના સંસ્થાનો પાસેથી કોઇ કોઇ વિષય શીખવાનો છે એવું બતાવનારી એક બાબત ઉપર અહિં ધ્યાન ખેંચવાનું છે. કાઠિયાવાડમાં બીજા ભાગોના પ્રમાણમાં હિંદુ અને તેમાં પણ જૈન ધર્મનો વિશેષ પ્રભાવ છે અને તેને પરિણામે દારૂ, માંસ વગેરે વર્જ્ય પદાર્થો તરફ લોકો હમેશા તિરસ્કારથીજ જુએ છે. અમને રેલ્વેનો પરિચય અને કાંઇક પાશ્ચાત્ય આચાર વિચારનો પરિચય થયો ત્યારથી કાઠિયાવાડમાં પહેલાના કરતાં મદ્યમાંસ વગેરે વર્જ્ય પદાર્થોનો કાંઇક પરિચય થયો છે એ દુઃખદાયક વાત

છે, છતાં એટલું તો કહ્યા વિના ચાલતું નથી કે હિંદના કોઈ પણ ભાગના કરતાં કાઠિયાવાડ નિષિદ્ધ પદાર્થોના, ત્યાગની બાબતમાં સર્વથી ઉચ્ચ સ્થાન લઇ શકે તેમ છે. કાઠિયાવાડના નાનાં મોટાં સર્વ સંસ્થાનોને પણ પ્રશંસા વિના ચાલે તેમ નથી કે, તેઓ દારૂ અથવા આબકારીની ઉપજ વધારવાની બહુજ થોડી પ્રીતિ ધરાવે છે. નીચેના આંકડાઓ આપું છું તથી વડોદરા રાજ્ય અને કાઠિયાવાડના સંસ્થાનોની વસ્તી અને આબકારીની ઉપજનો ખ્યાલ આવશે :—

રાજ્ય,	વસ્તી	આબકારી ઉપજ.	રાજ્ય,	વસ્તી	આબકારી ઉપજ.
વડોદરા,	૨૦,૩૨,૭૯૮	૨૬,૫૧,૩[illegible]	જુનાગઢ,	૪,૩૪,૨૨૨	૧,૮૪,૪૮૮
જામનગર,	૩,૪૫,૪૦૦	૧,૩૨,૮૦૭	ભાવનગર,	૪,૮૧,૩૬૭	૯૨,૭૪૭
ધ્રાંગધ્રા,	૭૫,૧૪૨	૧૮,૪૬૮	ગોંડળ,	૧૬૧,૦૧૬	૨૨,૯૦૪
મોરબી,	૮૦,૦૦૦				

મોરબીના આંકડાઓ મારી પાસે નથી, પરંતુ ધ્રાંગધ્રા અને ગોંડલ કરતાં આબકારીની ઉપજ વધારે તો નહિ હોય; ઘણું કરી ઓછી હશે.

બરોબર, કાઠિયાવાડના સંસ્થાનોને પ્રજાના આ અતિ ખરાબ આદતને નહિ ઉત્તેજન આપવા માટે અભિનંદન આપવા લાયક છે. વડોદરા અને તેવા મોટા રાજ્યોએ આ બાબતમાં કાઠિયાવાડના સંસ્થાનો પાસેથી શિક્ષણ લેવાનું છે. જુનાગઢ કે જે એક મુસલમાન રાજ્ય છે તેની વસ્તી સવાચાર લાખ મનુષ્યોની છે તેની આબકારીની ઉપજ જ્યારે લગભગ પોણા બે લાખ આવે છે ત્યારે વડોદરા જેવું હિંદુ રાજ્ય કે જેની વસ્તી લગભગ વીસ લાખની છે તેની આબકારી ઉપજ જુનાગઢના હિસાબે વધારેમાં વધારે નવ લાખની અને ભાવનગરના હિસાબે વધારેમાં વધારે પાંચ લાખની આવવી જોઇએ તેને બદલે જ્યારે છવીસ [illegible] લાખની આવે છે ત્યારે તે ઘણું દીલગીરી ભરેલું ગણાય [illegible] [illegible] દારૂના આબકારીને માટે મોટી મોટી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આબકારીનું [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

આટલો થોડો પ્રચાર પણ બંધ થાય તેને માટે કાળજી કરવી જોઇએ. જ્યારે યુવાન મનુષ્યોને નાનાં નાનાં વ્યસનોથી મુક્ત કરવા માટે કાયદાઓ ઘડવામાં આવે છે ત્યારે શા માટે આ બાબતમાં પણ તેવા કાયદાઓ ન ઘડાય? અંગ્રેજ મીશનરીઓએ ધાર્યું હતું તો અફીણનો ઉપયોગ ઘણો બંધ કરાવી દીધો. કાઠિયાવાડના અને બીજા દેશી સંસ્થાનોના રાજ્યકર્તાઓએ તથા ધર્મગુરૂઓએ પોતાને ત્યાં આવી શાસ્ત્રનિષિદ્ધ પ્રવૃત્તિઓ બંધ પાડવા માટે જરૂર લક્ષ આપવું જોઇએ. નામદાર ગાયકવાડની સરકારને કાઠિયાવાડના સંસ્થાનો આ બાબતમાં ઘણું શીખવે છે. મહારાજા સાહેબ જ્યારે કેળવણી વગેરેના પ્રચાર માટે બહુ મહેનત લે છે ત્યારે આ વિષયમાં કેમ કાંઇ કરતા નથી? પ્રજાને ગમે તેવી કેળવણી આપવામાં આવે, પરંતુ જ્યાંસુધી પ્રજાને આવા પ્રજાશક્તિનો નાશ કરનાર પદાર્થોથી મુક્ત કરવામાં આવી નથી ત્યાંસુધી કેળવણીનું ફળ મર્યાદિત થઇ જાય છે. કાઠિયાવાડના સંસ્થાનો દારૂનો સર્વથા અટકાયત કરવા પ્રેરાય એવી આશા રાખું છું.

પ્રકટ નામે:

આ પત્રો શરૂ કર્યાં પછી ઘણા ભાઇઓ તરફથી મને એવો આગ્રહ થયા કરે છે કે, આ પત્રો મારે નામ સહિત લખવા જોઇએ, કે જેથી દેશી રાજ્યોના પ્રશ્નોસંબંધમાં લખવાની હિંમત દેશી રાજ્યોના પ્રજાજનો કરે. વળી, એમ પણ મને કહેવામાં આવ્યા કરે છે કે, આ જાહેર પ્રવૃત્તિક્ષેત્રમાં પ્રવૃત્તિ કરનારની બહુ અછત હોવાથી લખનારનો પરિચય પ્રજાઓને થતાં તેઓ લખનારને સહેલાઇથી પોતાના વિચારોથી વાકેફ રાખી શકે. દેશી રાજ્યનો પ્રશ્ન કંઇ સહેલી વાત નથી. એ એક ઘણોજ ગંભીર પ્રશ્ન છે અને તેવા પ્રશ્નમાં નામદાર બ્રિટિશ સરકાર કે તેના અધિકારીઓ અથવા દેશી રાજ્યકર્તાઓ કે તેઓના અધિકારીઓ અથવા જાગીરદારો અથવા [illegible] સંબંધમાં લખનારે પોતાના નામ સહિત ટીકા કરવાનું હોય ત્યારે તેની (લખનારની) સ્થિતિ કંઇક નૈતિક દ્રષ્ટિએ કફોડી થાય છે. ([illegible] લખનાર [illegible] છે એટલે એ મને [illegible] નથી) [illegible] ટીકા કરવા એવા પ્રસંગો હોય છે કે, જેમાં [illegible] નથી. આવી [illegible] સ્પષ્ટ નામ [illegible] [illegible]

અકટ નામે લખું છું. વળી એક કારણ મને એ મળ્યું છે કે સામાજિક વિષય મારો નહિ હોવાથી હું તે સંબંધમાં હમેશાં મૌનજ રહું છું; છતાં હમણાં કાઠિયાવાડમાં બનેલા એ રાજવંશી સામાજિક બનાવોના સંબંધમાં વર્તમાનપત્રોએ પોતાની રમુજી અને સામાન્ય ટીકાઓ લખી છે તે વાતની સાથે તેમજ વર્તમાનપત્રોમાં નામ આપ્યા વિનાના બીજા કેટલાક રાજકીય લેખો કે સમાચારો આવે છે તેની સાથે નિષ્કારણ મારૂં નામ જોડવામાં આવતું સાંભળી મેં નિશ્ચય કર્યો છે કે, મારે જે કાંઇ લખવું તે નિષ્કારણ ગેરસમજુતી થતી અટકાવવા નામે લખવું.

શ્રી સનાતન જૈન પ્રિન્ટિંગ વર્ક્સ—રાજકોટ.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૨૦ મો.

(હિંદુસ્થાન, તા. ૧૯-૬-૧૯૨૦).

કાઠિયાવાડનો મીઠાનો ઉદ્યોગ:

જાણીતા 'નેશન' પત્રમાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે:—

"It is an action almost without parallel, and it ought to be, but which will not be followed by the Governments of Japan, France and of Great Britein."

"આ પગલું-કાર્ય-એવું છે કે જેનો બીજો દાખલો ન મળી શકે, અને તે જેપાન, ફ્રાંસ અને ગ્રેટ બ્રિટનની સરકારોએ અનુસરવો જોઇએ પણ તેઓ અનુસરશે નહિ."

જે કાર્યને માટે આ ઉલ્લેખ છે તે હમણાંની રશીઆની સરકારને અંગે છે અને તે કાર્ય આ રીતનું છે. "પેકીંગના તા. ૨૯ મી માર્ચના સંદેશા મુજબ એમ જણાય છે કે, રશીઆમાં ઝારના રાજતંત્રે અને ત્યાંની મૂડી-વાદાત્મક ટોળીઓએ ચીન પ્રત્યે જે અત્યાચારો કર્યા હોય તે વદલ તિરસ્કાર બતાવ્યો છે. આટલેથી ન અટકતાં ઝારની સરકારે ચીન સાથે કરેલી સુલેહ અને કરારોમાંથી ચીનને મોકળું કર્યું છે. એ ઉપરાંત એ સુલેહના કરારનામા પ્રમાણે રશીઆએ ચીન પાસેથી જે દંડ મેળવવા હોય તે પરથી તેણે હાથ

ઉઠાવી લીધો. ચાઇનીઝ ઇસ્ટર્ન રેલ્વેની બાબતપર ફરીથી વિચાર કરવાને કહેવામાં આવ્યું છે અને જમીનની બાબતમાં રસ્યાનોને મળેલા ખાસ હક્કો રદ કરવાને કહેવામાં આવ્યું છે; આટલેથીજ ન અટકતાં મોસ્કોની સરકારે ચીનમાંની ખાણોપર મેળવેલા હક્કો, રસ્યન મીશનરીઓને ચીનમાં અપાયેલા ખાસ અધિકારો અને બોક્સર લડાઇના વખતની ચીનને જે ખંડણી રસ્યાને આપવાની બાકી છે તે, રદ કરવાનો ઇરાદો રાખે છે. હજુ પણ જાણે ચીનને યોગ્ય બદલો આપવાનો બાકી રહ્યો હોય તેમ હેંકો આગળ રસ્યાના કબજામાં ચાનાં જે મોટાં કારખાનાઓ છે તે ચીનને કંઇપણ ખર્ચ લીધા વગર પાછા આપી દેવા ઇચ્છે છે."

બળવાન સત્તા નબળી સત્તાઓ પાસેથી હક્કો મેળવે એ નવી વાત નથી, અને તેથી રસ્યાએ તેની જૂની સરકારના કાળમાં હક્કો મેળવ્યા હોય એ કાંઇ વિલક્ષણ ન ગણાય. નવી અને વિલક્ષણ વાત એ ગણાય કે, કોઇપણ સરકાર મેળવેલા હક્કો પાછા આપી દેવાની ઉદારતા બતાવે. ઉપર બતાવવામાં આવ્યું તેમ યુદ્ધ પછીની નવી રસ્યન સરકારે આવી નથી એ વિલક્ષણ વાત લાગે એવી ઉદારતા બતાવી છે. 'નેશન' જેવા પત્રે ઇંગ્લંડને તેવી ઉદારતા અનુસરવાનું કહ્યું છે પણ તેની સાથે એમ પણ કહ્યું છે કે ઇંગ્લંડ તેવી ઉદારતા બતાવી શકશે નહિ. 'નેશન' નો આવો અભિપ્રાય છતાં બદલાયેલા સંયોગો જોઇને તેમજ હિંદમાં નવા યુગનો પ્રારંભ અંગ્રેજ સરકાર કરવાની હોઇને દેશીરાજ્યની પ્રજાને તેવી ઉદારતા હિંદી-અંગ્રેજ-સરકાર પાસેથી મેળવવાની લાલચ થઇ આવે છે. થોડા દિવસ પહેલાં મેં દેશી રાજ્યોની ખાણોના ઉદ્યોગના સંબંધમાં લખ્યું હતું. ખાણોના ઉદ્યોગની જેમ મીઠાના ઉદ્યોગને માટે પણ અમારે નામદાર અંગ્રેજ સરકારની મહેરબાની મેળવવાની છે. હકીકત એવી છે કે, જ્યારે હિંદમાં અંગ્રેજ અમલની ચોક્કસ રાજ્યનીતિઓ ઘડાતી હતી ત્યારે, અને અમારા દેશી રાજ્યોની પરવશતાને કાળે અમારાં કાઠિયાવાડનાં રાજ્યોને, ચીનની પેઠે કેટલાક હક્કો આપી દેવા પડ્યાં હતા. આમાંનો એક હક્ક મીઠાંનાં ઉદ્યોગ સંબંધી છે. કાઠિયાવાડના સંસ્થાનોએ અંગ્રેજ સરકારને મીઠાનાં સંબંધમાં અમુક કબુલાતો કરી આપી છે. આ કબુલાતો કેવા પ્રકારની છે તે કાઠિયાવાડના સૌથી મોટાં સંસ્થાન જુનાગઢે કરી આપેલી શરતોથી જણાશે. સી. યુ. એચીસનના તહનામાંઓનાં સંગ્રહમાંથી જુનાગઢની શરતો લઉંછું. જે આ પ્રમાણે છે:—

1. "That the production of salt in his state as hitherto carried on will continue, but the quantity produced or removed shall not exceed the quantity required to meet the demand for consumption thereof within the Province of Kathiawad.

2. That the salt manufactured within his state shall be salt only–that is salt made from sea-water or brine wells as heretofore. That no vadagra salt shall be manufactured within his state.

3. That salt may only be exported from his state by sea; to some other place in his own state, and then only under special arrangements made by his state, all removals of salt by sea by private individuals from one place to another being prohibited. That fishing boats belonging to his state may ship, when leaving a place in his state, a quantity of salt not exceeding 25 maunds, to be used for *bona-fide* fish-curing purposes. That no salt shall be imported into his state, by sea from places outside Kathiawad, except salt which has paid the salt tax of the British Government and is covered by a British Parvana.

4. That his administration will be responsible for the observance of the above-mentioned conditions by all classes of his subjects. That he will prevent, to the best of his ability, the export of salt from Kathiawad by land, either into another foreign state or British India.

5. That he will not enlarge or make away material change in the existing salt works, nor open any new work or salt source in his state, nor permit any salt-work or source to be altered, enlarged or opened, without the previous consent of the Government of Bombay, obtained though the Political agent in Kathiawad.

6. That the salt works and salt deposits within his state shall at all times be open to the inspection of the Political agent, or the Assistant Political Agent, and that full information on all subjects connected with the production and distribution of salf in his state hall be supplied to the above-mentioned officers when required.

(sd.) Bapalal Maneklal,
Naib Divan, Junagadh State.

Dated at Rajkot, 5th July, 1883. A. D.

આ શરતોનો તરજુમો આ પ્રમાણે છે :—

૧. જુનાગઢ રાજ્યમાં બનાવવામાં આવતું મીઠું અગાઉની પેઠે ઉપજાવાશે, પણ ઉત્પન્ન નહિ કરાતો અગર બીજે મોકલાતો જથ્થો સોરાષ્ટ્ર છુટાની હંમેશની વપરાશ કરતાં વધશે નહિ.

૨. પોતાના રાજ્યમાં ખારૂં સરવુ દરિયાના પાણીમાંથી અથવા મીઠાંના અગરમાંથીજ ઉપજાવવામાં આવશે. રાજ્યમાં વડાગરૂં મીઠું બિલકુલ બનાવવામાં આવશે નહિ.

૩. પોતાના રાજ્યમાંથી ફક્ત પોતાનીજ સરહદમાં દરિયાઈ રસ્તે મીઠાંની નિકાસ કરશે અને તેવે રાજ્યની ખાસ ગોઠવણથી. ખાનગી શખ્સોને, સમુદ્રમાર્ગે એક જગ્યાથી બીજી જગ્યાએ મીઠું લઈ જવાની મનાઈ છે. રાજ્યના [illegible] મછવાના નાખુદાઓ, રાજ્યનું અમુક સ્થળ છોડતી [illegible] નહિ ને [illegible] પાસ, [illegible] વગેરે મીઠું સાથે લઈ જઈ શકશે નહિ. કાઠિયાવાડ બહારથી દરિયાઈ માર્ગે, [illegible] સિવાય, પોતાના રાજ્યમાં [illegible] મીઠું આયાત કરશે નહિ.

૪. [illegible]

૫. [illegible]

ખોલશે નહિ, અને કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટની મારફત મુંબઈ સરકારની પરવાનગી સિવાય મીઠાંના કોઈ પણ કારખાનાનાં ક્ષેત્રફળ વધારશે, અથવા તો નવા કારખાનાની યોજના કરશે નહિ.

૬. મીઠાંનાં કારખાનાં અને અનામત જથ્થો, પોલિટિકલ એજન્ટની તપાસવાને માટે ગમે તે વખતે ખુલ્લાં રાખવામાં આવશે; અને જ્યારે જ્યારે માગણી કરવામાં આવે ત્યારે ઉપરના બે અમલદારોને મીઠાંની પેદાશ તથા વહેંચણી બાબતની બધી વિગતો પૂરી પાડવામાં આવશે.

સહીઃ બાપાલાલ મનોહરદાસ,

નાયબ દિવાન, સ્ટેટ જુનાગઢ.

રાજકોટ, તા. ૫-૭-૧૮૮૬.

ઉપરની શરતો નવાનગર, પોરબંદર, ભાવનગર, જાફરાબાદ, માંગરોળ અને મોરબીએ પણ કબુલ રાખી છે.

ગમે તે સંજોગોમાં અને ગમે તેવી રાજનીતિના પરિણામે આ કબુલાતો કરી આપવામાં આવી હોય તેની ચર્ચામાં અહિં ઉતરવાનું કાંઇ પરિણામ નથી. ચીન જેવા મોટા રાજ્યોએ આવું કરવું પડ્યું છે તો દેશીરાજ્યોને કરવું પડે એમાં કાંઇ આશ્ચર્ય નથી; એટલે એ વિષેની નિષ્પ્રયોજન ચર્ચામાં અહિં નહિ ઉતરતાં હું સર્વોપરી સત્તાને વિનંતિ કરૂં છું કે, હિંદના સામાન્ય હિતાર્થે અને દેશીપ્રજાઓના અને દેશી રાજ્યોના ખાસ હિતાર્થે, જ્યારે હિંદને સ્વરાજ્ય આપવાનું નામદાર શહેનશાહે વચન આપ્યું છે ત્યારે, કાઠિયાવાડના સંસ્થાનો પ્રત્યે સરકારે ચીન પ્રત્યે જેવી ઉદારતા બતાવી છે તેવી બતાવી ન શકાય? નામદાર વાઇસરૉયે હિંદના હુન્નર ઉદ્યોગની ખીલવણીના સંબંધમાં–*Laissez-faire*–પદ્ધતિ પ્રવર્તાવતી દીર્ઘકાળની રાજનીતિ છોડી દેવાનું ભાગ્યના પ્રદર્શનસમયે કહ્યું હતું. દેશીરાજ્યોને શહેનશાહતના ભાગીદાર બનાવવાની જે વાત કરવામાં આવે છે તે જોતાં અને જ્યારે હવે હિંદને સ્વરાજ્ય આપી હિંદને અર્ધ્યંજ રાજ્ય બનાવવાનું છે ત્યારે, દેશીરાજ્યોનો ઉદ્યોગ એ વસ્તુતઃ આખા હિંદનો ઉદ્યોગ છે તો તેની ખીલવણીના સંબંધમાં આવા અંકુશો શામાટે જોઇએ? આવા અંકુશો દૂર કરવાની ઉદારતા બતાવવાથીજ બરાબર ભાગીદારો કરવાના છે કે નહિ તેની પ્રતીતિ થઇ શકશે. જુનાગઢની પેઠે મોરબી, જામનગર, પોરબંદર અને ભાવનગર જેવા સમુદ્ર ધરાવતાં સંસ્થાનોએ આવી ઉદારતાની માંગણી કરી

જોઇએ. ધ્રાંગધ્રા રાજ્ય ઘણાં મોટા જથ્થામાં મીઠું પકવવાની સગવડ ધરાવે છે. પ્રથમના રાજસાહેબો અને તેઓના જૂના દિવાનો ધ્રાંગધ્રાનો મીઠા સંબંધીનો હક્ક બ્રિટિશ સરકારને આપવા બીલકુલ ના પાડતા હતા. અત્યારના રાજસાહેબ અને દિવાન મી. માનસિંહજીની કારકીર્દીમાં એ હક્ક બ્રિટિશ સરકારને આપવો પડ્યો છે. પ્રજામાંથી નાણું એકત્ર કરવાના કામની પાછળ શક્તિઓ રોકવાના કરતાં આવી રીતે ગયેલા ઉદ્યોગો પુનઃ પ્રાપ્ત કરવા માટે કાં આ રાજ્યો મથતાં નથી? પણ એકલું મથ્યું કામ આવવાનું નથી. પોતાની પીઠ પાછળ આખા હિંદની પ્રજાના બળનો જબ્બરજસ્ત ટેકો જોઇએ અને તે મેળવવા માટે રાજ્યોને કારખાનાઓને બદલે ખરાં 'સ્ટેટ' બનાવવાં જોઇએ. આમ થાય ત્યારેજ આપણો પનો ખાય. રાજ્યકર્તાઓ હવે ખરા પાટે ચડે ત્યારેજ પ્રજાજનો આવું કામ હાથ ધરી શકે. આખી હિંદીપ્રજા ત્યારે કહી શકે કે હિંદને માટે મીઠું કરનારા પ્રદેશો હિંદમાંજ છે ત્યારે પરદેશનું મીઠું હિંદમાં શામાટે લાવવું જોઇએ? રાજા-પ્રજાઓ હવે પોતાના સ્વરૂપોને જોતાં શીખે તોજ કાંઇ થઇ શકે.

પ્રજાએ પોતાનો અવાજ સંભળાતો કેમ કરવો?

અનેક પ્રસંગે કહેવામાં આવ્યું છે કે, કોઇ પ્રજાએ પોતાના હક્કો સિદ્ધ કરવા માટે સૌથી પહેલું પોતાને વિષે આત્મબળ ખીલવવું જોઇએ. આત્મબળ એકાએક ખીલી શકતું નથી; પરંતુ તેને માટે પણ આત્મિકકસરત કરવાની જરૂર છે. કાઠિયાવાડની પ્રજાએ પોતપોતાના સંસ્થાનોમાં પોતાનો અવાજ સંભળાતો કરવા માટે આત્મિકકસરત કેવા પ્રકારે કરવી જોઇએ તેને માટે એક સૂચના કરીશું. દેશીરાજ્યમાં શહેરે-શહેર અને ગામે-ગામ નાનું મોટું મહાજન હોય છે. પ્રથમના જમાનામાં તો મહાજન ઉપર રાજ્યોએ નાખેલ માટે આધાર રાખવો પડતો હતો પરંતુ અત્યારે-બ્રિટિશ અમલના પરિણામ પછી મહાજનની સેવા... [illegible] ધાર્મિક અને પરોપકારનાં [illegible] કરે છે. દેશી રાજ્યકર્તાઓને [illegible] છે કે, તેઓને [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

મહાજનની સંસ્થાનોને બળ આપવા માટે પ્રજાના હૃદયમાં જાગવું જોઇએ. આ મહાજનોને ભલે તેવાં નબળાં પાડવામાં આવ્યાં છે તોપણ તેઓની નૈતિક છાપ (influence) પ્રજાની ઉપર ઘણી છે, તેમ થોડે અંશે રાજ્યકર્તાઓ ઉપર પણ છે. આ મહાજનોને જેટલું બળ આપી શકાય તેટલું આપવાને કેળવાએલા મનુષ્યોએ બીલકુલ સંકોચ કરવો ન જોઇએ. આ મહાજન મારફતે પ્રજાએ આત્મિકકસરત લેવા માટે શરૂઆતના પગલાં તરીકે નીચે પ્રમાણે આરંભ કરવો જોઇએઃ—

૧. રાજ્ય તરફથી નવા કાયદાઓ કે ધારાધોરણ બંધાવવાની દરખાસ્તો થઇ હોય તે સંબંધી પ્રજાના વિચારો રાજ્યને આવેદનપત્ર (representation) થી જણાવવા.

૨. જો કોઇ નવો કર રાજ્ય તરફથી પડવાનો હોય તો તે સંબંધી પ્રજામત આવેદનપત્રથી રાજ્યને જણાવવો.

૩. રાજ્યની ઉપજ અને ખર્ચના સંબંધમાં કે તેના ઉપયોગના સંબંધમાં પ્રજામત રાજ્યને જણાવવો.

૪. રાજ્યના કોઇ કાયદાથી કે કોઇ ખાતાથી પ્રજાને અગવડો સહન કરવી પડે તેવું હોય અથવા પડતી હોય તો તે સંબંધી રાજ્યને આવેદન કરવું.

૫. કોઇ જાહેર દુઃખ કે અન્યાય પ્રજાને થતાં હોય તો તે સંબંધી રાજ્યને જાહેર કરવાં થવું.

૬. આ ઉપરાંત રાજ્યને રાજ અને પ્રજાના હિતઅર્થે કોઇ સૂચનાઓ કરવી હોય તે કરવી.

મહાજનોદ્વારાએ કામ લેવાની શરૂઆત આ માર્ગે કરવાથી રાજ્ય તરફનો કાંઇ વિક્ષેપ નહિ નડે. આવેદનપત્રો સભ્ય અને વિચારપૂર્વક તૈયાર કરવાં જોઇએ અને તે રાજ્યને પહોંચાડ્યા પછી વર્તમાનપત્રોમાં પ્રગટ કરાવવાં જોઇએ.

રાજ્યોએ મહાજનને આમંત્રવા જોઇએ:

પ્રજાએ પોતાને વિષે આત્મશ્રદ્ધાની પ્રાપ્તિ માટે ઉપર કહી તે કસરતો કરવી જોઇએ, એ જેમ પ્રજાને માટે જરૂરનું છે તેમ ખુદ રાજ્યોએ પોતાના હિતાર્થે મહાજનો મારફત ઉપર કહ્યા તે વિષયો પરત્વે પ્રજામત માગવા જોઇએ. રાજ્ય તરફથી નવા કાયદા બાંધવાના હોય અથવા ફેરફારો કરવાના

તો તેઓએ એમ સમજવું જોઇએ કે તે નાશને માર્ગે છે; કારણ કે અત્યારના જેવો સારો સમય પ્રજાની પ્રગતિને માટે સૈકાઓ થયાં નહોતો. આ સમય ચૂકવા જેવું નથી. આ પ્રજાના દિવસો છે.

પ્રજા અધઃ પતિત અને ઉગ્ર કેમ થાય?

કોઇપણ સમયનો અને કોઇપણ દેશનો ઇતિહાસ જોવામાં આવશે તો સ્પષ્ટ જણાશે કે, જે જે રાજકર્તાઓ અતિ દબાણની રાજનીતિથી રાજ ચલાવે છે તેઓની પ્રજાઓ પ્રથમ અધઃપતિત થાય છે. તેઓમાં અસત્ય, ખુશામત આદિ નમાલાઇના દુર્ગુણો આવે છે; જે દુર્ગુણોથી પ્રજાને નિર્ધન થવું પડે છે. આવી નિર્ધનતા આવે છે ત્યારે પછી તેવી પ્રજામાંથી માગણીઆ થાય છે અને તેથી તે ઉગ્ર સ્વરૂપ લીધા વિના રહેતી નથી અને આવું ઉગ્ર સ્વરૂપ લીધા પછી પાછી પાછા વળે છે અને રાજા અને પ્રજાનો પુનરુદ્ધાર થાય છે. આ ઐતિહાસિક સિદ્ધાંત છે. કાઠિયાવાડમાં સામાન્ય રીતે બધાં રાજ્યોની રાજનીતિ દબાણની છે, પરંતુ કોઇ કોઇની રાજનીતિ અતિ દબાણની છે. અતિ દબાણની રાજનીતિ જે જે રાજ્યોમાં છે તેઓની પ્રજાઓ અધોગતિને માર્ગે જતી હોય એવા દાખલાઓ મેળવવા મુશ્કેલ નથી. મેં એવા દાખલાઓ નજરોનજર જોયા છે કે, વર્તમાન શિક્ષણના સંસ્કારો પામેલા, સમાજમાં આગળ પડતો ભાગ લેનારાઓ અને સારી ધનિક સ્થિતિવાળા પ્રજાજનો પોતાનાં રાજ્યકર્તાઓની ભૂલોથી બરાબર વાકેફ હોય છતાં કાં તો સ્વાર્થથી કે કાં તો માત્ર રાજાઓને સારું લગાડી વ્હાલા થવાની ખાતર તેઓની ખુશામત કરે છે, એટલુંજ નહિ. પણ જ્યારે તેઓના ભૂલ ભરેલાં કામોને માટે પ્રજામાં બહુ લાગણી ઉશ્કેરાઇ હોય ત્યારે રાજાઓને રંજન કરવા વધારે ઉપાયો લે છે, અને કેમ જાણે પોતાને રાજાઓના વકીલ વગેરે કામ કરવાનું હોય તેવી રીતે વર્તે છે. આ વાત રાજાઓને ગમે છે—પ્રિય લાગે છે. જો સંસ્થાનો દબાણની રાજનીતિને ત્યાગશે નહિ તેનું ફળ છેવટે એ આવશે કે પ્રજા ઉગ્ર થયા વિના રહેશે નહિ. એ નિઃસંશય છે.

કેટલાક રાજ્યકર્તાઓ હિંદની પ્રજાની આંખે શા માટે!

અંગ્રેજ પ્રજાનો ઉત્તમ ભાગ, પોતાના રાજાઓની પ્રજાઓમાંથી જે વ્યક્તિઓ પોતાના દેશને માટે સ્વદેશાભિમાન રાખે છે, પોતાના ધર્મને માટે અભિમાન રાખે છે, પોતાના આચાર વિચારને માટે દઢ રહે છે તે વ્યક્તિ-

ઓને માટે ઘણું માન રાખે છે એટલુંજ નહિ પણ તેઓને ચાહે છે. કારણકે તેઓને તેઓ man of character તરીકે માને છે મારા જાણવામાં એક પારસી વ્યાપારી ગૃહસ્થનો દાખલો છે. એક પારસી ગૃહસ્થ કે જેઓ યુરોપની સાથે આયાત-નિકાસ (import and export) નો ધંધો કરતા હતા, તેઓ ઇંગ્લંડમાં પોતાના આડત્યાઓને મળવાને માટે ગયેલા. તેઓ ઘણાં ધર્મચૂસ્ત અને પોતાના પારસી આચારવિચારમાં સત્યાગ્રહી રહેતા જોઇ તેઓના આડત્યાઓએ એઓમાં એટલો બધો વિશ્વાસ મૂક્યો કે, તેઓની આંટ જે અમૂક હજાર પાઉંડની હતી તેને બદલે લાખો પાઉંડની આંટ (credit) તેઓને આપી. જેમ વ્યાપારી ક્ષેત્રમાં આવું માન રાખવામાં આવે છે તેમ બીજા ક્ષેત્રોમાં પણ છે. રાજકીય ક્ષેત્રોમાં પણ આજ સ્થિતિ છે. ગાંધિજીને માટે અંગ્રેજો ઉત્તમોત્તમ પુરૂષ છે, એવું તેઓની સાથે ગમે તેવા અભિપ્રાયભેદ છતાં માને છે, કારણકે તેઓ માને છે કે તેઓના જેવા ચારિત્રવાળા પુરૂષ (man of character) હિંદમાં કોઇ નજરે પડે તેવું નથી. મોન્સ્યર જોસેફ શેલીએ રાજ્યકર્ત્તાઓના ત્રણ ભાગલા પાડ્યા છે તેમાંથી બીજા વર્ગને માટે જે શબ્દો કહે છે તેનો ભાવ (tone) જ બતાવે છે કે, સારા યુરોપ્યનો આપણામાંથી આપણાપણું જાય તેને ખરાબ ગણે છે. "The enthusiastic "Young India" chiefs who discard their own Vernaculars for English, abandon their natural dress, forsake their religion and its consecrated practices, &c." આ હું લખું છું ત્યારે આવી કાંઈ સામાજિક બાબતોને અંગે બોલવા માંગતો નથી. હું રાજકીય બાબતો માટે બોલું છું. જેમ સામાજિક બાબતોમાં સ્વમાન રાખવાનું છે તેમ દેશ અને ધર્મના પ્રસંગોમાં પણ અંગત (personal) અને પ્રજાકીય (national) સ્વમાન રાખવાનું છે, તેથીજ આપણે સારા બ્રિટિશોની નજરમાં સદ્ગુણી લાગીશું. એથી ઉલટું અંગત અને પ્રજાકીય સ્વમાનને બદલે અંગ્રેજ સત્તાને બનાવટી રીતે રંજન કરવા પ્રયત્ન કરીશું, તો ભલે તેઓ સભ્યતાની ખાતર આપણો ઉપકાર માને; પરંતુ અંતરમાં તો આપણે માટે હલકોજ અભિપ્રાય બાંધશે એમાં સંશય નથી. કારણકે તેઓ આવી આદતોને નબળાઇ ગણે તેવા છે. સારા બ્રિટિશોને આ રીતની ખરાબ છાપ પડે તેના દાખલાઓ ક્વચિત્ ક્વચિત્ કોઇ કોઇ દેશી રાજ્યકર્ત્તાઓ પૂરા પાડે એ દુઃખદાયક વાત છે. ટર્કી એટલે ખીલાફતના સંબંધમાં હું ખરીરીતે આંતરિક સ્વરૂપો કાંઈ જાણતો નથી એટલે એ સંબંધમાં હું અભિપ્રાય આપવાને

નાલાયક છું. પણ મુસલમીન રાજ્યોની જેમ હિંદુ એવી વૃત્તિએ નિમક હરામ થાય તેવું હોવાથી તે માટે કંઇક કહું. મુસલમાની રાજ્યોમાં, કરીના ગર્ભમાં કંઇ કરી શકે તેવી સ્થિતિમાં મુસલમીન અંદર ન હોવાનું ધારતા હોય તો તેવું ધારવાનો તેઓને કંઇ હક પણ નથી. પરંતુ હિંદુઓને પોતાના રાજ્યમાં પોતાની હકૂમતના હોદ્દાઓ પર પોતાની કોમના માણસો નીમવાને અનિવાર્ય ન કરતી અદેર હિલચાલો થતી રહે છે; જ્યારે મુસલમાની રાજ્યમાં તે ભાગે અંગ્રેજ સરકારનું અદેર કરવામાં આવે ત્યારે ઉત્તમ ખમીરના હિંદુઓ તો આવા રાજ્યોને માટે ધર્માભિમાનની નેકદારી જેવી કદાપિ પણ સારો અભિપ્રાય ધારીત નહિ. આવા હિંદુઓની વાત બાજુએ રાખીએ અને ખાસ કરી મુસલમાન પ્રજાની અને સ્વમાન કરી હિંદુ પ્રજાની લાગણી આવા રાજ્ય તરફ કેવી ઉપજે તે એક અગત્ય સમજવા જેવી વાત છે. મુસલમીન કે હિંદુ દેશીરાજાઓ અમુક હિસ્સે તમતા પ્રજાના સંબંધમાં પોતાની પ્રજાપર અંકુશો મૂકે તેને ભારે ત્યારે તે રાજાઓ પોતાની પ્રજાની લાગણીઓ સરકાર પાસે જાહેર રીતે હિંમતથી મૂકે, અને પોતાની પ્રજાને એમ સમજાવે કે તમારે માટે હું ભાગ્યે જ બનતું કરીશ; તમે ફિકર ન કરો, મારા અને બ્રિટિશ સરકારના સંબંધને ખલેલ નહિ પહોંચાડો તો તમારે માટે તેઓ સ્પષ્ટ છે. તો તો પ્રજા ફરિયાદ નહિ. સીધી ફરિયાદ તેની સૂચના બીજે છાપેલ આપું. થોડા દિવસ પહેલાં વર્તમાનપત્રોમાં એવી વાત બહાર આવી હતી કે, પતિઆલાના મહારાજાએ ઓટાવા ફંડમાં વીસ હજાર રૂપિયાની રકમ ભરી છે. આ વાતમાં સત્ય કેટલું છે તે આપણે જાણવાં નથી. પરંતુ જો આ વાત સાચી હોય તો એટલું ચોક્કસ છે કે, સારા અને ઉત્તમ ખમીરના હિંદુઓને અંતરાત્મામાંથી આપણે માટે અભાવ થવો જોઇએ, કારણકે તેઓ જાણે છે કે, પંજાબના અનાવોથી જ્યારે હિંદીપ્રજા કકળે છે ત્યારે હિંદીપ્રજાના રાજા કે રંક એક સભ્ય હોય એ બનાવોની રાજનીતિના એક આગેવાનને માન આપવામાં ભાગીદાર થાય એ તે વ્યક્તિના ચારિત્રની નબળાઇ છે. હિંદી પ્રજાની આંખે આવવાના આવા અખતરાઓ કરી દેશીરાજ્યની સંસ્થાને વગોવવાનું તેઓ કરે છે એમાં સંશય નથી.

જામનગરની પ્રજા શાન્તિ કઇ રીતે શોધી શકે?

કાઠિયાવાડના વ્યાપારી સંસ્થાને વિષે મેં બહુ લખ્યું છે. તોપણ મારે તેઓને માટે કહેવું જોઇએ કે ન રાજ્યોનાં રાજ્યપરરંગી કરેલા પ્રજાઓ નથી;

સિવાય મેં એક વખત કહ્યું હતું તેમ નાની નાની બાબતો અને ક્ષુદ્ર લોભોથી પ્રજાના હૃદયને દુખે તેવી ભૂલો થતી હોય. તે રાજ્યો પ્રજાને બીજી રીતે પજવણી કરતા હોય એમ મેં સાંભળ્યું નથી, કાઠિયાવાડમાં અત્યારે એકજ સંસ્થાનને માટે એવી વાતો કાને આવે છે કે, જે સ્થૂલ પજવણી દર્શાવતી હોય. જામસાહેબે જામનગરમાં સિટી ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ કર્યું છે તેને અંગે તથા કોઈ અધિકારીના વર્તનને તે અંગે શંકા પડતાં તેના સંબંધમાં આવેલા મનુષ્યોની તપાસને અંગે એક અધિકારી સખ્ત રીતિએ કામ લે છે તેને અંગે વાતો ઘણી સંભળાય છે. અમુક હક્કો આપવાનો પ્રલોભન આપી, ખેડુતોની અનિચ્છા છતાં ખેતી ઉપર કરનો બોજો વધારવામાં આવ્યો છે એ સંબંધમાં પણ તીક્ષ્ણ ફરિયાદ આવે છે. આ સંબંધમાં જામનગરની પ્રજાના આગેવાનો જ્યાંસુધી સત્તાવાર ફર્યાદ અરજરૂપે જામસાહેબને કરે નહિ અને જ્યાંસુધી તે ફર્યાદો જાહેરમાં સત્તાવાર રીતે મૂકવામાં ન આવે ત્યાંસુધી જેમ બહારના માણસો એ ફર્યાદો સત્ય માનતાં અચકાશે, તેમ તેઓ તે ફર્યાદો ટાળી નહિ શકે. જામનગરની પ્રજાને જો ખરેખર દુઃખજ હોય તો તેણે મેં ઉપર કહ્યું તેમ રીતસર અરજ એ રાજ્યને મોકલી જાહેરમાં મકવી જોઇએ. જ્યાંસુધી તેઓ આમ નહિ કરે ત્યાંસુધી તેઓ કદાપિ પણ તેઓની અશાન્તિનાં કારણો હરેક રીતે ટાળી શાન્તિ શોધી શકશે નહિ.

જામસાહેબ તો યુરોપ ગયા છે એટલે તેઓના જવાબદાર અધિકારી-ઓની ફરજ છે કે પ્રજાના ચિત્તની શાન્તિ કરવી જોઇએ. પ્રજા તરફની હકી-કતો સાંભળીએ છીએ ત્યારે કોઇ પણ વાત તેમાંથી વધારે દુઃખદાયક તરી આવતી હોય તો તે એકજ વાત છે. જામનગરના જુદા જુદા મંત્રીઓ અત્યારનું શિક્ષણ પામેલા ગૃહસ્થો છે, જ્યાં એ શિક્ષણનો તેઓ રાજ્યની ઇચ્છાઓ ટૂંક કરવા માટે ઉપયોગ કરવાની [illegible] [illegible] કરે છે. આ મંત્રી-ઓનું કર્તવ્યકર્મ છે કે, પોતે કોઇની ખાતર નહિ. પણ મેં અનેકવાર કહ્યું છે તેમ [illegible] [illegible] [illegible] ખાતર રાજ્યનાં સન્માની ખાતર. કેળવાયેલા મનુષ્યોની બુદ્ધિશક્તિ (Intelligence) નો ઉપયોગ રાજ્યના [illegible] [illegible] ટૂંક કરવામાં ન થવો જોઇએ. તેનો ઉપયોગ રાજા અને પ્રજાના [illegible] [illegible] [illegible] [illegible] માટે થવો જોઇએ. ધારો કે, જેમ વાતો બહાર આવે છે તેમ એ મંત્રીઓ કોઇ રાજ્યનીતિઓને અંગે જવાબદાર ન હોય અને તેઓ નિર્દોષ હોય, અને કોઇ નાના અધિકારીઓ પજવણીઓ કરતા હોય તો એ કેળવાયેલા મંત્રીઓએ પોતાની નજર આગળ તેમ બનવું

અટકાવવાનો પોતાનો ધર્મ સમજ્યાનો નથી? કહે છે કે, એક અધિકારી ફાવી તપાસો કરવામાં સારા સારા પ્રજાજનોને બહુ પીડે છે. જામસાહેબ અહીં હતા તે વખતમાં પણ આ અધિકારીનું વર્તન આવુંજ ચાલુ હતું. આ સઘળી વાતો માનતાં અમો બહારના માણસો અચકાઈએ છીએ. મંત્રીઓની ફરજ છે કે તેઓએ આ ફર્યાદોને અંગે જાહેર તપાસ કરી પ્રજાને સંતોષવી જોઇએ અને પ્રજાને એ યોગ્ય છે કે પોતાના અંગત નાના નાના સ્વાર્થો તથા રાજભય ખોટી રીતે ન રાખતાં પોતાની ફર્યાદો રીતસર જાહેરમાં મૂકવી. પ્રજાજન જ્યાંસુધી પોતાના ક્ષુદ્ર સ્વાર્થોની ખાતર મોન પકડીને બેસી રહેશે, ત્યાંસુધી બહારનું કોઇ આવી મુક્તિ નહિં આપી શકે અને તેથી તેઓ શાન્તિ શોધી શકશે નહિ.

એક વાત નામદાર જામસાહેબને કાને જવાની ખાસ જરૂર છે. જામસાહેબની જાહેર પ્રતિષ્ટા આખા હિંદમાં નાનીસુની નથી; તે ઘણી મોટી છે. આ મોટી પ્રતિષ્ઠાને ઇજા ન થવી જોઇએ. જામનગર રાજ્યમાં પ્રજાને કયારે હોય, જામનગરમાં ન્યાયના ધોરણે કવચિત્ કામ ન લેતાં પરસુરણ રાજનીતિએ કામ લેવાતું હોય, તેથી તેવા પ્રસંગો ધીમે ધીમે આખા કાઠિયાવાડમાં પ્રચાર પામી જાય છે અને કાઠિયાવાડમાંથી ક્રમે ક્રમે આખાં હિંદમાં ફરી વળે છે. જેના પરિણામે તેઓની એ પ્રતિષ્ઠાને ઇજા થતી દેખાય છે. જામસાહેબે આ સ્થિતિ ટાળવીજ જોઇએ. કેળવાયેલા રાજાઓ, જૂના વખતના રાજાઓ કરતાં ઠીક ગણાય. એથી જેમ સ્થાનિક હાનિ છે તેમ વિશેષ હાનિ કેળવણીના ઉત્તમ નામને છે. કેળવાયેલા રાજાઓની પાસેથી આખું હિંદ એવી આશા રાખે છે કે, તેઓ પોતાના રાજકારોબારો યુરોપના સારાં રાજ્યોની પેઠે ચલાવી સ્વાભાવિક સ્વરાજ્ય એ દેશીરાજ્યો છે એમ સિદ્ધ કરી બતાવે; કે જેથી હિંદને 'કોલોનિયલ સેલ્ફ ગવર્નમેન્ટ' ની પદ્ધતિ ઉપરનું સ્વરાજ્ય મેળવવાનું સહેલું થઇ પડે.

દેશી રાજ્યોના પ્રશ્નો.

લખનાર:—મનસુખલાલ રવજીભાઈ મેહતા.

પત્ર ૨૧ મો.

(હિંદુસ્થાન, તા. ૨૬-૬-૧૯૨૦).

હિંદના વાતાવરણની અસર થયાવિના રહેશે?

બે ત્રણ અઠવાડિયાં પહેલાં 'સમયનો દેશી રાજ્યકર્તાઓને સંદેશ' વિષયપર લખતાં મેં નામદાર પ્રિન્સ ઑફ વેલ્સને ઑસ્ટ્રેલીયાના કામ માનપત્ર આપવાની હિલચાલમાં ભાગ ન લેવા વિષે રૂટરે મોકલેલો તાર દેશી રાજ્યકર્તાઓનો લક્ષ્ય દોરાવવા પ્રયત્ન કર્યો હતો; એમ કહીને આજે ઑસ્ટ્રેલીઆમાં બન્યું છે તે કાલે હિંદમાં બનશે. માટે બ્રિટિશ હિંદમાં બનશે તે દેશીરાજ્યોમાં બનશે; અને તેથી સમય સંદેશ આપે છે રાજાઓએ પ્રજાને જવાબદાર થતાં શીખવું જોઈએ. આ પ્રમાણે જ્યારે મેં લખ્યું ત્યારે, મને કલ્પના પણ નહોતી કે, મારા લખ્યા પછી દિવસોમાં બ્રિટિશ હિંદમાં ઑસ્ટ્રેલીઆના જેવો પ્રયોગ થવાનાં ચિન્હો જણાશે; છતાં આશ્ચર્ય જેવું એ થયું છે કે બરાબર ઑસ્ટ્રેલીઆ જેવું કેમ થવા ન બેઠું હોય તેવા ચિન્હો અત્યારથી જણાય છે. પંજાબ સંબંધમાં હંટર કમિટિએ બહાર પાડેલા રિપોર્ટ અને તેને અંગે બહાર પાડવામાં આવેલા બીજા દસ્તાવેજોથી તેમજ ખીલાફતના પ્રશ્નથી હિંદમાં અશાન્તિ થઇ રહી છે તેને અંગે "સ્વરાજ્ય સંઘ" ની મુંબઈની શાખાના મી. ઝીણાએ નામદાર હિંદિ પ્રધાનને એક તાર કર્યો છે તેમાં તેઓએ

છે કે, "Welcome to the Prince is doubtful and people are likely to join the non-co-opration movement" અર્થાત્ "યુવરાજનો સત્કાર શંકાસ્પદ છે અને લોકો અસહકારની સાથે જોડાવાનો સંભવ છે." આપણે આશા રાખીશું કે બ્રિટિશ અમલ હિંદની પ્રજાને આટલી હદસુધી જવા ન દેવા માટે યોગ્ય કરશે; પરંતુ આ પ્રશ્નની સાથે મારે અહિં પ્રયોજન નથી. આ પ્રસંગ મારે એટલા માટે બતાવવો પડ્યો છે કે, જગતની રાજકીય હવા એવી છે કે, જે દુનિયાના બીજા ભાગોમાં બને તે હિંદુસ્થાનમાં વહેલું મોડું પણ બને એવું આ પ્રત્યક્ષ દૃષ્ટાંત છે. વળી બ્રિટિશ હિંદમાં જે બને તેની અસરમાંથી દેશીરાજ્યો બચી નહિ શકવાનાં. દેશીરાજ્યોની પ્રજા, રાજા અને પ્રજાના ઘણાં કાળથી ઓતપ્રોત થઇ ગયેલા સંબંધથી તેમજ કાંઇક સજાતીય એકતા હોવાથી હજુ બોલતી થઇ નથી; પરંતુ જો પહેલેથી પ્રજાને જવાબદાર થવાનો માર્ગ લેવારૂપી અટકાયતના ઉપાયો લેવામાં નહિ આવે, તો બ્રિટિશ હિંદમાં જે બને છે તે દેશીરાજ્યોમાં પણ બન્યા વિના નહિ રહે. આ વાત હું સામાન્યરીતે બધાં દેશીરાજ્યોને કહું છું, પણ ખાસ કરીને કાઠિયાવાડના રાજ્યોને એટલા માટે કહું છું કે તેઓ બિલકુલ નિશ્ચિંત થઇને બેઠા છે. એવો કાળ હવે રહ્યો નથી એ વાત તેઓ વેળાસર જોઇ શકે તો તેઓ આવા પ્રયોગોથી રક્ષિત રહી શકે. હિંદનું રાજકીય વાતાવરણ વિનિત પક્ષને ઉગ્ર લાગશે, પણ ખરી રીતે તે બળવાન થતું જાય છે એ વાત ભુલવા યોગ્ય નથી. અમારા કાઠિયાવાડના રાજ્યો અત્યારે નહિં ચેતે તો મારી ખાત્રી છે કે, એક વખત એવો આવશે કે જ્યારે તેઓ મને એમ કહી યાદ કરશે કે એ બિચારો તો આપણને ઘણુંએ ચેતાવતો હતો, પરંતુ અમે બિલકુલ તેની દરકાર કરતા નાગતા નહોતા. આ વિષય પૂર્ણ કરતાં પુનઃ આશા રાખું છું કે બ્રિટિશ સત્તાવાળાઓને એવી સદ્બુદ્ધિ આવે કે જેથી નામદાર પ્રિન્સ ઓફ વેલ્સનો યોગ્ય સત્કાર કરવાને હિંદિપ્રજાને ઉત્સાહ મળે. અને આપણે–દેશીરાજ્યોની પ્રજા–સત્કારમાં હર્ષપૂર્વક જોડાઇ શકીએ.

એક મનુષ્યનું સર્વોપરીપણું શા માટે ગોઠવાયું?

પ્રજાસત્તાક–Democracy–નો વિજયધ્વજ અત્યારે સર્વત્ર ફરકી રહ્યો છે. એકસત્તાક–autocracy નો સિદ્ધાંત સંસારમાં અસ્ત થઇ ગયો છે. પ્રજાસત્તાકની અસર અત્યારે સર્વ ઉપર થાય છે તેથી હું તેમાંથી [illegible]

રાજ્યોમાં બહુમતવાદ, દેશી રાજાઓ છત્ર નીચે દાખલ કરવા માટે આગ્રહ રાખ્યો છે. આમ છતાં હું એકમતવાદની બીજી બાજુ—સારી બાજુ—ભૂલી ગયો નથી. દરેક વિષય પછી તે ગમે તેવો ઉચ્ચ હોય છતાં તે રૂપાન્તર પામે છે ત્યારે તેનો મૂળ હેતુ ભૂલાઇ જાય છે, અને મૂળ હેતુ ભૂલાઈ જાય છે ત્યારે અનેક અનર્થો થાય છે. એકમતવાદ એટલે એક મનુષ્યનું રાજ્ય. આ એક મનુષ્યના રાજ્યનો હેતુ ભૂલાઈ ગયો એટલે એ સંસ્થા પાશ્ચાત્ય પ્રદેશોમાં અપ્રિય થઇ પડી છે. રાજ્યદ્વારી તત્વજ્ઞાનીઓ એમ કહે છે કે, લડાઇના અથવા કોઈ વિશેષ પ્રસંગોએ બહુમતવાદ કામ કરી શકતો નથી; પરંતુ એકમતવાદ કામ કરી શકે છે; એટલે કે, જો એક મનુષ્યની આજ્ઞાને અવલંબવાનું મનુષ્યો કરે છે તો ધ્યેય પાર પડી શકે છે. રાજદ્વારી તત્વજ્ઞાનીઓના કથનમાં મને સત્ય લાગે છે. સામાન્ય પ્રસંગોમાં કદાચ્ એકમતવાદ હંમેશાં લાભદાયક ન હોય, પરંતુ આ સામાન્ય પ્રસંગોમાં તો એક મનુષ્યની આજ્ઞા કેટલીક વખત લાભદાયક થઇ પડેલી આપણે ઇતિહાસથી જોઇ શકીએ તેવું છે.

દેશી રાજ્યોની સંસ્થા એકમતવાદ અથવા એક મનુષ્યના રાજ્યથી ચાલે છે. એ સંસ્થાની સ્થાપનામાં જોડાયલો મૂળ શુદ્ધ હેતુ ભૂલાઇ જવાથી દેશી રાજાઓ અત્યારે અનિયંત્રિત સત્તાધારીઓ—despots લાગે છે, જો તેઓમાં સારા હોય તો તેઓને માયાળુ અનિયંત્રિત સત્તાધારીઓ—benevolent despots ગણવામાં આવે છે. ભલે આ પ્રમાણે મૂળ શુદ્ધ હેતુ ભૂલાઇ ગયો હોય તેથી કહેવામાં આવે, તથાપિ મૂળ યોજના કરતી વખતે આ વ્યક્તિઓને અનિયંત્રિત સત્તાધારી બનાવી કેવળ સ્વચ્છંદી કે સ્વેચ્છાચારી બનાવવાની કલ્પના પણ કદી નહિ હોય એમ મારૂં માનવું છે. સ્વચ્છંદી કે સ્વેચ્છાચારી નહિ પણ ધ્યેયસાધક બનાવવાનો હેતુ તે ઘટના કરવામાં રહેલો હોવાનો સંભવ મને તો લાગે છે. આવા અભિપ્રાય ઉપર હું કેમ આવ્યો છું તે કહી દેવું જોઇએ. રાજ્યસત્તાના પ્રજાને ન જોઇતાં કાર્યો અટકાવવાને અથવા દૂર કરવાને ગાંધિજી પોતાની પવિત્ર શક્તિયોદ્વારાએ સત્યાગ્રહ—Soul force, શાંત અવરોધ—passive resistance, સવિનય અનાદર—આજ્ઞા લોપ—civil disobedience, અસહકાર—non-cooperation—ના સિદ્ધાંતો હિંદની પ્રજાના હૃદયમાં વિજયપૂર્વક ઉત્સાહથી મંથન કરી રહ્યા છે તેથી બુદ્ધિવિકાશી-વર્ગ ભડકે છે; અને તે સિદ્ધાંતોથી દેશમાં શાન્તિભંગ વગેરે મુશ્કેલીઓ ઉભી થવાના ભયો કલ્પી રહે છે. આ જોઇ મને એવી શ્રદ્ધા થાય છે કે હિંદમાં અને તેથી દેશીરાજ્યોમાં જ્યારે એક મનુષ્યના રાજ્યની અગત્ય તેના

સર્વોપરીપણાની ઘટના કરવામાં આવી હશે ત્યારે તે ઘટના કરનાર પુરુષોએ ધ્યેય રાખેલું હોવું જોઇએ કે, જગતના કલ્યાણના મુખ્યમાર્ગો તે વિના અર્થાત્ એક પુરુષની આજ્ઞા કે શ્રદ્ધા વિના સ્થાપિત નહિ થાય. દરેક રાજસત્તા ગમે તેવી ડાહી અને પ્રજાને માન આપનારી હોય, છતાં તે સત્તા ભોગવનારાઓ છેવટે મનુષ્યોજ છે એટલે પ્રસંગે પ્રસંગે પ્રજાની ઇચ્છા વિરૂદ્ધના વર્તનો કરે છે ત્યારે પ્રજાના હાથમાં તે વર્તનો અટકાવવાના અથવા દૂર કરવાના કાંઇ ઉપાયો ન હોય તો પ્રજાવાકાદ રહી ન શકે. કાળાંતર થયાં સક્રિય અવરોધ –active resistence ના ઉપાયો લેવાયા છે; પરંતુ જેઓ સર્વ જીવોના જીવનને ઇચ્છનારાઓ છે તેવા જ્ઞાનીપુરૂષોએ જેમાં અહિંસા રહેલી છે એવા હેતુસાધક ઉપાયો શોધી કાઢ્યા છે. ગાંધિજીના ઉપાયો એવા અહિંસક છે; છતાં એ ઉપાયો હિંદની પ્રજામાં ઉતારવા જ્યારે જ્યારે ગાંધિજી પ્રયત્ન આદરે છે ત્યારે ત્યારે આજ્ઞા અને શ્રદ્ધાના તત્વોમાં નહિ માનનાર મનુષ્યો કકળાટ કરી મૂકે છે. આ કકળાટ જો રહ્યા કરશે તો હિંદની પ્રજાના ખરા સ્વાતંત્ર્યનો રામબાણ ઉપાયનો લાભ હિંદી પ્રજા લઇ શકશે નહિ; આવું જ્યારે મને લાગ્યા કરે છે ત્યારે એક પુરૂષની આજ્ઞા અથવા એક પુરૂષમાં શ્રદ્ધા અથવા એક મનુષ્યના રાજ્યમાં રાખવામાં આવેલા મૂળ હેતુ માટે મને તો ઘણું માન ઉત્પન્ન થાય છે. દેશી રાજ્યની રચના આવા શુદ્ધ હેતુ ઉપર અમારા પૂર્વજોએ કરી છે. પરંતુ મૂળ શુદ્ધ હેતુ વિસર્જન થવાથી અત્યારે એ સંસ્થા પ્રત્યે લોકરૂચી ઓછી થતી જાય છે. મૂળ હેતુને અમારા દેશી રાજ્યકર્તાઓ ક્યારે જોઇ શકશે?

બ્રિટિશ હિંદ અને દેશી રાજ્યોની પ્રતિરોધશક્તિ :

પ્રજાઓમાં બે પ્રકારનાં શૌર્ય હોય છે. એક લડાયક શૌર્ય (martial spirit) અને બીજું નૈતિક શૌર્ય (moral spirit). લડાયક શૌર્ય જેમ બીજા પોતાને હજન કરે તે સહન કરી લેતું નથી, તેમ નૈતિક શૌર્ય પણ સહન કરી લેતું નથી; બન્ને શૌર્યમાં પ્રતિરોધ–resistance કરવાની શક્તિ હોય છે. નૈતિક શૌર્ય જે પ્રજામાં લડાયક શૌર્ય હોય તેમાંજ ઘડી શકે છે. એકલું શારીરિક લડાયક શૌર્ય બહુ કાર્યકારી થઇ શકતું નથી, કારણકે તે શૌર્ય અજ્ઞાન હોઇ સત્તાની ક્રિયાઓને તાબે થઇ જઇ શકે છે; જ્યારે નૈતિક શૌર્ય હમેશાં રક્ષણ કરનારૂં–defensive–હોય છે, અને સત્તાની ક્રિયાને તાબે ન થતાં તેની સામે પ્રતિરોધ–resistence કરી શકે છે. આ નૈતિક પ્રતિ-

શૌર્ય-શક્તિ બ્રિટિશ હિંદની પ્રજામાં જાગ્રત છે કે દેશીરાજ્યોની પ્રજામાં એવો વહેમ સમજુ ગાંધિજીના અસહકાર, સત્યાગ્રહ, અહિંસા, નિઃશસ્ત્ર, શાન્ત અવરોધ આદિ પ્રયત્નોની ચર્ચાથી થાય છે. પ્રથમ દૃષ્ટિએ તો એમ જ લાગવું જોઈએ કે દેશીરાજ્યો કરતાં બ્રિટિશ હિંદની પ્રજામાં એ શક્તિ વધારે હોવી જોઈએ, કારણ કે એ પ્રજા દેશીરાજ્યોની પ્રજા કરતાં રાજકીય બાબતમાં (politically outspoken) છે. જો સૂક્ષ્મ દૃષ્ટિએ પુનઃ અવલોકન કરવામાં આવે તો આ વાત યથાર્થ નહિ જણાય. દેશીરાજ્યોની પ્રજા પોતાની અગવડો માટે કાંઈ બોલતી નથી, ખરી રીતે મુંગી છે, તો તેનું કારણ તેમાં નૈતિક શૌર્ય ઓછું છે એમ નથી; પરંતુ તેઓ આર્થિક સ્થિતિમાં બ્રિટિશ હિંદથી ઘણી નબળી છે, તેમજ દેશીરાજ્યોને સર્વોપરી સત્તાએ રક્ષણ આપેલું હોવાથી પ્રજાને એક તો પોતાના નજીકના રાજ્યકર્તાની સામે અને બીજું સર્વોપરી સત્તાની સામે લડવાનું હોય તેઓ એવડી મુશ્કેલીમાં છે. બાકી ખરી રીતે તેઓમાં પ્રતિરોધશક્તિ (power of resistance) બ્રિટિશ હિંદની પ્રજા કરતાં વધારે છે અને વધારે હોવાનું કારણ હજુ અમોને લડાયક શૌર્ય (martial spirit) છોડાવાને જેટલો કાળ બ્રિટિશ હિંદને થયો છે તેટલો થયો નથી. અમારે ત્યાં બહારવટીઆઓ છેક હમણાંના સમયસુધી દેખાઈ શકતા હતા. જે પ્રજામાંથી બહારવટીઆઓ ઉત્પન્ન થાય અથવા જે પ્રજા બહારવટીઆઓનો ત્રાસ સહન કરી શકે, તે પ્રજામાં લડાયક શૌર્ય (martial spirit) હોય તોજ તેમ કરી શકે અને લડાયક શૌર્ય હોય તો નૈતિક શૌર્ય આવશ્યક રીતે હોવુંજ જોઈએ. ખુદ બહારવટીઆઓ ગમે તેવા ત્રાસજનક હતા, છતાં તેઓ જે હેતુથી બહારવટે નીકળી પડતા હતા તે હેતુ નીતિના પાયા ઉપરજ રચાએલો રહેતો હતો. તેઓને જ્યારે રાજકીય અન્યાય થતો ત્યારેજ બહારવટે નીકળી પડતા હતા. ગાંધિજીની તરૂણાવસ્થામાં કાઠિયાવાડમાં બહારવટાનો પ્રયોગ જબરજસ્ત હતો. મોવર સધવાણીના એ વર્ષો હતાં. વળી ગાંધિજીના પિતા અને પિતામહ પણ એક એવા લડાયક જુસ્સાવાળા રાજ્યકર્તાના દિવાનો હતા કે જેને લઈને તેઓમાં પણ સ્વાભાવિક તે જુસ્સો વારસા ઉતાર ઉતરી આવે. આવા લડાયક સમયના પ્રતિરોધો જેઓના જ્ઞાનતંતુઓ ઉપર પડ્યા હોય તેઓમાં સ્વાભાવિક અને શાસ્ત્રીય રીતે નૈતિક પ્રતિરોધ શક્તિ વધારે હોવી જોઈએ. ગાંધિજીની વાત બાજુએ મૂકી દાદાભાઈ નવરોજજી, ન્યાયમુર્તિ રાનડે અને નામદાર ગોખલેના દાખલાઓ લઈએ તો તે વખતને અનુકૂળ પ્રતિરોધો કરવામાં તેઓ કાચી પડેલા હતા, અને તેનું કારણ તેઓ દેશીરાજ્યોના મૂળ

